(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૭ તથા કલમ ૧૦૮ ની જોગાવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ-સચિવાલય' ગાંધીનગરનો તા. ૩૦/૩/૯૧નો જાહેરનામા ક્રમાંક ધખ/૨૪૯૧/ડીડીસી/૧૧૮૮/પ૨૦૪-જ.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ (૧) અન્વયે તા. ૧૮/૫/૨૦૦૦ નો વચગાળાનો હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/ખ-૪/૨૩૬/૨૦૦૦.

અંતિમ આદેશ

જા. નં. ઉખસ/ફડચ/ખ-૪/૨૯૩/૨૦૦૦૪—ી બરવાળા તેલિ. ઉત્પા. સહકારી મંડળી લી. બરવાળા તા. ભેસાણ જી. જુનાગઢને અત્રેની કચેરીના તા. ૧૮/૫/૨૦૦૦ ના વચગાળાના હુકમ ક્રમાંક ઉખસ-ફડચ-ખ-૪-૨૩૬/૨૦૦૦ થી સદર મંડળીને ફડચામા લઇ જવાનો વચગાળાનો આદેશ કરવામા આવેલ જેને આથી ગુજરાત સહકારી મંડળીના કાયદાની કલમ ૧૦૭ (૩) હેઠળ બહાલી આપતા મંડળીને ફડચામા લઇ જવાને અંતિમ આદેશ કરવામા આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી ફડચો (કચેરીમાં) એ ફડચાની કામગીરી આદેશની તારીખથી નિયત મુદતમા પુર્ણ કરવાની રહેશે.

જુનાગઢ તા. ૧૯ માહે જુન ૨૦૦૦.

વંચાણે લીધા

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ ની અને કલમ ૧૦૮ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગરનો તા. ૩૦/૩/૯૧નો જાહેરનામા ક્રમાંક : ધખ-૨૪૯૧-ડીડીસી-૧૧૮૮/પ૨૦૨-જ.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭(૧) અન્વયે તારીખ ૧૮/૫/૨૦૦૦નો વચગાળાનો હુકમ ક્રમાંક : ઉખસ-ફડચ-ખ-૪/૨૧૮/૨૦૦૦૦

જા. નં. ઉખસ-ફડચ/ખ-૪/૨૯૫/૨૦૦૦.—શ્રી શાપર તેલી. ઉ. સહ. મંડળી લી. મુ. શાપર તા. વિસાવદર, જિ. જુનાગઢને અત્રેની કચેરીના તારીખ ૧૮/૫/૨૦૦૦ના વચગાળાના હુકમ ક્રમાંક : ઉખસ/ફડચ/ખ-૪/૨૧૮/૨૦૦૦થી સદર મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ, જેને આથી ગુજરાત સહકારી મંડળી કાયદાની કલમ ૧૦૭(૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારીશ્રી (ફડચો) કચેરીમાંએ ફડચાની કામગીરી આદેશની તારીખથી નિયત મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૧૯ માહે જુન સને ૨૦૦૦.

વંચાણે લીધા :—

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા કલમ-૧૦૮ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય ગાંધીનગરનો તા. ૩૦-૦૩-૯૧નો જાહેરનામા ક્રમાંક: ધખ/૨૪૯૧/ડીસી/૧૧૮૮/૫૨૦૪-જ.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) અન્વયે તારીખ ૧૮/૫/૨૦૦૦નો વચગાળાનો હુકમ ક્રમાંક: ઉખસ/ફડચ/ખ-૪/૨૨૦/૨૦૦૦.

અંતિમ આદેશ

જા. નં. ઉખસ/ફડચ/ખ-૪/૨૯૬/૨૦૦૦—શ્રી જેતલવડ તેલિ. ઉત્પા. સહકારી મંડળી લી. મુ. જેતલવડ તા. વિસાવદર જી. જુનાગઢને અત્રેની કચેરીના તારીખ ૧૮/૫/૨૦૦૦ના વચગાળાના હુકમ ક્રમાંક:ઉખસ/ફડચ/ખ-૪/૨૨૦/૨૦૦૦થી સદર મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ, જેને આથી ગુજરાત સહકારી મંડળીના કાયદાની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચો) કચેરીમાંએ ફડચાની કામગીરી આદેશની તારીખથી નિયત મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૧૯ માહે જુન સને ૨૦૦૦.

વંચાણે લીધા :—

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા કલમ-૧૦૮ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦-૦૩-૯૧ના જાહેરનામા ક્રમાંક: ધખ/૨૪૯૧/ડીસી/૧૧૮૮/૫૨૦૪-જ.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) અન્વયે તારીખ ૧૮/૫/૨૦૦૦નો વચગાળાનો હુકમ ક્રમાંક: ઉખસ/ફડચ/ખ-૪/૨૨૪/૨૦૦૦.

અંતિમ આદેશ

જા. નં. ઉખસ/ફડચ/ખ-૪/૨૯૮/૨૦૦૦—શ્રી ભૂતડી તેલિ. ઉત્પા. સહકારી મંડળી લી. મુ. ભૂતડી તા. વિસાવદર જી. જુનાગઢને અત્રેની કચેરીના તારીખ ૧૮/૫/૨૦૦૦ના વચગાળાના હકમ ક્રમાંક: ઉખસ/ફડચ/ખ-૪/૨૨૪/૨૦૦૦થી સદર મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ, જેને આથી ગુજરાત સહકારી મંડળીના કાયદાની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચો) કચેરીમાંએ ફડચાની કામગીરી આદેશની તારીખથી નિયત મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૧૯ માહે જુન સને ૨૦૦૦.

વંચાણે લીધા :—

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અને કલમ-૧૦૮ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગરનો તા. ૩૦-૦૩-૯૧નો જાહેરનામા ક્રમાંક: ધખ/૨૪૯૧/ડીસી/૧૧૮૮/૫૨૦૪-જ.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) અન્વયે તારીખ ૧૮/૫/૨૦૦૦નો વચગાળાનો હુકમ ક્રમાંક: ઉખસ/ફડચ/ખ-૪/૨૨૨/૨૦૦૦.

અંતિમ આદેશ

જા. નં. ઉખસ/ફડચ/ખ-૪/૨૯૯/૨૦૦૦—શ્રી છેલણકા તેલિ. ઉત્પા. સહકારી મંડળી લી. મુ. છેલણકા તા. વિસાવદર જી. જુનાગઢને અત્રેની કચેરીના તારીખ ૧૮/૫/૨૦૦૦ના વચગાળાના હુકમ ક્રમાંક: ઉખસ/ફડચ/ખ-૪/૨૨૨/૨૦૦૦થી સદર મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેવશ કરવામાં આવેલ, જેને આથી ગુજરાત સહકારી મંડળીના કાયદાની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચો) કચેરીમાંએ ફડચાની કામગીરી આદેશની તારીખથી નિયત મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૧૯ માહે જુન સને ૨૦૦૦.

કૌશિક જે. જોષી,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, જુનાગઢ.

Printed at the Government Press, Rajkot.
Complaints about Gazette must be made within a fortnight
from the date of this Publication accompanied
by the Wrapper.

(C)

REGISTERED No. GRJ.-24

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XLII] THURSDAY, 18th JANUARY, 2001 / PAUSHA 28, 1922 [No. 3

Separate paging is given to each part of the Supplement to the Central Gazette. and Central Section in order that it may be filed as a separate compilation.

PART-I

		Pages
PART-I	Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc.	
	Miscellaneous Notification Appointments etc. ..	17—30
PART-I-A	Ordere an Notifications (Other than those published in Part IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts	..Nil
Part-I-B	(Supplement) Government Notifications Published under Land Acquisition Act only	
	Supplement	11—18
PART-II	Miscellaneous Notices, Advertisements, List of Books Sanctioned by the Director of Education, List of Jurors, Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths. etc. ..	41—62
PART-III	Miscellaneous Supplements Season and Crop Reports Prices, Current Rainfalls Returns District Local Boards Accounts etc.	..Nil

INDEX

Government Notifications Orders, Appointments, etc.

SUPPLTEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION NOTIFICATIONS

Miscellaneous Notifications Appointments etc.

જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ક્રમાંક ડીએમ-ડીસીએચ/૪૦૪૨ થી ૪૧૪૧/૨૦૦૦—મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી તરફથી મળેલ અહેવાલ મુજબ જામનગર જીલ્લાના જામનગર તાલુકાના નવાગામઘેડ મોરકંડા તથા દરેક ગામના વિસ્તારમાં પોઝીટીવ કોલેરાનો કેસ નોંધાયેલ છે. આ રોગનો ફેલાવો થતો અટકાવવા આ વિસ્તારને કોલેરા રોગગ્રસ્ત વિસ્તાર જાહેર કરવા તથા તેની આજુબાજુના વિસ્તારના ગામડાઓને કોલેરા ભયગ્રસ્ત જાહેર કરવા માટે દરખાસ્ત મળેલ છે.

કોલેરા રોગનો ફેલાવો થતો અટકાવવા માટે તાત્કાલીક પગલા લેવા માટે એપેડેમીક ડીસીઝ એક્ટ નં. ૩ ઓફ ૧૮૯૭ અન્વયે જાહેરનામું બહાર પાડવાનું મને યોગ્ય જણાય છે. સબબ એપેડેમીક ડીસીઝ એક્ટ નં. ૩ ઓફ ૧૮૯૭ અન્વયે કોલેરા રોગ નિયંત્રણ કલમ-૨ પ્રમાણે મળેલ અધિકારની રૂએ હું ગિરિશચંદ્ર મુર્મુ આઈ. એ. એસ. જીલ્લા મેજીસ્ટ્રેટ જામનગર જીલ્લા જામનગર આથી નીચે પરિશિષ્ટ-૧ માં જણાવેલ ગામોને કોલેરા રોગગ્રસ્ત તથા પરિશિષ્ટ-૨ માં જણાવેલ ગામોને કોલેરા ભયગ્રસ્ત જાહેર કરૂં છું.

પરિશિષ્ટ-૧

જામનગર જીલ્લાના જામનગર તાલુકાના (૧) નવાગામઘેડ (૨) મોરકંડા (૩) દરેક ગામનો વિસ્તાર.

પરિશિષ્ટ-૨

જામનગર તાલુકાનું (૧) બેડી (૨) ખીમલીયા (૩) મસીતીયા

એપેડેમીક ડીસીઝ એક્ટ ૧૮૯૭ હેઠળના કોલેરા નિયંત્રણ ધારાની કલમ-૩ હેઠળ પરિશિષ્ટ-૧ અને ૨માં જણાવેલ ગામો માટે મામલતદારશ્રી જામનગર ગ્રામ્યને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિમણુંક કરવામાં આવે છે. અને નિયંત્રણ હેઠળની તમામ સત્તા એનાયત કરવાની આવે છે.

આ જાહેરનામા બહોળી પ્રસિધ્ધી મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી જામનગરે કરવાની રહેશે.

આજ તા. ૧૦ માહે ઓગષ્ટ સને ૨૦૦૦ના રોજ મારી સહી તથા કચેરીની મહોર સાથે બહાર પાડયો.

જામનગર, ૧૦ માહે ઓગષ્ટ સને ૨૦૦૦.

ગિરીશચંદ્ર મુર્મુ,
જીલ્લા મેજીસ્ટ્રેટ,
જામનગર

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧)(બી)

જાહેરનામું

નં. એમએજી-૪૨૬૪/૨૦૦૦.—જિલ્લા પોલીસ અધિકારીશ્રી જુનાગઢની દરખાસ્ત મુજબ રાજકોટ ધોરાજી-તરફથી વેરાવળ, માણાવદર તરફ સીધા આવતા જતાં ભારે વાહનો માટે બાયપાસ હાઈવે હોવા છતાં તેઓ જુનાગઢ શહેરમાં પ્રવેશી પસાર થતાં હોવાના કારણે જુનાગઢ શહેરની ભૌગોલીક પરિસ્થિતીને કારણે ટ્રાફીક સમસ્યા સર્જાય છે. તેથી ટ્રાફીકની સમસ્યા દુર કરવા માટે આવા ભારે વાહનો જુનાગઢ શહેરમાંથી ચલાવવાને બદલે ટીંબાવાડી સાબલપુર જુનાગઢ બાયપાસ ઉપરથી જ સવારે ૮-૦૦ થી રાત્રે ૨૨-૦૦ કલાક સુધી ચલાવવા માટેનું જાહેરનામું બહાર પાડવા રજુઆત થયેલ છે. જેના અનુસંધાને અત્રેના સરખા ક્રમાંક વાળી તારીખ ૧૯/૭/૨૦૦૦થી પ્રાથમિક જાહેરનામું બહાર પાડી દિવસ-૩૦ માં વાંધા સુચનો મંગાવવામાં આવેલા પરંતુ મુદતમાં ઉક્ત જાહેરનામા સંબંધે કોઈ વાંધા સુચનો રજુ થયેલ નથી.

આથી હું સુનયના તોમર આઈ. એ. એસ. જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો જુનાગઢ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ ૩૩(૧)(બી) હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ રાજકોટ ધોરાજી તરફથી વેરાવળ માણાવદર તરફથી સીધા આવતાં જતાં જેને જુનાગઢ શહેરમાં કોઈ જગ્યાઓ માલ-સામાન ચઢાવવા ઉતારવાનું કામકાજ ન હોય તેવા વાહન ચાલકો તેમના ભારે વાહનો જુનાગઢ શહેર માંથી ચલાવવાને બદલે ટીંબાવાડી સાબલપુર જુનાગઢ બાયપાસ ઉપરજ સવારે ૮-૦૦ કલાકથી રાત્રીના ૨૨-૦૦ કલાક સુધી વાહનો ચલાવે તેવા હુકમો કરૂં છું.

આ જાહેરનામું ગુજરાત રાજય પત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી અમલમાં આવશે. તેમજ તે સુધારવા કે રદ કરવામાં નહી આવે તે સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનો કોઈ પણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યક્તિ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર કરશે.

આજ તા. ૧૬મી ઓકટોબર સને ૨૦૦૦ના રોજ મારી સહી તથા કચેરીના સીકકો કરી જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ ૧૬ માહે ઓકટોબર સને ૨૦૦૦.

સુનયના તોમર,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

INDEX

જાહેરનામું

ક્રમાંક:મજસ-૩૫-૩૦૫૧ થી ૬૪/૨૦૦૦—સુરેન્દ્રનગર જિલ્લાનાં ચોટીલા તાલુકાના તરણેતર ગામે દર વર્ષે ત્રિનેત્રશ્વર મહાદેવના મંદિરે લોકમેળો યોજાય છે. ચાલુ વર્ષે આવો લોકમેળો તા. ૨-૯-૨૦૦૦થી તા. ૪-૯-૨૦૦૦ સુધીના સમય દરમ્યાન યોજાનાર છે. લોકમેળા દરમ્યાન મંદિરમાં મહાદેવની જગ્યામાં આવેલ (૧) કુંડમાં નહાવા માટે તથા મહાદેવના મંદિરમાં દર્શન કરવા માટે બહોળો જન સમુદાય એકઠો થાય છે. મંદિરની ચારેય દિવાલોમાં વિસ્તારમાં મંદિર તથા કુંડમાં આવેલ છે. સ્ત્રી સમાજ પણ આ મેળામાં મોટી સંખ્યામાં આવતી હોય છે. લોકોની સલામતીની દ્રષ્ટિએ કાયદો અને વ્યવસ્થા યોગ્ય રીતે જળવાય તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩ (૩) નીચે નિયંત્રણો મુકવા જરૂરી છે.જેથી હું પી. એસ.શાહ આઈ.એ.એસ. જિલ્લા મેજીસ્ટ્રેટ સુરેન્દ્રનગર જિલ્લો સુરેન્દ્રનગર મને મળેલ અધિકારની રૂએ તા. ૨-૯-૨૦૦૦ થી તા. ૪-૯-૨૦૦૦ સુધી નીચે મુજબનાં નિયંત્રણો મુકવા આથી ફરમાવું છું.

(૨) તરણેતરના ત્રિનેત્રેશ્વર મહાદેવ મંદિરના ચોગાનમાં દાખલ થતાં ફરતી દિવાલોમાં પૂર્વ તરફ જે દ્વારા આવેલ છે. તેનો ફક્ત સ્ત્રીઓના આવવા તથા જવા માટે ઉપયોગ કરવો અને દક્ષિણ તરફના દ્વારનો ફક્ત પુરુષોના આવવા તથા જવા જવા માટે ઉપયોગ કરવો. મંદિરની આજુબાજુ જાળીવાળો ભાગ છે. ઉત્તર દક્ષિણે તથા પુર્વ તરફ દરવાજો છે. જેથી દક્ષિણના દરવાજેથી પુરુષો તથા ઉત્તરના દરવાજેથી ફક્ત સ્ત્રી દાખલ થાય. પૂર્વ તરફનો દ્વારનો બહાર નીકળવા માટે સ્ત્રીપુરુષોએ સામાન્ય ઉપયોગ કરવો.જાળી વાળા ભાગમાં ઉત્તર દક્ષિણના દ્વારથી ફરજ ઉપરના પોલીસ અમલદારો સ્ત્રી પુરુષોને વારાફરતી મર્યાદિત સંખ્યામાં દાખલ થવા દેશે અને પૂર્વ તરફના દ્વારેથી બહાર નીકળવા દેશે.

(૩) ઉપર પારા-૨ની વ્યવસ્થાનો ભંગ કરનાર ઉપેક્ષા કરનાર કે અવરોધ કરનાર મુંબઈ પોલીસ અધિ. ૧૯૫૧ની કલમ – ૧૩૧ નીચે શિક્ષાને પાત્ર થશે.

આજે તા. ૨૮ માહે ઓગષ્ટ સને ૨૦૦૦ રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૨૯ માહે ઓગષ્ટ સને ૨૦૦૦

પી. એસ. શાહ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો,

અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો ૨જો અધિનિયમ) ની કલમ-૧૪૪ હેઠળ

જાહેરનામું

નં. નં. ચિ/પલસ/૩૦થી/૨૮૫૫ થી ૨૯૦૭/૨૦૦૦ જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચુંટણી-૨૦૦૦ અંતર્ગત તા. ૨૪-૯-૨૦૦૦ ના રોજ મતદાન થનાર હોય, મતદાનના દિવસે મતદારો માટે અવરોધ ઉભો ન થાય જુદા જુદા પક્ષોનાં કાર્યકરોમાં ઘર્ષણ ઉભુ ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણી થઇ શકે તે માટે મતદાન મથકની આજુબાજુમાં ટોળા એકઠા થતા અટકાવવા પ્રતિબંધિત વિસ્તારામાં ચુંટણી પ્રચાર અટકાવવા સારૂ સાવચેતીના પગલાં લેવા અનિવાર્ય જણાતા હું બી. પી. સુદાણી (જી. એ. એસ.) અધિક જિલ્લામાં મેજીસ્ટ્રેટ, અમરેલી ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે, કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની સમગ્ર અમરેલી જિલ્લાના મતદાન મથકના ૧૦૦ (એકસો) મીટરનાં વિસ્તારામાં.

(૧) કોઈ ઉમેદવારને મત આપવા માટે ચુંટણી પ્રચાર કરવો નહિ.
(૨) કોઈ ઉમેદવારને મત આપવા કે કોઈ બીજા ઉમેદવારને મત ન આપવા મતદારને સમજાવવો નહિ.
(૩) કોઈ મતદારને મતદાન ન કરવા સમજાવવો નહિ.
(૪) ચુંટણી સબંધી કોઈ જાહેરાત, પક્ષનું કે ઉમેદવારનું નિશાન કે ફોટો પ્રદર્શિત કરવા નહિ.

વધુમાં મતદાનનાં દિવસે ચુંટણી લડતા ઉમેદવારના કાર્યકરો મતદાન મથકની આસપાસ કાયમી કે કામચલાઉ બુથ ઉભા કરે તેવી સંભાવના છે. જેને લઈને નિષ્પક્ષ અને ન્યાયી ચુંટણીની કામગીરીને અસર થવા તેમજ પરિણામે હરીફ ઉમેદવારો કે તેમના ટેકેદારો વચ્ચે સંઘર્ષ થવાની શકયતા જણાય છે. આથી હું વધુમાં ફરમાવું છું કે,

(૧) મતદાન મથકથી ૨૦૦ (બસ્સો) મીટરના અંતરમાં કોઈ બુથ ઉભુ કરવું નહિ.
(૨) બુથમાં વધુમાં વધુ બે ખુરશી અને એક ટેબલ તેમજ છાંયા માટે છત્રી રાખી શકાશે.
(૩) આવા દરેક બુથ માટે ચુંટણી અધિકારીશ્રીની પુર્વ પરવાનગી મેળવવાની રહેશે. તેમજ બુથનો ઉપયોગ મતદારોને અબિધિસર ઓળખ કાપલી આપવા માટે કરવાનો રહેશે. તેમજ આવી કાપલી ઉપર ઉમેદવારનું નામ, પત્રિકા પ્રતિક, રાજકીય પક્ષનું નામ દર્શાવવાનું રહેશે નહિ.
(૪) આવા બુથ ઉપર ટોળા એકઠા કરવા કે મતદારોને કોઈપણ જાતની ધાક-ધમકી પ્રલોભન કે અન્ય બુથ ઉપર જવાની બાબતમાં અવરોધ કરવો નહિ.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમનો અમલ અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારામાં તા. ૨૪/૯/૨૦૦૦નાં દિવસે કરવાનો રહેશે.

આજે તા. ૨૫/૮/૨૦૦૦ નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ પ્રસિધ્ધ કર્યો.

અમરેલી, ૨૫ માહે ઓગષ્ટ સને ૨૦૦૦.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો ૨જો અધિનિયમ) ની કલમ-૧૪૪ અન્વયે

હુકમ

નં. ના ચિ/પલસ/૩૦૬૭ થી ૩૧૧૯/૨૦૦૦.—આગામી જિલ્લા /તાલુકા પંચાયતોની સામાન્ય ચુંટણી યોજનાર છે. આ ચુંટણી દરમ્યાન અમરેલી જિલ્લામાં તમામ સ્તરે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત

મુક્ત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર ચુંટણી પ્રક્રિયા માટે જરૂરી શાંતિમય વાતાવરણમાં વિક્ષેપો ઉભા થાય નહિ. અને જાહેર સુલેહ શાંતિ નો ભંગ થતો અટકાવવો અત્યંત જરૂરી જણાતુ હોવાથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના ૨ જા અધિનિયમ) ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે પુરતા કારણો છે.

તેથી હું બી. પી. સુદાણી (જી. એ. એસ.) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ૧૯૭૪નો ૨ જા અધિનિયમ)ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સતાની રૂઈએ આથી ફરમાવું છું કે તા. ૨૮-૮-૨૦૦૦ થી તા. ૩૦/૯/૨૦૦૦ સુધી (બન્ને દિવસો સહિત) કોઈપણ ઈસમે પોતાના પરાવાનાવાળા હથિયાર સાથે લઈને ઘરબહાર નીકળવું કે ફરવું નહિ. ઉપરાંત દંડા તલવાર, ભાલા ચપ્પુ, લાકડી લાઠી અથવા શારીરિક હિંસા પહોંચાડવામા ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો સાથે લઈ ઘર બહાર નીકળવું કે ફરવું નહિ.

આ હુકમ નીચેની વ્યકિવઓને લાગુ પડશે નહિ.

(૧) ફરજ પર રોકાયેલ પોલીસ અધિકારીશ્રીઓ/કર્મચારીઓ કે જેઓની ફરજનાં ભાગરૂપે શસ્ત્રો રાખાવાની પરાવાનગી આપવમાં આવેલ.

(૨) શારીરિક અશકિતના કારણે લાકડી અથવા લાઠી લઈ ફરવુ જરૂરી હોય તે વ્યકિતને.

આજ તા. ૨૫/૮/૨૦૦૦ ના રોજ મારી સહી તથા કચેરીના સિકાકો કરી આપ્યો.

અમરેલી, ૨૫ માહે ઓગસ્ટ સને ૨૦૦૦.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ ના ૨જો અધિનિયમ) ની કલમ-૧૪૪ અન્વયે

હુકમ

નં. નાચિ/પલસ/૩/વશી/૪૩૫૪ થી ૪૩૯૦/૨૦૦૦—ચાલુ વર્ષ અપુરતા વરસાદના કારણે અમરેલી શહેરમાં પીવાના પાણીની વિકટ પરિસ્થિતી ઉપસ્થિત થવા પામેલ છે. જેના કારણે આગોતરૂ આયોજન કરવામાં ન આવે તો સામાન્ય પ્રજા ને તથ તાલકેરને પીતાના પાણીની ખુબ જ તંગી અનુભવવી પડે તેમ છે.

અમરેલી નગરપાલિકા દ્વારા શહેરીજનોને પાણી આપવા માટેના સઘન પ્રયાસો ચાલુ છે. પુરંતુ ચાલુ વર્ષે અપુરતા વરસાદના કારણે પાણીના સંગ્રહ સ્થળોમાં પૂરતુ પાણી ન હોય તથા અમરેલી શહેરની જમીનના તળોમાં પાણીનો જથ્થો ન હોય નવા બોર નિષ્ફળ જાય છે. તથા જે બોર હયાત છે. તેમાં પણ પાણી ઘટી જવા પામેલ છે. આ વિસ્તારમા રહેતા લોકો હાલમાં પણ સીન્ટેક્ષની ટાંકીઓ મુકી ટેન્કરો દ્વારા પાણી મેળવે છે. જેની સામે આ વિસ્તારમા બાંધકામ ઘણાંજ ચાલુ છે. આ બાંધકામોમાં પાણીનો મોટા પ્રમાણમા ઉપયોગ થાય છે. જેથી જ્યારે આ વિસ્તારમા પીવાના પાણીની અછત ઉપસ્થિત થવા પામેલ છે. ત્યારે બાંધકામ માટે પાણીના ઉપયોગને નિયંત્રિત કરવું જરૂરી છે. જેથી અમરેલી નગરપાલીકા વિસ્તારમા પાણીનુ અસરકારક રીતે નિયંત્રણ થઈ શકે તથા પાણીની તંગી હળવી કરી શકાય તે હેતુને નજર સમક્ષ રાખતા આ વિસ્તારમા બાંધકામમાં વપરાતા પાણીના ઉપયોગ ઉપર પ્રતિબંધ કરવા માટેના પુરતા કારણો જણાય છે. જેથી હું બી. પી. સુદાણી (જી. એ. એસ) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સતાની રૂએ આથી ફરમાવું છું કે, અમરેલી જીલ્લાની તમામ નગરપાલીકા વિસ્તારમાં કોઈપણ પ્રકારના બાંધકામમા મંજુરી સબંધિત સત્તા અધિકારી શ્રીઓ બીજો હુકમ ન થાય ત્યાં સુધી આપવી નહી.

આ હુકમનો ભંગ કરનાર કે તેનું પાલન ન કરવામા મદદરૂપ થનાર કોઈપણ વ્યકિત કાયદામા ઠરાવેલ જોગવાઈ મુજબનાં શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૧૬મી ઓકટોબર ૨૦૦૦ ના રોજ મારી સહી તથા કચેરીના સિકકા સાથે બહાર પાડેલ છે.

અમરેલી, ૧૬ માહે ઓકટોબર, સને ૨૦૦૦.

મુંબઈ પોલીસ અધિનિયમ—૧૯૫૧ (મુંબઈ અધિનિયમ-૨૨) ની કલમ ૩૭ની પેટા કલમ ૧ અન્વયેનો

જાહેરનામું

નં. નાં. ચિ. પલસ-૪૫૩-૨૦૦૦.—આગામી દિવાળી વિગેરે જાહેર તહેવારો તથા અન્ય તહેવારોને અનુલક્ષીને જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થતી જળવાય રહે અને જાહેર સુલેહશાંતિ અને સલામતી જાળવવા માટે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭ની પેટા કલમ ૧ અન્વયે અટકાયતી પગલાં લેવા મારી પાસે પુરતા કારણો છે. તેથી મને ખાત્રી થઈ છે કે,

(૨) હું બી. પી. સુદાણી, (જી. એ. એસ.) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭ની પેટા કલમ-૧ થી મને મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૩) તા. ૨૧-૧૦-૨૦૦૦થી તા. ૪-૧૧-૨૦૦૦ (બને દિવસો સહિત) સમગ્ર અમરેલી જીલ્લાના વિસ્તારમાં

(૪) કોઈપણ ઈસમે પોતાના પરવાનાવાળા હથિયારો અથવા દંડા તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી, લાઠી અથવા શારીરિક ઈજા અને હિંસા પહોંચાડવા માટે ઉપયોગ થઈ શકે તેવા બીજા કોઈપણ પ્રકારના હથિયાર/ચીજવસ્તુ/સ્ફોટક /પદાર્થ / પથ્થરો સાથે લઈ આ સમય દરમ્યાન ઘર બહર નીકળવું નહિ. ફરવું નહિ તેમજ કોઈ વ્યકિતની આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહિ. અને બુમો પાડવી નહિ. તથા સુત્રોચ્ચાર કરવા નહિ.

(૫) આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહિ.

(અ) ફરજ ઉપર રોકાયેલ પોલીસ/હોમગાર્ડ સહીતના તમામ સરકારી તેમજ અર્ધસરકારી કર્મચારીઓ તથા અધિકારીશ્રીઓને.

(બ) શારીરિક અશકતિના કારણે લાકડી અથવા લાઠી લઈને જેને ફરવું જરૂરી છે. તેવી વ્યકિતઓને.

(૬) આ જાહેરનામાનો ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન કરવા માટે મદદ કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની જોગવાઈ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

આજ તા. ૨૦મી માહે ઓકટોબર ૨૦૦૦ના રોજ મારી સહી તથા સિકકા સાથે આ જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

અમરેલી, ૨૦ માહે ઓકટોબર સને ૨૦૦૦

બી. પી. સુદાણી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

INDEX

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલો

હુકમ

નં.ડીએમ/૧/ફા.૩૧૨/(૫)/૨૦૦૦.-ભાવનગર જીલ્લાના તળાજા તાલુકાના અલંગ તથા સોસીયા ગામે શીપબ્રેકીંગનો ધંધો મોટા પ્રમાણમાં શરૂ છે. હાલ અલંગ મુકામે અંદાજે ૧૨૦ થી ૧૨૫ પ્લોટ ઉપર શીપબ્રેકીંગનું કામ થઈ રહેલ છે. શીપની અંદર ઓઈલનો જથ્થો, ગ્રીસનો જથ્થો હોય છે. તેમજ અન્ય જ્વલનશીલ પદાર્થો હોય છે. શીપબ્રેકીંગ સમયે શીપમાંથી ઓઈલ ફ્યુઅલ વિગેરેનો જથ્થો કાઢી નાંખવામાં આવે છે. આમ છતાં તેમાં પુરતી કાળજી લેવામાં આવતી નથી અને શીપબ્રેકીંગ સમયે ઓક્સીજનના તેમજ એલ.પી.જી. ગેસના સીલીન્ડરોથી ગેસકટીંગ દ્વારા તોડવાની પ્રક્રિયા થાય છે. જેના કારણે આગ-અકસ્માતના બનાવો બનેલ છે. જેના કારણે લોકોના જાન, માલ સ્વાસ્થ્ય અને સલામતીને મોટુ જોખમ થયેલ છે.

તેથી હું, એ. ડી. કટારા જી. એ. એસ. અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ ભાવનગર જીલ્લો, ભાવનગર ભારતના ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨જો) અધિનિયમની કલમ-૧૪૪થી મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે, ભાવનગર જીલ્લાના તળાજા તાલુકાના અલંગ તથા સોસીયા ગામે આવેલ શીપબ્રેકીંગ યાર્ડમાં શીપબ્રેકીંગ વ્યવસાય સાથે સંકળાયેલ વેપારી પેઢીઓએ નીચે મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવા હુકમ કરૂ છું.

(૧) બેગફાયરથી આગ કે ધડાકાઓ અટકાવવા ગેસ કટીંગ ટોર્ચમાં નોનરીટર્ન વાલ્વ તેમજ એલ.પી.જી. સીલીન્ડરના રેગ્યુલેટરમાં નોન રીટર્ન વાલ્વનો ઉપયોગ કરવો.

(૨) ઓઈલ ટાંકી, ઓઈલ ટેન્કર/એન્જીન રૂમ કે પાઈપલાઈનના બંધીયાર ભાગનું ગેસકટીંગ કરતા અગાઉ તેમાં કોઈપણ પ્રકારનું સળગી ઉઠે અથવા ધડાકા થાય તેવા પદાર્થો નહીં હોવાની જવાબદાર વ્યકિત પાસેથી ખાત્રી મેળવ્યા પછી કટીંગ કામગીરી શરૂ કરવી. તે માટે એક્સ્પ્લોઝીવ મીટરનો ઉપયોગ અવશ્ય કરવો અથવા ઓક્સીજન મીટરનો ઉપયોગ કરવો.

(૩) શીપની ઉંચાઈ પર કટીંગ ચાલતું હોય ત્યારે નીચે કોઈપણ કામદાર કે ગેસ સીલીન્ડર કે રબ્બર પાઈપ પર લોખંડના તણખા ન પડે તેની કાળજી રાખવી.

(૪) કટીંગ ટોર્ચના ફ્લેમ (જ્યોત) કોઈપણ સંજોગોમાં એલ.પી.જી. કે ઓક્સીઝન સીલીન્ડરના સંપર્કમાં ન આવે તે ખાસ જોવું.

(૫) ઓક્સીઝન, ઓઈલ, ગ્રીસ સાથે સંપર્ક થવાથી ધડાકો થઈ સળગી શકે છે. જેથી ઓઈલ ગ્રીસ, ઓક્સીઝનવાળા સાધનો કે સીલીન્ડરો સાથે સંપર્કમાં ન આવે તેની ખાસ કાળજી રાખવી.

(૬) દાઝેલા કામદારોને બચાવી લેવા કે આગના ઉદગમસ્થાનને દાબી દેવા તાત્કીદે ઉપયોગમાં લઈ શકાય તેવા વોટરજેલ બ્લેન્કેટનો સંગ્રહ રાખવો.

(૭) કટીંગ ટોર્ચની નીપ દર ૬(છ) દિવસે, રબ્બર હોઝ પાઈપ દર ૩(ત્રણ) માસે બદલી નવા વસાવવા તથા આ અંગેનું રજીસ્ટર બનાવવું.

(૮) દરેક પ્લોટ હોલ્ડરે પોતાના પ્લોટ પર આગ ઓલવવા માટે પુરતા પ્રમાણમાં ડ્રાયકેમીકલ યોગ્ય પ્રકારના ફાયર એક્સ્ટીન્ગ્યુશર તથા પુરતા પ્રમાણમાં પાણીનાં જથ્થાનો સંગ્રહ રાખવો તથા પ્લોટ પર લાંગરેલ જહાજ પર ગેસકટીંગ કામ ચાલતું હોય ત્યાં દરેક કટીંગ પોઈન્ટ પર યોગ્ય પ્રકારના પોર્ટેબલ ફાયર એક્સ્ટીન્ગ્યુશર પુરતા પ્રમાણમાં રાખવા તથા જહાંજ પર ઓછામાં ઓછા ૩૦,૦૦૦ (ત્રીસ હજાર) લીટર પાણીનો સંગ્રહ, ફાયર પમ્પ તથા જહાજમાં દરેક જગ્યાએ પહોંચી શકે તેટલા પુરતી લંબાઈના હોઝ પાઈપ નોઝલ્સ સાથે ઉપયોગમાં લઈ શકાય તેમ ચાલુ હાલતમાં નિભાવવા-રાખવા.

(૯) દરેક પ્લોટ હોલ્ડરે પ્લોટ પર લાંગરેલા જહાજમાં હોટવર્ક કે નેકેટ લાઈટથી કટીંગ કામગીરી શરૂ કરતા પહેલા આ જગ્યાને નેકેટ લાઈટ કે હોટવર્કથી કટીંગ કામગીરી કરવાથી આગ લાગવાની કોઈ શકયતા નથી તેવા મતલબનું કેમીકલ એન્જીનીયર કે કેમીકલ્સમાં માસ્ટર ડીગ્રી લાયકાત ધરાવતી વ્યકિતનું પ્રમાણપત્ર મેળવ્યા પછી જ શીપબ્રેકીંગની કાર્યવાહી શરૂ કરવી.

(૧૦) શીપબ્રેકીંગ સમયે શીપમાંથી નીકળતા ગેસ સીલીન્ડરો અત્યંત ભયજનક હોઈ તેનો રીફીલીંગ માટે ઉપયોગ થવાથી ગંભીર અકસ્માતો થઈ શકે છે. તેથી સુરક્ષિત કારખાના તથા મજુર /કામદારો/માણસોથી દુર ખુલ્લા વિસ્તારમાં આવા સીલીન્ડરો રાખી, તેનો વાલ્વ ધીમેથી ખોલીને તેમાં રહેલો પુરેપુરો ગેસ કાઢી નાંખવો, યોગ્ય રેન્ચથી સીલીન્ડરનો વાલ્વ દુર કરવો. ત્યારપછી સીલીન્ડરો કાપવા આ અંગેની સામગ્રીનો લોખંડનો ભંગાર તરીકે નિકાલ કરવો. આવા સીલીન્ડરો રીફીલીંગ માટે વેચવા નહીં.

(૧૧) અલંગ/સોસીયા શીપ બ્રેકીંગ યાર્ડ ખાતે જહાજમાં એન્જીન રૂમમાંથી કટીંગની તેમજ એન્જીન વગેરે ખસેડવાની કામગીરી થાય ત્યારે પુરતા હવા ઉજાસની વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૨) શીપ બ્રેકીંગના કામે વપરાતા સાધનો જેવા કે લોખંડના વાયર ૧૦૦ મીટરથી વધારે લંબાઈના હોય ત્યારે તેમાં કોઈપણ જાતનો સાંધો ન રાખવો.

(૧૩) ત્રાપજથી અલંગ/સોસીયા શીપ બ્રેકીંગ યાર્ડ સુધીના તમામ વે બ્રીજો રાત્રીના કલાક ૨૧-૦૦ થી સવારના કલાક ૮-૦૦ સુધી બંધ રાખવાના રહેશે.

(૧૪) એલ.પી.જી. ઓક્સીજનના સીલીન્ડર ભાંગવા માટે લાવેલા શીપ ઉપરથી નીચે ફેંકવા નહી જે રીતે એલ. પી. જી. ઓક્સીજનના સીલીન્ડરો નીચેથી શીપ ઉપર લઈ જવામાંઆવે છે. તેજ પધ્ધતિથી એલ. પી. જી. ઓક્સીજનના સીલીન્ડરો શીપ ઉપરથી નીચે ઉતારવાના રહેશે. આવા સીલીન્ડરો સીધા ઉપર લઈ જતા કે નીચે ઉતારતા સમયે આજુબાજુમાં માણસોની ગ્રાઉન્ડ ઉપર અવરજવર સેફ્ટી સુપર વાઈઝરે નિયંત્રિત કરવાની રહેશે. કે જેથી અકસ્માતો ટાળી શકાય.

(૧૫) જહાજની કોઈપણ બંધિયાર જગ્યામા ઓક્સીજન મીટર દ્વારા ઓક્સીજનની માત્રા પુરતી છે કે કેમ તેની ખાત્રી કર્યા સિવાય પ્રવેશ કરવો નહી.

(૧૬) પ્લોટમાં પેટ્રોલીયમ પ્રોડક્ટસનો નીચે દર્શાવેલ મર્યાદા સિવાય વધારે જથ્થો બેરલમાં એકી સાથે રાખવો નહી.
(૧) ૧૦૦ લીટર સુધી પેટ્રોલ.
(૨) ૫૦૦૦ લીટર સુધી ફ્યુઅલ ઓઈલ.
(૩) ૨૫૦૦ લીટર સુધી ડીઝલ.

ઉપર દર્શાવેલી મર્યાદાથી વધુ જથ્થાના અથવા ઉપર જણાવેલ જથ્થાઓના બેરલ વગરના મોટી કેપેસીટીના સાધનોમાં સંગ્રહ સ્ટોરેજ લાયસન્સ મેળવવું ફરજીયાત રહેશે.

(૧૭) જી. એમ.બી. એ. શીપની કટીંગ પરમીશન આપતા પહેલા એ શીપમાંથી Co-2 ગેસ કાઢી નાખાવામા આવેલ છે તેવું શીપના માસ્ટરનું કે ઓથોરાઈઝડ એજન્સીનું પ્રમાણપત્ર મેળવવાનુ ફરજીયાત રહેશે.

INDEX

(૧૮) શીપમાંથી નીકળતા કોઈપણ સીલીન્ડરો જે કાયદાનુસાર સર્ટીફાઈડ થયેલા નથી તેવા સીલીન્ડરો પ્લોટની બહાર કાઢવામા આવે ત્યારે તે ઓછામા ઓછા બે ટુકડામાં ૨ કાપેલા હોવા જોઈએ.

(૧૯) શીપ ઉપર મળતા Co-2 અન્ય ભયજનક ગેસો જેવા કે કુલીંગ ગેસો કે જેને વાતાવરણમા ન છોડી શકાય તેવા ફેક્ટરી ઈન્સ્પેક્ટરશ્રી દ્વાર અધિકૃત થયેલ વ્યકિત સિવાય કોઈએ કાઢવા નહી અને ઓથૌરાઈઝડ એજન્સી સિવાય કોઈએ હેરફેર કરવી નહી. અને આવા સીલીન્ડરોને અગાઉ જણાવયાનુસાર ઓછામાં ઓછા બે ટુકડામાં કાપવા જોઈએ.

આ હુકમ તારીખ ૧૬-૭-૨૦૦૦થી તારીખ ૧૩-૯-૨૦૦૦ સુધી અમલમાં રહેશે.

ઉપરોક્ત સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવો અને કોઈપણ દ્વારા આ સુચનાઓનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૯૬૦ના ૪૫માં અધિનિયમની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

હું આથી ફરમાવું છું કે ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ નકલો ચોંટાડીને અને લાઉડ સ્પીકરવાહન દ્વારા અને સ્થાનીક વર્તમાનપત્ર દ્વારા તેની બહોળી પ્રસિધ્ધ કરીને આ હુકમ પ્રસિધ્ધ કરવો.

મેં આજ તા. ૧૦-૭-૨૦૦૦ના રોજ મારી સહી તથા કચેરીની બહાર લગાવી હુકમ બહાર પાડયો.

ભાવનગર, ૧૦ માહે જુલાઈ સને ૨૦૦૦.

જાહેરનામું

નં. ડીએમ/૧-ફા..૩૧૨/(૧)/૨૦૦૦.— ભાવનગર શહેરને પાણી પુરૂ પાડવા માટે ઇ. એસ. આર. પૈકી દિલબહાર ઈ.એસ.આર. (વાઘાવાડી રોડ) પરથી શહેરના દક્ષિણ વિસ્તારમાં પાણી પુરૂ પાડવામાં આવે છે. ઉપરોક્ત વિસ્તાર પૈકીની કેટલીક સોસાયટીઓના અપુરતા નેટવર્કના લીધે ઘણાં વિસ્તારોમાં પાણી અપુરતુ કે નહી આપવાની ઘટના બનતી હોય છે. તેથી નંદનવન, અયોધ્યાનગર, તેમજ ઓશીયન પાર્ક વિગેરે સોસાયટીઓના રહેવાસીઓ મોટા ટોળા સ્વરૂપે દિલબહાર ટાંકી ઉપર આવી ફરજ પરના કર્મચારીઓને ધાકધમકી આપી, કાયદો હાથમાં લઈ ટાંકીના વાલ્વ ખોલી નાખીને બળજબરીપુર્વક પાણીનો પુરવઠો લેવાના પ્રયાસો કરે છે. આ સંજોગોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે જાહેરહીતમાં ઝડપી ઉપાય યોજવાનું ઉચિત જણાંતા હું એ. ડી. કટારા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જીલ્લા, ભાવનગર આથી ફરમાવું છું કે, ભાવનગર શહેરના વાઘાવાડી રોડ ઉપર આવેલ દિલબહાર ટાંકી અને તેની આજુ-બાજુના ૧૦૦ મીટરના સુધીના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસોએ એકઠા થવું નહી.

આ જાહેરનામા/હુકમનું ઉલ્લંઘન કરનારને ભારતીય ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ)ની કલમ ૧૮૮ મુજબ સજા થઈ શકે છે.

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલ ચોટાડીને વર્તમાનપત્રો મારફત તેની બહોળી પ્રસિધ્ધિ કરાવવી.

આ જાહેરનામું તા. ૧૬/૭/૨૦૦૦થી તા. ૧૩-૯-૨૦૦૦ સુધી અમલમાં રહેશે.

આજ તા. ૧૧-૭-૨૦૦૦ના રોજ મારી સહી સીક્કો કરીને સદરહું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

ભાવનગર, ૧૧ માહે જુલાઈ, સને ૨૦૦૦

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે

જાહેરનામું

નં. ડીએમ/ ૧ / ફા./ ૩૧૨/ ૨૦૦૦.—ભાવનગર જીલ્લામાં આગામી તા. ૨૮-૯-૨૦૦૦થી નવરાત્રીનો તહેવાર શરૂ થતો હોઈ તેમજ આગામી તારીખ ૧૭/૯-૨૦૦૦ ના મહાનગર પાલીકાની ચુંટણી તથા તારીખ ૨૪-૯-૨૦૦૦ ના જીલ્લા પંચાયત/તાલુકા પંચાયતની ચુંટણી યોજનાર હોઈ, આગામી દિવસોમાં કાયદો અને વ્યવસ્થા સુલેહ શાંતી પૂર્વક જળવાઈ રહે તે માટે અગમચેતીનાં પગલાં લેવા અનિવાર્ય જણાતા સમગ્ર ભાવનગર જીલ્લામાં લોકો જાહેરમાં તીક્ષ્ણ હથીયારો જેવાકે છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી' કુંડલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા, વિગેરે જેવા પ્રાણઘાતક હથીયારો લઈને હરેફરે નહીં તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામુ જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ- ૧૯૫૧ના મુંબઈના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ, હું એ. ડી. કટારા, જી.એ.એસ અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જીલ્લો, ભાવનગર આથી જાહેરશાંતી અને સલામતી જાળવવા સારૂ ફરમાવું છું કે કોઈએ નીચેની અનુચિમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૫-૯-૨૦૦૦ થી તા. ૪-૧૦-૨૦૦૦ સુધી બન્ને દિવસો સુધ્ધાં) .

(ક) શસ્ત્રો, દંડા, ભાલા, તલવાર, સોટા, બંદુક, છરી, લાકડી, અથવા લાઠી, અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈપણ સાધન સાથે લઈ જવા નહી.

(ખ) કોઈપણ ભયકારી, સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ સાથે લઈ જવી નહી. એકઠા કરવા નહી, તથા તૈયાર કરવા નહી.

(ઘ) સરઘસમા સળગતા કાકડા અથવા સળગતી મશાલો સાથે લઈ જવી નહી.

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમા બીભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહી. અથવા ટોળામા ફરવુ નહી.

(છ) જેનાથી સુરૂચી અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી. તેવા હાવભાવ કરવા નહી તેવી ચેસ્ટા કરવી નહીં. તેવા ચિત્રો પત્રીકાઓ પ્લેકાર્ડ અથવા કોઈપણ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહી. બતાવવી નહી, અથવા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ-ક-ખ-ગ-ઘ- નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

INDEX

(૨) જીલ્લા પોલીસ અધિકારી અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશકિતના કારણે લાકડી અથવા લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિતને.

(૩) જીલ્લા મેજીસ્ટ્રેટ શ્રી, અથવા અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, શ્રીઓ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઇ વ્યકિતને

(૪) કાયદેસરના હથીયાર પરવાના ધરાવનાર વ્યકિતને.

અનુસૂચિ :

ભાવનગર જીલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાનો કોઇ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામા ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઇથી દેખી શકાય અથવા તેવી રીતે તેની નકલ ચોંટાડીને સદરહુ વિસ્તારમા ધ્વનીવર્ધક યંત્રો દ્વારા ઢંઢેરો પીટાવીને પ્રસિધ્ધ કરવાનુ આથી હું ફરમાવુ છું.

આજ તા. ૨૫/૮/૨૦૦૦ ના રોજ મારી સહી તથા સિકકો માર્યો.

ભાવનગર, ૨૫ માહે ઓગસ્ટ, સને ૨૦૦૦.

જાહેરનામું

નં. ડીએમ/૧/ફો.૩૧૨/૨૦૦૦.- જૈન લોકોનું શ્રી પર્યુષણ મહાપર્વ તા. ૨૬/૮/૨૦૦૦ થી શરૂ થયેલ છે. જૈન ભવનમાં ધાર્મીક પ્રવચનો દરમ્યાન કોઇ ખલેલ પહોંચે નહી તેથી મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) (બ) અન્વયે મને મળેલ અધિકારની રૂઇએ હું એ. ડી. કટારા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જીલ્લો ભાવનગર આથી ફરમાવું છું કે, તા. ૨—૯—૨૦૦૦ સુધી ભાવનગર શહેરમા ઘોઘા સર્કલથી મેઘાણી સર્કલ સુધીના રસ્તાઓ ઉપર ભારે વાહનો ચલાવવા નહી.

આ જાહેરનામાનો ભંગ કરનારને સદરહું અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષા થઇ શકશે.

ઉપર જાણાવેલ સ્થળે અને વર્તમાનપત્રો મારફત પણ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૨૮—૮—૨૦૦૦ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને સદરહુ જાહેરનામું પ્રસિધ્ધ કરવામા આવ્યુ.

ભાવનગર, ૨૮ માહે ઓગષ્ટ સને ૨૦૦૦.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ ૧૪૪ હેઠળ

હુકમ

નં. ડી. એમ./૧/ફો.૩૧૨/(૮)૨૦૦૦.—ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના અલંગ તથા સોસીયા ગામે શીપ બ્રેકીંગનો ધંધો મોટા પ્રમાણમાં શરૂ છે. હાલ અલંગ મુકામે અંદાજે ૧૨૦થી ૧૨૫ પ્લોટ ઉપર શીપ બ્રેકીંગનુ કામ થઇ રહેલ છે. શીપની અંદર ઓઇલનો જથ્થો, ગ્રીસનો જથ્થો હોય છે. તેમજ અન્ય જ્વલનશીલ પદાર્થો હોય છે. શીપ બ્રેકીંગ સમયે શીપમાંથી ઓઇલ ફ્યુઅલ વિગેરેનો જથ્થો કાઢી નાખવામાં આવે છે. આમ છતાં તેમાં પુરતી કાળજી લેવામાં આવતી નથી. અને શીપ બ્રેકીંગ સમયે ઓકસીજનના તેમજ એલ.પી.જી. ગેસના સીલીન્ડરોથી ગેસ કટીંગ દ્વારા તોડવાની પ્રક્રિયા થાય છે. જેના કારણે આગ-અકસ્માતના બનાવો બનેલ છે. જેના કારણે લોકોના જાન, માલ, સ્વાસ્થ્ય અને સલામતીને મોટું જોખમ થયેલ છે.

તેથી હું એ. ડી. કટારા, જીઓએસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર ભારતના ફોજદારી અધિનિયમ ૧૯૭૩(૧૯૭૪નો ૨જો) અધિનિયમની કલમ—૧૪૪થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, ભાવનગર જીલ્લાના તળાજા તાલુકાના અલંગ તથા સોસીયા ગામે આવેલ શીપ બ્રેકીંગ યાર્ડમાં શીપ બ્રેકીંગ વ્યવસાય સાથે સંકળાયેલ વેપારી પેઢીઓએ નીચે મુજબની સુચનાનું ચુસ્તપણે પાલન કરવા હુકમ કરૂં છું.

(૧) બેગ ફાયરથી આગ કે ધડાકાઓ અટકાવવા ગેસ કટીંગ ટોર્ચમાં નોન રીટર્ન વાલ્વ તેમજ એલ.પી.જી. સીલીન્ડર ના રેગ્યુલેટરમાં નોન રીટર્ન વાલ્વનો ઉપયોગ કરવો.

(૨) ઓઇલ ટાંકી, ઓઇલ ટેન્કર, એન્જીન રૂમ કે પાઇપ લાઇનના બંધીયાર ભાગનું ગેસ કટીંગ કરતાં અગાઉ તેમાં કોઇપણ પ્રકારનું સળગી ઉઠે અથવા ધડાકા થાય તેવા પદાર્થો નહી હોવાની જવાબદાર વ્યકિત પાસેથી ખાત્રી મેળવ્યા પછી કટીંગ કામગીરી શરૂ કરવી તે માટે એક્સ્પ્લોઝીવ મીટરનો ઉપયોગ અવશ્ય કરવો. અથવા ઓકસીઝન મીટરનો ઉપયોગ કરવો.

(૩) શીપની ઉંચાઇ પર કટીંગ ચાલતુ હોય ત્યારે નીચે કોઇપણ કામદાર કે ગેસ સીલીન્ડર કે રબ્બર પાઇપ પર લોખંડના તણખા ન પડે તેની કાળજી રાખવી.

(૪) કટીંગ ટોર્ચના ફલેમ (જ્યોત) કોઇપણ સંજોગોમાં એલ. પી.જી. કે ઓકસીજન સીલીન્ડરના સંપર્કમાં ન આવે તે ખાસ જોવું.

(૫) ઓકસીજન, ઓઇલ, ગ્રીસ સાથે સંપર્ક થવાથી ધડાકો થઇ સળગી શકે છે. જેથી ઓઇલ, ગ્રીસ, ઓકસીજન-વાળા સાધનો કે સીલીન્ડરો સાથે સંપર્કમાં ન આવે તેની ખાસ કાળજી રાખવી.

(૬) દાંઝેલા કામદારોને બચાવી લેવા કે આગના ઉદગમ સ્થાનને દાબી દેવા તાકીદે ઉપયોગમાં લઇ શકાય તેવા વોટર જેલ બ્લેન્કેટનો સંગ્રહ રાખવો.

(૭) કટીંગ ટોર્ચની નીપ દર (છ) દિવસે રબ્બર હોઝ પાઇપ દર ૩ (ત્રણ) માસે બદલી નવા વસાવવા તથા આ અંગેનું રજીસ્ટર બનાવવું.

(૮) દરેક પ્લોટ હોલ્ડરે પોતાના પ્લોટ પર આગ ઓલવવા માટે પુરતા પ્રમાણમાં ડ્રાય સેન્ડ યોગ્ય પ્રકારના ફાયર એકસ્ટીન્ગ્યુશર તથા પુરતા પ્રમાણમાં પાણીના જથ્થાનો સંગ્રહ રાખવો. તથા પ્લોટ પર લાંગરેલ જહાજ પર ગેસ કટીંગ કામ ચાલતું હોય ત્યાં દરેક કટીંગ પોઇંટ પર યોગ્ય પ્રકારના પોર્ટેબલ ફાયર એકસ્ટીન્ગ્યુશર પુરતા પ્રમાણમાં રાખવા તથા જહાજ પર ઓછામાં ઓછા ૩૦,૦૦૦ (ત્રીસ હજાર) લીટર પાણીનો સંગ્રહ ફાયર પંપ તથા જહાજ-

INDEX

માં દરેક જગ્યાએ પહોંચી શકે તેટલા પુરતી લંબાઈના હોઝ પાઈપ નોઝલ્સ સાથે ઉપયોગમાં લઈ શકાય તેમ ચાલુ હાલતમાં નિભાવવા રાખવા.

(૯) દરેક પ્લોટ હોલ્ડરે પ્લોટ પર લાંગરેલા જહાજમાં હોટ વર્ક કે નેકેટ લાઈટથી કટીંગ કામગીરી શરૂ કરતાં પહેલાં આ જગ્યાને નેકેટ લાઈટ કે હોટ વર્કથી કટીંગ કામગીરી કરવાથી આગ લાગવાની કોઈ શક્યતા નથી તેવા મતલબનું કેમીકલ એન્જીનીયર કે કેમીકલ્સમાં માસ્ટર લાયકાત ડીગ્રી ધરાવતી વ્યક્તિનું પ્રમાણપત્ર મેળવ્યા પછીજ શીપ બ્રેકીંગની કાર્યવાહી શરૂ કરવી.

(૧૦) શીપ બ્રેકીંગ સમયે શીપમાંથી નીકળતા ગેસ સીલીન્ડરો અત્યંત ભયજનક હોઈ તેનો રીફીલીંગ માટે ઉપયોગ થવાથી ગંભીર અકસ્માતો થઈ શકે છે. તેથી સુરક્ષીત કારખાના તથા મજુર, કામદારો, માણસોથી દુર ખુલ્લા વિસ્તારમાં આવા સીલીન્ડરો રાખી, તેનો વાલ્વ ધીમેથી ખોલીને તેમાં રહેલો પુરેપુરો ગેસ કાઢી નાંખવો, યોગ્ય રેન્જથી સીલીન્ડરનો વાલ્વ દુર કરવો. ત્યાર પછી સીલીન્ડરો કાપવા આ અંગેની સામગ્રીના લોખંડનો ભંગાર તરીકે નિકાલ કરવો. આવા સીલીન્ડરો રીફીલીંગ માટે વેચવા નહી.

(૧૧) અલંગ/સોસીયા શીપ બ્રેકીંગ યાર્ડ ખાતે જહાજમાં એન્જીન રૂમમાંથી કટીંગની તેમજ એન્જીન વિગેરે ખસેડ્યાની કામગીરી થાય ત્યારે પુરતા હવા ઉજાસની વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૨) શીપ બ્રેકીંગ ના કામે વપરાતા સાધનો જેવા કે લોખંડના વાયર ૧૦૦ મીટરથી વધારે લંબાઈના હોય ત્યારે તેમાં કોઈપણ જાતના સાંધા ન રાખવો.

(૧૩) ત્રાપજથી અલંગ /સોસીયા શીપ બ્રેકીંગ યાર્ડ સુધીના તમામ વે બ્રીજો રાત્રીના કલાક ૨૧-૦૦થી સવારના ૮-૦૦ સુધી બંધ રાખવાના રહેશે.

(૧૪) એલ.પી.જી. અને ઓક્સીજનના સીલીન્ડર્સ ભાંગવા માટે લાવેલા શીપ ઉપરથી નીચે ફેંકવા નહી જે રીતે એલ. પી. જી. ઓક્સીજનના સીલીન્ડર નીચેથી શીપ ઉપર લઈ જવામાં આવે છે. તે જ પધ્ધતિથી એલ. પી. જી. ઓક્સીજનના સીલીન્ડરો શીપ ઉપરથી નીચે ઉતારવાના રહેશે. આવા સીલીન્ડરો સીધા ઉપર લઈ જતા કે નીચે ઉતારતા સમયે આજુબાજુમાં માણસોની ગ્રાઉન્ડ ઉપર અવર જવર સેફ્ટી સુપરવાઈઝરે નિયંત્રિત કરવાની રહેશે. કે જેથી અકસ્માતો ટાળી શકાય.

(૧૫) જહાજની કોઈપણ બંધીયાર જગ્યામાં ઓક્સીજન મીટર દ્વારા ઓક્સીજનની માત્રા પુરતી છે. કે કેમ? તેની ખાત્રી કર્યા સિવાય પ્રવેશ કરવો નહી.

(૧૬) પ્લોટમાં પેટ્રોલીયમ પ્રોડક્ટસનો નીચે દર્શાવેલ મર્યાદા સિવાય વધારે જથ્થો બેરલમાં એક સાથે રાખવો નહી.

(૧) ૧૦૦ લીટર સુધી પેટ્રોલ.
(૨) ૫૦૦૦ લીટર સુધી ફ્યુઅલ ઓઈલ.
(૩) ૨૫૦૦ લીટર સુધી ડીઝલ.

ઉપર દર્શાવેલી મર્યાદાથી વધુ જથ્થાના અથવા ઉપર જણાવેલ જથ્થાઓના બેરલ વગરના મોટી કેપેસીટીના સાધનોમાં સંગ્રહ સ્ટોરેજ લાયસન્સ મેળવવું ફરજીયાત રહેશે.

(૧૭) જીએમ..બી.એ. શીપની કટીંગની પરમીશન આપતા પહેલાં આ શીપમાંથી Co_2 ગેસ કાઢી નાંખવામાં આવેલ છે તેવું શીપના માસ્ટરનું કે આથોરાઈઝડ એજન્સીનું પ્રમાણપત્ર મેળવવાનું ફરજીયાત રહેશે.

(૧૮) શીપમાંથી નીકળતા કોઈપણ સીલીન્ડરો જે કાયદાનુસાર સર્ટીફાઈડ થયેલા નથી તેવા સીલીન્ડરો પ્લોટની બહાર કાઢવામાં આવે ત્યારે તે ઓછામાં ઓછા બે ટુકડામાં કાપેલા હોવા જોઈએ.

(૧૯) શીપ ઉપર મળતા Co_2 અન્ય ભયજનક ગેસો જેવા કે કુલીંગ ગેસ કે જેને વાતાવરણમાં ન છોડી શકાય તેવા ફેક્ટરી ઈન્સ્પેક્ટરશ્રી દ્વારા અધિકૃત થયેલા વ્યકિત સિવાય કોઈએ કાઢવા નહી અને ઓથોરાઈઝડ એજન્સી સિવાય કોઈએ હેરફેર કરવી નહી. અને આવા સીલીન્ડરને અગાઉ જણાવ્યાનુસાર ઓછામાં ઓછા બે ટુકડામાં કાપવા જોઈએ.

આ હૂકમ તા. ૧૫/૯/૨૦૦૦ થી તા. ૧૦/૧૧/૨૦૦૦ સુધી અમલમાં રહેશે.

ઉપરોક્ત સુચનાઓનો ચુસ્ત પણે અમલ કરવો. અને કોઈપણ દ્વારા આ સુચનાનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ ૧૯૬૦ના જપમાં અધિનિયમની કલમ ૧૮૮ મુજબ સજાનું પાત્ર થશે.

હું આથી ફરમાવું છું કે, ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ નકલો ચોટાડીને અને લાઉડ સ્પીકર વાહન દ્વારા અને સ્થાનીક વર્તમાન પત્રો દ્વારા તેને બહોળી પ્રસિધ્ધિ કરીને આ હૂકમ પ્રસિધ્ધ કરવો.

મે આજ તા. ૧૧/૯/૨૦૦૦ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી હૂકમ બહાર પાડ્યો.

ભાવનગર, ૧૧ માહે સપ્ટેમ્બર સને ૨૦૦૦.

નં. ડીએમ/૧-ફા./૩૧૨/૨૦૦૦.—આગામી દિવાળીના તહેવારોમાં ફોડવામાં આવતા ફટાકડાઓથી આગ, અકસ્માત થાય નહી તથા તરતોફાન ટંટોફીશાદ ન થાય તે આશયથી ફટાકડાના ઉપયોગ અને વપરાશ ઉપર નિયંત્રણ મુકવાનું ઈષ્ટ જણાતા મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(૧)(એચ) તથા (યુ) થી મને મળેલ અધિકારની રૂઈએ હું એ. ડી. કટારા, જી. એ. એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જીલ્લો, ભાવનગર, આથી ફરમાવું છું કે, જાહેર જનતાની જાનમાલની સલામતી ખાતર આ જીલ્લાના કોઈપણ શહેર કે ગામડાની બજારો, શેરીઓ, ગલીઓ, વગેરે વસવાટના સ્થળોએ કોઈપણ શખ્સે સળગાવ્યા પછી ઉંચે જઈ અગર દુર જઈ ફુટતું દારૂખાનું કે જેમાં ઈંગોરીયા નામના ફટાકડા સળગાવી સામ સામે ફેંકવાની રમત રમાય છે. તે અને સીંડી, ભોયચકરડી, હવાઈ, વગેરે તેમજ એટમબોમ્બ ચાઈનીઝ એક્સ, રોકેટસ, મોટી જાતના ફટાકડા, ૧ ફુટથી ઉંચે જતા દારૂ(કોઠી) તેમજ આકાશમાં ઉંચે જઈ ધડાકા કરતું દારૂખાનું રામબાણ વિગેરે ફોડવા નહી. આ પ્રકારનું દારૂખાનું ફક્ત ખુલ્લા મેદાનમાં જ ફોડવું પરંતુ એ પણ સામને સામને ફેંકવા નહિં. રમત ખાતર પણ ફેંકવા નહી, ખુલ્લા મેદાનમાં એટલે કે, ઓછામાં ઓછા ચોરસમીટર ૨૫૦૦ (અંકે પચીસો) ની આકાશભણી ખુલ્લું ધરાવતું મેદાન, કે જેની લંબાઈ કે પહોળાઈ, કોઈ બાજુ ૧૦(દસ) મીટરથી ઓછી ન હોય, ભાવનગર શહેરમાં આવતા ધરતી કંપના આંચકાઓને કારણે લોકો ઘરની બહાર સુતા હોઈ, રાત્રીના કલાક ૧૦-૦૦ પછી કોઈએ કોઈપણ પ્રકારના ફટાકડાઓ ફોડવા નહી.

આ જાહેરનામાનો ભંગ કરનાર શખ્સને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો અમલ તા. ૨૫/૧૦/૨૦૦૦થી તા. ૭/૧૧/૨૦૦૦ બન્ને દિવસો સુધ્ધા અમલમાં રહેશે.

આજ તા. ૨૪/૧૦/૨૦૦૦ના રોજ મારી સહી તથા કચેરી ના સિકકા સાથે જાહેર જનતાની જાણ માટે બહાર પાડવામાં આવે છે.

ભાવનગર, ૨૪ માહે ઓકટોબર, સને ૨૦૦૦.

ઓ. ડી. કટારા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) હેઠળનું

જાહેરનામું

નં. ડીએમ-ડીસીએચ-૨૯૨૬ થી ૩૦૧૦-૨૦૦૦. પ્રવર્તમાન અછતની પરિસ્થિતી તથા આગામી ઈદ-મિલાદના તહેવારને લક્ષમાં લેતાં જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ બનવા પામે નહી તેની તકેદારી માટે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) તળે સમગ્ર જીલલામાં હથીયાર બંધી ફરમાવતુ જાહેરનામું બહાર પાડવા જીલ્લા પોલીસ અધિકારીશ્રી તરફથી દરખાસ્ત મળેલ છે. સદરહુ દરખાસ્ત મને વ્યાજબી જણાય છે. તેથી હું મુકેશ એ. પંડયા અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, જામનગર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) તળે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૫/૬/૨૦૦૦ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૦/૬/૨૦૦૦ ના રોજ ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સહીત) કોઈએ :

(૧) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, લાકડી, કે લાઠી અથવા શારારિક ઈજા પહોંચાડી શકે તેવું કોઈપણ સાધન લઈ જવું નહીં.

(૨) કોઈપણ ક્ષયકારી અથવા સ્ફોટક દારૂગોળો વિગેરે પદાર્થો લઈ જવા નહીં.

(૩) પત્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા વસ્તુ ફેંકવા કે ધકેલવાના યંત્રો સાથે લઈ જવા નહીં.

(૪) મનુષ્ય અથવા શબો અથવા આકૃત્તિઓ અથવા પુતળા દેખાડવા નહીં કે બાળવા નહીં.

(૫) અપમાનો કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવા નહીં. ગીતો ગાવા નહીં અને ટોળામાં ફરકવું નહીં.

પરિશિષ્ટ

"જામનગર જીલ્લાનો સમગ્ર વિસ્તાર"

આ જાહેરનામું નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.—

૧. ફરજ ઉપરના સરકારી અધિકારીઓ કે કર્મચારીઓ કે હોમગાર્ડઝ, ગ્રામરક્ષક દળના સભ્યો કે જેમને ઉપરોકત ફરજ નિમિત્તે હથિયાર રાખવાની આવશ્યકતા હોય તેને. તેમજ સરકારી અધિકારી, કર્મચારી અંગત હથિયાર ધરાવતા હોય તેને.

૨. જેઓને શારીરીક અશકિતને કારણે લાઠી રાખવાની પરવાનગી આપેલ હોય તેને.

૩. પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રીથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને.

૪ પોતાના લગ્નપ્રસંગે તલવાર રાખેલ વરરાજાને.

૫. યજ્ઞોપવિત અપાતું હોય તેવા બળવાઓને દંડ રાખેલ હોય તેને.

૬. સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી મેળવેલ શખ્શને.

૭. કિરપાણ રાખેલ શખ્સને.

આ જાહેરનામાના કોઈપણ ખંડનું ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ૪(ચાર) મહીનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થશે. અને મુંબઈ પોલીસ અધિનિયમ—૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ દંડની સજા થશે.

આ જાહેરનામાની પ્રસિધ્ધિ નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં જીલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તેઓએ અધિકૃત કરેલ અધિકારીશ્રીઓએ સહેલાઈથી દેખાઈ આવે તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડી, લાઉડ સ્પીકર મારફત જાહેરાત કરીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેની જાહેરાત કરીને આ જાહેરનામું પ્રસિધ્ધ કરવું.

આજ તા. ૫ માહે જુન સને ૨૦૦૦ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડયું.

જામનગર, ૫ માહે જુન સને ૨૦૦૦.

એમ. એ. પંડયા,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
જામનગર.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧-ની આંક ૨૨ ની કલમ-૩૭ (૧) અન્વયે

જાહેરનામું

નં. એમએજી-સી-૩૭-૧-૫૨૯૬-૨૦૦૦— આગામી માસ દરમ્યાન સંવત્સરી ધાર્મિક તહેવાર આવવાના હોય તેમજ નગરપાલિકા તાલુકા/જિલ્લા પંચાયતોની ચુંટણી યોજવાની હોય તથા વિજળી લાઈટ તથા તેના કારણે સરકારી, અર્ધ-સરકારી સંસ્થાઓના કર્મચારીઓ ઉપવાસ આંદોલન શરૂ થાય તેમ હોય, તેમજ જુદા-જુદા રાજકીય, બીન રાજકીય સામાજીક સંસ્થાઓ તરફથી ધરણા-સભાઓ સરઘસો, રેલીઓ, સંમેલનો વિગેરે પ્રવૃતિઓ થવા સંભાવના હોય, આવા સંજોગોમાં કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સુલેહશાંતિ જાળવવા સારૂ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયે જુનાગઢ જિલ્લા સમગ્ર વિસ્તારમાં જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

(૨) સબબ, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ઉપરોકત કારણોસર સુલેહશાંતિ જાળવવા સારૂ અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ યથાવત જળવાઈ રહે તેમ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહી તે માટે હું જે. કે. દેસીયા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો : જુનાગઢ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની આંક-૨૨ ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ સમગ્ર જુનાગઢ જિલ્લા વિસ્તારમાં તા. ૨૯—૮—૨૦૦૦ થી ૨૬—૯—૨૦૦૦ બંને દિવસો સહીત નીચે પ્રમાણે મનાઈ હુકમ ફરમાવું છું. કે કોઈપણ વ્યકિત

INDEX

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી, અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહીં.

(ખ) કોઈપણ કાયદામાં અથવા સ્ફોટક પદાર્થો લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવા નહીં.

(ઘ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં.

(ચ) અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બીભત્સો સુત્રો પોકારવા નહીં. અશ્લીલ ગીતો ગાવા નહીં.

(છ) જેનાથી સુરૂચિનો અને શાંતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં. તેવા હાવભાવ કરવા નહીં. તેવી ચેષ્ટા કરવી નહીં તથા ચિત્રો, પ્લેકાર્ડ અથવા બીજો કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં.

(૩) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં:—

(૧) સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યક્તિ કે જેના ઉપરી અધિકારીઓને ફરમાવ્યાં હોય, અથવા આવા કોઈ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓ જેતે શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધાંધા કરવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

(૩) ખેડૂતો પોતાના ખેતી કામ માટે ખેતીના ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય તે અને રોજીંદુ કામ કરી શકે તે આશયથી ખેડુતો પોતાના ઓજારો ખેતી કામ માટે લઈ જતાં હોય.

આ જાહેરનામાના કોઈ ખંડના ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યક્તિને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની કેદની સજા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ તે વ્યક્તિનો ગુન્હો સાબીત થયેથી એક માસની સાદી કેદ અગર રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બન્ને શિક્ષા થઈ શકે અને આ હુકમની અવજ્ઞાથી માનવજીવનને અથવા સ્વાસ્થ્યને અથવા સલામતિને નુકશાન કે ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ/બખેડો થાય તો તેવી વ્યક્તિને ૬(છ) માસ સુધીની સખ્તકેદ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- દંડ અથવા બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૮ માહે ઓગષ્ટ સને ૨૦૦૦ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૨૮ માહે ઓગષ્ટ સને ૨૦૦૦.

જે. કે. હેસીયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) ખંડ (બ)

જાહેરનામું

કચ્છ જીલ્લાના અંજાર તાલુકાના ઝરૂ ગામે તા. ૧૭/૯/૨૦૦૦ થી તા. ૨૪/૯/૨૦૦૦ સુધી ભાગવત સપ્તાહનું આયોજન કરાયેલ છે. આ ભાગવત સપ્તાહ દરમ્યાન મોટી સંખ્યામાં શ્રોતાઓ કથા શ્રવણ કરવા આવનાર છે. શ્રોતાઓની અને વાહનોની અવરજવર ઘણી રહેશે. જેથી વાહનો માટે વાહન વ્યવહાર નિયમન કરવાનુ ઇષ્ટ જણાય છે.

જેથી હું આર. એસ. નિનામા અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ ભુજ મુંબઈ પોલીસ અધિક ૧૯૫૧ ની કલમ-૩૩ બી(૧)ક થી મને મળેલ સતાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવે અનુસૂચિના રસ્તા તા. ૧૭/૯/૨૦૦૦ થી તા. ૨૪-૯-૨૦૦૦ સુધી સવારે ૮/૦૦ કલાકથી સાંજે ૭/૦૦ કલાક સુધી વાહન વ્યવહાર માટે વાહનો લાવવા અને લઇ જવા માટે એકમાર્ગીય કરવાનું ફરમાવું છું.

આ હુકમની અંદર વાહન શબ્દનો અર્થ મોટર વ્હીકલ એકટમાં વાહનોની જે વ્યાખ્યા આપી છે તેનો સમાવેશ થાય છે.

:—અનુસૂચિ —

(૧) અંજાર થી ઝરૂ ગામે જતા સીંગલ પટી રોડ પર ધબડા સોસાયટીથી આગળ રેલ્વે ફાટક પાસેથી થઈ ઝરૂ ગામે કથામા તમામ પ્રકારના વાહનો જઈ શકશે.

(૨) જ્યારે કથા સ્થળથી એટલે કે ઝરૂ ગામથી અંજાર તરફ આવવા માટે તમામ પ્રકારના વાહનો ઝરૂથી મોડસર થઈ સુગારીયા ફાટક થઇ જવાનુ રહેશે.

ઉપરોક્ત જાહેરનામાથી નીચે જણાવેલ વાહનોને મુક્તિ આપવામાં આવે છે.

શરતો :—

(૧) પોલીસ ખાતાના અન્ય સરકારી ફરજ પરના વાહનો.

(૨) જીલ્લા પોલીસ અધિકારીશ્રીના આદેશ અનુસાર કે સ્થળ પરનાં સક્ષમ અધિકારીશ્રી દ્વારા અધિકૃત કરેલા વાહનો.

આજરોજ તા. ૧૫/૯/૨૦૦૦ ના રોજ મારી સહી કરી તથા કચેરીનો સિક્કો મારી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૧૫ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૦.

———

જાહેરનામું

નં મેજી. /પોલ/જાહેરનામું/૩૩(૧)(બી)૯/૨૦૦૦.— આસો નવરાત્રી પર્વ તારીખ ૨૮/૯/૨૦૦૦થી ૬/૧૦/૨૦૦૦ દરમ્યાન ઉજવવામાં આવનાર છે. આ પર્વ દરમ્યાન જિલ્લાના તથા જિલ્લા બહારથી શ્રાદ્ધાળુઓ પગે ચાલી માતાના મઢ ખાતે માતાના દર્શનાર્થે મઢ જાય છે. આ પદયાત્રીઓ ભુજથી દેશલપર નખત્રાણા, વાલ, રવાપર થઈ માતના મઢ જાય છે. અને હજારોની સંખ્યામાં પદયાત્રીઓ માટે નાની રીક્ષાઓ ટેક્ષીઓ મેટાડોર, જેવા વાહનો પણ સેવા માટે આ રસ્તા પરથી સતત આવર-જવર કરતા હોય છે. આ સમય દરમ્યાન માતાના મઢ મધ્યે મોટો મેળો યોજાતો હોઇ મોટી સંખ્યામાં એસ. ટી. ની બસો, પણ આવર જવર કરતી હોય છે. આ ઉપરાંત રસ્તા પરથી પ્રાઈવેટ લકઝરી બસો લિગ્નાઈટની ટ્રકો જેવા ભારે વાહનો આવર જવર કરતા હોઈ પદયાત્રીઓ ને મુશ્કેલી પડે છે.

INDEX

અને ટ્રાફીક નિયમન કરવું જરૂરી બને છે. જેથી નીચે જણાવેલ ભારે વાહનોની અવર જવર માટે એક માર્ગીય કરવાનું ઈષ્ટ જણાય છે.

તેથી હું આર. એસ. નિનામા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(૧) (બી) અન્વયે મળેલ અધિકારનીરૂએ ફરમાવું છું કે, તા. ૨૭/૯/૨૦૦૦ થી ૬/૧૦/૨૦૦૦ સુધી આ નીચે અનુસૂચિમાં દર્શાવેલ મુજબ માતાના મઢનો રસ્તો સદરહુ તારીખથી દરમ્યાન વાહનો લઈ જવા નહી માટે એકમાર્ગીય ફરવાનું ફરમાવું છું.

આ હુકમની અંદર વાહન શબ્દનો અર્થ મોટર વ્હીકલ એકટમાં વાહનોની જે વ્યાખ્યા આપી છે તેનો સમાવેશ થાય છે.

અનુસૂચિ

પાનધ્રો તરફ જતા વાહનો માટે:—

(૧) એસ. ટી. તથા પ્રવાસી બસો ભુજથી માતાના મઢ જતી વખતે ભુજથી દેશલપર, નખત્રાણા, મથલ, રવાપર, થઈ માતાના મઢ જશે. જયારે લીગ્નાઈટ ની ટકો અને અન્ય ભારે વાહનો ભુજથી પાનધ્રો જતી વખતે નખત્રાણા નેત્રા, રવાપર ઘડાણો, વાલ્કા, પાનેલી, દયાપર થઈને પાનધ્રો અને નારાયણ સરોવર તરફ જશે.

ભુજ તરફ આવતા વાહનો માટે:—

પાન્ધ્રો નારાયણ સરોવરથી ભુજ પરત તરફ આવતા ભારે વાહનો એસ. ટી. બસો અને પ્રવાસી વાહન સહીતની પાનધ્રો થી માતાના મઢ રવાપર મથલ થઈ ભુજ તરફ આવી શકશે.

ઉપરોકત જાહેરનામાથી નીચે જણાવેલ વાહનોને મુકિત આપવામાં આવે છે. પોલીસ ખાતાના ફરજ પરના ભારે વાહનો.

જિલ્લા પોલીસ અધિકારીશ્રીના આદેશ અનુસાર કે સ્થળ પરનાં સક્ષમ અધિકારી દ્વારા અધિકૃત કરેલ વાહનો.

આજ રોજ તા. ૧૫/૯/૨૦૦૦ના મારી સહી તથા કચેરીની સિકકો કરી આ જાહેરનામું બહાર પાડયું.

કચ્છ-ભુજ, ૧૫ માહે સપ્ટેમ્બર સને ૨૦૦૦.

આર. એસ. નિનામા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

મુંબઈ પોલીસ અધિનિયમ -૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે

જાહેરનામું

જાહેરનામું ક્રમાંક એમએજી-સી-૧૬૬/૨૦૦૦.— આગામી તા. ૧૫/૬/૨૦૦૦ ના ઈદે-મિલાદનો તહેવાર હોઈ, તેમજ હાલમાં અછતની પરિસ્થિતી હોઈ અને પીવાના પાણી ઘાંસચારા, વિગેરેની સમસ્યાઓ હોઈ અને જિલ્લા માં અસામાજિક ગેંગો અસ્તિત્વમાં છે. અને ઘાતક હથિયારોનો ઉપયોગ ન કરે અને પોરબંદર જિલ્લામા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તા. ૧૫/૬/૨૦૦૦ થી ૧૪/૭/૨૦૦૦ સુધીમાં મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલલમ-૩૭ (૧) અન્વયેનું હથિયારબંધી નું જાહેરનામું પ્રસિધ્ધ કરવા જિલ્લા પોલીસ અધિકારીશ્રી, પોરબંદર એ દરખાસ્ત કરેલ છે.

સબબ પોરબંદર જિલ્લામા વિસ્તારામા ઉપર્યુકત કારણોસર જાહેર સુલેહશાંતિ રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહી તે માટે હું કે. સી. સંપટ જી. એ. એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મળેલ સત્તાની રૂઈએ સમગ્ર પોરબંદર જિલ્લા પોલીસ વિસ્તારમા તા. ૧૬/૬/૨૦૦૦ થી ૧૫/૭/૨૦૦૦ સુધી બંને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી, લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી ચીજો લઈ જવી નહી.

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થો લઈ જવા નહી.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેંકવવામાં અથવા નાખવામાં ઉપયોગ અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવા નહી .

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ચ) અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવા નહી અશ્લીલ ગીતો ગાવા નહી.

(છ) જેનાથી સુરૂચી અને શાંતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહી તેવી ચેષ્ટા કરવી નહી તથા તેવા પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા ચીજ વસ્તુઓ તૈયાર કરવી નહી.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યકિત કે જેના ઉપરી અધિકારીઓ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવા તેની ફરજ હોય

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ શારિરિક અશિકતના કારણે લાકડી લઈ જવાની અથવા શુભહેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

(૩) ખેડુત પોતાની ખેતી માટે ખેતીમાં ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય અને રોજીંદા કામમાં ઉપયોગ કરી શકે તેવા આશયથી પોતાની ખેતી કામ માટે ખેતીના ઓજારો લઈ જતા હોય તેવા ખેડૂતો.

આ જાહેરનામા ના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યકિતને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ -૧૩૫ (૧) મુજબ એક વર્ષની મુદત સુધીની કેદની શિક્ષા અને દંડને પાત્ર થશે આ ઉપરાંત ભારતીય દંડ સહીતની કલમ ૧૮૮ મુજબ તે વ્યકિતઓનો ગુન્હો સાબિત થયેથી એક માસની સાદી કેદ અગર રૂ. ૨૦૦ - સુધીનો દંડ અગર તો બંને શિક્ષા થઈ શકે અને આ હુકમની અવગણનાથી માનવજીવનને અથવા સ્વાસ્થયને અથવા સલામતીને કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ અથવા કોઈ બખેડો કરે તેવી વ્યકિતને ૬ (છ) માસ સુધી સપરિશ્રમ અથવા સખ્ત કેદ અથવા રૂા. ૧૦૦૦/- એક હજાર સુધીનો દંડ અથવા બંને શિક્ષાને પાત્ર ઠરશે .

આજ તા. ૧૪ માહે જુન ૨૦૦૦ ના રોજ મારી સહી તથા કચેરીના સિકકો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યું.

INDEX

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે

જાહેરનામું

જાહેરનામું ક્રમાંક:એમએજી-સી-૨૨૮/૨૦૦૦.—હાલમાં હિન્દુના તહેવારો જન્માષ્ટમી આવતી હોય જેની ઉજવણીરૂપે લોકમેળો યોજનાર હોઈ, અને જીલ્લામાં અસામાજીક ગેંગો અસ્તિત્વમાં છે અને ઘાતક હથિયારોનો ઉપયોગ ન કરે અને પોરબંદર જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તા. ૧૭-૮-૨૦૦૦ થી તારીખ ૧૬-૯-૨૦૦૦ સુધીમાં મુંબઈ પોલીસ અધિ. ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા જીલ્લા પોલીસ અધિકારીશ્રી, પોરબંદરએ દરખાસ્ત કરેલ છે.

સબબ પોરબંદર જીલ્લામાં વિસ્તારમાં ઉપર્યુકત કારણોસર જાહેર સુલેહ શાંતિ રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહિ તે માટે હું કે. સી. સંપટ, જી.એ.એસ., અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જીલ્લો, પોરબંદર, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રૂઈએ સમગ્ર પોરબંદર જીલ્લા પોલીસ વિસ્તારમાં તા. ૨૨-૮-૨૦૦૦ થી ૨૧-૯-૨૦૦૦ સુધી બંને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર ભાલા ચપ્પુ બંદુક, લાકડી, લાઠી, અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી ચીજો લઈ જવી નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થો લઈ જવા નહી.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો, અથવા તે ફેંકવામા અથવા નાખવામા ઉપયોગી અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવા નહી.

(ઘ) અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાની જાહેરમાં બિભત્સ સુત્રો પોકારાવા નહી તેમજ અશ્લીલ ગીતો ગાવા નહી

(છ) જેનાથી સુરૂચી અને શાંતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહી તેવી ચેષ્ટા કરવી નહી. તથા ચિત્રો પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થો અથવા ચીજ-વસ્તુઓ તૈયાર કરવી નહી.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીમા કામ કરતી કોઈ વ્યકિત કે જેને ઉપરી અધિકારીઓએ ફરમાવ્યું હોય, અથવા કોઈ હથિયાર લઈ જવાનું તેની ફરજમાં હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ શારીરિક અશકિતના કારણે લાકડી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

(૩) પોતાની ખેતી માટે ખેતીમાં ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય અને રોજીંદા કામમાં ઉપયોગી કરી શકે તેવા આશયથી પોતાની ખેતી કામ માટે ખેતીના ઓજારો લઈ જતા હોય તેવા ખેડુતો.

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામા મદદ કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૧૩૫ (૧) મુજબ એક વર્ષની મુદત સુધીની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબ જે વ્યકિતઓ ગુન્હો સાબીત થયેથી એક માસની સાદી કેદ અથવા રૂ. ૨૦૦ દંડ અગર બંને થઈ શકે.

અને આ હુકમની અવગણનાથી માનવજીવનને અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ પણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ અથવા કોઈ બખેડો કરે તેવી વ્યકિતને ૬(છ) માસ સુધીની સપરિશ્રમ અથવા સખ્ત કેદ અથવા રૂ. ૧૦૦૦/ એકહજાર સુધીનો દંડ અથવા બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૨૧ માહે ઓગષ્ટ, ૨૦૦૦ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલ-વારી માટે પ્રસિધ્ધ કર્યું.

પોરબંદર, ૨૧ માહે ઓગષ્ટ સને ૨૦૦૦

કે. સી. સંપટ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
પોરબંદર.

જાહેરનામું

ક્રમાંક:મજસ-હથીયાર બંધી -૨૯૭૪/થી ૮૯/ ૨૦૦૦.—આગામી દિવસોમાં ગણેશચતુર્થી સંવત્સરી (ચતુર્થીપક્ષ) વિઠલભાઈ પટેલ જન્મ જયંતી તથા રોશ-હોશાના (પ્રથમ દિવસ) જેવા તહેવારો આવતા હોય જિલ્લામા કાયદો અને વ્યવસ્થા જાળવવા હથીયારબંધી ફરમાવવી જરૂરી ગણાય છે.

વાસ્તે હું ડી. યુ. કુમાર જી. એ. એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો સુરેન્દ્રનગર મુંબઈ પોલીસ અધિ-નિયમ ૧૯૫૧ ના ૨૨ માની કલમ-૩૭ (૧) અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામા તા. ૧—૯—૨૦૦૦ થી ૩૦—૯—૨૦૦૦ સુધીના સમય દરમ્યાન જિલ્લા પોલીસ અધિકારીશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય નીચેની વિગતેના કૃત્યો કરવાની આથી મનાઈ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર ભાલા, ધોકા, બંદુક, લાકડી અને લાઠી, કુંડલીવાળી લાકડી, તથા શારીરિક ઈજા પહોંચાડી શકે તેવા બીજા કોઈપણ સાધનો સાથે લઈ જવા નહીં.

(૨) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી વસ્તુઓ ફેંકવાની કે ધકેલવાના યંત્રો અથવા સાધનો લઈ જવા નહી.

(૩) વ્યકિતઓ અથવા તેમનાં શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવા નહીં તથા તૈયાર કરવા નહીં.

(૪) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં.

(૫) જેનાથી સુરૂચિનો ભંગ થાય અથવા તો નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં તેવી ચેષ્ટા કરવી નહીં, તેવા ચિત્રો-પત્રિકા-પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં અથવા તેનો ફેલાવો કરવો નહીં.

(૬) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બીભત્સ શબ્દો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહીં અથવા ટોળામાં ફરવું નહીં.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિત કે જેને તેમના ઉપરી અધિકારીશ્રીઓએ આવું કોઈપણ હથીયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથીયાર લઈ જવાની તેમની ફરજ હોય તેવી વ્યકિત.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તેઓએ કે જેને શારિરીક અશકતિના કારણે લાકડી-લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

જો કોઈ ઇસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે, તો અથવા કરવામાં મદદગારી કરશે તો મુંબઈ પોલીસ અધિનિયમ હેઠળ તેમજ ફોજદારી ધારા હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાનાં તમામ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને અને તે વિસ્તારમાં ધ્વનીવર્ધક યંત્રો, ઢંઢેરો કે દાંડી, પિટાવીને પ્રસિદ્ધ કરવાનું આથી ફરમાવું છું.

આજ તા. ૨૮ માહે માર્ચ સને ૨૦૦૦ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૨૮ માહે માર્ચ સને ૨૦૦૦.

ડી. યુ. કુમાર,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જીલ્લો

વંચાણે :

(૧) સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી જમીન રેકર્ડઝની કચેરી, કચ્છ ભુજનાં પત્ર ક્રમાંક એસ.ટી.એસી/એલ.આર.પી/૧૨૬/૯૯/ તા. ૨૭/૬/૨૦૦૦.

જાહેરનામું

નં. જમન/૨/વશી/૨૧૨૫/૨૦૦૦.—મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ ૧૮૭૯ ની કલમ ૧૨૬ ની જોગવાઈ અનુસાર આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવ્યા સર્વે નંબરો લાકડીયાં તાલુકો ભચાઉ સીટી સર્વે વિસ્તારમા આવતા હોઇ, જાહેર કરવામા આવે છે.

મોજે લાકડીયા તા. ભચાઉ કચ્છ બીન ખેતીમાં ફેરવાયેલી રેવન્યુ સર્વે નંબરોની યાદી.

અ. નં.	રેવન્યુ સર્વે નંબર	ક્ષેત્રફળ હે.આર. પ્ર. આ.	ક્ષેત્રફળ એ.-ગુ.	રીમાર્કસ
૧	૨	૩	૪	૫
૧.	૬૨૪/૧	૦--૨૦--૨૩	૦--૨૦	શ્રી સરકાર
૨.	૬૨૪/૨	૧--૧૨--૩૦	૨--૩૧	બિન ખેતી
૩.	૬૨૪/૩	૦--૨૫--૪૯	૦--૨૫	
૪.	૬૩૯/૨	૦--૩૦--૩૫	૦--૩૦	,,
૫.	૬૩૯/૩	૦--૪૩--૫૦	૧ -૦૩	,,
૬.	૬૪૧	૦--૮૦--૯૪	૨--૦૦	,,
૭.	૬૪૩	૧--૪૮--૭૨	૩--૨૭	,,
૮.	૬૪૫/૧	૦--૫૫--૬૪	૧૧--૧૫	‘,
૯.	૬૪૫/૨	૦--૨૦--૨૫	૦--૨૧	,,
૧૦.	૧૧૬૯	૧૯--૫૬--૬૬	૪૮--૧૪	,,

મોજે ભારાપાર તા. ભુજ જિલ્લો કચ્છની સીટી લીમીટમાં આવતા ક્ષેત્રફળ તારીજ.

અ.નં.	સર્વે રેવન્યુ નંબર પત્રક નંબર	ક્ષેત્રફળ એકર-ગુઠા	ક્ષેત્રફળ હેકટર-આરે.	રીમાર્કસ
૧	૨	૩	૪	૫
૧.	રેવન્યુ નંબર પત્રક નં.-૧	૨૬૮--૦૨	૧૦૮--૪૨--૦૦	
૨.	બીન ખેતીના સ. નં. પત્રકનં.૨	૪૦--૨૪	૧૬-૪૩-૦૦	
૩.	સરકારી ખરાબા સર્વે નંબર પત્રક નં. ૩	૧૮--૧૧	૭-૩૮-૦૦	સરકારી ખરાબ સ. નં. ક્ષેત્રફળ
		૧૦૦--૨૦	૪૦-૬૭-૦૦	સ. ક્ષે. ૩૩૯
	પત્રક નં. ૩ કુલ	૧૧૮--૩૧	૪૮-૦૫-૦૦	પૈકી પડતર જમીનનું ક્ષેત્ર ફળ તથા રસ્તાનું
૪.	વધારા ગામતળ નં. સર્વે નં. પત્રક નં. ૪	૭--૨૦	૩-૦૩-૫૦	
૫.	ગામતળનું ક્ષેત્રફળ પત્રક નં. ૫	૬૧--૨૨	૨૪-૯૧-૦૦	
	કુલ ક્ષેત્રફળ	૪૯૬--૧૯	૫૩-૨૦૦-૮૪	

ભુજ, ૧૬ માહે સપ્ટેમ્બર સને ૨૦૦૦.

કમલ દયાની
કચ્છ-કલેકટર.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે હુકમ.

ક્રમાંક એસબી /જાહેરનામું /૨૩૦૬/ ૨૦૦૦ રાજકોટ શહેરની વર્તમાન પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતિ જાળ-વવા પગલા લેવા જરૂરી છે. તેમજ રાજકોટ શહેરમાં કોઈપણ પ્રકારની સુલેહશાંતિનો ભંગ ન થાય અને જાહેર સલામતી અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નીચે જણાવ્યા મુજબ પ્રતિબંધ મૂકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું સુધીર સિન્હા, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારનાં ગૃહ વિભાગનાં તા. ૮-૧૧-૮૨નાં નોટીફીકેશન નંબર જીજી /૪૨૨/ સી. આર. સી. /૧૦૮૨/ ૧૦૮૦ એમ. અન્વયે જે ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ ૨૦ નીચેની પેટા કલમ (૧) નીચે બહાર પાડવામાં આવેલ છે. અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારનાં ગૃહ વિભાગનાં તા. ૭-૧-૧૯૮૯થી બહાર પાડવામાં આવેલા સંકલીત જાહેરનામા નંબર જીજી/૬/ફક્સ/૧૦-૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે. જેમાં રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અને સુપ્રિ. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશ્નર-

શ્રીઓ) ને એક્ઝીક્યુટીવ મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ -૧૪૪નાં અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલા છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તા. ૧-૯-૨૦૦૦ કલાક ૦૦.૦૦ થી ૩૧-૧-૦-૨૦૦૦ કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનાં ચપ્પા જેને અઢી ઈંચથી વધારે લાંબુ છેડેથી અણીવાળું પાનું હોય તેવા ચપ્પા સાથે રાખીને ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી કે લાઠી અથવા શારિરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની.

(ખ) કોઈપણ શરીરને હાનિકારક અથવા સ્ફોટક લઈ જવાની.

(ગ) પત્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાનાં અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની કે તૈયારી કરવાની.

(ઘ) સળગતા અથવા સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(ચ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની.

(છ) લોકોએ જોર જોરથી બૂમો પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્યો વગાડવાની.

(ડ) જે છટાદાર ભાષણો આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની, ચિત્રો, નિશાનીઓ, જાહેર અખબારો અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની, અથવા આવા અધિકારીઓનાં અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા શાંતિનો ભંગ થતો હોય અથવા તેનાંથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા તેનાંથી જેનાં પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણો આપવાની તથા ચાળા વિગેરે કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

અપવાદ

આ હુકમની ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી અથવા અર્ધસરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને જેનાં ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતનાં ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા કરાવવી તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર (પ્રસિદ્ધી) કરાવવી.

આજ તા. ૨૮, માહે ઓગષ્ટ સને ૨૦૦૦નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૨૮, માહે ઓગષ્ટ સને ૨૦૦૦.

સુધીર સિન્હા,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર, રાજકોટ.

Printed at the Government Press, Rajkot
Complaints about Gazette must be made within a fortnight from the date of this Publication accompanied by the Wrappers.

INDEX

REGISTERED No. GRJ.-24

©

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL XLII] THURSDAY, 25th JANUARY, 2001 / MAGHA 5, 1922 [No. 4

Separate paging is given to each part of the Supplement to the Central Gazette. and Central Section in order that it may be filed as a separate compilation.

PART-I

		Pages
PART-I	Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc.	
	Miscellaneous Notification Appointments etc. ..	31—36
PART-I-A	Orders and Notifications (Other than those published in Part IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts	..Nil
Part-I-B	(Supplement) Government Notifications Published under Land Acquisition Act only	
	Supplement	19—28
PART-II	Miscellaneous Notices, Advertisements, List of Books Sanctioned by the Director of Education, List of Jurors, Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc. ..	63—74
PART-III	Miscellaneous Supplements Season and Crop Reports Prices, Current Rainfalls Returns District Local Boards Accounts etc.	..Nil

INDEX

Government Notifications, Orders Appointments, etc.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

Miscellaneous Notifications Appointments etc.

જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના કલમ-૩૩ (૧) (બી) અન્વયે

હુકમ

નં મેજી/ પોલ/ હુકમ/ જાહેરનામું ૨૦૦૦.—રાજ્ય ચુંટણી પંચ દ્વારા તાલુકા જિલ્લા પંચાયતની સામાન્ય ચુંટણી ૨૦૦૦નો કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ જિલ્લામાં મતદાનની તારીખ ૨૪/૯/૨૦૦૦ તેમજ મતગણતરીની તારીખ ૨૬/૯/૨૦૦૦ નક્કી કરવામાં આવેલ છે. રાજ્ય ચુંટણી પંચે ભારતના સંવિધાનના આર્ટીકલ કે ૨૪૩ ઝેડ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક:- ઈએલસી/ સીઓસી/ તા. ૨૫/૪/૯૫ થી મતદાનના દિવસે ચુંટણી અધિકારીઓ આપેલ પરમીટ હેઠળ પોતાના ઉપયોગ માટે એક વાહન અને તે મતદાર વિભાગમાં મતદાનની તારીખે યથાપ્રસંગ ચુંટણી એજન્ટનાં અથવા તેના કાર્યકરોનાં અથવા પક્ષીય કાર્યકરોનાં ઉપયોગ માટે એક વાહન, બીજા શબ્દોમાં સ્થાનિક સંસ્થાની ચુંટણીમાં દરેક હરીફ ઉમેદવારને મતદાનના દિવસે વધુમાં વધુ બે વાહનો માટે પરમીટ આપવામાં આવશે.

તાલુકા- જીલ્લા પંચાયતની સામાન્ય ચુંટણી દરમ્યાન ચુંટણી પ્રચાર કે અન્ય હેતુથી રાજકીય પક્ષો ઉમેદવારો તથા લોકોનાં વાહનો જાહેર રસ્તા ઉપર મોટી સંખ્યામાં એકજ સાથે ફરે તો લોકોમાં ભય પેદા થઈ શકે છે, અને ટ્રાફીકને અડચણ ઉભી થઈ શકે છે. વધુમાં ચુંટણી પ્રક્રિયા દરમ્યાન તમામ રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેર રસ્તા ઉપર મોટા પ્રમાણમાં વાહનો ફેરવામાં આવતાં હોય છે. જેનાથી જાહેર રસ્તાઓ ઉપર જતાં સર્વે પ્રકારનાં વાહનો, ગાડીઓ તથા સવાર થઈને જનાર અથવા ગાડીમાં જનાર અથવા સાયકલ ઉપર જનાર ચાલતા જનારાઓને અગવડ ઉભી થવા સંભવ છે. જે ઉપર નિયંત્રણ રાખવું જરૂરી છે.

જેથી હું કમલ દયાની (આઈ.એ.એસ) જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ, ધી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) થી મળેલ સત્તાની રૂએ હુકમ કરૂં છું કે,

૧. કચ્છ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં જાહેર રસ્તાઓ પર ચુંટણી પ્રચાર માટે ત્રણથી વધુ વાહનોનાં કાફલામાં મોટરકાર/ અન્ય વાહનો ઉપર અવરજવર કરવા દેવામાં આવશે નહીં.

આ હુકમ નીચેના વાહનો ધારકોને લાગુ પડશે નહીં.

(૧) મેજીસ્ટ્રેટ અને પોલીસ વાહનોને.

(૨) ચુંટણી કામે જતાં સરકારી વાહનોને સક્ષમ અધિકારી દ્વારા ચુંટણીના કામે સંપાદન કરેલ વાહનોને.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

સદરહું પ્રતિબંધ તા. ૩૧/૮/૨૦૦૦ થી તા. ૨૬/૯/૨૦૦૦ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૩૦મી માહે ઓગષ્ટ ૨૦૦૦ના રોજ મારી સહીતમાં સિક્કો કરી આપ્યો.

કચ્છ-ભુજ ૩૦, માહે ઓગષ્ટ, સને ૨૦૦૦

મુંબઈ પોલીસ અધિનિયમ- ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે

હુકમ

નં. મેજી/પોલ/જહેરનામું/૩૩(૧)-૯-૨૦૦૦.—રાજ્ય ચુંટણી પંચ દ્વારા તાલુકા/ જીલ્લા પંચાયતની ચુંટણી ૨૦૦૦ ના કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ કચ્છ જીલ્લામાં મતદાનની તા. ૨૪/૯/૨૦૦૦ ના રોજ નક્કી કરવામાં આવેલ છે. રાજ્ય ચુંટણી પંચ દ્વારા તેમનાં હુકમ નં. એસઈસી/ઈએલસી/ સીઓસી/૩૬/૯૯ તા. ૩૦/૧૨/૯૯ થી આપેલ સુચના મુજબ ચુંટણીના મતદાન મથકની થી ૨૦૦ મીટરની ત્રિજ્યામા કોઈપણ રાજકીય પક્ષની કે અપક્ષ ઉમેદવારનું સુચના આપવા માટેનું અથવા મતદાર યાદીમાં મતદારો ના નામ તથા નંબર આપેલ છે. તે માટેની સ્લીપો આપવા ચમાટેનાં ટેબલો ગોઠવવામા આવે છે. તે ટેબલ મતદાન મથક ના ૨૦૦ મીટરની ત્રિજ્યામા ગોઠવી દેવામા આવશે નહી.

તાલુકા/જિલ્લા પંચાયતની સામાન્ય ચુંટણી દરમ્યાન રાજકીય પક્ષ, ઉમેદવારો તથા તેમના કાર્યકરો દ્વારા રસ્તાઓ ઉપર ટેબલ ગોઠવવામાં આવે છે.

રસ્તાઓ ઉપર ટેબલ ગોઠવવાથી લોકોમાં ભય, હરકત, અગવડ ન થાય તેટલા માટે રસ્તામાં તથા સાર્વજનિક જગ્યા ઉપર કોઈપ્રકારે રાહદારી તથા મત આપવા જનાર લોકોને અગવડ ઉભી થાય. જે ઉપર નિયંત્રણ રાખવું જરૂરી છે.

જેથી હું કમલ દયાની (આઈ. એ. એસ.) જિલ્લા મેજીસ્ટ્રેટ કચ્છ ધી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) થી મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું. કે તારીખ ૨૪/૯/૨૦૦૦ ના રોજ કચ્છ જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં તમામ મતદાન મથકોની ૨૦૦ મીટરની ત્રિજયામા કોઈપણ પક્ષ ઉમેદવારો તેમના એજન્ટ/કાર્યકરોઓ મત આપવા જનાર લોકોને મતદાર યાદીમાંથી તેમના નામ તથા મતદાર યાદીનો નંબર કાઢવા માટેની સ્લીપો આપવા માટેનું ટેબલ ગોઠવવું નહી કે ગોઠવવાની કોશિષ કરવી નહી. તથા આવું ટેબલ જાહેર રસ્તા ઉપર ગોઠવવા માંગતા દરેક ઉમેદવારે ચુંટણી અધિકારીને અગાઉથી જાણ કરીને તેમાં નામ જયાં પોતે મતદાન મંડપ બાંધવા માંગતા હોયતે મતદાન મથકના અનુક્રમે જણાવવા જોઈશે. તથા ગ્રામ્ય વિસ્તારના સબંધીત તલાટી કમ મંત્રીની અગાઉથી પરવાનગી મેળવી લેવાની રહેશે. તથા ખાનગી જમીન પર ટેબલ ગોઠવવામા આવે તો તે જમીન માલીકની લેખીત સંમતી લેવાની રહેશે.

આ હુકમનો ભંગ કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૪ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

INDEX

આ હુકમ તા. ૨૪/૯/૨૦૦૦ ના રોજ એક દિવસ પુરતો અમલમાં રહેશે.

આજ તા. ૧૨/૯/૨૦૦૦ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ભુજ, ૧૨ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૦.

કમલ દયાની,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ ભુજ

જાહેરનામું

ક્રમાંક : મજસ-૩-વ/૨૭૩૫ થી ૮૫/૨૦૦૦.—સુરેન્દ્રનગર જિલ્લામાં ગયા વર્ષે નાના મોટા તમામ જળાશયો ચેકડેમો તેમજ નાના મોટા ગામ તળાવો સાવ ખાલી રહેલા ચાલુ વર્ષે જિલ્લામાં મોડો વરસાદ થયેલ છે. અને વરસાદ થતાં જળાશયોમાં એકઠું થયેલ પાણી નિચે તળમાં શોષાઈ ઉંડુ ઉતરી જવાના કારણે તેમજ સુર્ય તાપ તડકાના કારણે જળાશયોમાં એકઠા થયેલ પાણીનું બાષ્પીભવન થવાના કારણે પાણીનો જથ્થો એકાએક વધુ પ્રમાણમાં ઘટવા પામતો હોવાની હકીકત અમારા ધ્યાન પર આવેલ છે. જે સ્થિતી સંજોગો ધ્યાને લેતાં જિલ્લામાં ભવિષ્યે પીવાના પાણીની તંગી ની સંભવિત પરિસ્થિતીને ધ્યાને લેતાં જિલ્લાના તમામ નાના મોટા તળાવો/ ગામો/સીમ તળાવો તથા નગર પંચાયત વિભાગ તેમજ રાજ્ય સરકારના સિંચાઈ હસ્તકના નાના મોટા તળાવો ચેકડેમો/સિંચાઈ યોજનાઓ વિ. જળાશયોમાં સંગ્રહાયેલ પાણીનો અનઅધિકૃત રીતે અધઅધિકૃત વ્યકિતઓ દ્વારા કોઈપણ રીતનો બગાડ કે ઉદવહન સિંચાઈ થાય નહી તે માટે અત્યારથી જ ખાસ કાળજી તથા તકેદારી રાખવી ખૂબ જ જરૂરી છે. તેમજ સદરહું પાણીનો ગેરકાયદેસર રીતે ઉપાડ થવાથી તેની સિધી અસર ભવિષ્યે પીવાના પાણીના પુરવઠા ઉપર પડવા સંભવ છે.

આથી જિલ્લામાં આવેલા તમામ ગામોએ આવેલા ગામ તળાવો, સીમ તળાવો, ચેકડેમો તથા સિંચાઈ તળાવોમાં સંગ્રહાયેલ પાણીનો જથ્થો પીવાના હેતુ માટે અનામત રાખવા ઝડપી ઉપાય યોજવા માટે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪ હેઠળ પગલા લેવાનું પુરતું કારણ હોઈને તેથી હું પી. એસ. શાહ આઈ.એ.એસ. જિલ્લા મેજીસ્ટ્રેટ,શ્રી સુરેન્દ્રનગર જિલ્લો ઉક્ત અધિનિયમની કલમ ૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ આ જિલ્લામાં ઉપર જણાવ્યા પ્રમાણેના તમામ જળાશયોમાંથી કોઈપણ વ્યકિત તરફથી કોઈપણ પ્રકારે અનઅધિકૃત રીતે પાણીનો બગાડ કે સિંચાઈ માટે ઉદવહન કરીને પાણીની ચોરી કરવામાં ન આવે તે માટેની સંપૂર્ણ કાળજી તથા તકેદારી રાખવાની સંપૂર્ણ જવાબદારી ગ્રામ્ય કક્ષાએ સરપંચશ્રીએ તથા તલાટી કમ મંત્રીશ્રીઓના તેમજ સમગ્ર ગ્રામ વિસ્તાર આવરી લઈને થતા સમગ્ર ગ્રામ્ય તાલુકા આવરી લઈને થતા સમગ્ર તાલુકા ગ્રામ્ય વિસ્તાર માટે જે તે તાલુકા વિકાસ અધિ. શ્રી ઓની તથા મ્યુનિસિપલ (શહેરી) વિસ્તાર માટે સંબંધિત નગરપાલિકાના મુખ્ય અધિ. શ્રીઓ અને સંબંધિત તાલુકા મામલતદારશ્રીની તથા સિંચાઈ વિભાગ (રાજ્ય) તથા સિંચાઈ વિભાગ પંચાયત હેઠળના સીમ તળાવો તથા નાની સિંચાઈ યોજનાઓ મધ્યમ સિંચાઈ યોજનાઓ જળાશયો પરત્વે સંબંધિત વિભાગના કાર્યપાલક ઈજનેરશ્રીઓની રહેશે.

સદરહું જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર વ્યકિત તથા સંબંધિત અધિકારી/કર્મચારી ભારતીય દંડ સંહિતાની કલમ ૧૭૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું સહેલાઈથી દેખી શકાય તે રીતે જિલ્લામાં આવેલી તમામ ગ્રામ પંચાયત કચેરીઓના નોટીસ બોર્ડ ઉપર તથા ચાવડી ઉપર તથા એ સિવાય જિલ્લા હેડકવાર્ટર તથા તાલુકા હેડ ક્વાર્ટર મુકામે આવેલ તમામ કચેરાઓ તેમજ અન્ય જાહેર સ્થળોએ (જાહેર જગ્યાએ) જાહેરનામાની નકલો ચોંટાડીને અને સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધ કરવાનું ઠરાવું છું.

આ જાહેરનામું તા. ૧૬-૮-૨૦૦૦ થી તા. ૧૬-૧૦-૨૦૦૦ સુધી અમલમાં રહેશે.

આજરોજ તા. ૧૬મી માહે ઓગષ્ટ સને ૨૦૦૦ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૧૬ માહે ઓગષ્ટ, સને ૨૦૦૦.

પી. એસ. શાહ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

જાહેરનામું

નં. ડીએમ/૧/ફો. /૩૧૨-(૩) ૨૦૦૦.— ભાવનગર શહેરમાં ચાલુ વર્ષે ૧૯૯૯ની વર્ષાઋતુ દરમ્યાન સામાન્ય કરતા સરેરાશ ૫૦% જેટલો જ વરસાદ પડેલ છે. તા. ૨૨-૧૨-૯૯થી ગુજરાત સરકારે સમગ્ર ભાવનગર જીલ્લાને અછત અને અર્ધ અછતગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરેલ છે. હાલમાં જીલ્લાના જળાશયોમાં નહીવત પાણી છે અને તે આવનાર ઉનાળા સુધી પીવા માટે રીઝર્વ રાખવામાં આવેલ છે. આવનાર દિવસોમાં ઉનાળાની સીઝન દરમ્યાન જળાશયોના પાણી પણ સમાપ્ત થઈ જશે અને ભુગર્ભ આધારીત પાણીના સોર્સ સિવાય અન્ય કોઈ રીતે પીવાનાં પાણી ઉપલબ્ધ થવાની શક્યતા જણાતી નથી.

ભાવનગર જીલ્લામાં આ વર્ષે ઓછા વરસાદને કારણે ભાવનગર શહેરને પુરા પાડવામાં આવતા પાણીની તંગી પ્રર્વતે છે પરીણામે અઠવાડીયામાં બે દિવસ પાણીનો કાપ અમલમાં છે, આવા સંજોગોમાં ધ્યાન ઉપર આવ્યા મુજબ મહાનગરપાલિકાની પાણીની લાઈનોમાંથી વ્યાપક પ્રમાણમાં અનઅધિકૃત જોડાણો કરી કે મંજુરી વગરના મોટરો મુકી લોકો દ્વારા પાણીનો જથ્થો અનઅધિકૃત રીતે મેળવવામાં આવે છે પરીણામે ઘણા વિસ્તારોમાં કાયદેસરના કનેકશન ધારકોને પાણી અપુરતું મળે છે અથવા તો બિલકુલ મળતું નથી. પાણી એ જીવનની પાયાની તેમજ પ્રાથમિક જરૂરીયાત હોય ને લોકોને પાણીનો જથ્થો ન મળે તો ભવિષ્યમાં કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉભા થવાની પૂરેપુરી શક્યતાઓ રહે તેમ છે.

ઉપરોક્ત સંજોગોમાં અને જાહેર હીતમાં ભાવનગર મહાનગર-પાલીકાની પાણીની લાઈનો સાથે કોઈ અનઅધિકૃત જોડાણો કરે નહી તેમજ અનઅધિકૃત રીતે મોટરો મુકી વધારાના પાણીનો જથ્થો ન મેળવે તે માટે નિયંત્રત મુકવું જરૂરી જણાય છે.

સબબ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ - ૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ હું એ. ડી .કટારા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જીલ્લો ભાવનગર આથી ફરમાવું છું કે, સમગ્ર ભાવનગર શહેરમાં આવેલ મહાનગરપાલીકાની સમગ્ર વિસ્તારની પાણીની લાઈનો સાથે કોઈપણ ઈસમોએ અનઅધિકૃત જોડાણ કરીને પાણી લેવું નહી તેમજ અનઅધિકૃત રીતે મોટરો મુકી વધારાનો જથ્થો મેળવવો નહી.

આ જાહેરનામું તા. ૧૬-૭-૨૦૦૦ થી તા. ૧૩-૯-૨૦૦૦ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામા/હુકમનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ)ની કલમ-૧૮૮ મુજબ સજા થઈ શકે છે.

સદરહું જાહેરનામાની વર્તમાનપત્રો મારફત બહોળી પ્રસિધ્ધી કરવી.

આજ તા. ૧૧-૭-૨૦૦૦ના રોજ મારી સહી સીક્કો કરીને સદરહું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

ભાવનગર, ૧૧ માહે જુલાઈ, સને ૨૦૦૦.

એ. ડી. કટારા,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ

હુકમ

નં. એમએજી/સી/૬/૨૦૦૦.—નગરપાલિકા તાલુકા/જિલ્લા પંચાયતની સામાન્ય ચુંટણીઓ-૨૦૦૦ અંતગર્ત મતદાનના દિવસે વાહનોના ઉપયોગ ઉપર દેખરેખ રાખવા અને મતદારો માટે વાહનોનો દુરપયોગ કરી મતદારોને અયોગ્ય રસ્તે રીઝવી ન શકાય તે હેતુથી અને જો આમ કરવામા ન આવે તો તો આગામી ચુંટણીઓ કેટલી ન્યાયી નિષ્પક્ષ રીતે યોજાય તેનું અનુમાન ન થાય, જેની અસર સામાન્ય જનમાનસ ઉપર થાય તેમજ પ્રતિસ્પર્ધી ઉમેદવારો ઉપર પણ થાય જેના કારણે સાચી ખોટી ફરીયાદો ઉપસ્થિત થવાનો અવકાશ રહેતા, ઉમેદવારોના એકબીજા જુથો વચ્ચે મનદુ:ખ થાય અને ઘર્ષણ ઉભુ થવાની પુરેપુરી સંભાવના રહે તેથી સુલેહશાંતિ ભંગ થવા સંભવ હોઈ, જે અટકાવવા તેમજ ઉકત ચુંટણીઓ દરમ્યાન વપરાતા વાહનોના દુરપયોગ પર નિયંત્રણ કરવાના હેતુસારૂ સાવચેતીના પગલાં લેવા અનિવાર્ય જણાતા હું જે.કે. ઠેસિયા, જી. એ. એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો જુનાગઢ ક્રિમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ નીચે પ્રમાણે ફરમાવું છું. કે

(૧) કોઈપણ રાજકીય પક્ષો કે બીન રાજકીય પક્ષો કે તેના ઉમેદવારો અગર અપક્ષ ઉમેદવારો કે તેઓના ચુંટણી એજન્ટ દ્વારા અથવા તેઓની સહમતીથી બીજી કોઇ વ્યકિત દ્વારા મતદાનના દિવસે.

(ક) મતદારોને મતદાન મથક સુધી લાવવા અને મતદાન મથક ખાતેથી લઈ જવાની મફત સગવડ માટે વાહનો ભાડે રાખવા કે મેળવવા અથવા એ રીતે વાહનોનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

(ખ) ઉપરોકત ચુંટણી બાબતમા ચુંટણી લડતા દરેક ઉમેદવારને મતદાનના દિવસે અધિકૃત સતાધિકારીએ આપેલ પરમીટવાળા વાહનને આ પ્રતિબંધ લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત સામે ભારતીય દંડ સંહિતા ની કલમ ૧૮૮ હેઠળ પગાલા લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ગુન્હો સાબીત થયે એક માસની કેદ અથવા રૂા. ૨૦૦ નો અથવા બંનેની સજા થઇ શકે છે.

આજ તા. ૩૦ માહે ઓગષ્ટ ૨૦૦૦ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકાકો કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે હુકમ પ્રસિધ્ધ કર્યો.

જુનાગઢ. ૩૦ માહે ઓગષ્ટ, સને ૨૦૦૦.

ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ની કલમ ૧૪૪ હેઠળ

હુકમ

નં. એમએજી/સં-૭/૨૦૦૦.—નગરપાલિકા, તાલુકા/જિલ્લા પંચાયત સામાન્ય ચુંટણીઓ—૨૦૦૦ના અનુસંધાને ચુંટણી પ્રચાર અભિયાન રૂપે રાજકીય/બીન રાજકીય પક્ષોના કાર્યકરો અને ચુંટણી ઉમેદવારો તરફથી ચુંટણી પ્રચાર ઝુંબેશ પોત પોતાના મત વિસ્તારમાં શરૂ કરવામાં આવેલ હોય, આ પ્રચારના હેતુ માટે તેઓ દ્વારા મોટા પ્રમાણમાં વાહનોનો ઉપયોગ પણ કરવામાં આવનાર હોય, ઉમેદવાર કે તેની સહમતીથી બીજી કોઇ વ્યકિત દ્વારા પ્રચાર માટે વાહનોનો ઉપયોગ કરવામાં આવશે તે સંજોગોમાં આવા વાહનોના ઉપયોગ ઉપર દેખરેખ રાખવા અને ઉમેદવારના પ્રચાર માટે વપરાતા વાહનોના સંબંધમાં થતો ખર્ચ યોગ્ય રીતે જાહેર થાય તે હેતુથી અને જો આમ કરવામાં ન આવે તો આગામી ચુંટણીઓ કેટલી ન્યાયી, નિષ્પક્ષ રીતે યેજાય તેનુ અનુમાન ન થાય જેની અસર સામાન્ય જન માનસ ઉપર થાય તેમજ પ્રતિ સ્પર્ધી ઉમેદવારો ઉપર પણ થાય જેના કારણે સાચી ખોટી ફરીયાદો ઉપસ્થિત થવાનો અવકાશ રહેતા ઉમેદવારોના એક બીજા જુથો વચ્ચે મનદુ:ખ થાય અને ઘર્ષણ ઉભું થવાની સંભાવનાં રહે તેથી, સુલેહશાંતિ ભંગ થવા સંભાવના રહે, તેથી સુલેહશાંતિ ભંગ થવા સંભવ હોઈ આથી હું જે. કે. ઠેસીયા, જી. એ. એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો જુનાગઢ ક્રિમીનલ પ્રોસીઝર કોડ ૧૯૭૩ની કલમ ૧૪૪ હેઠળ મને મળેલ અધિકારની રૂએ હુકમ કરું છું કે,

કોઈપણ રાજકીય પક્ષો કે બીન રાજકીય પક્ષો તેમના ઉમેદવારો કે તેઓની સહમતિથી કોઇ વ્યકિત દ્વારા કે કોઇપણ ઉમેદવારના ચુંટણી પ્રચારમાં વાહનોનો ઉપયોગ કરવામાં આવે આવે તેવા તમામ વાહનો સતા ધરાવતા અધિકૃત અધિકારી પાસે, આવા પ્રચારમાં વપરાતા વાહનો રજીસ્ટર કરાવવાના રહેશે. અને રજીસ્ટર કરાયેલ વાહન પરત્વેનાં પરમીટ તેઓશ્રી પાસેથી, મેળવી, તે પરમીટ વાહનોની ઉપર સહેલાઈથી દેખાઈ આવે તે રીતે વીન્ડ સ્ક્રીન પર ચોંટાડવાની રહેશે. આ પરમીટમાં વાહન ક્યા વિસ્તારમાં ઉપયોગમાં લેવા માટે નોંધણી કરાવવામાં આવેલ છે. તેની સ્પષ્ટ વિગત પણ દર્શાવવાની રહેશે. પરમીટ મેળવ્યા સિવાય અને વાહન રજીસ્ટ્રાર કરાવ્યા સિવાય કોઈપણ વાહનનો ઉપયોગ ચુંટણી પ્રચાર માટે કરી શકાશે નહી.

આ નિયંત્રણો યાંત્રિક શકિતથી કે અન્ય કોઈ રીતે ચાલતા વાહનોને લાગુ પડશે. આવા વાહનોમાં મીની બસ, સ્ટેશન વેગન, ટેકસી, ખાનગી કાર, ટ્રક કે ટ્રેલર કે તે વિનાનું ટ્રેકટર, ઓટો રીક્ષા સ્કુટર વિગેરેનો સમાવેશ થાય છે. પરંતુ નિયંત્રણો માત્ર આ જ વાહનો પુરતા મર્યાદીત રહેશે નહી.

ઉપર્યુકત હુકમનો ભંગ કર્યેથી ભારતીય દંડ સંહીતાની કલમ ૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલાં લેવાની કાર્યવાહી

કરવામાં આવશે અને ગુન્હો સાબીત થયે એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- નો દંડ અથવા બંનેની સજા થઇ શકે છે.

આ હુકમનો અમલ જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં હુકમની તારીખથી તા. ૩૦/૯/૨૦૦૦ સુધી કરવાનો રહેશે.

આજ તા. ૩૦ માહે ઓગષ્ટ ૨૦૦૦ના રોજ મારી સહી તથા કચેરીના સિકકો કરી હુકમ પ્રસિધ્ધ કર્યો.

જુનાગઢ, ૩૦ માહે ઓગષ્ટ, સને ૨૦૦૦.

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ ૩૭ની પેટા કલમ—૩ હેઠળ

જાહેરનામું

નાં. એમઓજી-સી/૫૪૪૦/૨૦૦૦.—ચાલું માસ દરમ્યાન નગરપાલિકા / તાલુકા/જિલ્લા પંચાયતની સામાન્ય ચુંટણી આવતી હોય તથા જિલ્લામાં જમીન પરનાં દબાણો દુર કરવાની કાર્યવાહી વિજળીની અનિયમીતતા ના કારણે સભાઓ સરઘસો વિગેરે જુદા જુદા કાર્યક્રમો થવા સંભાવના હોય તે અંતર્ગત તેમજ હાલમાં જુદા જુદા રાજકીય બિન રાજકીય તથા સામાજીક સંસ્થાઓ તરફથી સભા સરઘસો રેલીઓ, વિગેરે પ્રવૃતિઓ થવા સંભાવના હોય આવા સંજોગોમાં જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સુલેહશાંતિ જાળવવા સારૂ સભા સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહી અને કોઈપણ જાતનો અનિચ્છનીય બનાવ બને નહી તે માટે જુનાગઢ જિલ્લા વિસ્તારમાં કોઈપણ વિસ્તારમાં સભા કરવી નહી તથા સરઘસ કાઢવું નહી તેવી મનાઈ તા. ૦૪/૦૯/૨૦૦૦ થી તારીખથી ૧૭/૦૯/૨૦૦૦ સુધી કરવાનું ઈષ્ટ જણાય છે. જેથી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ના આંક-૨૨ની કલમ ૩થી મને મળેલ અધિકારની રૂઈએ હું જે. કે. ઠેસીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ જુનાગઢ જિલ્લો જુનાગઢ આથી જુનાગઢના સમગ્ર વિસ્તારમાં તારીખ ૦૪/૦૯/૨૦૦૦ના રોજથી તારીખ ૧૭/૦૯/૨૦૦૦(બન્ને દિવસો સહીત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું આ હુકમની નીચેનાને લાગુ પડશે નહી

૧. ફરજ ઉપર હોય તેવી ગૃહ રક્ષક મંડળીઓ.

૨. સરકારી નોકરીઓ અવર જવર કરતી હોય તેવી વ્યકિતને.

૩. કોઈ લગ્નના વરઘોડાને.

૪. સ્મશાનયાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

૫. સક્ષમ અધિકારીશ્રીઓની કાયદેસરની પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબીત થયેથી દંડની શિક્ષાને પાત્ર ઠરશે. તથા ભારતીય દંડ સંહીતાની કલમ ૧૮૮ મુજબનો ગુનો સાબીત થયેથી જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂપિયા ૨૦૦/- સુધીનો દંડ અગર બંને શિક્ષા થઈ શકે અને આ હુકમની અવગણનાથી માનવજીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થયને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ બખેડો થાય તો તેવી વ્યકિતને ૬(છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂપિયા ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૦૧-લી, સપ્ટેમ્બર સને ૨૦૦૦ના રોજ મારી સહી તથા કચેરીના સિકકા કરી જાહેર જનતાની જાણ અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૦.

જે. કે. ઠેસીયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ હેઠળનું જાહેરનામું

જાહેરનામા ક્રમાંક એમઓજીસી-૩૦૮/૨૦૦૦ હાલમાં પોરબંદર જિલ્લા પંચાયતની તથા તાલુકા પંચાયતની ચુંટણીઓ જાહેર થયેલ હોય જેથી રાજકીય પક્ષો તથા અન્ય અપક્ષો દ્વારા ચુંટણી પ્રચાર માટે રેલીઓ, સભા સરઘસો જેવા કાર્યક્રમો યોજાવાની શકયતા હોઈ તેમજ શહેરી ગરીબોને રાહતદરે જમીનનાં પ્લોટ મળવાની માંગણી સબબ તેમજ આગામી દિવસોમાં ગણેશ ઉત્સવ દરમ્યાન શોભાયાત્રાઓ નીકળનાર હોઈ જેથી કોઈપણ જાતની સુલેહશાંતિ જોખમાઈ નહિ અને પોરબંદર જિલ્લામાં જાહેર વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તા. ૩૦/૮/૨૦૦૦ થી તા. ૧૩/૯/૨૦૦૦ સુધી આ સભા/સરઘસ વગર પરવાનગીઓ એ કોઈ કાઢે નહિ અને કોઈ અનિચ્છનીય બનાવ બને નહિ તે માટે પોરબંદર જિલ્લા પોલીસ અધિકારીના વિસ્તારમાં કોઈપણ સભા ભરવી નહિ અને સરઘસ કાઢવું નહી. તેવી મનાઈ તા. ૩૦/૮/૨૦૦૦ થી તા. ૧૩/૯/૨૦૦૦ સુધી ફરમાવવાનું ઈષ્ટ જણાય છે. તેથી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭ ના પેટા કલમ-૩ થી મને મળેલ અધિકારની રૂઈએ હું કે. સી. સંપટ જી. એ. એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો પોરબંદર આથી સમગ્ર પોરબંદર જિલ્લા પોલીસ વિસ્તારામાં તા. ૩૦/૮/૨૦૦૦ થી તા. ૧૩/૯/૨૦૦૦ બંને દિવસ ની મુદત માટે કોઈપણ સભા, મંડળી કે સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહ રક્ષક દળની મંડળી.
(૨) સરકારી નોકરીઓ અવરજવર કરતી હોય તે વ્યકિત.
(૩) કોઈ વરઘોડો.
(૪) સક્ષમ અધિકારીની કાયદેસર પરવાનગી લઈને કાઢેલા સરઘસ

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં મદદ કરનારને ગુન્હો સાબીત થયે સદરહુ અધિનિયમની કલમ ૧૩૫ ની પેટા કલમ-૩ મુજબ રૂા. ૨૦૦ સુધીના દંડની શિક્ષાને પાત્ર ઠરશે તેમજ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ મુજબ ગુન્હો સાબીત થયે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦ સુધીના દંડ અથવા બંને શિક્ષા થઈ શકે અને હુકમની અવગણનાથી માનવ જીવન અથવા સ્વાસ્થય સલામતી માટે કોઈ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ કરે કે બખેડો કરે તો તેવી વ્યકિતને છ માસ સપરીશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/ એક હજાર સુધીના દંડ સહીત બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૨૯/૮/૨૦૦૦ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

પોરબંદર, ૨૯ માહે ઓગષ્ટ, સને ૨૦૦૦.

કે. સી. સંપટ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
પોરબંદર

INDEX

પોલીસ કમિશ્નર દ્વારા

ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ- ૧૪૪ અન્વયે

હુકમ.

ક્રમાંક ઓસબી/ચુંટણી/જાહેરનામું/૨૪૩૪/૨૦૦૦.—રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં સામાન્ય ચુંટણી આગામી તા. ૧૭-૯-૨૦૦૦ નાં રોજ કલાક ૮-૦૦ થી ૧૭-૦૦ વાગ્યા દરમ્યાન યોજનાર છે.

આ મતદાનની પ્રક્રિયા કોઈપણ જાતનાં ખલેલ વિના શાંત વાતાવરણમાં યોજાય તેમજ બહારનાં તોફાની તત્વો આ મતદાનની કાર્યવાહી દરમ્યાન મતદારોને ખલેલ પહોંચાડે નહીં તથા અન્ય ગેરકાયદેસર પ્રવૃતિ મતદાન દરમ્યાન આચરે નહીં તે માટે નીચે મુજબનો મનાઈ હુકમ બહાર પાડવાનું અમોને ઈષ્ટ જણાય છે.

રાજકોટ શહેર, પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનાં વિસ્તારમાં આવેલ મતદાન મથકોમાં તા. ૧૭-૯-૨૦૦૦ નાં રોજ યોજનાર રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી અન્વયે મતદાન મથકોની ચારે બાજુમાં ૨૦૦ મીટરનાં વિસ્તારનાં તા. ૧૭-૯-૨૦૦૦નાં કલાક ૭-૦૦ થી ૧૮-૦૦ સુધી કોઈ અન અધિકૃત વ્યકિતઓને એકત્ર થવા પર કે, મતદાન મથક બિલ્ડીંગમાં કે તેનાં કમ્પાઉન્ડમાં બિનઅધિકૃત વ્યકિતનાં પ્રવેશ કરવા પર કે વાહનો લઈ જવા લાવવા પર પ્રતિબંધ મુકવાનો જરૂર જણાય છે.

વાસ્તે હું સુધીર સિન્હ, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારનાં ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨નાં નોટીફીકેશન નંબર જીજી/ ૪૨૨/ સી. આર. સી. / ૧૦૮૨ ૧૦૮૦-એમ. અન્વયે જે ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ (૧) નીચે બહાર પાડવામાં આવેલ છે. અને જેનું પુરા વર્તન ગુજરાત સરકારનાં ગૃહ વિભાગનાં તા. ૭-૧-૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામાઓ નંબર જીજી/ ૬/ફકઅ /૧૦૮૮ /૬૭૫૦ /મ. માં થયેલ છે. જેમાં રાજકોટ શહેરનાં પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નર શ્રી, અને સુપ્રિ. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી)ને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ નાં અધિકારનાં ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તા. ૧૭-૯-૨૦૦૦ નાં કલાક ૭-૦૦ થી ૧૮-૦૦ સુધી નીચેનાં કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

(૧) રાજકોટ શહેર, પોલીસ કમિશ્નર વિસ્તારમાં આવેલ મતદાન મથકો કે તેની ચારે બાજુનાં ૨૦૦ મીટરનાં વિસ્તારમાં કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓ એકત્રીત થશે નહીં, કે મતદાન મથકમાં પ્રવેશી શકશે નહીં. કે વાહનો લઈ જઈ શકશે નહીં કે લાવશે નહીં.

વિસ્તાર

(૨) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનાં વિસ્તારમાં આવેલ મતદાન મથકોની ચારે બાજુનાં ૨૦૦ મીટરનો સમગ્ર વિસ્તાર.

(૩) આ હુકમમાંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકત આપવામાં આવે છે.

(૧) ચુંટણી તેમજ ચુંટણી ના સંચાલન અંગેની ફરજ જે અધિકારી / કર્મચારીઓને સોંપવામાં આવી છે. તે તમામ (૨) મતદાન કરવા આવનાર મતદારો. (૩) ચુંટણીમાં ઉભેલ ઉમેદવાર. (૪) ચૂંટણીમાં ઉભેલ ઉમેદવારનાં એજન્ટો (૫) મતદાન મથક નજીક રહેતા પ્રજાજનો (૬) ફરજ પરનાં પોલીસ / એસ. આર.પી. /હોમગાર્ડ અધિકારીઓ તથા જવાનો (૭) પોલીસ કમિશ્નરશ્રી કે ચુંટણી અધિકારીએ નિયુકત કરેલ કોઈપણ અધિકારી / કર્મચારી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતનાં ફોજદારી અધિનિયમ -૧૮૬૦ ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપું છું કે આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખીશકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો તેમળ આકાશવાણી અને દૂર દર્શન કેન્દ્ર પરથી કરાવવી.

આજ તારીખ ૯ માહે સપ્ટેમ્બર ૨૦૦૦નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

સુધીર સિન્હા,
પોલીસ કમિશ્નર
રાજકોટ શહેર રાજકોટ.

Printed at the Government Press, Rajkot
Complaints about Gazette must be made within a fortnight from the date of this publication accompanied by the Wrapper.

INDEX

જી૦ - ૨૧૧૭૮

REGISTERED No. GRJ.-24

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL XLII] THURSDAY, 1st FEBRUARY, 2001 / MAGHA 12, 1922 [No. 5

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

PART-I

		Pages
PART-I	Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc.	
	Miscellaneous Notification Appointments etc. ..	37—46
PART-I-A	Ordere an Notifications (Other than those published in Part IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts	..Nil
Part-I-B	(Supplement) Government Notifications Published under Land Acquisition Act only	
	Supplement	29—34
PART-II	Miscellaneous Notices, Advertisements, List of Books Sanctioned by the Director of Education, List of Jurors, Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths. etc. ..	75—84
PART-III	Miscellaneous Supplements Season and Crop Reports Prices, Current Rainfalls Returns District Local Boards Accounts etc.	..Nil

(Rjt.) I—1

INDEX

Government Notifications, Orders, Appointments, etc

SUPPLTEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION NOTIFICATIONS

Miscellaneous Notifications Appointments etc.

સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, દ્વારા,

ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ ૧૪૪ હેઠળ

હુકમ

નં. એમએજીસી-૮/૨૦૦૦.—જિલ્લા/તાલુકા પંચાયત સામાન્ય ચુંટણી ૨૦૦૦ યોજવા માટેનો કાર્યક્રમ રાજય ચુંટણી પંચ દ્વારા તા. ૨૮/૮/૨૦૦૦ના જાહેરનામા ક્રમાંક : રાચપ--ચટણ-પચત--જિ. પં. —પોરબંદર —૨૦૦૦થી ચુંટણીનું જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે. જેને અનુલક્ષીને ઉમેદવારો રાજકીય પક્ષો, ના કાર્યકરો દ્વારા ચુંટણીનો પ્રચાર કરવામાં આવશે જે અન્વયે ઉમેદવારો અથવા તેમના કાર્યકરો દ્વારા સાર્વજનિક અને ખાનગી માલિકોની પરવાનગી લીધા વિના મકાનોની દિવાલ ઉપર ચુંટણી લક્ષી પ્રચારપત્રો ચોડીને ભીંત સુત્રો લખીને નિશાની કરીને વિગેરે દ્વારા મકાનોની દિવલો બગાડવામાં આવે તેવી સંભાવના છે. આ માટે રાજય ચુંટણી પંચ ગાંધીનગર દ્વારા રાજકીય પક્ષો અને ઉમેદવારોના માર્ગદર્શન માટે આદર્શ આચાર સંહિતાની અમલ માટે સૂચના થઈ આવેલ છે. તે મુજબ રાજકીય પક્ષો ઉમે.દવારો કે તેમના કાર્યકરોને ધ્વન દંડ ઉભા કરવા બેનરો લગાવવા નોટીશો ચોટાડવા સુત્રો લખવા વિગેરે માટે પુર્વ પરવાનગી મેળવ્યા સિવાય કોઈપણ વ્યકિતની ખાનગી માલીકીની કે સાર્વજનિક જાહેર માલીકીની જમીન, મકાન, કમ્પાઉન્ડ દિવાલ વિગેરેનો ઉપયોગ કરવાનો નથી તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. સબબ આચાર સંહિતતાની ચુસ્તપણે અમલ કરવા અને લોકોની તથા જાહેર અને સાર્વ-જનિક મિલ્કતને થતી હાની, નુકશાન બગાડ અટકાવવા તથા તેવા સંજોગોમાં અલગ અલગ જુથો વચ્ચે ઘર્ષણ ઉપસ્થિત થવાના કારણે કાયદો વ્યવસ્થાની પરિસ્થતી તથા જાહેર સુલેહ શાંતિના વિપરીત સંજોગો નીવારવા સાવચેતીના પગલાં લેવા આવશ્યક અને અનિવાર્ય જણાય છે.

સબબ હું દિનેશ પટેલ, જી. એ. એસ. સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો પોરબંદર ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ ૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ નીચે પ્રમાણે હૂકમ ફરમાવું છું.

કોઈપણ રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેમના કાર્યકરોએ સંબંધિત ખાનગી સાર્વજનિક જમીન, કમ્પાઉન્ડ મકાન, મકાનની, દિવાલોના માલીકની આગાઉથી લેખીત પરવાનગી મેળવ્યા સિવાય દિવાલ ઉપર ચુંટણી લક્ષી પ્રચાર પત્રો ચોડીને કે સુત્રો લખીને કે નિશાનીઓ ચિતરીને દિવાલો બગાડવી નહી તેમજ રસ્તા મકાનો, મિલ્કતો, ઉપર ધ્વનદંડ ઉભા કરવા નહિ. બેનરો લગાડવા નહિ, નોટીશો ચોટાડવી નહિ. ભીંત સુત્રો લખવા નહી તેમજ આ હુકમનો ભંગ કર્યેથી ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ની કલમ ૧૮૮ હેઠળ કસુરવાન સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે અને ગુન્હો સાબીત થયેથી એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦ અંકે રૂા. બસ્સો પુરા દંડ અથવા બન્ને સજા થઈ શકે છે.

આ હૂકમ પોરબંદર સબ ડીવીઝનમાં સમગ્ર વિસ્તારમાં હૂકમ તારીખથી ૨૭/૯/૨૦૦૦ સુધી અમલમાં રહેશે.

આજ તા. ૩૧મી ઓગષ્ટ ૨૦૦૦ના રોજ મારી સહી તથા કચેરીના સિકકા સાથે પ્રસિધ્ધ અર્થે બહાર પાડયો.

પોરબંદર, ૩૧ માહે ઓગષ્ટ સને ૨૦૦૦.

દિનેશ પટેલ,
સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ,
પોરબંદર.

જાહેરનામું

નં. એમએજી /વશી /૯૨૦ / ૨૦૦૦-- હાલના શ્રાવણ માસનાં વિવિધ તહેવારોની ઉજવણીનાં અનુસંધાને અને ઓછા વરસાદની પરિસ્તિથી ધ્યાને લઈ મહુવા તાલુકામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને મહુવા તાલુકામાં સુલેહશાંતિ જળવાઈ રહે તે માટે નિયમન કરવું જરૂરી હેય અને આ સંજોગોમાં મહુવા શહેર સહિત મહુવા તાલુકાનાં તમામ ગામોએ કોઈપણ સ્થળોએ ચારથી વધુ વ્યકિતઓએ ભેગા થવા પર પ્રતિબંધ મુકવો આવશ્યક હોય હું પી.બી. ઠાકર, (જી.એ. એસ) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ મહુવા જિલ્લો ભાવનગર ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ (સને ૧૯૭૪ના ૨જો) ની કલમ -૧૪૪ હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે મહુવા શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં ચાર કે તેથી વધુ વ્યકિતઓ એકઠી થઈ શકશે નહિ. અને પૂર્વે મંજુંરી સિવાય સભા સરઘસ કે રેલી યોજી શકશે નહિ.

આ જાહેરનામું ઉલ્લંઘન કરનારને ભારતીય ફોજદારી અધિનિયમ (સને ૧૯૬૦નાં ૪૫માં અધિયિમની) કલમ ૧૮૮ મુજબ સજા થઈ શકશે.

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ સદરહું જાહેરનામાંની નકલો ચોંટાડીને સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આ જાહેરનામું તા. ૧૦/૮/૨૦૦૦ થી તા. ૩૧-૮-૨૦૦૦ સુધી અમલમાં રહેશે.

મહુવા, ૧૦ માહે ઓગષ્ટ સને ૨૦૦૦.

પી. બી. ઠાકર,
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ,
મહુવા

એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દ્વારા

મુંબઈ પોલીસ કાયદાની કલમ-૮૧(૧) મુજબનું

જાહેરનામું

બીન-વારસી-કેસ નં. ૨/૨૦૦૦ આથી સર્વે જનોને જાણ કરવામાં આવે છે કે પોલીસ અફિસર મોરબી તાલુકા નાં જાવક નં. નીલ તા. ૧૮/૮/૨૦૦૦ થી નીચે જણાવેલ મુદામાં બીન વારસી હોઈ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ એકટની

INDEX

કલમ-૮૩ (૨) અન્વયે નિકાલ કરવા માટે આ કેશ કચેરીએ મોકલાવેલ છે. જેથી જેથી સદરહુ એકટની કલમ ૮૧(૧) અન્વયે જાહેર કરવામાં આવે છે કે નીચે જણાવેલ મુદામાલ મિલ્કતની કોઈ શખ્સ માલીકી હકકદાર દાવા ધરાવતા હોઈ આ જાહેર નામાની ધરાવતા હોઈ આ જાહેર નામાની તારીખથી છ માસની અંદર આધાર ભુત પુરાવા સહીત અમારી કચેરીએ રૂબરૂ હાજર હાજર થવું સદરહુ મુદત દરમ્યાન જો કોઈ માલીક હાજર થશે નહી તો કાયદાની કલમ-૮૭ અન્વયે આ માલની વ્યવસ્થા ધોરણસર કરવામા આવશે.

મુદ્દામાલની વિગત

હિરો હોન્ડા સ્પ્લેન્ડર મોટર સાયકલ-૧ નં. જી. જે-૫ એફ-૮૯૧૭/ બંધ હાલતમાં.

મોરબી, ૨૫ માહે ઓગષ્ટ સને ૨૦૦૦.

મુંબઈ પોલીસ કાયદાની કલમ-૮૧(૧) મુજબનું જાહેરનામુ

બીન-વારસી-કેસ નં. ૧/૨૦૦૦—આથી સર્વે જનોને જાણ કરવામાં આવે છે કે પોલીસ અફિસર મોરબી તાલુકા નાં જાવક નં. નીલ તા. ૧૮/૮/૨૦૦૦ થી નીચે જણાવેલ મુદામા બીનવારસી હોઈ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ એકટની કલમ-૮૩ (૨) અન્વયે નિકાલ કરવા માટે આ કેશ કચેરીએ મોકલાવેલ છે. જેથી સદરહુ એકટની કલમ કલમ ૮૧(૧) અન્વયે જાહેર કરવામા આવે છે કે નીચે જણાવેલ મુદામાલ મિલ્કતની કોઈ સખ્સ માલીકી હકકદાર દાવા ધરાવતા હોઈ આ જાહેર નામાની તારીખથી છ માસની અંદર આધારભુત પુરાવા સહીત અમારી કચેરીએ રૂબરૂ હાજર થવું સદરહુ મુદત દરમ્યાન જો કોઈ માલીક હાજર થશે નહી તો કાયદાની કલમ-૮૭ અન્વયે આ માલની વ્યવસ્થા ધોરણસર કરવામા આવશે.

મુદામાલની વિગત

યાહામા મોટર સાયકલ કાળા કલરનું -૧ ચે. નો. ૯૮ -બી-૧ એલ-૩ ૦૧૬૬૮૮ એ. નો -૧ એલ-૩૦૧૬૬૮૮

મોરબી, ૨૫ માહે ઓગષ્ટ-સને ૨૦૦૦.

(સહી) અવાચ્ય,
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ,
મોરબી

મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,

બી. પી. એકટ ૧૯૫૧ની કલમ-૮૫ મુજબનું જાહેરનામું

બીનવારસી કેસ નં. ૨/૯૯—આથી સર્વે લોકોને જાણ કરવામા આવે છે કે પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી વંથલી તરફથી તેમના સ્ટેશન ડાયરી એન્ટ્રી નં. ૯/૯૬ તથા જાણવાજોગ નંબર ૮૮/૯૬ તા. ૨૪/૯/૯૬ તથા તા. ૧૪/૬/૯૯ ના જા. નં. ૧૩૮૭/૯૯ થી રીપોર્ટમાં જણાવ્યા મુજબનો મુદામાલ બિન વારસી હોવાથી બી. પી. એકટ કલમ-૮૩ મુજબ નિકાલ માટે આ કોર્ટમાં રજુ કરેલ છે.

સદરહુ એકટની કલમ-૮૫(૧) અન્વયે જાહેર કરવામાં આવે છે કે હિરોહોન્ડા પ્લેટ નંબર વગરનું સી. ડી. ૧૦૦૬૬ એન્જીન નં. ૯૪/એમ. ૧૦ એફ.૦૬૯૦૮ ચેસીસ નં. ૯૪ એમ. ૧૨ એફ. ૦૪૧૬૯ જે કોઈ શખ્સ માલીક પોતાની માલીકી હોવાનો દાવો ધરાવતા હોય તેવા ઈસમો જાતે અથવા અધિકૃત વકીલ દ્વારા આધાર પુરાવા સહિત અમારી કચેરીએ અમારા રૂબરૂ આ જાહેરનામાની તારીખથી ૬(છ) માસ સુધીમાં હાજર થઈ દાવો રજુ કરવો.

સદરહુ છ માસની મુદત દરમ્યાને કોઈ માલીક હાજર થશે નહી કે દાવો રજુ થશે નહી તો છ. માસ પુરા થયેથી ઉકત મુદામાલની બી. પી. એકટ કલમ-૮૭ મુજબ જાહેર હરરાજીથી નિકાલ કરવામા આવશે જેની સર્વે સને એ નોંધ લેવી.

આ રોજ તા. ૩૦/૮/૨૦૦૦ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી બહાર પાડયુ.

વંથલી ૩૦ માહે ઓગસ્ટ સને ૨૦૯૦

(સહી) અવાચ્ય,
મામલતદાર અને
એકઝીક્યુટી મેજીસ્ટેટ,વંથલી

જીલ્લા વિકાસ અધિકારી દ્વારા

સંદર્ભ . (૧) ગુજરાત સરકારનાં મહેસુલ વિભાગનાં નોટીફીકેશન ક્રમાંક.જીએચએમ-૭૮-૩૪ એમ. એલ.આર.આર. ૧૦૭૭-૪૩૦૬૪-એલ તા. ૨૪-૧-૭૮.

(૨) કલેકટરશ્રી, ભાવનગરની અધિસુચના ક્રમાંક. જમીન-૪-૬૬૧૩-૯૨ તા. ૧-૧૨-૯૨.

જાહેરનામું

નં. ડીપા. એલ.એન.પી. વર્ગીકરણ. ૮૧(૧) ૯૧-૪૮૧-૨૦૦૦.—ગુજરાત સરકારશ્રીનાં મહેસુલ વિભાગના સંદર્ભ (૧)નાં તા. ૨૪-૧-૭૮નાં જાહેરનામાંથી જમીન મહેસુલ નિયમો-૧૯૭૨માં સુધારો કરવામાં આવેલ છે. અને આ સુધારેલા નિયમોમાં નિયમ ૮૧(૧)થી મળેલ અધિકારની રૂએ ભાવનગર જીલ્લાનાં પંચાયત વિસ્તારના ગામોમાં ઉપરોકત નિયમ મુજબ બિનખેતી આકાર વસુલ લેવાનાં હેતું માટે આ સાથેનાં પરિશિષ્ટ મુજબ ગામોનું વર્ગીકરણ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

આ હુકમનો અમલ તા. ૧-૮-૯૧ એટલે મહેસુલી વર્ષ. ૧૯૯૧-૯૨થી કરવાનો રહેશે. અને આ વરસથી સરકારશ્રીનાં મહેસુલ વિભાગનાં તા. ૮-૪ ૯૨ના જાહેરનામા મુજબ બીનખેતી આકાર વસુલ લેવાનો રહેશે. આ જાહેરનામા મુજબ બીનખેતી આકાર તથા વર્ગફેર થતાં ગામોમાં તફાવતની બિનખેતી આકાર ઉપજે ચડાવી વસુલ લેવરાવવા જરૂરી કાર્યવાહી કરવા સંબંધકર્તા તાલુકા વિકાસ અધિકારીશ્રીએ અમલમાં લાવવું.

ડી. પી. એલ. એન. પી. વર્ગીકરણ-૮૧ (૧) ૯૧—૪૮૧-૨૦૦૦ તા. સાથેનું પરિશિષ્ટ

ગામનો વર્ગ	ગામનું નામ	તાલુકાનું નામ	સર્વે નંબર	બિન ખેતી આકાર પ્રતિ ચો.મી. રૂ.પૈ. રહેણાંક	ગ્રામ ઉદ્યોગ	અન્ય ઉદ્યોગ	વાણીજ્ય તથા બીજા ઉપયોગ
૧	૨	૩	૪	૫	૬	૭	૮
બી	૧-નારી	ભાવનગર	૧ થી ૧૮૭ તથા ૨૦૮ થી ૨૧૦ તથા ૨૧૪ થી ૨૧૭	૦.૦૮	૦.૦૪	૦.૧૨	૦.૧૬
	૨-વરતેજ	ભાવનગર	૧ થી ૧૭૧ તથા ૧૭૩ થી ૧૮૦ ૧૯૨ થી ૩૦૬ તથા ૩૦૮ થી ૪૫૨ ૪૫૪ થી ૪૬૪ તથા ગામતળ	૦.૦૮	૦.૦૪	૦૧૨	૦.૧૬
	૩-રૂવા	ભાવનગર	૧ થી ૬૫, ૬૮,૭૦ થી ૭૪ ૧૨૪ થી ૧૪૬ તથા ગામતળ.	૦.૦૮	૦.૦૪	૦.૧૨	૦.૧૬
	૪-તરસમીયા	ભાવનગર	૧ થી ૧૯ તથા ૧૦૧ થી ૧૬૭ તથા ગામતળ	૦.૦૮	૦.૦૪	૦.૧૨	૦.૧૬
	૫ અધેવાડા	ભાવનગર	૧ થી ૩૪ તથા ૩૮ થી ૨૦૦ તથા ગામતળ	૦.૦૮	૦.૦૪	૦.૧૨	૦.૧૬
	૬-શામપરા (સીદસર)	ભાવનગર	૧ થી ૪૧ આખુ ગામ ગામતળ સહિત	૦.૦૮	૦.૦૪	૦.૧૨	૦.૧૬
	૭-સીદસર	ભાવનગર	૧ થી ૨૨૦ ગામતળ સહિત	૦.૦૮	૦.૦૪	૦.૧૨	૦.૧૬
	૮-ફરીયાદકા	ભાવનગર	૧ થી ૧૬૭ આખુ ગામ ગામતળ સહિત	૦.૦૮	૦.૦૪	૦.૧૨	૦.૧૬
	૯-માલણકા	ભાવનગર	૧ થી ૧૧૫ આખુ ગામ ગામળતળ સહિત	૦.૦૮	૦.૦૪	૦.૧૨	૦.૧૬
	૧૦અકવાડા	ભાવનગર	૧ થી ૧૪૩ આખુ ગામ ગામતળસહિત	૦.૦૮	૦.૦૪	૦.૧૨	૦.૧૬
	૧૧-શેઢાવદર	ભાવનગર	૧ થી ૭૨ આખુ ગામ ગામતળ સહિત	૦.૦૮	૦.૦૪	૦.૧૨	૦.૧૬
બી	૧૨-સોડવદરા	ભાવનગર	૧ થી ૭૨ તથા ૭૪ તથા ૭૬ થી ૮૧ તથા ૮૭	૦.૦૮	૦.૦૪	૦.૧૨	૦.૧૬
	૧૩-બુધેલ	ભાવનગર	૧ થી ૯૫' ૯૮ થી ૧૦૬ પૈ. તથા ૧૨૩,૧૨૪ ૧૨૭, ૧૨૮, ૧૨૯, તથા ૧૬૪, થી ૧૭૦ તથા ૧૭૨, તથા ૧૭૬ ૧૭૭ ૧૭૮ થી ૨૨૫ તથા ગામતળ.	૦.૦૮	૦.૦૪	૦.૧૨	૦.૧૬
	૧૪-કમળેજ	ભાવનગર	૧ થી ૨૬૪ તથા ૨૯૦ પૈકી તથા ૨૯૧ થી ૨૯૯ ૩૧૧ થી ૩૧૩ પૈકી	૦.૦૮	૦.૦૪	૦.૧૨	૦.૧૬
	૧૫કરદેજ	ભાવનગર	૧ થી ૬૩ ૬૫, થી ૭૦ ૭૨, ૭૩, ૧૫૩ થી ૧૫૬, ૧૫૮, ૧૬૧, ૧૬૨ ૨૫૯, ૨૬૦ તથા ૨૬૨ થી ૨૬૪ ૨૭૭ થી ૨૮૧ ૨૮૯ ૩૬૬ તથાગામતળ	૦.૦૮ ૦.૦૮	૦.૦૪ ૦.૦૪	૦.૧૨ ૦.૧૨	૦.૧૬ ૦.૧૬
	૧૬-માઢીયા	ભાવનગર	૫૩ પૈકી	૦.૦૮	૦.૦૪	૦.૧૨	૦.૧૬
બી	૧૭-ભીકડા	ઘોઘા	૫૩ થી ૬૫ થી ૬૯ ૨૪૯ થી ૨૫૦ તથા ૨૫૯પૈકી	૦.૦૮	૦.૦૪	૦.૧૨	૦.૧૬
	૧૮-વાળુકડ	ઘોઘા	૯૬ થી ૧૦૨, ૧૧૦ થી ૧૪૪ તથા ૨૧૬ થી ૨૨૧ સુથી	૦.૦૮	૦.૦૪	૦.૧૨	૦.૧૬
	૧૯-તગડી	ઘોઘા	૮૩ થી ૮૯ તથા ૯૬, ૯૭	૦.૦૮	૦.૦૪	૦.૧૨	૦.૧૬
	૨૦-કણકોટ	ઘોઘા	૧ થી ૫,૭ થી ૬૨ સુધી	૦.૦૮	૦.૦૪	૦.૧૨	૦.૧૬
	૨૧-લાખણકા	ઘોઘા	૧ થી ૨૦ ૩૯ થી ૭૪ તથા ગામતળ	૦.૦૮	૦.૦૪	૦.૧૨	૦.૧૬
	૨૨-અવાણીયા	ઘોઘા	૧, ૫૪ ૭૩ ૭૬ ૧૨૬ થી ૪૪૦, ૪૪૧ પૈકી તથા ગામતળ	૦.૦૮	૦.૦૪	૦.૧૨	૦.૧૬
	૨૩-નેસવડ	મહુવા	૧ થી ૧૬૨	૦.૦૮	૦.૦૪	૦.૧૨	૦.૧૬
	૨૪-વડલી	મહુવા	૧ થી ૧૧૧	૦.૦૮	૦.૦૪	૦.૧૨	૦.૧૬
	૨૫-ઉમણીયાવદર	મહુવા	૧ થી ૭૭	૦.૦૮	૦.૦૪	૦.૧૨	૦.૧૬

INDEX

ગામનોવર્ગ	ગામનું નામ	તાલુકાનું નામ	સર્વે નંબર	બિન ખેતી આકાર પ્રતિ ચો. મી. રૂ. પૈ. રહેણાંક	ગ્રામ ઉદ્યોગ	અન્ય ઉદ્યોગ	વાણીજ્ય તથા બીજા ઉપયોગ
૧	૨	૩	૪	૫	૬	૭	૮
સી	૧—શોભાવડ	તળાજા	૧ થી ૧૩૨	૦.૦૬	૦.૦૮	૦.૦૮	૦.૧૨
	૨-જેસર	મહુવા	૧ થી ૩૨૬	૦.૦૬	૦.૦૮	૦.૦૮	૦.૧૨
	૩-નેસડા	શિહોર	૧ થી ૨૦૨	૦.૦૬	૦.૦૮	૦.૦૮	૦.૧૨
	૪-ભોળાદ	શિહોર	૧ થી ૪૫	૦.૦૬	૦.૦૮	૦.૦૮	૦.૧૨
	૫-ખાખરીયા	શિહોર	૧ થી ૮૭	૦.૦૬	૦.૦૮	૦.૦૮	૦.૧૨
	૬-ઢસા	ગઢડા	૧ થી ૨૮૯	૦.૦૬	૦.૦૮	૦.૦૮	૦.૧૨
	૭-વલ્લભીપુર	વલ્લભીપુર	૧ થી ૧૭૫૩	૦.૦૬	૦.૦૮	૦.૦૮	૦.૧૨
ડી	૧-ભંડારીયા	ભાવનગર	આખુગામ	૦.૦૪	૦.૦૨	૦.૦૬	૦.૦૮
	૨-હાદિબ	ભાવનગર	આખુગામ	૦.૦૪	૦.૦૨	૦.૦૬	૦.૦૮
	૩-ઘોઘા	ઘોઘા	આખુગામ	૦.૦૪	૦.૦૨	૦.૦૬	૦.૦૮
	૪-શિહોર	તળાજા	આખુગામ	૦.૦૪	૦.૦૨	૦.૦૬	૦.૦૮
	૫-અલંગ	તળાજા	આખુગામ	૦.૦૪	૦.૦૨	૦.૦૬	૦.૦૮
	૬-ત્રાપજ	તળાજા	આખુગામ	૦.૦૪	૦.૦૨	૦.૦૬	૦.૦૮
	૭-ઠળીયા	તળાજા	*આખુગામ	૦.૦૪	૦.૦૬	૦.૦૨	૦.૦૮
	૮-સરતાનપર	તળાજા	આખુગામ	૦.૦૪	૦.૦૨	૦.૦૬	૦.૦૮
	૯-દાઠા	તળાજા	આખુગામ	૦.૦૪	૦.૦૨	*૦.૦૬	૦.૦૮
ડી	૧૦-સેંદરડા	મહુવા	આખુગામ	૦.૦૪	૦.૦૨	૦.૦૬	૦.૦૮
	૧૧-મોટા ખુંટવડા	મહુવા	આખુગામ	૦.૦૪	૦.૦૨	૦.૦૬	૦.૦૮
	૧૨-ભાદ્રોડ	મહુવા	આખુગામ	૦.૦૪	૦.૦૨	૦.૦૬	૦.૦૮
	૧૩-કળસાર	મહુવા	આખુગામ	૦.૦૪	૦.૦૨	૦.૦૬	૦.૦૮
	૧૪-કતપર	મહુવા	આખુગામ	૦.૦૪	૦.૦૨	૦.૦૬	૦.૦૮
	૧૫-પરવડી	ગારીયાધાર	આખુગામ	૦.૦૪	૦.૦૨	૦.૦૬	૦.૦૮
	૧૬-ઘેટી	પાલીતાણા	આખુગામ	૦.૦૪	૦.૦૨	૦.૦૬	૦.૦૮
	૧૭-આંબલા	શિહોર	આખુગામ	૦.૦૪	૦.૦૨	૦.૦૬	૦.૦૮
	૧૮-સણોસરા	શિહોર	આખુગામ	૦.૦૪	૦.૦૨	૦.૦૬	૦.૦૮
	ડી-૧૯-ટાણા	શિહોર	આખુગામ	૦.૦૪	૦.૦૨	૦.૦૬	૦.૦૮
	૨૦-વરલ	શિહોર	આખુગામ	૦.૦૪	૦.૦૨	૦.૦૬	૦.૦૮
	૨૧-સોનગઢ	શિહોર	આખુગામ	૦.૦૪	૦.૦૨	૦.૦૬	૦.૦૮
	૨૨-ઉમરાળા	ઉમરાળા	આખુગામ	૦.૦૪	૦.૦૨	૦.૦૬	૦.૦૮
	૨૩-ચોગઠ	ઉમરાળા	આખુગામ	૦.૦૪	૦.૦૨	૦.૦૬	૦.૦૮
	૨૪-રંઘોળા	ઉમરાળા	આખુગામ	૦.૦૪	૦.૦૨	૦.૦૬	૦.૦૮
	૨૫-રંઘોળા	ઉમરાળા	આખુગામ	૦.૦૪	૦.૦૨	૦.૦૬	૦.૦૮
	૨૬-લાઠીદડ	બોટાદ	આખુગામ	૦.૦૪	૦.૦૨	૦.૦૬	૦.૦૮
ઈ	તમામ તાલુકાના બાકીના તમામ ગામો ઈ વર્ગમાં			૦.૦૧	૦.૦૧	૦.૦૧	૦.૦૧

ભાવનગર, ૧૧ માહે ઓગસ્ટ સને ૨૦૦૦.

ડી. જે. ધારૈયા
જિલ્લા વિકાસ અધિકારી,
ભાવનગર

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :—

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ-સચિવાલય, ગાંધીનગરનો તા. ૩૦/૩/૯૧નો જાહેરનામા ક્રમાંક : ધખ-૨૪૯૧-ડીડીસી-૧૧૮૮/૫૨૦૪ જ.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭(૧) અન્વયે તારીખ ૧૮/૫/૨૦૦૦નો વચગાળાનો હુકમ ક્રમાંક : ઉખસ ફડચ-ખ-૪/૨૨૮/૨૦૦૦.

અંતિમ આદેશ

જા. નં. ઉખસ-ફડચ-ખ-૪/૨૮૫/૨૦૦૦.—શ્રી ચૂડા (સોરઠ) તેલિ. ઉત્પાદ. સહકારી મંડળી લી. ચૂડા (સોરઠ) તા. ભેંસાણ જી. જૂનાગઢ ને અત્રેની કચેરીના તારીખ ૧૮/૫/૨૦૦૦ના વચગાળાના હુકમ ક્રમાંક ઉખસ-ફડચ-ખ-૪/૨૨૮/ ૨૦૦૦ થી સદર મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ, જેને આથી ગુજરાત સહકારી મંડળીના કાયદા ની કલમ ૧૦૭(૩) હેઠળ બહાલી આપતા મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચો) કચેરીમાં એ ફડચાની કામગીરી આદેશની તારીખથી નિયત મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

જૂનાગઢ, ૧૯ માહે જુન સને ૨૦૦૦

વંચાણે લીધા :-(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ તથા કલમ ૧૦૮ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગરનો તા. ૩૦/૦૩/૯૧ના જાહેરનામા ક્રમાંક : ધખ-૨૪૯૧-ડીડીસી-૧૧૮૮-૫૨૦૪-જ.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭(૧) અન્વયે તારીખ ૧૮/૫/૨૦૦૦નો વચગાળાનો હુકમ ક્રમાંક : ઉખસ-ફળચ-ખ-૪/૨૨૯/૨૦૦૦.

અંતિમ આદેશ

જા. નં. ઉખસ-ફડચ-ખ-૪/૨૮૬/૨૦૦૦.—શ્રી ખારચીયા તેલિ. ઉત્પાદક સહકારી મંડળી અધિ. મુ. ખારચીયા તા. ભેંસાણ, જી. જૂનાગઢને અત્રેની કચેરીના તારીખ ૧૮/૫/૨૦૦૦ના વચગાળાના હુકમ ક્રમાંક : ઉખસ/ફડચ/ખ-૪/૨૨૯ ૨૦૦૦થી સદર મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ જેને આથી ગુજરાત સહકારી મંડળીના કાયદાની કલમ ૧૦૭(૩) હેઠળ બહાલી આપતા મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચો) કચેરીમાં એ ફડચાની કામગીરી આદેશની તારીખથી નિયત મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

જૂનાગઢ, ૧૯ માહે જુન, સને ૨૦૦૦.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અને કલમ ૧૦૮ ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગરનો તા. ૩૦/૩/૯૧નો જાહેરનામા ક્રમાંક ધખ/૨૪૯૧/ડીડીસી/૧૧૮૮ ૫૨૦૪-જ-

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ ૧૦૭ (૧) અન્વયે તારીખ ૧૮/૫/૨૦૦૦ નો વચગાળાનો હુકમ ક્રમાંક ઉખસ/ખ-૪/-૨૨૩/૨૦૦૦.

અંતિમ આદેશ

જા. નં. ઉખસ/ફડચ/ખ-૪/૩૦૦/૨૦૦૦ — શ્રી રાવણીકુબા તેલિ. ઉત્પાદક સહકારી મંડળી લી. રાવણીકુબા તા. વિસાવદર જી. જુનાગઢને અત્રેની કચેરીના તા. ૧૮/૫/૨૦૦૦ ના વચગાળાના હુકમ ક્રમાંક ઉખસ-ફડચ-ખ-૪-૨૨૩/૨૦૦૦ થી સદર મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ જેને આથી ગુજરાત સહકારી મંડળીના કાયદાની કલમ ૧૦૭ (૩) હેઠળ બહાલી આપતા મંડળીને ફડચામા લઈ જવાનો અંતિમ આદેશથી કરવામા આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચો) કચેરીમાં એ ફડચાની કામગીરી આદેશની તારીખથી નિયત મુદતમા પૂર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૧૯ માહે જુન, સને ૨૦૦૦.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગરનો તા. ૩૦/૩/૯૧ નો જાહેરનામા ક્રમાંક ધખ/૨૪૯૧/ડીડીસી/૧૧૮૮/૫૨૦૪-જ

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ- ૧૦૭ (૧) અન્વયે તા. ૧૮/૫/૨૦૦૦ નો વચગાળાનો હુકમ ક્રમાંક ઉખસ-ફડચ-ખ-૪/૨૦૦૦.

અંતિમ આદેશ

જા. નં. ઉખસ/ફડચ/ખ-૪/૩૦૧/૨૦૦૦— શ્રી નાની મોણપરી તેલિ. ઉત્પાદક સહકારી લી. મુ. નાની મોણપરી તા. વિસાવદર જી. જુનાગઢને અત્રેની કચેરીના તા. ૧૮/૫/૨૦૦૦ ના વચગાળાના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/ખ-૪/૨૨૧/૨૦૦૦ થી સદર મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામા આવેલ, જેને આથી ગુજરાત સહકારી મંડળીના કાયદાની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચો) કચેરીનાં એ ફડચાની કામગીરી આદેશની તારીખથી નિયત મુદતમા પૂણ કરવાની રહેશે.

જુનાગઢ ૧૯ માહે જુન, સને ૨૦૦૦.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા કલમ-૧૦૮ ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગરનો તા. ૩૦/૩/૯૧નાં જાહેરનામા ક્રમાંક ધખ/૨૪૯૧/ડીડીસી/૧૧૮૮/૫૨૦૪/જ.

INDEX

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ (૧) અન્વયે તા. ૨૬/૪/૨૦૦૦નો વચગાળાનો હુકમ ક્રમાંક ઉખસ-ફડચ/ખ-૪/૨૯૫/૨૦૦૦.

અંતિમ આદેશ

જા. નં. ઉખસ/ફડચ/૧૨૧૧૩/ખ-૪/૪૪૬૮/૬૦૬—.શ્રી ડુંગરી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. ડુંગરી તા. માણાવાદર જી. જુનાગઢ ને આત્રેની કચેરીના તા. ૨૬/૪/૨૦૦૦ ના વચગાળાનો હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/ખ-૪/૨૯૫/૨૦૦૦ થી સદર મંડળીને ફડચામા લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામા આવેલ, જેને આથી ગુજરાત સહકારી મંડળીના કાયદાની કલમ ૧૦૭ (૩) હેઠળ બહાલી આપતા મંડળીને ફડચામા લઈ જવાનો અંતિમ આદેશ કરવામા કરવામા આવે છે. અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફફચો) લગત જીલ્લા રજીસ્ટાર સ. મં. જુનાગઢ એ ફડચા ની કામગીરી આદેશની તારીખથી નિયત મુદતમા પુર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૧૯ માહે જુન, સને ૨૦૦૦.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ તથા કલમ ૧૦૮ ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગરનો તા. ૩૦/૩/૯૧ ની જાહેરનામા ક્રમાંક ધખ/૨૪૯૧/ડીડીસી/૧૧૮૮/૫૨૦૪/જ.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ (૧) અન્વયે તા. ૨૬/૪/૨૦૦૦ નો વચગાળાનો હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/ખ-૪/૨૭૦/૨૦૦૦.

અંતિમ આદેશ

જા. નં. ઉખસ/ફડચ/૧૨૧૧૪/ખ-૪/૪૪૭૦.૬૦૨.—શ્રી ડાંડેરી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. ડાંડેરી, તા. માળીયા હાટીના જી. જુનાગઢ ને આત્રેની કચેરીના તા. ૨૬-૪ ૨૦૦૦ વચગાળાના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/ખ-૪/૨૭૦/૨૦૦૦ થી સદર મંડળીને ફડચામા લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામા આવેલ, જેને આથી ગુજરાત સહકારી મંડળીના કાયદાની કલમ ૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામા લઈ જવાનો અંતિમ આદેશ કરવામા આવે છે. અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી સહકરી અધિકારી શ્રી (ફડચો) લગત જીલ્લા રજીસ્ટ્રાર, સ.મં. જુનાગઢએ ફડચાની કામગીરી આદેશની તારીખથી નિયત મુદતમા પુર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૧૯ માહે સને ૨૦૦૦

વંચાણે લીધા :—

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ તથા કલમ ૧૦૮ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગરનો તા. ૩૦ ૦૩-૯૧નો જાહેરનામા ક્રમાંક: ધખ/૨૪૯૧/ડીડીસી/૧૧૮૮/૫૨૦૪-જ.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) અન્વયે તારીખ ૧૮/૫/૨૦૦૦નો વચગાળાનો હુકમ ક્રમાંક: ઉખસ/ફડચ/ખ-૪/૨૦૦૦.

અંતિમ આદેશ

જા. નં. ઉખસ/ફડચ/ખ-૪/૨૯૭/૨૦૦૦ શ્રી-દાદર તેલિ. ઉત્પા. સહકારી મંડળી લી. મુ. દાદર તા. વિસાવદર જી. જુનાગઢને આત્રેની કચેરીના તારીખ ૧૮/૫/૨૦૦૦ના વચગાળાના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/ખ-૪/૨૨૫/૨૦૦૦થી સદર મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ, જેને આથી ગુજરાત સહકારી મંડળીના કાયદાની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચો) કચેરીમાંએ ફડચાની કામગીરી આદેશની તારીખથી નિયત મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૧૯ માહે જુન, સને ૨૦૦૦.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ ૧૦૭ ની અને કલમ ૧૦૮ ની જોગાવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગરનો તા. ૩૦/૩/૯૧નો જાહેરનામા ક્રમાંક ધખ-૨૪૯૧/ડીડીસી/૧૧૮૮/૫૨૦૪-જ.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ (૧) અન્વયે તા. ૧૮/૫/૨૦૦૦ નો વચગાળાનો હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/ખ-૪/૨૧૯/૨૦૦૦.

અંતિમ આદેશ

જા. નં. ઉખસ/ફડચ/ખ-૪/૩૦૨/૨૦૦૦—.શ્રી મોટી મોણપરી તેલિ. ઉત્પાદક સહકારી મંડળી લી. મોટી મોણપરી તા. વિસાવદર જી. જુનાગઢને આત્રેની કચેરીના તા ૧૮/૫/૨૦૦૦ ના વચગાળાના હુકમ ક્રમાંક ઉખસ-ફડચ/ખ-૪/૨૧૯/૨૦૦૦થી સદર મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ, જેને આથી ગુજરાત સહકારી મંડળીના કાયદાની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચો) કચેરીમાં એ ફડચાની કામગીરી આદેશની તારીખથી નિયત મુદતમા પૂર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૧૯ માહે જુન, સને ૨૦૦૦

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૦૭ની અને કલમ ૧૦૮ ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગરનો તા. ૩૦/૩/૯૧નો જાહેરનામા ક્રમાંક ધખ-૨૪૯૧-ડીડીસી/૧૧૮૮ ૫૨૦૪-જ.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ (૧) અન્વયે તારીખ ૧૮/૫/૨૦૦૦ નો વચગાળાનો હુકમ ક્રમાંક ઉખસ-ફડચ-ખ-૪/૨૨૭/૨૦૦૦.

અંતિમ આદેશ

જા. નં. ઉખસ-ફડચ/ખ-૪/૩૦૩/૨૦૦૦.— શ્રી અંબાળા તેલિ. ઉત્પાદક સહકારી મંડળી લી. અંબાળા તા. વિસાવદર જી. જુનાગઢને આત્રેની કચેરીના તા. ૧૮/૫/૨૦૦૦ ના વચગાળાના

INDEX

હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/ખ-૪/૨૨૭/૨૦૦૦ થી સદર મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ, જેને આથી ગુજરાત સહકારી મંડળીના કાયદાની કલમ ૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચો) કચેરીમાં એ ફડચાની કામગીરી આદેશની તારીખથી નિયત મુદતમા પૂર્ણ કરવાની રહેશે.

જુનાગઢ ૧૯ માહે જુન, સને ૨૦૦૦

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા કલમ ૧૦૮ ની જોગાવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ-સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય ગાંધીનગરનો તા. ૩૦/૩/૯૧નો જાહેરનામાં ક્રમાંક ધખ/૨૪૯૧/ડીડીસી/૧૧૮૮/૫૪૦૨-જ.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) અન્વયે તા ૨૬/૪/૨૦૦૦ ના વચગાળાનો હુકમક્રમાંક ઉખસ-ફડચ-ખ-૪/૨૯૩/૨૦૦૦.

અંતિમ આદેશ

જા. નં. ઉખસ/ફડચ/૧૨૧૧૬/ખ-૪/૪૪૬૪/૬૧૦. શ્રી બીજ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી મુ. બીજ તા. વેરાવળ જી. જુનાગઢ ને અત્રેની કચેરીના તા. ૨૬/૪/૨૦૦૦ ના વચગાળાના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/ખ-૪/૨૯૩/૨૦૦૦ થી સદર મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ, જેને આથી ગુજરાત સહકારી મંડળીનાકાયદાની કલમ-૧૦૭ (૩) (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામા લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારી શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત જીલ્લા રજીસ્ટ્રાર સ.મં. જુનાગઢ એ ફડચાની કામગીરી આદેશની તારીખથી નિયત મુદતમા પુર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૧૯ માહે જુન સને ૨૦૦૦

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ કલમ-૧૦૮ ની જોગાવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ. સચિવાલય, ગાંધીનગરનો તા. ૩૦/૩/૯૧નો જાહેરનામા ક્રમાંક/ધખ/૨૪૯૧/ડીડીસી/૧૧૮૮/૫૨૦૪-જ.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) અન્વયે તા. ૨૬/૪/૨૦૦૦નો વચગાળાનો હુકમ. ઉખસ-ફડચ/ખ-૪/૨૬૬/૨૦૦૦.

અંતિમ આદેશ

ક્રમાંક:સહ-૧-નધણ-મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જીલ્લા પંચાયત, અમરેલી આથી જાહેર કરે છે કે, શ્રી પીપળલગ જુથ ગ્રાહક સહકારી મંડળી સહકારી મંડળી લી. મુ. પીપળલગ તાલુકો અમરેલી જીલ્લો અમરેલીને સને ૧૯૬૧નાં ગુજરાત રાજયનાં સહકારી મંડળીઓનાં અધિનિયમ ની કલમ-૯ (૧) ૪ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે.

ક્રમાંક:સહ-૧-નધણ- મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જીલ્લા પંચાયત અમરેલી આથી જાહેર કરે છે કે, શ્રી ખીજડીયા રાદડીયા ફળ અને શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી. મુ. ખીજડીયા રાદડીયા તાલુકો અમરેલી જીલ્લો અમરેલીને સને ૧૯૬૧નાં

ગુજરાત રાજયના સહકારી મંડળીઓનાં અધિનિયમ ની કલમ ૯ (૧) ૪ અન્વયે આજ- રોજ નોંધવામાં આવે છે.

સહી (અવાચ્ય),
મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, પંચાયત
અમરેલી.

નંબર ભં/૪૮૬૯/૨૦૦૦-૨૦૦૧.—જીલ્લા પંચાયત-ભાવનગર આથી જાહેર કરે છે કે સુવિધા જુથ માલ વાપરનારાઓની સહકારી મંડળી લી. સ્થળ બુધેલ તાલુકો ભાવનગર જીલ્લો ભાવનગર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે, .

ભાવનગર, ૭ માહે જુન સને ૨૦૦૦.

ડી. જી. લાંબા,
મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જીલ્લા પંચાયત, ભાવનગર.

જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, દ્વારા

જા. નં. નધણ/ઘ-૪/૧૬૦/૨૦૦૦ આથી જાહેર કરે છે કે શ્રી બોટાદ ડાયમંડ ઉત્પાદક આદ્યોગિક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ બોટાદ તાલુકો બોટાદ જીલ્લો ભાવનગર ઠે. મોરારીનગર તુરખા રોડ.

INDEX

સને ૧૯૬૧ના ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે. નોંધણી નંબર ઉ-૫૫૬૭.

ભાવનગર, ૨૨ માહે જુન સને ૨૦૦૦.

સહી (અવાચ્ય),
મેનેજર (કે. વી. સી. આઈ.),
અને જીલ્લા રજીસ્ટ્રાર,
સરકારી મંડળીઓ (ઉદ્યોગ),
જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, ભાવનગર.

ક્રમાંકઃનધણ/૦૧/ધ-૧૯૩૧૨/૨૦૦૦/૩૩૫.—આથી જાહેર કરે કરે છે કે શ્રી ગાત્રાળ કો. ઓપ. હાઉસીંગ સો. લી. છાયા, મર્યાદિત સ્થળ છાયા, પોરબંદર તા. પોરબંદર જીલ્લો પોરબંદર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પોરબંદર, ૩૦ માહે મે સને ૨૦૦૦.

એમ. એસ. લોખંડે,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
પોરબંદર.

વંચાણે લીધા

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અને કલમ ૧૦૮ ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીનાં કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ. સચિવાલય, ગાંધીનગરનો તા. ૩૦/૩/૯૧ નો જાહેરનામા ક્રમાંક ધખ:૨૪૯૧/ડીસી/૧૧૮૮/૫૨૦૪-જ.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) અન્વયે તારીખ ૧૮/૫/૨૦૦૦ નો વચગાળાનો હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/ખ-૪/૨૨૬/૨૦૦૦.

અંતિમ આદેશ

જા. નં. ઉખસ/ફડચ/ખ-૪/૩૦૪/૨૦૦૦.— શ્રી બરડીયા તેલિ. ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. બરડીયા તા. વિસાવદર જી. જુનાગઢને અત્રેની કચેરીના તા. ૧૮/૫/૨૦૦૦ના વચગાળાના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/ખ-૪/૨૨૬/૨૦૦૦.— થી સદર મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ, જેને આથી ગુજરાત સહકારી મંડળીના કાયદાની કલમ ૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચો) કચેરીમાં એ ફડચાની કામગીરી આદેશની તારીખથી નિયત મુદતમા પૂર્ણ કરવાની રહેશે.

જુનાગઢ ૧૯ માહે જુન સને ૨૦૦૦

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ તથા કલમ ૧૦૮ ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગરનો તા. ૩૦/૩/૯૧નો જાહેરનામાં ક્રમાંક ધખ-૨૪૯૧-ડીસી/૧૧૮૮/૫૨૦૪-જ.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ (૧) અન્વયે તા. ૧૮/૫/૨૦૦૦ નો વચગાળાનો હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/ખ-૪/૨૬૧/૨૦૦૦.

અંતિમ આદેશ

જા. નં. ઉખસ/ફડચ/૧૨૧૩૨/ખ-૪/૩૦૭/૨૦૦૦.— શ્રી ખડપીપળી તેલિ. ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. ખડપીપળી તા. મેંદરડા જી. જુનાગઢને અત્રેની કચેરીના તા. ૧૮/૫/૨૦૦૦ ના વચગાળાના હુકમ ક્રમાંક ધખસ/ફડચ/ખ-૪/૨૬૧/૨૦૦૦ થી સદર મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ, જેને આથી ગુજરાત સહકારી મંડળીના કાયદાની કલમ ૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચો) લગત કચેરીમાં એ ફડચાની કામગીરી આદેશની તારીખથી નિયત મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

જુનાગઢ ૨૨ માહે જુન, સને ૨૦૦૦.

કૌશિક જે. જોષી,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, જુનાગઢ.

Printed at the Government Press, Rajkot
Complaints about Gazette must be made within a fortnight from the date of this Publication accompanied by the Wrapper.

INDEX

20-2-2001

REGISTERED No. GRJ. 24

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XLII] THURSDAY, 22nd FEBRUARY, 2001 / PHALGUNA 3, 1922 [No. 8

Separate paging is given to each part of the Supplement to the Central Gazette. and Central Section in order that it may be filed as a separate compilation.

PART-I

	Pages
PART-I Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc.	
Miscellaneous Notification Appointments etc. ..	61—68
PART-I-A Ordere an Notifications (Other than those published in Part IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts	..Nil
Part-I-B (Supplement) Government Notifications Published under Land Acquisition Act only	
Supplement	47—52
PART-II Miscellaneous Notices, Advertisements, List of Books Sanctioned by the Director of Education, List of Jurors, Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths. etc. ..	119—136
PART-III Miscellaneous Supplements Season and Crop Reports Prices, Current Rainfalls Returns District Local Boards Accounts etc.	..Nil

INDEX

Government Notifications, Orders, Appointments, etc.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION NOTIFICATIONS

Miscellaneous Notifications Appointments etc.

જિલ્લા મેજીસ્ટ્રેટ, દ્વારા

ફોજદારી કાર્યરીતી અધિનિયમ—૧૯૭૩ની કલમ ૧૪૪ હેઠળ હુકમ.

નં. મજસ-આ. રાં. તા. જી./પં/સા. ચું./૨૦૦૦/(૧૦).-સુરેન્દ્રનગર જીલ્લા પંચાયત મતદાર વિભાગની તથા જિલ્લામાં સમાવિષ્ટ બધીજ તાલુકા પંચાયતોના તાલુકા મતદાર વિભાગોની સામાન્ય ચુંટણીઓ માહે સપ્ટેમ્બર ૨૦૦૦ ના માસમાં યોજાનાર છે. ગુજરાત રાજ્ય ચુંટણી પંચના તા. ૨૫/૪/૯૫ના આદેશથી થઈ આવેલ સુચના અનુસાર કોઈપણ ખાનગી કે જાહેર મિલ્કતો જેવી કે રસ્તાઓની દિશા સુચવતા પાટીયા હાઈવે પરના માઈલ સ્ટોન અને બોર્ડ બસ સ્ટેશન ઉપરના બોર્ડ રેલ્વે લેવલ ક્રોસીંગ ઉપરના ચેતવણી આપતા બોર્ડ ટેલીફોન ઈલેક્ટ્રીકના થાંભલાઓ નગરપાલીકાઓ અને પંચાયત જેવી સ્થાનિક સંસ્થાઓ સહકારી મંડળીઓના મકાનો, રાજ્ય, કેન્દ્ર સરકારની કચેરીના મકાનો જાહેર માર્ગો અને ખાનગી માલીકીના મકાનો ઉપર કોઈપણ રાજકીય પક્ષ સંસ્થા ચુટણીના ઉમેદવાર કે તેમના કાર્યકર કે સમર્થક કે સહાનુભૂતિ રાખનાર કે અન્ય કોઈ વ્યકિતઓ જાહેરાત પ્રચાર કરતા પોસ્ટર સુત્રો બેનરો પડદા તેમજ ચુંટણીનો પ્રચાર કરતા લખાણો કરે તે ઉપર વર્ણન કરેલ મિલ્કતો ના માલીક ની લેખીત પુર્વ મંજુરી રેળવ્યા સિવાય લગાવતા હોય છે. તેના ઉપર પ્રતિબંધ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું એસ. પી. શાહ, જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો સુરેન્દ્રનગર ફોજદારી કાર્યરતી અધિનિયમ ૧૯૭૩ની કલમ—૧૪૪ થી મને મળેલ અધિકારની રૂએ નીચે પ્રમાણે ફરમાવું છું.

(૧) ભારતના ચુંટણી પંચના આદેશ મુજબ નકકી થયેલ આચાર સંહિતા અન્વયે કોઈપણ રાજકીય પક્ષ કે ચુંટણીના ઉમેદવારો સાથે સીધી કે આડકતરી રીતે સંકળાયેલ અન્ય કોઈ વ્યકિતઓ એ ઉપર જણાવેલ જાહેર કે ખાનગી મીલકતો ઉપર અન્ય પ્રચાર અંગે પોસ્ટરો કે પરદા, બેનરો, કટ આઉટ પુતળા કે અન્ય ચુંટણી પ્રચારના લખાણો કરી મિલ્કતો ને બગાડવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૨) મિલ્કતના માલીકની લેખીતમાં પુર્વ મંજુરી વગર ઉપર જણાવેલ પ્રકારવાળી મિલ્કતોને બગાડવામાં આવશે કે નુકશાન પહોંચાડવામાં આવશે તો તેની સામે ફોજદારી રાહે કામ ચલાવવામાં આવશે તેમજ જાહેર કે ખાનગી મિલ્કતોને બગાડવામાં આવશે તો બગાડ કરનારના ખર્ચે તે સુધારી તમામ ખર્ચ વસુલ કરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમ સુરેન્દ્રનગરની તમામ તાલુકા જિલ્લા પંચાયતોની સામાન્ય ચુંટણી પ્રકિયા પુર્ણ થાય ત્યાં સુધી એટલે કે તા. ૨૬/૯/૨૦૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહીતાની કલમ ૧૭૧—એચ-તથા ૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ રોજ તા. ૧૮ માહે સપ્ટેમ્બર સને ૨૦૦૦ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે હુકમ બહાર પાડવામાં આવ્યો.

સુરેન્દ્રનગર, ૧૮ માહે સપ્ટેમ્બર સને ૨૦૦૦.

પી. એસ. શાહ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નં. ડીએમ/૧/ફા/૩૧૨/(૧)/૨૦૦૦—. ભાવનગર શહેરને પાણી પુરૂ પાડવા માટેના ઈ. એસ. આર. પૈકી દિલબહાર ઈ. એસ. આર. (વાઘાવાડી રોડ) પરથી શહેરના દક્ષિણ વિસ્તારમાં પાણી પુરૂ પાડવામાં આવે છે. ઉપરોકત વિસ્તાર પૈકીની કેટલીક સોસાયટીઓના અપુરતા નેટવર્કને લીધે ઘણા વિસ્તારોમાં પાણી અપુરતુ કે નહી આવવાની ઘટના બનતી હોય છે. તેથી નંદનવન, અયોધ્યાનગર તેમજ ઓશીયન પાર્ક વિગેરે સોસાયટીના રહેવાસીઓ મોટા ટોળા સ્વરૂપે દિલબહાર ટાંકી ઉપર આવી ફરજ પરના કર્મચારીઓને ધાકધમકી આપી, કાયદો હાથમાં લઈ, ટાંકીના વાલ્વ ખોલી નાંખીને બળજબરીપુર્વક પાણીનો પુરવઠો લેવાના પ્રયાસો કરે છે. આ સંજોગોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે જાહેર હીતમાં ઝડપી ઉપાય યોજવાનુ ઉચિત જણાતા હું એ. ડી. કટારા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જીલ્લો ભાવનગર, આથી ફરમાવું છું કે, ભાવનગર શહેરના વાઘાવાડીરોડ ઉપર આવેલ દિલબહાર ટાંકી અને તેની આજુબાજુના ૧૦૦ મીટર સુધીના વિસ્તારામા ચાર કે તેથ વધુ માણસોએ એકઠા થવું નહી.

આ જાહેરનામા /હુકમનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ ના ૪૫માં અધિનિયમ) ની કલમ-૧૮૮ મુજબ સજા થઈ શકે છે.

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલ ચોટાડીને વર્તમાનપત્રો મારફત તેની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આ જાહેરનામું તા. ૧૫—૯—૨૦૦૦ થી તા. ૧૦—૧૧—૨૦૦૦ સુધી અમલમાં રહેશે.

આજ તા. ૧૧—૯—૨૦૦૦ ના રોજ મારી સહી સિક્કો કરીને સદરહુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવ્યુ.

ભાવનગર, ૧૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૦.

નં. ડી. એમ/૧/ફા./૩૧૨(૨) ૨૦૦૦.— ભાવનગર શહેરમાં ચાલુ વર્ષે ૧૯૯૯નાં વર્ષાઋતુ દરમ્યાન સામાન્ય કરતા સરેરાશ ૫૦% જેટલોજ વરસાદ પડેલ છે. તા. ૨૨-૧૨-૯૯થી ગુજરાત સરકારે સમગ્ર ભાવનગર જીલ્લાને અછત અને અર્ધ અછત-

INDEX

ગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરેલ છે. હાલમાં જીલ્લના જળાશયોમાં નહીવત પાણી છે. અને તે આવનાર ઉનાળા સુધી પીવા માટે રીઝર્વ રાખવમાં આવેલ છે. આવનાર દિવસોમાં ઉનાળાની સીઝન દરમ્યાન જળાશયોના પાણી સમાપ્ત થઈ જશે અને ભુગર્ભ આધારીત પાણીના સોર્સ સિવાય અન્ય કોઈ રીતે પીવાના પાણી ઉપલબ્ધ થવાની શકયતા જણાતી નથી.

ભાવનગર જિલ્લામાં આ વર્ષે ઓછા વરસાદના કારણે ભાવનગર શહેરને પુરા પાડવામાં આવતા પાણીની તંગી પ્રવર્તે છે પરીણામે અઠવાડીયામાં બે દિવસ પાણીનો કાપ અમલમાં છે. આવા સંજોગોમાં ધ્યાન ઉપર આવ્યા મુજબ મહાનગર પાલિકાની પાણીની લાઈનોમાંથી વ્યાપક પ્રમાણમાં અનઅધિકૃત જોડાણો કરી કે મંજુરી વગરના મોટરો મુકી લોકો દ્વારા પાણીના જથ્થો અનઅધિકૃત રીતે મેળવવામાં આવે છે. પરીણામે ઘણા વિસ્તારોમાં કાયદેસરના કનેકશન ધારકોને પાણી અપુરતું મળે છે. અથવા તો બિલકુલ મળતું નથી. પાણી એજીવનની તેમજ પાયાની તેમજ પ્રાથમીક જરૂરીયાત હોયને લોકોને પાણીનો જથ્થો ન મળે તો ભવિષ્યમાં કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉભા થવાની પુરેપુરી શકયતાઓ રહે તેમ છે.

ઉપરોકત સંજોગોમાં અને જાહેર હીતમાં ભાવનગર મહાનગરપાલિકાની પાણીની લાઈનો સાથે કોઈ અનઅધિકૃત જોડાણો કરે નહી તેમજ અનઅધિકૃત રીતે મોટર મુકી વધારાનો પાણીનો જથ્થો મેળવે નહી તે માટે નિયંત્રણ મુકવું જરૂરી જણાય છે.

સબબ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ ૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ હું એ. ડી. કટારા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો ભાવનગર આથી ફરમાવું છું કે, સમગ્ર ભાવનગર શહેરમાં આવેલ મહાનગર પાલીકાની સમગ્ર વિસ્તારની પાણીની લાઈનો સાથે કોઈપણ ઈસમોએ અનઅધિકૃત રીતે જોડાણ કરીને પાણી લેવુ નહી તેમજ અનઅધિકૃત રીતે મોટરો મુકી વધારાનો જથ્થો મેળવવો નહી.

આ જાહેરનામું તા. ૧૫/૯/૨૦૦૦ થી તા. ૧૦-૧૧-૨૦૦૦ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામા/હૂકમનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમન)ની કલમ ૧૮૮ મુજબ સજા થઈ શકે છે.

સદરહું જાહેરનામાની વર્તમાનપત્રો મારફત બહોસી પ્રસિધ્ધિ કરવી.

આજ તા. ૧૧-૯-૨૦૦૦ના રોજ મારી સહી સિકકો કરીને સદરહું જાહેરનામું પ્રસિધ્ધે કરવામાં આવ્યું.

ભાવનગર, ૧૧ માહે સપ્ટેમ્બર સને ૨૦૦૦.

જાહેરનામું

નં. ડીએમ/૧-/ફો.૩૧૨(૪)/૨૦૦૦.— ભાવનગર જિલ્લામાં ચાલુ વર્ષે વરસાદ ઋતુ દરમ્યાન સામાન્ય કરતાં સરેરાશ ૫૦% જેટલોજ વરસાદ પડેલ છે. તા. ૨૨-૧૨-૯૯થી ગુજરાત સરકારે સમગ્ર ભાવનગર જીલ્લાને અછત અને અર્ધ અછતગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરેલ છે. હાલમાં જીલ્લાના જળાશયોમાં નહીવત પાણી છે. અને તે પણ આવનાર ઉનાળા સુધી પીવા માટે રીઝર્વ રાખવામાં આવેલ છે. આવનાર દિવસોમાં ઉનાળાની સીઝન દરમ્યાન જળાશયોના પાણી પણ સમાપ્ત થઈ જશે અને ભુગર્ભ આધારીત પાણીના સોર્સ સિવાય જીલ્લામાં અન્ય કોઈ રીતે પીવાના પાણી ઉપલબ્ધ થવાની શકયતા જણાતી નથી.

જીલ્લાની અંદર ભુગર્ભમાથી પાણી કાઢવા માટેના ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારોમાં ખુબ જ મોટી સંખ્યામાં ૪", ૬" અને ૮" ના પીવાના પાણી માટે તેમજ ખેતી માટેના બોર આવેલ છે. પરંતુ જેમ જેમ પાણીની સપાટી નીચે ઉતરતી જાય છે તેમ ઉપરોકત હયાત બોર પણ બંધ થતા જાય છે. કે પાણીની ગુણવતા નબળી થતી જાય છે. અને તે પાણી પીવા લાયક રહેતા નથી અને લોકો દ્વારા પીવાના તેમજ ખેતીના હેતુ માટે મોટા પાયે નવા બોર કરવાની પ્રવૃતિ હાથ ધરાયેલ હોવાનું અત્રેની જાણમાં આવેલ છે. આ સર્વવિદિત છે કે ખેતી માટે મોટા પાયે પાણીના જથ્થાની જરૂરીયાત રહે છે. જો ખેતી માટે ભુગર્ભજળનો જથ્થો વાપરી કાઢવામાં આવે તો ઉનાળા દરમ્યાન જિલ્લાના મોટા ભાગના વિસ્તારોમાં ભુગર્ભમાંથી પીવાલાયક પાણી નો જથ્થો મેળવવું પણ મુશ્કેલ બનશે. તેમજ માનવી અને પશુઓની જીવન નિભાવવા અને જાળવવા માટે પણ પાણીનો કોઈપણ સ્ત્રોત ઉપલબ્ધ થશે નહી.

ઉપરોકત સંજોગોમાં અને જાહેર હિતમાં સમગ્ર ભાવનગર જીલ્લામાં ખેતી તથા ઉદ્યોગના ઉપયોગ માટે નવા બોર ગાળવાની પ્રવૃતિ ઉપર નિયંત્રણ મુકવું ખુબ જ જરૂરી જણાય છે.

સબબ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ ૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ હું એ. ડી. કટારા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો ભાવનગર આથી ફરમાવું છું કે, સમગ્ર ભાવનગર જીલ્લામાં બોરવેલ પંપવાળા ઈસમોએ ખેતી અને ઉદ્યોગના ઉપયોગ માટે નવા બોર કરવા નહી તેમજ ખેડૂતો અને ઉદ્યોગના માલિકોએ ખેતી અને ઉદ્યોગના ઉપયોગ માટે નવા બોર અત્રેની પુર્વ મંજુરી વગર કરાવવા નહી.

આ જાહેરનામું તા. ૧૫/૯/૨૦૦૦થી તા. ૧૦-૧૧-૨૦૦૦ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામા/હૂકમનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ)ની કલમ ૧૮૮ મુજબ સજા થઈ શકે છે.

સદરહું જાહેરનામાની વર્તમાનપત્રો મારફત બહોળી પ્રસિધ્ધિ કરવી.

ભાવનગર, ૧૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૦.

જાહેરનામું

નં. ડીએમ/૧ ફો./૩૧૨/(૬)/૨૦૦૦.— ભાવનગર શહેર તથા જીલ્લામાં પ્રવર્તતી પીવાના પાણીની તંગીને લક્ષમાં લેતા તાજેતરમાં બનાવાયેલ ચેકડેમો તથા ગામ તળાવોમાં પાણીનો અનઅધિકૃત રીતે પાણીનો રીતે માથાભારે તત્વો દ્વારા બગાડ કે ઉદવહન સિચાઈ થાય નહી તે માટે ઝડપી ઉપાય યોજવાનું જરૂરી જણાંતા હું એ. ડી. કટારા જી. એ. એસ. અધિક જિલ્લા-મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો ભાવનગર ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ (સને ૧૯૭૪નો બીજો) ની કલમ ૧૪૪ હેઠળ મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, ભાવનગર શહેર જીલ્લામાં આવેલ ગામ તળાવ તથા ચેકડેમોમાંથી કોઈએ પરવાનગી વગર પાણી લઈ જવું નહી આ ગામ તળાવો ચેકડેમોમાંથી

૧૦૦૦ મીટર સુધીના વિસ્તારમાં નવા કુવાઓ ગાળવા નહી તે માટે જમીન ફાળવવી નહી તેમજ નવા કોઇ બોર કરવા નહી અને તે માટે વીજળી જોડાણો આપવા નહી.

આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ)ની કલમ ૧૮૮ મુજબ સજા થઇ શકશે.

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ સદરહું જાહેરનામાની નકલો ચોંટાડીને અને વર્તમાનપત્રો મારફત તેની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આ જાહેરનામું તા. ૧૫/૯/૨૦૦૦ થી તા. ૧૦-૧૧-૨૦૦૦ સુધી અમલમાં રહેશે.

આજ તા. ૧૧ માહે સપ્ટેમ્બર ૨૦૦૦ના રોજ મારી સહી તથા સીકકો કરીને સદરહું જાહેરનામું પ્રસિદધ કરવામાં આવ્યું.

ભાવનગર, ૧૧ માહે સપ્ટેમ્બર સને ૨૦૦૦.

જાહેરનામું

નં. ડીએમ/૧. ફા./૩૧૨/૨૦૦૦.— ભાવનગર શહેર/જીલ્લામાં પ્રવર્તતી પાણીની તંગીને લક્ષમા લેતાં તેમજ જીલ્લાના જળાશયો માં સંગ્રહાયેલ પાણીનો જથ્થો અપુરતો હોઇ તેમાં અનઅધિકૃત રીતે માથાભારે તત્વો દ્વારા બગાડ કે ઉદવહન સિચાઈ થાય નહી તે જરૂરી છે કેમ કે પાણીના ગેરકાયદેસર રીતે ઉપાડ કે બગાડ થવાથી તેની સીધી અસર પીવાના પાણીના પુરવઠા ઉપર પડે છે. તેથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ (સને ૧૯૭૪નો ૨જો) ની કલમ ૧૪૪ મુજબ પગલાં લેવા ઝડપી ઉપાય કે યોજવા પુરતું કારણ હોઇ હું એ. ડી. કટારા, જી. એ. એસ. અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ ભાવનગર જિલ્લો ભાવનગર સદરહું અધિનિયમની કલમ ૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, શેત્રુંજી, રોજકી, માલણ, રંઘોળા, કાળુભાર ઘેલો, (સોમનાથ), ઘેલો ઇતરીયા, માલગઢ, બગડ, ખોડીયાર, લીબાળી, ખારો, રજાવળ, લાખણકા, હમીપરા, માલપરા, તથા હણોલ, જળાશયો અને તેની ઉપરવાસમાં પાણીની મહત્તમ પુર્ણ સપાટીથી ૨૦૦ મીટર સુધી અને તેના હેઠવાસમાં ૫૦૦ મીટર સુધીની હદમાંથી તા. ૧૫/૯/૨૦૦૦ થી તા. ૧૦-૧૧-૨૦૦૦ સુધી અત્રેથી અધિકૃતી મેળવ્યા સિવાય કોઇએ કોઇપણ રીતે પાણી લઇ જવું નહી તેમજ સુખભાદર ડેમના હેઠવાસમાં ૫૦૦ મીટર સુધીની હદમાંથી અત્રેથી અધિકૃતી મેળવ્યા સિવાય કોઇએ કોઇપણ રીતે પાણી લઇ જવું નહી.

સદરહું જાહેરનામાનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૯૬૦ના ૪૫માં અધિનયમ)ની કલમ ૧૮૮ મુજબ સજા થઇ શકશે.

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ સદરહું જાહેરનામાની નકલો ચોટાડીને અને સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધિ કરાવવી.

આ જાહેરનામું તા. ૧૦-૧૧-૨૦૦૦ સુધી અમલમાં રહેશે.

આજ તા. ૧૧-૯-૨૦૦૦ના રોજ મારી સહી સીકકો કરીને જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

ભાવનગર, ૧૧ માહે સપ્ટેમ્બર સને ૨૦૦૦.

એ. ડી. કટારા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૩૭(૧) હેઠળનું

જાહેરનામું

ક્રમાંક : ડીઇએન/ડીસીએચ/૪૭૧૧ થી ૪૮૧૦.—આગામી સંવત્સરીના તહેવાર તથા જામનગર મહાનગરપાલીકાની સામાન્ય ચુંટણી-૨૦૦૦ તેમજ જીલ્લા તાલુકા પંચાયતની સામાન્ય ચુંટણી ૨૦૦૦ ને લક્ષમાં લેતા જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઇ અનિચ્છનીય બનાવ બનવા પામે નહીં તેની તકેદારી માટે મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭(૧) તળે સમગ્ર જીલ્લામાં હથીયારબંધી ફરમાવતુ જાહેરનામુ બહાર પાડવા જીલ્લા પોલીસ અધિકારીશ્રી તરફથી દરખાસ્ત મળેલ છે. સદરહુ દરખાસ્ત મને વ્યાજબી જણાય છે. તેથી હું મુકેશ એ. પંડયા અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, જામનગર મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) તળે મને મળેલ સતાની રૂએ ફરમાવું છું કે નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ વિસ્તારામાં તા. ૩૦/૮/૨૦૦૦ ના કલાક ૦૧-૦૦ થી તા. ૨૮/૯/૨૦૦૦ના રોજ ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સહિત) કોઇએ -

(૧) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, લાકડી, અથવા લાઠી, અથવા શારીરિક ઈજા પહોંચાડી શકે તેવું કોઈપણ સાધન લઇ જવું નહિ.

(૨) કોઈપણ ક્ષયકારી અથવા સ્ફોટક દારૂગોળો વિગેરે પદાર્થો લઇ જવા નહી.

(૩) પત્થરો, અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા વસ્તુ ફેંકવા ધકેલવાના યંત્રો સાથે લઇ જવા નહી.

(૪) મનુષ્ય અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી કે બાળવા નહી.

(૫) જાપ્ત્તાનો કરવાના અથવા જાહેર કરવાના ઇરાદાથી જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવા નહીં, ગીતો ગાવા નહીં, અને ટોળામાં ફરકવું નહી.

પરિશિષ્ટ

"જામનગર જિલ્લાનો સમગ્ર વિસ્તાર"

આ જાહેરનામું નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પરના અધિકારીઓ કે કર્મચારીઓ કે હોમગાર્ડઝ, ગ્રામ રક્ષક દળના સભ્યો કે જેમને ઉપરોકત ફરજ નિમિતે હથીયાર રાખવાની આવશ્યકતા હોય તેને તેમજ સરકારી અધિકારી કર્મચારી, હથીયાર ધરાવતો હોઇ તેને.

(૨) જેઓને શારીરિક અશકિતના કારણે લાઠી રાખવાની પરવાનગી આપેલ હોઇ તેને.

(૩) પોલીસ સબ-ઈન્સ્પેકટરશ્રીથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને.

(૪) પોતાના લગ્ન પ્રસંગે તલવાર રાખેલ વરરાજાને.

(૫) યજ્ઞોપવિત આપાતું હોઇ તેવા બાળવાઓને દંડ રાખેલ હોઇ તેને.

(૬) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી મેળવેલ શખ્સને.

(૭) કિરપાણ રાખેલ શીખને.

INDEX

આ જાહેરનામાના કોઈપણ ખંડનું ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછા-૪ (ચાર) મહીનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થશે. અને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૫(૧) મુજબ દંડની સજા થશે.

આ જાહેરનામાની પ્રસિધ્ધિ નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં જીલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તેઓએ અધિકૃત કરેલ અધિકારીશ્રીઓએ સહેલાઈથી દેખાઈ આવે તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડી લાઉડ સ્પીકર મારફત જાહેરાત કરીને તેમજ સ્થાનિક વર્તમાન પત્રો દ્વારા તેની જાહેરાત કરીને આ જાહેરનામું પ્રસિધ્ધ કરવું.

આજ તા. ૨૯ માહે ઓગષ્ટ ૨૦૦૦ના રોજ મારી સહી તથા કચેરીની મહોર મારી બહાર પાડયું.

જામનગર, ૨૯ માહે જુલાઈ સને ૨૦૦૦.

એમ. એ. પંડયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જામનગર

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા
મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળ
જાહેરનામું

ક્રમાંક/ડીએમ/ડીસીએચ/૫૧૬૧ થી ૫૩૦૦ જામનગર મહાનગરપાલીકામા સામાન્ય ચુંટણીઓ માટેનું મતદાન તા. ૧૭/૯/૨૦૦૦ ના રોજ યોજાનાર છે. મતદાનના દિવસે મતદાન મથક આજુબાજુ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને મતદારો શાંતિપુર્વક મતદાન કરી શકે તે માટે ચારથી વધુ વ્યક્તિઓને મતદાન મથકથી ૧૦૦ મીટરની ત્રિજ્યામાં એકઠા થવા ઉપર પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામું બહાર પાડવાનુ મને જરૂરી જણાય છે.

જામનગર મહાનગરપાલીકા સામાન્ય ચુંટણીઓના મતદાનના દિવસે મતદાન શાંતિપુર્વક રીતે યોજાય તથા મતદાન મથકો આજુબાજુ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે માટે હુ ગિરિશચંદ્ર મુર્મુ આઈ. એ. એસ. જીલ્લા મેજીસ્ટ્રેટ, જામનગર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૩૭ (૩) હેઠળ મને મળેલ સતાની રૂઈએ ફરમાવું છું કે

જામનગર મહાનગર પાલિકા સામાન્ય ચુંટણીઓ માટે નકકી કરવામા આવેલ મતદાન મથકોથી ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારામા ૧૭/૯/૨૦૦૦ ના સવારના ૭-૦૦ થી સાંજના ૧૮/૦૦ કલાક સુધી ચાર કરતાં વધારે વ્યક્તિઓની મંડળી કોઈએ ભરવી નહીં કે બોલાવવી નહીં કે સરઘસ કાઢવું નહી અને એકઠા થવું નહી.

વધુમાં આદેશ કરૂં છું કે આ જાહેરનામુ નીચેનાઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીમા અથવા તેમની ફરજની રૂઈએ રોજગારીમા હોય તેવી વ્યક્તિઓને.

(૨) ફરજ ઉપર હોય તેવા બિન પોલીસ દળો જેવા કે ગૃહ રક્ષક દળ ગ્રામ રક્ષક દળ, જી.આઈ. એસ. એફ. ફોરેસ્ટ કસ્ટમ, સેન્ટ્રલ એકસાઈઝ એન. સી. સી. વિગેરે કે જેને ખાસ પોલીસ અધિકારીના અધિકારી એનાયત થયેલ હોય તેવી વ્યક્તિઓને.

(૩) લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાન યાત્રાને.

(૫) જામનગર મહાનગરપાલીકા ચુંટણી માટે મતદાર યાદીમાં નોંધાયેલ માન્ય મતદારોની મતદાન સમયેની હરોળ (ક્યુને)

(૬) જીલ્લા પોલીસ અધિકારીશ્રી, અથવા તેમણે અધિકૃત કરેલ અધિકારીશ્રીએ અને શહેર ચુંટણી અધિકારીશ્રી, અગર તો નાયબ જીલ્લા ચુંટણી અધિકારીશ્રી તેમજ સદરહુ ચુંટણી માટેના ચુંટણી અધિકારીશ્રી અગર મદદનીશ

ચુંટણી અધિકારીશ્રીએ અધિકૃત કરેલ વ્યક્તિઓને

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૩) હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

વિશેષમાં ફરમાવું છું કે ઉપર જણાવેલા વિસ્તારમા જાહેરનામું સહેલાઈથી જોઈ શકાય તેવી રીતે નકલ ચોટાડીને પ્રસિધ્ધ કરવા જીલ્લા પોલીસ અધિકારીશ્રીએ કાર્યવાહી કરવી.

આજ તા. ૧૩ માહે સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર મારી બહાર પાડ્યુ.

જામનગર, ૧૩ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૦

ગિરીશચંદ્ર મુર્મુ,
જીલ્લા મેજીસ્ટ્રેટ,
જામનગર.

અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા
૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧)(બી) હેઠળ

જાહેરનામું

નં. એમએજી-સી-૩૮-જિલ્લા પોલીસ અધિકારીશ્રી, પોરબંદર ના પત્રાંક એસબી - ૧/૩૦૪૨/૬૮૦૫/૨૦૦૦તા. ૨-૮-૨૦૦૦ અન્વયે પોરબંદર જિલ્લા પોલીસદળનાં કમાન્ડોની તાલીમ પામેલ પોલીસ કર્મચારીઓના ફાયરીંગ પ્રેકટીશ માટે પોરબંદરના ઓડદર ગામ જતા રસ્તા નજીક દરિયા કિનારાના ફાયરીંગ બટ પર તા. ૭-૮-૨૦૦૦થી તા. ૧૧-૮-૨૦૦૦ સુધી સમય સવારનાં ૭-૦૦ કલાકથી સાંજના ૧૯-૦૦ કલાક વચ્ચેના સમય સુધીમાં ફાયરીંગ પ્રેકટીસ લેવાનું નકકી થતાં અહિંને ફાયરીંગ એરીયા કલીયર રખાવવા જણાવેલ છે.

સબબ ઉપરોકત ફાયરીંગ દરમ્યાન ઉપરોકત વિસ્તાર અને દરિયામાં પાંચ કી.મી વિસ્તારમાં માછીમારો તથા અન્ય લોકો તથા વાહનોની અવર જવર ભયજનક ગણાતા હું કે. સી. સંપટ, જી. એ. એસ. અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદરને ૧૯૫૧નાં મુંબઈ પોલસ અધિનિયમની કલમ-૩૩(૧) (બી) હેઠળ મને મળેલ સતાની રૂએ તા. ૭-૮-૨૦૦૦થી તા. ૧૧-૮-૨૦૦૦ સુધી સવારનાં ૭-૦૦ કલાકથી સાંજના ૧૯-૦૦ કલાક સુધી પોરબંદરના ઓડદર ગામ જતા રસ્તા નજીક દરિયા કિનારાના ફાયરીંગ બટના વિસ્તારમાં પૂર્વે ભાગે ૧-ફર્લાંગ પશ્ચિમ ભાગે ૧ ફર્લાંગ ઉતરભાગે-૩ ફર્લાંગ અને દક્ષિણ ભાગે ૧ ફર્લાંગ વિતસ્રમાં રાહદારીઓને તેમજ વાહનો માટે ઉપરોકત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનોભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યક્તિ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ- ૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરે છે.

INDEX

આ જાહેરનામું આજરોજ તા. ૩ ૯-૨૦૦૦ ના રોજ સહી કરી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

કે. સી. સંપટ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
પોરબંદર

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

બીન વારસી કેસ નં. ૫/૨૦૦૦ આથી સર્વે લોકોને જાણ કરવામાં આવે છે કે શ્રી પી. એસ. આઇ. ગોંડલ તાલુકાના જાવક નં. ૪૬૧૦ તા. ૧૧/૯/૨૦૦૦ થી નીચે જણાવેલ મુદામાલ બિનવારસી હોવાથી અને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ એક્ટની કલમ-૮૩ બે(૨) અન્વયે નિકાલ થવા આ કચેરીને મોકલેલ છે. જેથી સદરહુ એક્ટની કલમ-૮૫ (૧) અન્વયે જાહેર કરવામાં આવે છે કે નીચે જણાવેલ મુદામાલ મિલ્કતનો જે કોઈ શખ્સ તેના માલીક હોવાનો દાવો ધરાવાતા હોય તો તેણે આ જાહેરનામાની તારીખથી માસ (છ) માસ અંદર પુરાવા સહીત આ કચેરીએ અમારા રૂબરૂ હાજર થવું સદરહુ મુદત દરમિયાન જો કોઈ પણ માલીક હાજર થશે નહી તો સદરહુ ધારાની કલમ-૮૭ અન્વયે આ માલની માલીકી અંગે પુરાવા તપાસ કરી યોગ્ય નિકાલ કરવામાં આવશે જેની નોંધ લેવી.

અ. નં.	મુદામાલની વિગત.	તેની અંદાજીત કિંમત
(૧)	હીરો હોન્ડા મોટર સાઈકલ કાળા કલરનું સી.ડી.-૧૦૦ નંબર જી.બી.પી.૩૮૧૯ છે તે એક	૫૦૦૦/

ગોંડલ, ૧૨ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૦.

ચી. એન. વેકરીયા,
એક્ઝીક્યુટી મેજીસ્ટ્રેટ,
ગોંડલ તાલુકો, ગોંડલ,

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :—

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા કલમ-૧૦૮ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગરનો તા. ૩૦-૦૩-૯૧નો જાહેરનામા ક્રમાંક: ધખ/૨૪૯૧/ડીડીસી/૧૧૮૮/૫૨૦૪-જ.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) અન્વયે તારીખ ૧૮/૫/૨૦૦૦નો વચગાળાનો હુકમ ક્રમાંક: ઉખસ/ફડચ/ખ-૪/૨૫૩/૨૦૦૦.

અંતિમ આદેશ

જા. નં. ઉખસ/ફડચ/ખ-૪/૩૩૮/૨૦૦૦—શ્રી ગાભા તેલિ. ઉત્પા. સહકારી મંડળી લી. મુ. ગાભા તા. તાલાળા જી. જુનાગઢને અત્રેની કચેરીના તારીખ ૧૮/૫/૨૦૦૦ના વચગાળાના હુકમ ક્રમાંક: ઉખસ/ફડચ/ખ-૪/૨૫૩/૨૦૦૦થી સદર મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ, જેને આથી ગુજરાત સહકારી મંડળીના કાયદાની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચો) લગત કચેરીમાંએ ફડચાની કામગીરી આદેશની તારીખથી નિયત મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૨૨ માહે જુન સને ૨૦૦૦.

વંચાણે લીધા :—

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા કલમ-૧૦૮ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગરનો તા. ૩૦-૦૩-૯૧નો જાહેરનામા ક્રમાંક:ધખ/૨૪૯૧/ડીડીસી/૧૧૮૮/૫૨૦૪-જ.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) અન્વયે તારીખ ૧૮/૫/૨૦૦૦નો વચગાળાનો હુકમ ક્રમાંક: ઉખસ/ફડચ/ખ-૪/૨૫૯/૨૦૦૦.

અંતિમ આદેશ

જા. નં. ઉખસ/ફડચ/ખ-૪/૩૪૩/૨૦૦૦—શ્રીવાડલા તેલિ. ઉત્પા. સહકારી મંડળી લી. મુ. વાડલા તા. તાલાળા જી. જુનાગઢને અત્રેની કચેરીના તારીખ ૧૮/૫/૨૦૦૦ના વચગાળના હુકમ ક્રમાંક: ઉખસ/ફડચ/ખ-૪/૨૫૯/૨૦૦૦થી સદર મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ, જેને આથી ગુજરાત સહકારી મંડળીના કાયદાની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચો) કચેરીમાંએ ફડચાની કામગીરી આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૨૨ માહે જુન સને ૨૦૦૦.

વંચાણે લીધા :—

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા કલમ-૧૦૮ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગરનો તા. ૩૦-૦૩-૯૧નો જાહેરનામા ક્રમાંક: ધખ/૨૪૯૧/ડીડીસી/૧૧૮૮/૫૨૦૪-જ.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) અન્વયે તારીખ ૧૮/૫/૨૦૦૦નો વચગાળાનો હુકમ ક્રમાંક: ઉખસ/ફડચ/ખ-૪/૨૬૦/૨૦૦૦.

અંતિમ આદેશ

જા. નં. ઉખસ/ફડચ/ખ-૪/૩૪૪/૨૦૦૦—શ્રી ઉમરવાવ તેલિ. ઉત્પા. સહકારી મંડળી લી. મુ. ઉમરવાવ તા. તાલાળા જી. જુનાગઢને અત્રેની કચેરીના તારીખ ૧૮/૫/૨૦૦૦ના વચગાળાના હુકમ ક્રમાંક: ઉખસ/ફડચ/ખ-૪/૨૬૦/૨૦૦૦થી સદર મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ, જેને આથી ગુજરાત સહકારી મંડળીના કાયદાની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચો) લગત કચેરીમાંએ ફડચાની કામગીરી આદેશની તારીખથી નિયત મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૨૨ માહે જુન સને ૨૦૦૦.

INDEX

વંચાણે લીધા :–

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા કલમ-૧૦૮ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગરનો તા. ૩૦-૦૩-૯૧નો જાહેરનામા ક્રમાંકઃ ધખ/૨૪૯૧/ડીડીસી/૧૧૮૮/પ૨૦૪-જ.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) અન્વયે તારીખ ૧૮/૫/૨૦૦૦નો વચગાળાનો હુકમ ક્રમાંકઃ ઉખસ/ફડચ/ખ-૪/૨૭૧/૨૦૦૦.

અંતિમ આદેશ

જા. નં. ઉખસ/ફડચ/૧૨૧૪૨/ખ-૪/૩૧૭/૨૦૦૦–શ્રી મીઠાપુર તેલિ. ઉત્પા. સહકારી મંડળી લી. મુ. મીઠાપુર તા. મેંદરડા જી. જુનાગઢને અત્રેની કચેરીના તારીખ ૧૮/૫/૨૦૦૦ના વચગાળાના હુકમ ક્રમાંકઃ ઉખસ/ફડચ/ખ-૪/૨૭૧/૨૦૦૦થી સદર મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ, જેને આથી ગુજરાત સહકારી મંડળીના કાયદાની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચો) લગત કચેરીમાંઓ ફડચાની કામગીરી આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૨૨ માહે જુન સને ૨૦૦૦.

વંચાણે લીધા :–

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ તથા કલમ ૧૦૮ની જોગવાઈ.

(૨) ગુજરાતસરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગરનો તા. ૩૦-૦૩-૯૧નો જાહેરનામા ક્રમાંકઃ ધખ/૨૪૯૧/ડીડીસી/૧૧૮૮/પ૨૦૪ જ.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ (૧) અન્વયે તારીખ ૧૮/૫/૨૦૦૦નો વચગાળાનો હુકમ ક્રમાંકઃ ઉખસ/ફડચ/ખ-૪/૨૭૩/૨૦૦૦.

અંતિમ આદેશ

જા. નં. ઉખસ/ફડચ/૧૨૧૪૪/ખ ૪/૩૧૯/૨૦૦૦–શ્રી કનેડીપુર તેલિ. ઉત્પા. સહકારી મંડળી લી. મુ. કનેડીપુર તા. મેંદરડા જી. જુનાગઢ અત્રેની કચેરીના તારીખ ૧૮/૫/૨૦૦૦ના વચગાળાના હુકમ ક્રમાંકઃ ઉખસ/ફડચ/ખ ૪/૨૭૩/૨૦૦૦થી સદર મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ, જેને આથી ગુજરાત સહકારી મંડળીના કાયદાની કલમ ૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચો) લગત કચેરીમાંઓ ફડચાની કામગીરી આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૨૨ માહે જુન સને ૨૦૦૦.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ તથા કલમ ૧૦૮ ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગરનો તા. ૩૦/૩/૯૧નો જાહેરનામા ક્રમાંક ધખ/૨૪૯૧/ડીડીસી/૧૧૮૮/ પ૨૦૪-જ.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) અન્વયે તારીખ ૧૮/૫/૨૦૦૦ નો વચગાળાનો હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/ખ-૪/૨૩૮/૨૦૦૦

અંતિમ આદેશ

જા. નં. ઉખસ/ફડચ/ખ-૪/૩૨૩/૨૦૦૦.– શ્રી ધુસિયા તેલિ. ઉત્પાદક સહકારી મંડળી લી. ધુસિયા તા. તાલાળા જી. જુનાગઢને અત્રેની કચેરીના તા. ૧૮/૫/૨૦૦૦ ના વચગાળાના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/ખ-૪/૨૩૮/૨૦૦૦ થી સદર મંડળીને ફડચામા લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામા આવેલ જેને આથી ગુજરાત સહકારી મંડળીના કાયદાની કલમ ૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામા લઈ જવાનો અંતિમ આદેશ કરવામા આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારી શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત કચેરીમાં એ ફડચાની કામગીરી આદેશની તારીખથી નિયત મુદતમા પુર્ણ કરવાની રહેશે.

જુનાગઢ ૨૪ માહે જુન સને ૨૦૦૦

વંચાણે લીધા :–

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા કલમ-૧૦૮ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગરનો તા. ૩૦-૩-૯૧નો જાહેરનામા ક્રમાંકઃ ધખ/૨૪૯૧/ડીડીસી/૧૧૮૮/પ૨૦૪-જ.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) અન્વયે તારીખ ૧૮/૫/૨૦૦૦નો વચગાળાનો હુકમ ક્રમાંકઃ ઉખસ/ફડચ/ખ-૪/૨૩૯/૨૦૦૦.

અંતિમ આદેશ

જા. નં. ઉખસ/ફડચ/ખ-૪/૩૨૪/૨૦૦૦.–શ્રી પીપળવા તેલિ. ઉ. પા. સહકારી મંડળી લી. મુ. પીપળવા તા, તાલાળા જી. જુનાગઢને અત્રેની કચેરીના તારીખના વચગાળાના હુકમ ક્રમાંકઃઉખસ/ફડચ/ખ-૪/ ૨૦૦૦થી સદર મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ, જેને આથી ગુજરાત સહકારી મંડળીના કાયદાની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાલેલ ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચો) કચેરીમાએ ફડચાની કામગીરી આદેશની તારીખથી નિયત મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૨૨ માહે જુન સને ૨૦૦૦.

INDEX

NOTICE

Rates of Subscription of Gujarat Government Gazette Parts for the Year 2001.

The Subscription Rates for Gujarat Government Gazette Parts Central Section (Ordinary) and (Extra-Ordinary) to be Published at Government Printing and Stationery, Baroda and Government Printing and Stationery, Rajkot are fixed for the year beginning from 1st January, 2001 to 31st December 2001 are mentioned as below :-

Guajarat Govt. Gazettes Parts Published by the Manager, Government Press, Vadodara.

Gazette Parts No.	*Ordinary*				*Extra-Ordinary*			
	Annual Subscription	Half Yearly Subscription	Quarterly Subscription	Per One copy	Annual Subscription	half Yearly Subscription	Quarterly Subscription	Per One copy
I	600/-	300/-	150/-	12/-	800/-	400/-	200/-	16/-
I-A	600/-	300/-	150/-	12/-	300/-	150/-	75/-	6/-
I-B	500/-	250/-	125/-	10/-	—	—	—	—
I-L	700/-	350/-	175/-	14/-	600/-	300/-	150/-	12/-
	2400/-	1200/-	600/-	48/-	1700/-	850/-	425/-	34/-

Guajarat Govt. Gazettes Parts Published by the Manager, Government Press, Rajkot.

Gazette Parts No.	*Ordinary*				*Extra-Ordinary*			
	Annual Subscription	Half Yearly Subscription	Quarterly Subscription	Per One copy	Annual Subscription	half Yearly Subscription	Quarterly Subscription	Per One copy
I	600/-	300/-	150/-	12/-	600/-	300/-	150/-	12/-
I-A	600/-	300/-	150/-	12/-	500/-	250/-	125/-	10/-
I-B	600/-	300/-	150/-	12/-	600/-	300/-	150/-	12/-
II	250/-	125/-	62-50	5/-	250/-	125/-	62-50	5/-
	2050/-	1025/-	512-50	41/-	1950/-	975/-	487-50	39/-

The Payment of Subscription for the relative Gazette Parts may be made direct to the Concerned Managers to Government Press, Baroda and Rajkot before 15-2-2001 failing which the supply of Gazette parts for the Year 2001 will be discontinued.

*Note : **Subscrisption for Guj. Govt. Gazette Parts will be accepted by M. O. or by the D. D. drawn in favour of the Manager, Govt. Ptg. & Sty., Baroda or in favour of Manager, Govt. Ptg. & Sty., Rajkot. Cheques will not be accepted.***

R. B. Raval,
Director,
Government Printing and Stationery,
Gandhinagar.

REGISTERED No. GRJ-24

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XLII] THURSDAY, 1st MARCH, 2001 / PHALGUNA 10, 1922 [No. 9

Separate paging is given to each part of the Supplement to the Central Gazette. and Central Section in order that it may be filed as a separate compilation.

PART-I

		Pages
PART-I	Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc.	
	Miscellaneous Notification Appointments etc.	69—76
PART-I-A	Ordere an Notifications (Other than those published in Part IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts	..Nil
Part-I-B	(Supplement) Government Notifications Published under Land Acquisition Act only	
	Supplement	53—66
PART-II	Miscellaneous Notices, Advertisements, List of Books Sanctioned by the Director of Education, List of Jurors, Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths. etc. ..	137—158
PART-III	Miscellaneous Supplements Season and Crop Reports Prices, Current Rainfalls Returns District Local Boards Accounts etc.	..Nil

INDEX

Government Notifications, Orders Appointments, etc.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

Miscellaneous Notifications Appointments etc.

અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, દ્વારા

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ મુંબઇ અધિનિયમ-૨૨ ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ હેઠળ

જાહેરનામું

નં. નાચિ-પલસ-૩-વશી-૩૬૧૧- થી ૩૬૮૦—૨૦૦૦—

(૧) ચાલુ માસ દરમ્યાન આગામી જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચુંટણી તથા નવરાત્રીનો ધાર્મીક તહેવાર હોય અને તેને અનુલક્ષીને જુદા-જુદા રાજકીય પક્ષો તરફથી ચુંટણી પ્રચારની પ્રક્રિયા શરૂ થનાર હોય, તેમજ જુદા જુદા રાજકીય તથા બિન રાજકીય તથા સામાજીક સંસ્થાઓ તરફથી સભાઓ, સરઘસો, રેલીઓ વિગેરે પ્રવૃતિઓ થવા સંભાવના હોય, આવા સંજોગોમાં કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સુલેહશાંતિ જાળવવા સારૂ મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ અન્વયે અટકાયતી પગલાં લેવા પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઇ છે.

(૨) તેથી હું બી. પી. સુદાણી (જી. એ. એસ.) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અમરેલી મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ થી મને મળેલ સતાની રૂઇએ આથી ફરમાવું છું કે,

(૩) તા. ૧૯/૯/૨૦૦૦ થી તા. ૨/૧૦/૨૦૦૦ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારની અંદર અમરેલી શહેર માટે જિલ્લા પોલીસ અધિકારીશ્રી, અમરેલી અને તે સિવાયના વિસ્તાર માટે સબંધીત તાલુકાના એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીની પુર્વમંજુરી પરવાનગી સિવાય કોઇને સભા-મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની હું મનાઇ ફરમાવું છું.

(૪) આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.—

(અ) ફરજ પરના કોઇપણ સરકારી/બિન સરકારી કર્મચારીઓને અને અધિકારીઓને

(બ) કોઇપણ લગ્નના વરઘોડાને અથવા સ્મશાનયાત્રાને

(ક) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લીધી હોય તેને,

(૫) આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ ની જોગવાઇ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

(૬) આજ તા. ૧/૯/૨૦૦૦ના રોજ મારી સહી તથા સિકકો કરી બહાર પાડયો.

અમરેલી, ૧૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૦.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪નો ૨જો અધિનિયમની કલમ ૧૪૪ અન્વયે

જાહેરનામું

નં. નાચિ. પલસ-૩૯૭૭થી ૪૦૧૬-૨૦૦૦.—આ કચેરીના જાહેરનામા ક્રમાંક : નાચિ.-પલસ-૩-૩૧૨૧ થી ૩૧૭૩-૨૦૦૦. તા. ૨૮/૮/૨૦૦૦થી તથા તા. ૨૭/૯/૨૦૦૦ના જાહેરનામા ક્રમાંક : પલસ-૩-વશી-૩૯૨૮થી૩૯૬૦/૨૦૦૦ તા. ૧૫-૧૦-૨૦૦૦ સુધી સક્ષમ અધિકારીશ્રીની પુર્વ મંજુરી સિવાય જિલ્લાનો તાલુકા પંચાયત ચુંટણી અન્વયે લાઉડ-સ્પીકરના ઉપયોગના પ્રતિબંધ જાહેર કરેલ છે. અને તેમાં અધિકૃત અધિકારીશ્રીની મંજુરી મેળવીને રાત્રીના દસ વાગ્યા સુધી લાઉડ-સ્પીકરના ઉપયોગ કરવાની પરવાનગી આપવા જણાવેલ છે.

તા. ૨૯/૯/૨૦૦૦થી નવરાત્રીના તહેવારો આવતા હોય તેને અનુલક્ષીને ઉપરોકત જાહેરનામાથી નિચેની વિગતે મુકિત આપવા અમરેલી શહેર માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, તથા તાલુકા મેજીસ્ટ્રેટશ્રીને અધિકૃત કરવામાં આવે છે. આ મુકિત નીચેની શરતો સાથે આપવી.

(૧) નવરાત્રીના તહેવારો દરમ્યાન માઇક વગાડવાની મંજુરી (લાઉડ સ્પીકર) રાત્રીના ૧-૦૦ સુધી આપી શકશે.

(૨) નવરાત્રીના ગરબા, રાસ, વિગેરે મોડામાં મોડા દસ વાગ્યે શરૂ કરી દેવાના રહેશે.

(૩) માઇકનો અવાજ આમ પ્રજાને અડચણ રૂપ થાય તે રીતે નહી રાખતા પ્રમાણમાં રાખવાનો રહેશે.

(૪) રાસ ગરબામાં વ્યવસ્થાપકોએ ગુંડા તત્વો ન પ્રવેશે તે જોવાનું રહેશે.

(૫) જાહેર ટ્રાફીકને અડચણ રૂપ ન થાય કે આમ જનતાને મુશ્કેલી ઉભી ન થાય તે રીતે રાસ ગરબાનું આયોજકોએ આયોજન કરવાનું રહેશે.

ઉપરોકત શરતો સાથે ઉપરોકત જાહેરનામાઓમાંથી મુકિત આપવા માટેના અધિકારો અમરેલી શહેર માટે અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી તથા જે તે તાલુકા માટે તાલુકા મેજીસ્ટ્રેટને અધિકૃત કરવામાં આવે છે.

ઉપરોકત હુકમનો ભંગ કર્યેથી ભારતીય દંડ સંહીતાની કલમ ૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તા. ૨૭મી માહે સપ્ટેમ્બર સને ૨૦૦૦ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી હૂકમ પ્રસિધ્ધ કર્યો.

અમરેલી, ૨૭ માહે સપ્ટેમ્બર સને ૨૦૦૦

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪- નો ૨જો અધિનિયમ-) ની કલમ-૧૪૪ અન્વયે

જાહેરનામું

નં. નાચિ-પલસ-૩-વસી-૩૯૨૮ થી ૩૯૬૦.-૨૦૦૦.—આગામી દિવસોમા આવતા ધાર્મિક તહેવારોને અનુલક્ષીને તથા જાહેર કાયદો વ્યવસ્થા જાળવવા સારૂ ગેરકાયદેસર લાઉડ સ્પીકરનો ઉપયોગ થવાની સંભાવના ધ્યાને લઇ, ધ્વનિ, પ્રદુષિત થતુ અને લોકોની શાંતિ અને સલામતી જોખમાતી અટકાવવી અત્યંત જરૂરી હોવાથી ફોજદારી કાર્યરિતી અધિનિયમ-૧૯૭૩

(૧૯૭૪ નો ૨જો અધિનિયમની) કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે પુરતા કારણો છે. તેથી હું બી. પી. સુદાણી (જી.એ.એસ.) અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી ફોજદારી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો ૨જો અધિનિયમ, ની કલમ-૧૪૪ ની મળેલ સતાની રૂઈએ ફરમાવુ છું કે તા. ૧—૧૦—૨૦૦૦ થી તા. ૧૫—૧૦—૨૦૦૦ (બંને દિવસો સહિત) ના સમય દરમ્યાન અમરેલી જીલ્લાનાં સમગ્ર વિસ્તારમાં સબંધીત અધિકારીશ્રીની પુર્વ મંજુરી સિવાય કોઈપણ વ્યકિતએ લાઉડ- સ્પીકરનો ઉપયાયોગ કરવો નહિ.

આ આદેશ નીચે જણાવેલ કિસ્સામા લાગુ પડશે નહિ.—

(૧) અધિકૃત અધિકારીશ્રીની મંજુરી મેળવીને મોડામા મોડું રાત્રીના દસ વાગ્યા સુધી લાઉડ સ્પીકરનો ઉપયોગ કરનારને

(૨) સરકારશ્રીની કામગીરી સબબ ઉપયોગ કરનારને

(૩) ધાર્મિક તેમજ શૈક્ષણિક હેતુ માટે ઉપયોગ કરનારને

ઉપરોકત હુકમનો ભંગ કર્યેથી ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તા. ૨૭ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૦ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી હુકમ પ્રસિધ્ધ કર્યો.

અમરેલી, ૨૭ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૦.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો ૨જો અધિનિયમ) ની કલમ-૧૪૪ અન્વયે

હુકમ

નં. ના/ચિ-પલસ-૩-વશી-૪૦૬૬ થી ૪૧૦૦-૨૦૦૦.—તા. ૨૯/૯/૨૦૦૦ ના રોજ જીલ્લાની જીલ્લા /તાલુકા પંચાયતોની સામાન્ય ચુંટણી-૨૦૦૦ ના કામે ચુંટણી અધિકારીશ્રીઓ દ્વારા નકકી કરી જાહેર કરવામાં આવેલા સ્થળે મતગણતરી થનાર છે. જેથી મતગણતરીનાં દિવસે મતગણત્રી કેન્દ્ર ઉપર કે કેન્દ્રની આસપાસ મતગણતરી ફરજપરના સ્ટાફ સિવાયના લોકોનાં બિન જરૂરી ટોળા એકઠા થાય અથવા પસાર થતા વાહનો ઉભા રહે તો કાયદો અને વ્યવસ્થા તથા ટ્રાફિક સબંધે પ્રશ્નો ઉપસ્થિત થાય પરિણામે જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાની પરિસ્થિતી ઉભી થવાની શકયતા હોવાથી અને તે તાત્કાલીક અટકાવવાની જરૂર હોવાથી ફોજદારી કાર્યરિતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨જો અધિનિયમ) ની કલમ-૧૪૪ મુજબ કાર્યવાહી માટે પુરતા કારાણો છે.

તેથી હું બી. પી. સુદાણી (જી. એ. એસ.) અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો ૨જો અધિનિયમ) ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે, તા. ૨૯-૯-૨૦૦૦ થી તા. ૩૦-૯-૨૦૦૦ સુધી જીલ્લાની જીલ્લા/તાલુકા પંચાયતના ચુંટણી અધિકારીશ્રીઓ દ્વારા નકકી કરી જાહેર કરવામાં આવેલ મતગણતરી માટેનાં સ્થળના કમ્પાઉન્ડનાં ચારે બાજુએ ૨૦૦ (બસો) મીટર વિસ્તારમા ચાર કે તેથી વધુ વ્યકિતઓએ એકઠા થઈ ઉભા રહેવું નહી કે કોઈપણ પ્રકારનું વાહન ઉભુ રાખવું નહિ.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) મતગણતરીની કામગીરી માટે તથા કાયદો અને વ્યવસ્થા અને જાહેર સુલેહ શાંતિ જાળવવા રોકાયેલ અધિકારીને કર્મચારી તથા તેમના વાહનોને,

(૨) મતગણતરી તથા આનુષાંગિક કામગીરી સાથે અધિકૃત રીતે સંકળાયેલ વ્યકિતઓ તથા તેમના વાહનો અને આવશ્યક સેવાનાં વાહનોને.

આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘનમાં મદદગારી કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તા. ૨૮-૯-૨૦૦૦નાં રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી બહાર પાડયો.

અમરેલી, ૨૮ માહે સપ્ટેમ્બર સને ૨૦૦૦.

બી. પી. સુદાણી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

જાહેરનામું

નં. મેજી-જાહેરનામું/૩૭(૧)૯/૨૦૦૦.—આગામી તા. ૨૮-૯-૨૦૦૦ થી તા. ૬/૧૦/૨૦૦૦ સુધી નવરાત્રી પર્વ તા. ૨૯/૯/૨૦૦૦-ના તાલુકા/જીલ્લા પંચાયત ચુંટણીની મત ગણતરી તા. ૨/૧૦/૨૦૦૦ ની ગાંધીજંયતિ તા. ૭/૧૦/૨૦૦૦નાં દશેરા, તા. ૮/૧૦/૨૦૦૦ ના મોમાય મોરા તા. રાપર ખાતે મોમાય મોરા માતાજીનો મેળો તથા તા. ૧૩/૧૦/૨૦૦૦ ના શરદ પુનમ ઉત્સવથી ઉજવણી દરમ્યાન જીલ્લામા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તે માટે સુલેહશાંતિ અને સાવચેતીના પગાલા લેવાનું ઈષ્ટ જણાય છે.

આથી હું આર. એસ. નિનામા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ ભુજ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તા. ૨૮/૯/૨૦૦૦ થી તા. ૧૪/૧૦/૨૦૦૦ દિન-૧૭ સુધી નીચેની અનુસૂચિમાં જણાવેલ વિસ્તારમાં.

(ક) શસ્ત્રો, ,દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, બંદુક, લાકડી-લાઠી, હજામનો અસ્ત્રો, ત્રિશુલ, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈ ક્ષયકારી સ્ફોટક પદાર્થ લઈ જવું નહીં.

(ગ) અપમાન કરવાના કે જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં તેવી ચેષ્ટા કરવી નહીં. તથા તેવાં ચિત્રો, પ્લેકાર્ડો પત્રિકાઓ અથવા બીજા કોઈ પદાર્થ વસ્તુ તૈયાર કરવી નહીં. અગર અપમાન કરવાના ઈરાદાથી કોઈ નનામી બાળવી નહીં.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.—

(ક) સરકારી નોકરી પર કામ કરતી વ્યકિત એટલે કે, તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથીયાર લઈ જવાની ફરજ હોય.

(ખ) એ અથવા અધિકૃત કરેલ કોઈ પણ પોલિસ અધિકારીએ જેની અશકિતના કારણે લાકડી, અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિતઓ.

(ગ) જિલ્લા મેજીસ્ટ્રેટ જિલ્લા પોલિસ અધિકારીશ્રીએ અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ અથવા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી જે અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતઓને.

INDEX

અનુસુચિ :—

"સમગ્ર કચ્છ જિલ્લો"

આ જાહેરનામાના કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ૪ (ચાર) માસની સજા થશે અને વધુમાં વધુ ૧(એક) વર્ષની કેદની સજા થશે. આ ઉપરાંત મુંબઈ પોલિસ અધિનિયમ-૧૩૫(૧) મુજબ દંડની સજા થશે.

આજરોજ તારીખ ૨૬/૯/૨૦૦૦નારોજમારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

ભુજ-કચ્છ, ૨૬ માહે સપ્ટેમ્બર સને ૨૦૦૦.

આર. એસ. નીનામા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ-આંક૨૨ ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ હેઠળ

જાહેરનામું

નં. એમએજી/સી/૫૮૧૬/૨૦૦૦.—ચાલુ માસ દરમ્યાન નગરપાલિકા/જિલ્લા પંચાયતની સામાન્ય ચુંટણી આવતી હોય, તથા નવરાત્રીના તહેવારો આવતા હોય વીજળીની અનિયમિતતાના કારણે સભાઓ સરઘસો વિગેરે જૂદા જૂદા કાર્યક્રમો થવા સંભાવના હોય તે અંતગત તેમજ હાલમા જૂદા જૂદા રાજકીય બિન રાજકીય તથા સામાજીક સંસ્થાઓ તરફથી સરઘસો રેલીઓ વિગેરે પ્રવૃતિઓ થવા સંભાવના હોય આવા સંજોગોમાં જૂનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમા કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સુલેહશાંતિ જાળવવા સારૂ સભા સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહી અને કોઈપણ જાતનો અનિચ્છનીય બનાવ બને નહી તે માટે જુનાગઢ જિલ્લા વિસ્તારમા કોઈપણ વિસ્તારમા સભા કરવી નહી તથા સરઘસ કાઢવું નહી તેવી મનાઈ તા. ૧૯/૯/૨૦૦૦ થી તા. ૨/૧૦/૨૦૦૦ સુધી કરવાનું ઈષ્ટ જણાય છે. જેથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ના આંક-૨૨ ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ થી મને મળેલ અધિકારની રૂઈએ હું જે. કે. ઠેસિયા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જૂનાગઢ જિલ્લો જૂનાગઢ આથી જુનાગઢના સમગ્ર વિસ્તારમા તા. ૧૯/૯/૨૦૦૦ ના રોજથી તા. ૨/૧૦/૨૦૦૦ (બંને દિવસો સહિત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરસઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહ રક્ષક મંડળીઓ.
(૨) સરકારી નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિતને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને
(૪) સ્મશાન યાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.
(૫) સક્ષમ અધિકારીશ્રીઓની કાયદેસર પરવાનગી લઈને

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબીત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે. તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબીત થયેથી જે તે વ્યકિત એક માસની કેદ અથવા રૂપિયા ૨૦૦/ સુધીનો દંડ અગર બંન્ને શિક્ષા થઈ શકે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન થાય અથવા કોઈ હુલ્લડ બખેડો થાય તો તેવી વ્યકિતને ૬ (છ) માસ સપરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂપિયા ૧૦૦૦ સુધીનો દંડ સહિત બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજે તા. ૧૮ મી, સપ્ટેમ્બર, સને ૨૦૦૦ના રોજ મારી સહી તથા કચેરીનાં સિકકા કરી જાહેર જનતાની જાણ અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૧૮ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૦

જે.કે. ઠેસિયા,
અધિક જિલ્લા રજીસ્ટ્રેટ
જૂનાગઢ જિલ્લો જૂનાગઢ.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે

જાહેરનામું

જાહેરનામું ક્રમાંક એમએજી-સી-૨૩૯/૨૦૦૦.— હાલમા જિલ્લા/તાલુકા પંચાયતની ચુંટણી પ્રક્રિયા ચાલુ હોય અને મતદાન આગામી તા. ૨૦/૯/૨૦૦૦ના રોજ હોય તેમજ હિન્દુલોકોના તહેવાર નવરાત્રી દશેરા, આગામી દિવસોમા આવતા હોય તેમજ જિલ્લામા અસામાજિક ગેંગો અસ્તિત્વમાં છે. અને ઘાતક હથિયારોનો ઉપયોગ ન કરે અને પોરબંદર જિલ્લામા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તા. ૨૨/૯/૨૦૦૦થી તા. ૨૧-૧૦-૨૦૦૦ સુધી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે હથિયારબંધીનું બંધીનુ જાહેરનામું પ્રસિધ્ધ કરવા જિલ્લા પોલીસ અધિકારીશ્રી પોરબંદર એ દરખાસ્ધ કરેલ છે.

સબબ, પોરબંદર જિલ્લામા વિસ્તારમા ઉપર્યુકત કારણોસર જાહેર સુલેહશાંતિ રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહિ તે માટે હું કે. સી. સંપટ, જી. એ. એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો પોરબંદર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મળેલ સતાની રૂઈએ સમગ્ર પોરબંદર જિલ્લા પોલીસ વિસ્તારમા તા. ૨૩-૯-૨૦૦૦ થી તા. ૨૨-૧૦-૨૦૦૦ સુધી બંને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવુ છું.

(ક) શસ્ત્રો દંડા તલવાર ભાલા ચપ્પુ લાકડી બંદૂક લાકડી લાઠી અથવા શારીરીક ઈજા પહોચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી ચીજો લઈ જવી નહી.

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થો લઈ જવા નહી.

(ગ) પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેરવવામાં અથવા નાખવામાં ઉપયોગી અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તેયાર કરવા નહી.

(ઘ) અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાની જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી તેમજ અશ્લીલ ગીતો ગાવા નહી.

(ચ) જેનાથી સુરૂચી અને શાંતીનો ભંગ થાય તેવુ ભાષણ કરવું નહી. તેવા હાવ ભાવ કરવા નહી તેવી ચેષ્ટા કરવી નહી તથા ચિત્રો પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થો અથવા ચીજવસ્તુઓ તેયાર કરવી નહી.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યકિત કે જેને ઉપરી અધિકારીઓએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથીયાર લઈ જવાનુ તેની ફરજમાં હોય

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ શારીરીક અશકિતના કારણે લાકડી લાઠી લઈ જવાની અથવા શુભાડેનુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

INDEX

(૩) ખેડુત પોતાની ખેતી માટે ખેતીમાં ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય અને રોજીંદા કામમાં ઉપયોગ કરી શકે તેવા આશયથી તેવા ખેડુતો પોતાની ખેતી કામ માટે ખેતીના ઓજારો લઇ જતા હોય.

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામા મદદ કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૧૩૫ (૧) મુજબની એક વર્ષની મુદત સુધીની શિક્ષા અને દંડ પાત્ર થશે આ ઉપરાંત ભારતીય દંડ સહિતાની કલમ ૧૮૮ મુજબ જે વ્યકિતઓનો ગુન્હો સાબીત થયેથી એક માસની સાદી કેદ અગર રૂા. ૨૦૦ (બસો) દંડ અગર બંને થઇ શકે.

અને આ હુકમની અવગણનાથી માનવ જીવનને અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ પણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ અથવા કોઇ બખેડો કરે તેવી વ્યકિતને ૬ (છ) માસ સુધીની સપરીશ્રામ અથવા સખ્ત કેદ અથવા રૂા. ૧૦૦૦ (એક હજાર) સુધીનો દંડ અથવા બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૨૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૦ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકાકો કરી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૨૦ માહે સપ્ટેમ્બર સને ૨૦૦૦.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭ની પેટા-કલમ૩ હેઠળનું જાહેરનામું

જાહેરનામા ક્રમાંક : એમએજી-સી-૧૧૦.—હાલમાં નવરાત્રી-દશેરા શરદપુનમ જેવા તહેવારોની ઉજવણી તથા હાલમાં વરસાદ ખેંચાતા સિચાઈ માટે પુરતા સમય માટે વિજળી પુરવઠો મળવા ખેડુતોની માંગણી તેમજ શહેરી ગરીબોને રાહત દરે રહેણાંક જમીનના પ્લોટની માંગણી સાથે ચાલતા ઉપવાસ આંદોલન વિગેરે માંગણીઓ સબબ રાજકીય પક્ષો અન્ય જુથો દ્વારા રેલી સભા, દેખાવો જેવા કાર્યક્રમો અને આવેદન પત્રો આપવા જેવા કાર્યક્રમો અચાનક જ યોજાતા હોઈ અને કાર્યક્રમ દરમ્યાન કોઈપણ જાતની સુલેહશાંતિ જોખમાય નહિ અને પોરબંદર જિલ્લામાં જાહેર વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તારીખ ૧-૧૦-૨૦૦૦ થી તા. ૧૫-૧૦-૨૦૦૦ સુધી આ સભા સરઘસ વગર પરવાનગી એ કોઈ કાઢે નહિ અને કોઇ અનિચ્છનીય બનાવ બને તે માટે પોરબંદર જિલ્લા પોલીસ અધિકારીના વિસ્તારમાં કોઈપણ સભા ભરવી નહિ અને સરઘસ કાઢવું નહી તેવી મનાઈ તા. ૧-૧૦-૨૦૦૦થી તા. ૧૫-૧૦-૨૦૦૦ સુધી ફરમાવવાનું ઈષ્ટ જણાય છે. તેથી મુંબઈ પોલીસ - અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭ના પેટા કલમ ૩થી મને મળેલ અધિકારની રૂએ હું કે. સી. સંપટ જી. એ. એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર આથી સમગ્ર પોરબંદર જિલ્લા પોલીસ વિસ્તારમાં તા. ૧-૧૦-૨૦૦૦થી તા. ૧૫-૧૦-૨૦૦૦ બન્ને દિવસની મુદત માંટે કોઈપણ સભા મંડળી કે સરઘસ માટે મનાઈ ફરમાવું છું આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહ રક્ષક દળની મંડળી.

(૨) સરકારની નોકરીએ અવર જવર કરતી હોય તેવી વ્યકિત.

(૩) કોઈ વરઘોડો.

(૪) સક્ષમ અધિકારીની કાયદેસર પરવાનગી લઈને કાઢેલા સરઘસ.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુન્હો સાબીત થયે સદરહુ અધિનિયમની કલમ ૧૩૫ની પેટા કલમ ૩ મુજબ રૂા. ૨૦૦ સુધીના દંડની શિક્ષાને પાત્ર ઠરશે. તેથી ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબ ગુન્હો સાબીત થયે તે વ્યકિત એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીના દંડ અથવા બન્ને શિક્ષા થઈ શકે અને હુકમની અવગણનાથી માનવજીવન અથવા સ્વાસ્થ્ય અથવા સલામતી માટે કોઈ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ કરે કે બખેડો કરે તો તેવી વ્યકિતને ૬ માસ સપરીશ્રામ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦ સુધીના દંડ સહીત બન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૩૦ માહે સપ્ટેમ્બર ૨૦૦૦ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૩૦ માહે સપ્ટેમ્બર સને ૨૦૦૦.

કે. સી. સંપટ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
પોરબંદર.

જાહેરનામું

ક્રમાંક મજસ-હથીયારબંધી ૧૦/૨૦૦૦-આગામી દિવસોમાં મહાત્માગાંધી જન્મદીન દશેરા, કિપ્પુર સુકકોપ શબ્બે બારાત (મુસ્લિમ સિયા સુન્ની) દિવાળી, નુતન વર્ષ ભાઈબીજ સરદાર-વલ્લભભાઈ પટેલ જન્મદીન જેવા તહેવારો આવતા હોય જિલ્લામા કાયદો અને વ્યવસ્થા જાળવવા હથીયાર બંધી ફરમાવવી જરૂરી જણાય છે.

આથી હું ડી. યુ. કુમાર જી. એ. એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો સુરેન્દ્રનગર મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ના ૨૨માની કલમ-૧૩૭ (૧) અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ સમગ્ર જિલ્લામા તારીખ ૧-૧૦-૨૦૦૦ થી ૩૧-૧૦-૨૦૦૦ સુધીના સમય દરમ્યાન જિલ્લા પોલીસ અધિકારીશ્રીની મંજુરી સિવાય નીચેની વિગતના કૃત્યો કરવાની આથી મનાઈ ફરમાવું છું.

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદૂક, લાકડી અને લાઠી, કુંડલીવાળી લાકડી, તથા શારીરિક ઈજા પહોંચાડી શકે તેવા બીજા કોઈપણ સાધનો સાથે લઈ જવા નહીં.

૨. પથ્થરો અથવા ફેંકી શકાય તેવી વસ્તુઓ ફેંકવાની કે ધકેલવાની યંત્રો અથવા સાધનો લઈ જવા નહીં.

૩. વ્યકિતઓ અથવા તેમનાં શબ, અથવા આકૃત્તિઓ અથવા પુતળા દેખાડવા નહીં, તથા તૈયાર કરવા નહીં.

૪. કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં.

૫. જેનાથી સુરૂચીનો ભંગ થાય અથવા તો નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં. તેવી ચેષ્ટા કરવી નહીં. તેવા ચિત્રો, પત્રીકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં. અથવા તેનો ફેલાવો કરવો નહીં.

૬. અપમાન કરવાનાં જાહેર કરવાનાં ઈરાદાથી અથવા જાહેરમાં બિભત્સ શબ્દો પોકારવા નહીં, અશ્લિલ ગીતો ગાવા નહીં, અથવા ટોળામાં ફરવું નહીં.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિત કે જેને તેમના ઉપરી અધિકારીશ્રીઓએ આવું કોઈપણ હથીયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય તેવી વ્યકિત.

INDEX

(૨) જીલ્લા પોલીસ અધિકારીશ્રીએ અથવા તેઓએ કે જેને શારીરીક અશકિતનાં કારણે લાકડી, લાઠી, લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

જો કોઈ ઈસમ ઉપરોકત હુકમોનો ભંગ કરશે તથા કરવામાં મદદગારી કરશે, તો મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લામાં તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય, તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને સદરહું વિસ્તારમાં ધ્વનીવર્ધક યંત્રો, ઢંઢેરો, દાંડી પીટાવીને પ્રસિધ્ધ કરવાનું આથી ફરમાવું છું.

આજ તારીખ ૩૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૦નાં રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું

સુરેન્દ્રનગર, ૩ માહે ઓકટોબર સને ૨૦૦૦

ડી. યુ. કુમાર,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર. જિલ્લો,

જાહેરનામું

નધણ/ચ/ભં/૪૮૬૨/૧૦૦૮/૩૪૯૬/૨૦૦૦.– તા. ૬/૧૧/૭ ૨૦૦૦.- જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ અમરેલી આથી જાહેર કરે છે કે શ્રી એકતા મહિલા ગ્રાહક સહકારી મંડળી લીમીટેડ સ્થળ : અમરેલી તાલુકો : અમરેલી જીલ્લો : અમરેલી ને નોંધણી નં. ભં/૪૮૬૨/તા. /૭/૨૦૦૦ થી સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમરેલી, ૬ માહે જુલાઈ સને ૨૦૦૦.

ક્રમાંક : મજસ-૩/૧/૨૦૦૦/૧૦/૯.—લીંબડી સૌરાષ્ટ્ર કો. ઓ. સ્પીનીંગ બંધ મીલના કામદારો બંધ મીલ ફરી ચાલુ કરવા તેમજ તેઓના બોનસ ગ્રેજ્યુઈટી પગાર વિગેરે માંગણીઓ સંતોષાય નહી ત્યાં સુધી તા. ૧૯/૯/૨૦૦૦થી સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી લીંબડીની કચેરી કમ્પાઉન્ડ માં બહારના ભાગે પ્રતિક ઉપાવસ ઉપર બેઠેલા છે. અને આ તા. ૩૦/૯/૨૦૦૦ના રોજ લીંબડી સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી ને ઉદેશીને તારીખ ૧૦/૧૦/૨૦૦૦ના રોજ સવારના ૧૦-૦૦ કલાકે હાઈવે બંધનું એલાન આપવામાં આવેલ છે.

સબબ લીંબડી હાઈવે ચાર રસ્તા નજીકમાં ગુજરાત વિધુત બોર્ડનું સબ સ્ટેશન પેટ્રોલ પંપ રેલ્વે ક્રોસીંગ તથા ખાણી પીણી માટેની હોટેલ રેસ્ટોરેન્ટ તથા એસ. ટી. ડેપો ખાનગી હોસ્પીટલ તથા રહેણાંક આવેલ હોય તેથી આંદોલનકારો તરફથી ઉપર વર્ણવ્યા પ્રમાણેના જાહેર તથા ખાનગી મિલ્કતોને કોઈ જ પ્રકારનું નુકશાન પહોંચાડવામાં ન આવે તેમજ જાહેર સુલેહશાંતિ અને જાહેર કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી ખૂબ જ સરળતા પુર્વક જળવાઈ રહે તે માટે તા. ૧૦-૧૦-૨૦૦૦ ના રોજ સવારના ૯-૦૦ કલાકથી રાત્રીમાં ૨૪-૦૦ કલાક સુધી આ નિચે મુજબના વિસ્તારમાં આંદોલનકારોની અવર-જવર કરવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે હું પી એ. શાહ, જી.એ.. એસ. જીલ્લા મેજીસ્ટ્રેટ સુરેન્દ્રનગર જીલ્લો સુરેન્દ્રનગર ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ ૧૪૪થી મને મળેલ અધિકારની રૂએ નિચે પ્રમાણે ફરમાવું છું.

લીંબડી નગરપાલિકાની હદમાં થઈને રાજકોટ અમદાવાદ રાષ્ટ્રીય ધોરી માર્ગ પસાર થાય છે. જે રાષ્ટ્રીય ધોરી માર્ગ લીંબડી હાઈવે ચાર રસ્તાથી સંભવનાથ પેટોલ પંપ પુર્વ પશ્ચિમ એટલે કે અમદાવાદ તરફ તથા રાજકોટ તરફ જતા બન્ને રસ્તાની બે કી. મી. લંબાઈ એટલે કે રાજકોટ અમદાવાદ તરફ જતા રાષ્ટ્રીય ધોરી માર્ગની કુલ ચાર કી. મી. લંબાઈના રોડની ઉત્તર દક્ષિણ બન્ને બાજુઓ સદરહું ચાર કીલોમીટર લંબાઈના રોડની બન્ને સાઈડમાં ૨૦૦-૨૦૦ મીટર સુધીના પેરા ફરી વિસ્તારમાં લીંબડી સૌ. કો. ઓ. સ્પીનીંગ બંધ મીલના કામદારો તથા તેઓના ટેકેદારોએ માટે ચાર કે તેથી વધુ વ્યકિતઓ એકી સાથે ભેગા થવા ઉપર તથા એકી સાથે ભેગા થઈને અવર જવર કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહીતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૯ માહે ઓકટોબર સને ૨૦૦૦ના રોજ મારી સહી તથા કચેરીના મુદ્રા સાથે બહાર પાડવામાં આવેલ.

સુરેન્દ્રનગર ૯ માહે ઓકટોબર—સને ૨૦૦૦

ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ ૧૪૪ હેઠળ હુકમ.

હુકમ

ક્રમાંક : મજસ—૩૧-૧૦-૨૦૦૦.—લીંબડી સૌરાષ્ટ્ર કો. ઓ. સ્પીનીંગ બંધ મીલના કામદારો બંધ મીલ ફરી ચાલુ કરવા તેમજ તેઓના બોનસ ગ્રેજ્યુઈટી પગાર વગેરે માંગણીઓ સંતોષાય નહી ત્યાં સુધી તા. ૩/૯/૨૦૦૦થી સબ ડીવીઝન મેજીસ્ટ્રેટશ્રી લીંબડીની કચેરી કમ્પાઉન્ડમાં બહારના ભાગે પ્રતિક ઉપવાસ ઉપર બેઠેલા છે. તા. ૧૭/૧૦/૨૦૦૦ના રોજ આંદોલન કારી કામદારો તરફથી સરકારી કચેરીઓને તાળાબંધી કરવાનું એલાન આપેલ છે.

સબબ સબ ડીવી. મેજી. શ્રીની કચેરી લીંબડી અને મામલતદારશ્રી ની કચેરી આજુબાજુ સબ રજી. કચેરી નાની સિચાઈ માર્ગ વિભાગની કચેરી, સબ ટ્રેઝરી ઓફીસ નાગરીક પુરવઠા નિગમ હસ્તકનું અન્ન ગોડાઉન ના. કા. પા.ઈ. મા. અને મ. (રાજય) સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર પંજાબ નેશનલ બેંક સુ. જી. સ. ૧ બેંક લી. પોસ્ટ ઓફીસ વિગેરે કેન્દ્ર સરકાર તથા રાજય સરકારશ્રી ની હસ્તકની કચેરી ઓ પંચાયત વિભાગ હસ્તકની કચેરીઓ તથા લીંબડી નગર પાલીકા હસ્તક ની તમામ પ્રાથમીક શાળાઓ હાઈસ્કૂલ કોલેજ રેલ્વે સ્ટેશન જયુડી. મેજી. (ફ. ક.) લીંબડી કોર્ટ રામ કૃષ્ણ મિશન સંસ્થા પરની દરગાહ શકિત માતાજીનું મંદિર નગરપાલિકા કચેરી ફાયર બ્રીગેડ મોટા મંદિરો ધંધુકા તરફ જતો સ્ટેટ હાઈવે રોડ, તાલુકા પંચાયત કચેરી આજુબાજુ રહેણાંકના મકાનો જી. ઈ.બી. કચેરી, આંગણવાડી, ગ્રામ્ય વિસ્તાર જેથી આંદોલનકારો તરફથી ઉપર વર્ણવ્યા પ્રમાણેની સરકારી કચેરી ખાનગી મિલ્કતોને કોઈ પ્રકારનું નુકશાન પહોંચાડવામાં ન આવે તેમજ જાહેર સુલેહ શાંતિ અને જાહેર કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી ખુબ જ સરળતા પુર્વક જળવાઈ રહે તે માટે તા. ૧૭-૧૦-૨૦૦૦ના રોજ સવારના ૦૮-૦૦ કલાકથી ત્રીજે ૨૦-૦૦ કલાક સુધી

આ નીચે મુજબના વિસ્તારમાં આંદોલનકારોની અવર જવર કરવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું પી. એ. શાહ, જી. એ. એસ. જિલ્લા મેજીસ્ટ્રેટ સુરેન્દ્રનગર જિલ્લો સુરેન્દ્રનગર ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ ૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઇએ નીચે પ્રમાણે ફરમાવું છું.

લીંબડી નગરપાલિકાની હદમાં આવેલી સબ ડિવી. મેજી. શ્રીની કચેરી, મામ. શ્રીની કચેરી, આજુબાજુ વિભાગમાં આવેલ સરકારી અર્ધસરકારી કચેરીઓ જાહેર ધાર્મિક સંસ્થાઓ મંદિર / મસ્જીદો પ્રાથમિક માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળા તથા કોલેજોના મકાનો તથા રાજય પંચાયત તેમજ નગરપાલિકાની માલીકી અને વહીવટ હેઠળના જાહેર રોડ આજુબાજુમાં આવેલ રહેણાંક વિસ્તાર ખાનગી મિલ્કતોને કોઈ પ્રકારનું નુકશાન ઉપર વર્ણવ્યા મુજબની વિગતે આંદોલનકારો તરફથી પહોંચાડવામાં ન આવે તે તેમજ જાહેર સુલેહશાંતિ અને જાહેર કાયદો અને વ્યવસ્થાની પરિસ્થતી ખૂબ જ સરળતા પુર્વક જળવાઇ રહે તે માટે.

જેથી ઉપરોકત વર્ણન કર્યા મુજબ સરકારી કચેરીઓના કમ્પાઉન્ડ બહારના વિસ્તારથી ૧૦૦ મીટર સુધીના પેરાફરી વિસ્તારમાં લીંબડી સૌરાષ્ટ કો. ઓ. સ્પીનીંગ બંધ મિલના કામદારો તથા તેઓના ટેકેદારો વ્યકિતઓ એકી સાથે ભેગા થવા ઉપર તથા એકી સાથે ભેગા થઈને અવર- જવર કરવા ઉપર અને કચેરીઓમાં ચાલતા વહીવટી કામમાં કોઈપણ પ્રકારે વિક્ષેપ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ હૂકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહીતાની કલમ ૧૮૮ મુજબ ગુનાને પાત્ર થશે.

આજ તા. ૧૬મી માહે ઓકટોબર સને ૨૦૦૦ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે બહાર પાડવામાં આવ્યો.

સુરેન્દ્રનગર, ૧૬ માહે ઓકટોબર સને ૨૦૦૦

જાહેરનામું

ક્રમાંક મજસ-૩-૧-૧૦(૨)૨૦૦૦—સુરેન્દ્રનગર જિલ્લામા ગયા વર્ષે નાના મોટા તમામ જળાશયો ચેકડેમો તેમજ નાના મોટા ગામ તળાવો ગામ સાવ ખાલી રહેલા ચાલુ વર્ષે જિલ્લામાં મોડો વરસાદ થયેલ છે. અને વરસાદ થતા જળાશયોમાં એકઠું થયેલ પાણી નીચે તળમાં શોષાઈ ઉંડુ ઉતરી જવાના કારણે તેમજ સુર્ય તાપ/તડકાના કારણે જળાશયામા એકઠા થયેલ પાણીનું બાષ્પીભવન થવાના કારણે પાણીનો જથ્થો એકાએક વધુ પ્રમાણમાં ઘટવા પામાતો હોવાથી હકીકત અમારા ધ્યાન ઉપર આવેલ છે. જે સ્થિની સંજોગો ધ્યાને લેતાં જિલ્લામા ભવિષ્યે પીવાના પાણીની તંગીની સંભવિત પરિસ્થિતીને ધ્યાને લેતા જિલ્લાના તમામ નાના મોટા ગામ તાળાવો/સીમ તાળાવો તથા પંચાયત વિભાગ તેમજ રાજય સરકારના સિંચાઈ હસ્તકના નાના મોટા તાળાવો/ચેકડેમો સિંચાઈ યોજનાઓ વિ. જળાશયોમાં સંગ્રહાયેલ પાણીનો અનઅધિકૃત રીતે અનઅધિકૃત વ્યકિતઓ દ્વારા કોઈપણ રીતનો બગાડ કે ઉદવહન સિંચાઈ થાય નહી તે માટે અત્યારથી ખાસ કાળજી તથા તકેદારી રાખવી જરૂરી છે. તેમજ સદરહુ પાણીનો ગેરકાયદેસર રીતે ઉપાડ થવાથી તેની સીધી અસર ભવિષ્યે પીવાના પાણીના પુરવઠા ઉપર પાડવા સંભવ છે

આ થી જિલ્લામાં તમામ ગામોરો આવેલા ગામ તળાવો સીમ તળાવો ચેકડેમો તથા સિંચાઈ તળાવોમા સંગ્રહાયેલ પાણીનો જથ્થો પીવાના હેતુ માટે અનામત રાખાવા ઝડપી ઉપાય યોજવા માટે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ પગલા લેવાનું પુરતુ કારણ હોઈને તેથી હું પી. એ. શાહ, જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સુરેન્દ્રનગર જિલ્લો ઉકત અધિનિયમની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ આ જિલ્લામા ઉપર જણાવયા પ્રમાણેનાં તમામ જળાશયોમાથી કોઈપણ વ્યકિત તરફથી કોઈપણ પ્રકારે અન-અધિકૃત રીતે પાણીનો બગાડ કે સિંચાઈ માટે ઉદવહન કરીને પાણીની ચોરી કરવામાં ન આવે તે માટેની સંપુર્ણ કાળજી તથા તકેદારી રાખાવાની સંપુર્ણ જવાબદારી ગ્રામ્ય કક્ષાએ સરપંચશ્રીઓ તથા તલાટી કમ મંત્રીશ્રીઓની તેમજ સમગ્ર ગ્રામવિસ્તાર આવરી લઈને થતા સમગ્ર તાલુકા ગ્રામ્ય વિસ્તાર માટે જે તે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓની તથા મ્યુનિસિપલ શહેરી વિસ્તાર માટે સબંધીત નગરપાલીકાના મુખ્ય અધિકારીશ્રીઓ અને સબંધીત તાલુકા મામલતદારશ્રીની તથા સિંચાઈ વિભાગ રાજય તથા સિંચાઈ વિભાગ (પંચાયત) હેઠળના સીમ તળાવો તથા નાની સિંચાઈ યોજનાઓ/મધ્યમ સિંચાઈ યોજનાઓ જળાશયો પરત્વે સબંધીત વિભાગના કાર્યપાલક ઈજનેરશ્રીઓની રહેશે.

સદરહુ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર વ્યકિત તથા સબંધીત અધિકારી / કર્મચારી ભારતીય દંડ સહીતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું સહેલાઈથી દેખી શકાય તે રીતે જિલ્લામા આવેલી તમામ ગ્રામ પંચાયત કચેરીઓનાં નોટીસ બોર્ડ ઉપર તથા આવડી ઉપર તથા એ સિવાય જિલ્લા હેડકવાર્ટર તથા તાલુકા હેડકવાર્ટર મુકામે આવેલ તમામ કચેરીઓ તેમજ અન્ય જાહેર સ્થળોએ (જાહેર જગ્યાઓ) જાહેરનામાની નકલો ચોટાડીને અને સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધ કરવાનું ઠરાવું છું.

આ જાહેરનામું તા. ૧૭/૧૦/૨૦૦૦ થી તા. ૧૭/૧૨/૨૦૦૦ સુધી અમલમાં રહેશે.

આજ રોજ તા. ૧૬ ઓકટોબર સને ૨૦૦૦નાં રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામુ બહાર પાડવામા આવ્યું.

સુરેન્દ્રનગર, ૧૬ માહે ઓકટોબર ૨૦૦૦.

જાહેરનામું

ક્રમાંક : મજસ-૩-૧૦(૨)/૨૦૦૦.—સુરેન્દ્રનગર જિલ્લામાં ચાલુ વર્ષે થયેલા અપુરતા વરસાદના કારણે તથા વરસાદ ખેંચાતા જિલ્લામાં ભવિષ્યે ઉપસ્થિત થનારી પીવાના પાણીની મુશ્કેલી ની સમસ્યાના આગોતર નિવારણ અને ઉપાયો ધ્યાને લેતાં જિલ્લાના જળાશયોમાં હાલે જે પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. તે અપુરતો છે. સદરહું ઉપલબ્ધ જથ્થામાંથી માથાભારે તત્વો દ્વારા અનઅધિકૃત રીતે બગાડ કે ગેરકાયદેસર રીતે સિંચાઈના હેતુ માટે ઉદવહન થવાથી તેની અસર ભવિષ્યે પીવાના પાણી પુરવઠા ઉપર પડે તેમ છે. તેથી ઉપર પ્રમાણે અનધિકૃત ઉદ-વહન બગાડ કે સિંચાઈ થાય નહિ. તે ખુબ જ જરૂરી છે. તેમજ સદરહું પાણીના જથ્થાનો ગેર કાયદેસર રીતે ઉપાડ થવાથી તેની સીધી અસર પીવાના પાણીના પુરવઠા ઉપર પડે તેમ છે.

આથી સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલા તમામ જળાશયોમાં સંગ્રહાયેલ પાણીનો જથ્થો પીવાના હેતુ માટે અનામત રાખવા ઝડપી ઉપાય માટે ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ ૧૪૪ હેઠળ પગલાં લેવાનું પુરતું કારણ હોઈ તેમજ સંગ્રહાયેલ પાણીનો જથ્થો પીવાના હેતુ માટે અનામત રાખવા ઝડપી ઉપાય યોજના માટે સને ૧૯૫૧ના મુંબઈના પોલીસ અધિનિયમ હેઠળ જરૂરી પ્રતિબંધ ફરમાવવાનું પુરતું કારણ હોય, હું પી. એ. શાહ જિલ્લા મેજીસ્ટ્રેટ, શ્રી સુરેન્દ્રનગર જિલ્લો સુરેન્દ્રનગર આથી (૧) સને ૧૯૭૩ ના ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૧૪૪ તેમજ (૨) સને ૧૯૫૧ ના મુંબઈના પોલીસ અધિનિયમની કલમ ૩૩૧ ત. હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ આ જિલ્લામાં આવેલા આ નીચે જણાવેલા જળાશયોમાં ઉપરવાસના પાણીની સપાટી મહતમ પુર્ણ સપાટીથી ૨૦૦ (બસ્સો) મીટર સુધી અને તેના હેઠવાસમાં ૫૦૦ (પાંચસો) મીટર સુધીની હદમાંથી અત્રેની પુર્વ પરવાનગી મેળવ્યા સિવાય કોઈએ કોઈપણ રીતે પાણી લઈ જવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

સદરહું જાહેરનામાનો ભંગ કરનાર અને જાહેરનામાનુ ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહીતાની કલમ ૧૮૮ તથા સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૧ તથા અન્ય અધિનિયમની જોગવાઈ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું સહેલાઈથી દેખી શકાય તે રીતે સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલો ચોડી તેમજ સ્થાનીક વર્તમાન પત્રો દ્વારા પ્રસિધ્ધ કરવાનું ઠરાવું છું.

આ જાહેરનામું બહાર પાડયાની તારીખથી શરૂ થઈને તા. ૧૭-૧૨-૨૦૦૦ સુધીના સમય માટે અમલમાં રહેશે.

જળાશયોના નામો :-

(૧) ધોળી ધજા (વઢવાણ) (૨) નાયકા (મુળી) (૩) થોરીયારી (સાયલા) (૪) વડોદ (વઢવાણ) (૫) નિંભણી (લીંબડી), (૬) સબુરી (સાયલા) (૭) (મોરસલ) સાયલા (૮) ફલકુ(ધ્રાગધ્રા) (૯) વાંસલ (લીંબડી) (૧૦) બ્રાહમણી (હળવદ) (૧૧) ત્રિવેણી (ઠાંગા) (ચોટીલા) (૧૨) સુખભાદર.

આજ તા. ૧૬ ઓકટોબર, સને ૨૦૦૦ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૧૭ માહે ઓકટોબર સને ૨૦૦૦.

પી. એ. શાહ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે

જાહેરનામું

નં. ડીએમ/૧/ફા/૩૧૨/૨૦૦૦—ભાવનગર જીલ્લામા આગામી તા. ૨૮/૯/૨૦૦૦ થી તા. ૧૭/૧૦/૨૦૦૦ દરમ્યાન નવરાત્રી અને તા. ૨૮/૧૦/૨૦૦૦ ના દશેરા તા. ૧૩/૧૦/૨૦૦૦ ના શરદપૂનમ, તેમજ તા. ૨૬/૧૦/૨૦૦૦ ના દીવાળી વા. ૨૮/૧૦/૨૦૦૦ના નૂતન વર્ષ ભાઈબીજ વિગેરે તહેવારો આવતા હોય, તેમજ તા. ૩/૧૦/૨૦૦૦ થી તા. ૧૨/૧૦/૨૦૦૦ દરમ્યાન ભાવનગર યુનિવર્સિટીની પરીક્ષાઓ લેવાનાર હોઈ જેથી આગામી દિવસોમાં કાયદો અને વ્યવસ્થા સુલેહશાંતી પૂર્વક જળવાઈ રહે તે માટે અગમચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતા સમગ્ર ભાવનગર જીલ્લામા લોકો જાહેરમાં તીક્ષ્ણ હથીયારો જેવા કે છરી, કુહાડી, ધારીયા, તલવાર ગુપ્તી કુંડલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા, વિગેરે જેવા પ્રાણઘાતક હથીયારો લઈને હહે ફરે નહી તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું એ. ડી. કટારા, જી. એ. એસ. અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ ભાવનગર જીલ્લો, ભાવનગર આથી જાહેરશાંતી અને સલામતી જાળવવા સારૂ ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારામા તા. ૫/૧૦/૨૦૦૦ થી તા. ૪/૧૧/૨૦૦૦ (બન્ને દિવસો સુધ્ધા)

(ક) શસ્ત્રો, દંડા, ભાલા, તલવાર, સોટા, બંધુક છરી, લાકડી અથવા લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈપણ સાધન સાથે લઈ જવા નહી.

(ખ) કોઈપણ ભયકારી સ્ફોટક ભયકારી પદાર્થ સાથે લઈ જવા નહી

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ સાથે જવી નહી, એકઠા કરવા નહી, તથા તૈયાર કરવા નહી.

(ઘ) સરઘસમાં સળગતા કાકડા અથવા સળગતી મશાલો સાથે લઈ જવી નહી.

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બીભત્સ સુત્રો પોકારાવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહી, અથવા ટોળામા ફરવું નહી.

(છ) જેનાથી સુરૂચી અથવા નીતીનો ભંગ થાય તેવં ભાષણ કરવં નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી, તેવા ચિત્રો પત્રીકાઓ પ્લેકાર્ડ અથવા કોઈપણ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહી, બતાવવી નહી, અથવા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ ક-ખ-ગ-ઘ- નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતને જો ત્યાંના ઉપરી અધિકારીઓ આવં કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યં હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) જીલ્લા પોલીસ અધિકારી અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

(૩) જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અથવા અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી એ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતને

(૪) કાયદેસરના હથીયાર પરવાના ધરાવનાર વ્યકિતને.

અનુસૂચિ :

ભાવનગર જીલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામા ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

INDEX

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને સદરહુ વિસ્તારોમાં ધ્વનીવર્ધક યંત્રો દ્વારા ઢંઢેરો પીટાવીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૪/૧૦/૨૦૦૦ ના રોજ મારી સહી તથા સિક્કો માર્યો.

ભાવનગર, ૪ માહે ઓકટોબર સને ૨૦૦૦.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (એસ) નીચે

જાહેરનામું

નં. ડીએમ/૧/ફા.૩૧૨/૨૦૦૦.—ભાવનગર જીલ્લાના શિહોર ગામની બાજુમાં આવેલ ટાણા રોડની દક્ષિણ દિશાએ સર્વે નં. ૨૮૨ ની જમીન જે પોલીસ ખાતાએ ફાયરીંગ બટ માટે પસંદ કરેલ છે. જેનો ઉપયોગ પોલીસતંત્ર ફાયરીંગ બટ માટે કરે છે. આ ફાયરીંગ બટમાં તા. ૬/૧૦/૨૦૦૦ ના રોજ ઝોનલ સીક્યુરીટી ઓફિસરશ્રી સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્ર ભાવનગરના ફાયરીંગ પ્રેકટીસ રાખેલ છે. અને રાજય અનામત પોલીસ દળ-જુથ ૮ ગોંડલનું વાર્ષીક ફાયરીંગ તા. ૯/૧૦/૨૦૦૦ થી તારીખ ૧૯/૧૦/૨૦૦૦ સુધી રાખવામાં આવેલ છે.

સબબ જનમાલની સલામતી ખાતર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (એસ) થી મળેલ અધિકારની રૂઈએ હું એ. ડી. કટારા અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જીલ્લો ભાવનગર આથી ફરમાવું છું કે, શિહોર ગામના સર્વે નં. ૨૮૨ શિહોર ટાણા રોડની દક્ષિણ દિશાએ અડધોમાઈલના વિસ્તારમાં તા. ૬/૧૦/૨૦૦૦ થી તા. ૧૯/૧૦/૨૦૦૦ સુધી કોઈપણ શખ્સે જવું નહી. તેમજ ઢોરોને સદરહુ વિસ્તારમાં ચરાવવા નહી.

મે આજ તા. ૬/૧૦/૨૦૦૦ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ માટે બહાર પાડવામાં આવ્યો.

ભાવનગર, ૬ માહે ઓકટોબર સને ૨૦૦૦.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે

જાહેરનામું

નં. ડીએમ/૧/ફા./૩૧૨/૨૦૦૦.— ભાવનગર જીલ્લા/શહેરમાં નીચે જણાવેલ રસ્તાઓ ઉપર તા. ૨૩-૧૦-૨૦૦૦ થી તા. ૨૭/૧૦/૨૦૦૦ દરમ્યાન આગામી દિવાળીના તહેવારોને કારણે લોકોનો ખૂબજ ધસારો થવાની સંભાવના છે. તેથી તે વિસ્તારોમાં ટ્રાફીકનું નિયમન કરવાની જરૂર જણાય છે. સબબ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) નીચે મને મળેલ અધિકારની રૂઈએ હું એ. ડી. કટારા, જી. એસ. એસ. અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જીલ્લો ભાવનગર ફરમાવું છું કે તા. ૨૩-૧૦-૨૦૦૦ થી ૨૭/૧૦/૨૦૦૦ સુધી (બંને દિવસો સુધ્ધા) દરરોજ દિવસના કલાક ૧૬/૦૦ થી રાત્રીના ૨-૦૦ (બીજા દિવસના) સુધી નીચે દર્શાવેલ રસ્તાઓમાં સાયકલ સહીત કોઈપણ જાતના ભારે અથવા હળવા વાહનોને લાવવા કે લઈ જવા નહી તથા ઉભાવવા કે મુકવા નહી તેમજ સાયકલો દોરીને પઈ લઈ જવી નહી.

રસ્તાનું નામ :

(૧) મોતીબાગથી રૂપમચોકમાં થઈ ખાર ગેઈટ સુધીનો રસ્તો (બંને તરફ)
(૨) હેલારથી ચોકથી હેરીસરોડ (બંને તરફ)
(૩) બાર્ટન લાયબ્રેરી ચોક થઈ વોરાબઝાર વાળો રસ્તો બંનેતરફ
(૪) ગોળબઝારથી જમાદાર શેરી સુધીનો રસ્તો (બંને તરફ)
(૫) હેવમોરચોકથી ઘોઘાગેઈટ પોલીસ ચોકી સુધીનો રસ્તો (બંને તરફ)
(૬) હાઈકોર્ટ રોડ જે. કે. રેસ્ટોરન્ટથી રૂપમ સિનેમા ચોક સુધીનો રસ્તો (બંને તરફ)
(૭) પાલીતાણા ટાઉનમાં ભૈરવનાથ ચોક શાક માર્કેટથી મુખ્ય બઝારના રસ્તા ઉપર કલાક ૯-૦૦ થી ૧૩-૦૦ અને કલાક ૧૬-૦૦ થી ૨૦-૦૦ સુધી ભારે વાહનો ચલાવવા નહી.

આ જાહેરનામું નીચે જણાવેલ વાહનોને લાગુ પડશે નહી.

(૧) ફાયર બ્રીગેડના વાહનો.
(૨) મહેસુલ પોલીસખાતાના (ફરજ ઉપરના વાહનો)
(૩) એમ્બ્યુલન્સ કાર
(૪) ગુજરાત ઈલેકટ્રીસીટી બોર્ડના ફરજ ઉપરના વાહનો.
(૫) પોસ્ટલ વાહનો તથા ટેલીગ્રામ લઈને જતા પીયુનનીસાયકલો
(૬) ભાવનગર ડેરીના વાહનોને બપોરના ૧૬/૦૦ કલાકથી સવારના ૨-૦૦ કલાક સુધી મોતીબાગ થઈ જે કે. રેસ્ટોરન્ટ પાસેથી ઘોઘા દરવાજા સુધી વાહનો લઈ જવા અને તેજ રસ્તેથી પાછા લાવવાની આંશીક મુકિત આપવામાં આવે છે.

આ હુકમ/ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષા થશે.

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલો ચોંટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૧૭/૧૦/૨૦૦૦ ના મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામુ બહાર પાડવામાં આવે છે.

ભાવનગર, ૧૭ માહે ઓક્ટોબર, સને ૨૦૦૦.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(એસ) નીચે

જાહેરનામું

નં. ડીએમ/૧/ફા. ૩૧૨/૨૦૦૦.-ભાવનગર જીલ્લાના શિહોર ગામની બાજુમાં આવેલ ટાણા રોડની દક્ષિણ દિશાએ સર્વે નં. ૨૮૨ની જમીન જે પોલીસ ખાતાએ ફાયરીંગ બટ માટે પસંદ કરેલ છે. જેનો ઉપયોગ પોલીસ તંત્ર ફાયરીંગ બટ માટે કરે છે. આ ફાયરીંગ બટમાં તા. ૧૧-૧૨-૨૦૦૦ થી તા. ૩૧-૧૨-૨૦૦૦ સુધી પોલીસ સ્ટાફ તથા પોલીસ ઓફીસર્સનું વાર્ષીક ફાયરીંગ પ્રેકટીસ રાખેલ છે.

સબબ જનમાલની સલામતી ખાતર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(એસ) થી મળેલ અધિકારની રૂઈએ હું એ. ડી. કટારા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જીલ્લો, ભાવનગર આથી ફરમાવું છું કે. શિહોર ગામના સર્વે નં. ૨૮૨ શિહોર-ટાણા રોડની દક્ષિણ દિશાએ અડધોમાઈલના વિસ્તારમાં તા. ૧૧-૧૨-૨૦૦૦ થી તા. ૩૧-૧૨-૨૦૦૦ સુધી કોઈપણ શખ્સે જવું નહી તેમજ ઢોરોને સદરહું વિસ્તારમાં ચરાવવા નહીં.

INDEX

મે આજ તારીખ ૧૩-૧૧-૨૦૦૦ના રોજ મારી સહી તથા કચેરીનો સીકકો કરી જાહેર જનતાની જાણ માટે બહાર પાડવામાં આવ્યો.

ભાવનગર, ૧૩ માહે નવેમ્બર સને ૨૦૦૦.

ઓ. ડી. કટારા,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

ફોજદારીકાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪નો ૨જો અધિનિયમ) ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલો હુકમ.

નાં. એમઓજી-સી-૧૪૪/૯/૨૦૦૦.— ગત વર્ષે અપુરતા વરસાદના કારણે જુનાગઢ જિલ્લામાં પાણીની વિકટ પરિસ્થિતી ઉપસ્થિત થયેલ ચાલુ વર્ષ પણ અત્યાર સુધીમાં ચોમાસા ની ઋતુ મહદઅંશે પુરી થઇ ગયેલ હોવા છતાં જિલ્લામાં વરસાદની સ્થિતી સંતોષકારક નથી. જેના કારણે ચાલુ વર્ષે આગોતરૂ આયોજન કરવામાં ન આવે તો સામાન્ય પ્રજાને તથા માલઢોરને પીવાના પાણીની ખુબ જ તંગી અનુભવવી પડે તેવી શકયતાઓ રહેલ છે. જેથી આ જિલ્લા હસ્તકના સિચાઈ ખાતાના ડેમમાં પાણીની સપાટી ખુબ જ નીચે જવા પામેલ છે. જેથી જિલ્લાના ડેમમાં પાણીનો જથ્થો હાલ ઉપલબ્ધ છે, તે પાણીના જથ્થાનું સમગ્ર વર્ષ દરમ્યાન સુનિશ્ચિત રીતે તથા વ્યવસ્થિત વિતરણ થાય તો સમગ્ર વર્ષ દરમ્યાન સામાન્ય પ્રજાજનને તથા માલઢોરને પીવાના પાણીના સંકટથી ઉગારી શકાય જેથી જિલ્લા હસ્તકના સિચાઈ ખાતાના નીચે મુજબના ડેમોમાં પીવાનો જથ્થો ઉપલબ્ધ છે. તેનું અસરકારક રીતે વિતરણ થાય તે હેતુથી જાહેર હિતમાં ડેમમાં રહેલ પાણીના જથ્થાના વિતરણ ઉપર અંકુશ મુકવાનું વ્યાજબી જણાય છે. તથા તે માટેના પુરતા કારણો છે.

જે.થી હું જે. કે. કેસીયા, જી. એ. એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ ની કલમ ૧૪૪ મુજબ મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે, જુનાગઢ જિલ્લાના હિરણ-૧ હિરણ-૨ મધુવંતી આંબાજળ, ઝાંઝેશ્રી, ઉબેણ, ધ્રાફડ, મચ્છુન્દ્રી, રાવલ, હસનાપુર, વ્રજમી, શીગોડા, ખોડીયાર, મુજીયાસર, ઓઝતવીયર. લંબોરા, તથા બાંટવા ખારો, ડેમમાં જિલ્લા પંચાયત હસ્તકના રાવતસાગર પસવાળા છોડવડી, વેકરીયા, આંબાજળ, બંધુકીયા ખીલાવડ, ફરેરા, રૂપેણ આંબાકૂઇ ગુડલિકઆપ વિયર તથા લાછડી ડેમમાં પાણીનો જે જથ્થો ઉપલબ્ધ છે તેમાંથી કોઈપણ વ્યકિતએ લીફ્ટ ઈરીગેશન કરવું નહી કે ડેમમાંથી કોઈપણ રીતે યંત્ર દ્વારા કે અન્ય રીતે પાણી ઉચકવું નહી તથા સંબંધિત ડેમની આસપાસના ૨૦૦ મીટરની આસપાસના વિસ્તારમાં પાણીના ઉપાડ માટે કોઈપણ વ્યકિતએ જવું નહી કે હરવું ફરવું નહી તથા ઉપર જણાવેલા ડેમમાંથી પાણીનું વિતરણ આ કચેરીની સુચના વિરૂધ્ધ કરવું નહી.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સિચાઈ વિભાગના તથા જિલ્લા પંચાયત હસ્તક તથા સંબંધિત ડેમ જે ખાતા હસ્તક આવેલ હોય તો તે ખાતાના કર્મચારીઓ/અધિકારીશ્રીઓ કે જેઓની આ ડેમ ઉપર જ ફરજ ઉપર હોય તથા જેઓ સુચના મુજબ પાણીનું વિતરણ કરતા હોય તેવા કર્મચારીના સમુહને.

(૨) સંબંધિત ડેમ ઉપર ખાસ હુકમ કરીને ફરજ ઉપર મુકેલા અન્ય ખાતાના કર્મચારી / અધિકારીશ્રીઓને.

આજ તા. ૧૨ માહે સપ્ટેમ્બર ૨૦૦૦ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી બહાર પાડેલ છે.

જુનાગઢ, ૧૨ માહે સપ્ટેમ્બર સને ૨૦૦૦.

જાહેરનામું

ક્રમાંક : એમઓજીસી-૫૮૧૪-/૨૦૦૦.—વેરાવળ શહેરની ભૌગોલિક રચના તેમજ ટ્રાફીકની સમસ્યા જોતા વેરાવળ શહેરમાં લાઈબ્રેરીથી શરૂ કરી ચાર ચોક સુધીના સટ્ટાબજાર તરીકે ઓળખાતા વિસ્તારમાં હજારો લોકોની અવર જવર રહેતી તેમજ તે જ વિસ્તારમાં ભુતકાળમા દિવાળીના તહેવારો દરમ્યાન બનેલ અથડામણના બનાવો ધ્યાને લેતા ચાલુ સાલે દિવાળીના તહેવારો દરમ્યાન કોઈપણ જાતનો અનિચ્છનીય બનાવ બનવા ન પામે નહી તે માટે તથા ટ્રાફીકની સમસ્યા ખુબ જ રહેતી હોય તેવા સાજોગોમાં વેરાવળ શહેરમાં લાઈબ્રેરી થી શરૂ કરી ચાર ચોક સુધીના સટા બજાર તરીકે ઓળખાતા રસ્તા ઉપર દિવાળીના તહેવારો દરમ્યાન જાહેર જનતાને અવર જવર કરવામાં કોઇ હાડમારીના પડે તે હેતુથી બે પૈડાવાળા ત્રણ પૈડાવાળા કે ચાર પૈડાવાળા તમામ પ્રકારના વાહનો (સાયકલ સહીત) ચલાવવા લાવવા જવા ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અહીને ઈષ્ટ જણાય છે.

વાસ્તે, હું જે. કે. કેસીયા, જી. એ. એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો જુનાગઢ સને ૧૯૫૧ના મુંબઈ (બી) હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ જુનાગઢ શહેરમા આવેલ લાઈબ્રેરીથી શરૂ કરી ચાર ચોક સુધીના સટા બજાર તરીકે ઓળખાતા રસ્તા ઉપર કોઈપણ બાજુએથી કે લાગુ ગલ્લીમાથી બે પૈડાવાળા ત્રણ પૈડાવાળા કે ચાર પૈડાવાળા (સાયકલ સહીત) તમામ પ્રકારના વાહનોને તા. ૨૩/૧૦/૨૦૦૦ ના સવારના ૧૦-૦૦ કલાકથી તા.રીખ ૩૦/૧૦/૨૦૦૦ના સવારના ૧૦-૦૦ સુધી ચલાવવા લાવવા લઈ જવા, અવર/જવર કરવા પ્રવેશવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિતને શિક્ષાને પાત્ર કરશે.

આ જાહેરનામું આજ રોજ તા. ૩જી ઓકટોબર ૨૦૦૦ના ના રોજ મારી સહી તથા કચેરીના સિકકા કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૩ માહે ઓકટોમ્બર સને ૨૦૦૦

જે. કે. કેસીયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ.
જુનાગઢ જિલ્લો, જુનાગઢ,

Printed at the Government Press, Rajkot.
Complaints about Gazette must be made within a fortnight from the date of this Publication accompanied by the Wrapper.

REGISTERED No. GRJ-24

©

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XLII] THURSDAY, 29th MARCH, 2001 / CAITRA 8, 1923 [No. 13

Separate paging is given to each part of the Supplement to the Central Gazette. and Central Section in order that it may be filed as a separate compilation.

PART-I

		Pages
PART-I	Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those publi-shed in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc. Miscellaneous Notification Appointments etc. ..	113—128
PART-I-A	Orders an Notifications (Other than those published in Part IV-B) under the Gujarat Local Boards, Village Pancha-yats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts	..Nil
Part-I-B	(Supplement) Government Notifications Published under Land Acquisition Act only Supplement	97—102
PART-II	Miscellaneous Notices, Adver-tisements, List of Books Sanc-tioned by the Director of Education, List of Jurors, Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths. etc. ..	239–252
PART-III	Miscellaneous Supplements Season and Crop Reports Prices, Current Rainfalls Returns District Local Boards Accounts etc.	..Nil

INDEX

Government Notifications, Orders Appointments, etc.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

Miscellaneous Notifications Appointments etc.

અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ ૩૩ (૧) (બી) હેઠળ

જાહેરનામુ

ક્રમાંક : એમએજી-સી-૫૮૧૫/૨૦૦૦/૧૦/૨૦૦૦.— જુનાગઢ શહેરની ભોગોલિક રચના તેમજ ટ્રાફીકની સમસ્યા જોતાં પંચહાટડી ચોકથી કાળવા ચોક સુધીનો માંગનાથ રોડ તેમજ પંચહાટડી દિવાનચોક તરફથી જતો માલીવાડા રોડ એકદમ સાંકડો હોય તેમજ તે રોડ ઉપર મોટા ભાગની કાપડની દુકાનો પણ આવેલી છે. આ રોડ જુનાગઢ શહેરની મધ્યમાં આવેલ હોય ન દિવાળીના તહેવારોમાં લોકોની અવર જવર ખુબ વધતીજતી હોય, જેના કારણે આ તમામ રોડ ઉપર રીક્ષા સ્કુટર અને સાયકલ મોટર જેવા વાહનો ની અવર જવર રહેતી હોય જેના પરિણામે લોકોને ખાસ કીરીને સ્ત્રી વર્ગને અને નાના બાળકોને ખુબજ હાડમારી અવર જવર કરવામાં પડતી હોય તા. ૨૩/૧૦/૨૦૦૦થી ૩૦/૧૦/૨૦૦૦ સુધીના સમય દરમ્યાન સાયકલ સહીત બે પૈડાવાળા ત્રણ પૈડા કે ચાર પૈડાવાળા તમામ જાતના વાહનોને ચલાવવા લાવવા લઈ જવા ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા આહીને ઈષ્ટ જણાય છે.

વાસ્તે હું જે. કે. દેસાયા, જી. એ. એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો જુનાગઢ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ના આંક-૨૨ની કલમ ૩૩(૧)(બી) હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ જુનાગઢ શહેરમાં આવેલ પંચહાટડી ચોકથી કાળવા ચોક તરફ જતા માંગનાથ રોડ, પંચહાટડી ચોકથી દિવાન ચોક જતા માલીવાડા રોડ ઉપર બે પૈડાવાળા (સાયકલ સહીત) ત્રણ પૈડાવાળા કે ચાર પૈડાવાળા તમામ પ્રકારના વાહનો તા. ૨૩/૧૦/૨૦૦૦ થી તા. ૩૦/૧૦/૨૦૦૦ સુધી બંને દિવસો સહીત સવારના ૮-૦૦ કલાકથી રાત્રીના ૧૨-૦૦ કલાક સુધી ચલાવવા લાવવા લઈ જવા અવર જવર કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામા કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ ૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું આજરોજ તા. ૩ માહે ઓકટોબર સને ૨૦૦૦ ના રોજ મારી સહી તથા કચેરીના સિકકા સાથે જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૩ માહે ઓકટોબર સને ૨૦૦૦.

મુંબઈ પોલીસ અધિનિયમ-આંક-૨૨ ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ હેઠળ જાહેરનામુ

નાં. એમએજી/સી/૬૨૭૩/૨૦૦૦ ચાલું માસ દરમ્યાન નવરાત્રીના તહેવારો ચાલુ હોઈ તેમજ દશેરાનો તહેવાર આવનાર હોય તથા અપુરતા વરસાદના કારણે પીવાના પાણીના પ્રશ્ને તથા વિજળીની અનિયમિતતાના કારણે સભાઓ, સરઘસો વિગેરે જુદા જુદા કાર્યક્રમો થવા સંભાવના હોય તે અંતર્ગત તેમજ હાલમાં જુદા જુદા રાજકીય તથા સામાજીક સંસ્થાઓ તરફથી સરઘસો, રેલીઓ, વિગેરે પ્રવૃતિઓ થવા સંભાવના હોય આવા સંજોગોમાં જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સુલેહશાંતિ જાળવવા સારૂ સભા સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહી અને કોઈપણ જાતનો અનિચ્છનીય બનાવ બને નહી તે માટે જુનાગઢ જિલ્લા વિસ્તારના કોઈપણ વિસ્તારમાં સભા કરવી નહી. તથા સરઘસ કાઢવું નહી તેવી મનાઈ તા. ૪/૧૦/૨૦૦૦ થી તા. ૧૭/૧૦/૨૦૦૦ સુધી કરવાનુ ઈષ્ટ જણાય છે. જેથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ થી મને મળેલ અધિકારની રૂઈએ હું જે.કે. દેસિયા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો જુનાગઢ આથી જુનાગઢના સમગ્ર વિસ્તારમાં તા. ૪/૧૦/૨૦૦૦નાં રોજથી તા. ૧૭/૧૦/૨૦૦૦ (બંને દિવસો સહિત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. આદેશ કરૂ છું કે, આ હુકમની નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગુહ રક્ષક મંડળીઓ,
(૨) સરકારી નોકરીએ અવર-જવર કરતી હોય તેવી વ્યકિતને
(૩) કોઈ લગ્નના વરઘોડાને
(૪) સ્મશાન યાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને
(૫) સક્ષમ અધિકારીશ્રીઓની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં મદદ કરનારને ગુનો સાબીત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે. તથા ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮, મુજબનો ગુનો સાબીત થયેથી જે તે વ્યકિત એક માસની કેદ અથવા રૂપિયા ૨૦૦ સુધીનો દંડ અગર બંને શિક્ષા થઈ શકે અને આ હુકમની અવગણનાં માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ બખેડો થાય તો તેવી વ્યકિતને ૬ (છ) માસ સ-પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦ સુધીનો દંડ સહિત બન્ને શિક્ષાનેપાત્ર ઠરશે. આજ તા. ૩ માહે ઓકટોબર સનેસને ૨૦૦૦ના સહી સિક્કા કરી જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કર્યું.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪નો-૨ બીજો)અધિ-નિયમ)ની કલમ ૧૪૪ અન્વયે

હુકમ

નાં. એમએજી-સી-બોર-૨૦૦૦.—ગત વર્ષે અપુરતા વરસાદના કારણે જુનાગઢ જિલ્લામાં પાણીની વિકટ પરિસ્થિતી ઉપ-સ્થિત થયેલ ચાલુ વર્ષે પણ અપુરતા વરસાદના કારણે પીવાના પાણીની વિકટ પરિસ્થિતી ઉપસ્થિત થયેલ છે. અને સમય જતાં ઉકત પરિસ્થિતી વધુ વિકટ બને તેમ છે. આવા સંજોગોમાં હાલમાં જિલ્લામાં આવેલા જળાશયોમાં નહીવત પાણી છે. અને આ પાણી ઉનાળા સુધી પીવાના પાણી તરીકે અનામત રાખવામાં આવેલ છે. આવનાર દિવસોમાં ઉનાળાની સીઝન દરમ્યાન જળાશયોના પાણી પણ સમાપ્ત થઈ જાય તેમ છે.

INDEX

અને તે સંજોગોમાં ભુગર્ભ આધારીત પાણીના સોર્સ સિવાય જિલ્લામાં અન્ય કોઇ રીતે પીવાના પાણી ઉપલબ્ધ થવાની શક્યતા જણાતી નથી.

જિલ્લાના અંદર ભુગર્ભમાંથી પાણી કાઢવા માટેના ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારમાં ખૂબ જ મોટી સંખ્યામાં ૪,૬ અને ૮ ઈંચના પીવાના પાણી માટે તેમજ ખેતી માટેના બોર આવેલ છે. પરંતુ જેમ જેમ પાણીની સપાટી નીચે ઉતરતી જાય છે. તેમ ઉપરોક્ત હયાત બોર પણ બંધ થતા જાય છે. કે પાણીની ગુણવતા નબળી પડતી જાય છે. અને તે પાણી પીવા લાયક રહેતુ નથી. જે સામે લોકો દ્વારા પીવાના તેમજ ખેતીના હેતુ માટે મોટા પાયે નવા બોર કરવાની પ્રવૃતિ હાથ ધરાયેલ હોવાનુ જાણવા મળેલ છે. આ સર્વ વિદિત છે કે ખેતી માટે મોટા પાયે પાણીના જથ્થાની જરૂરીયાત રહે છે. તથા જિલ્લામાં આવેલા ઉદ્યોગોને પણ મોટા પાયે પાણીની જરૂરીયાત રહે છે. જો ખેતી માટે તથા ઉદ્યોગ માટે ભુગર્ભ જળનો જથ્થો વાપરી નાખવામાં આવેતો ઉનાળા દરમ્યાન જિલ્લાના મોટા ભાગના વિસ્તારમાં ભુગર્ભમાંથી પીવા લાયક પાણીનો જથ્થો મેળવવાનુ પણ મુશ્કેલ બનશે. તેમજ માનવી તથા પશુઓના જીવન નિભાવવા અને જાળવવા માટે પણ પાણીનો કોઈપણ સ્ત્રોત ઉપલબ્ધ થશે નહી.

ઉપરોક્ત સંજોગોમાં અને જાહેર હિતમાં સમગ્ર જુનાગઢ જિલ્લામાં ખેતી ઉદ્યોગના ઉપયોગ માટે નવા બોર ગાળવાની પ્રવૃતિ ઉપર તાત્કાલિક અસરથી નિયંત્રણ મુકવું ખૂબ જ જરૂરી જણાય છે.

સબબ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ ૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ હું જે કે. ઠેસીયા, જી. એ. એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ આથી ફરમાવું છું કે, સમગ્ર જુનાગઢ જિલ્લામાં બોરવેલ પંપ ગામના ઈસમોએ જુનાગઢ જિલ્લામાં ખેતી તથા ઉદ્યોગના ઉપયોગ માટે નવા બોર કરવાનું નહી તેમજ જુનાગઢ જિલ્લાના ખેડુતો અને ઉદ્યોગના માલિકોએ ખેતી અને અને ઉદ્યોગના ઉપયોગ માટે નવા બોર આ કચેરીની પુર્વ મંજુરી વગર કરાવવા નહી.

આ જાહેર જાહેરનામા/હુકમનુ ઉલ્લંઘન કરનારને ભારતીય ફોજદારી અધિનિયમની કલમ ૧૮૮ મુજબ સજા થઇ શકે છે.

આજ તા. ૨૦ માહે ઓકટોબર સને ૨૦૦૦ના રોજ મારી સહી તથા કચેરીના સિકકા સાથે બહાર પાડેલ છે.

જુનાગઢ, ૨૦ માહે ઓક્ટોબર સને ૨૦૦૦.

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની આંક-૨૨ની કલમ ૪૩/૧ અન્વયે

જાહેરનામુ

ક્રમાંક : એમએજી/સી/પરિક્રમા-૧૧/૨૦૦૦(૨).— જુનાગઢ જિલ્લામાં પ્રભાસપાટણ તાલુકો વેરાવળમાં અનુક્રમે ગીરનાર પરિક્રમાંનુ પર્વ તથા શ્રી સોમનાથ મહાદેવના કાર્તીકી પુર્ણીમાનો મેળો ભરાનાર હોવાથી અને બંને પ્રસંગોએ જુનાગઢ શહેર તેમજ વેરાવળ શહેર અને પ્ર. પાટણ ગામે હજારોની સંખ્યામાં યાત્રાળુઓ તથા ભાવીકો એકત્ર થશે. તેથી સદરહું મેળામાં ચેપી રોગો અટકાવવા તથા જાહેર સુખાકારીના પગલા લેવાનું ઈષ્ટ જણાતા હું જે કે ઠેસીયા જી.એ.એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો જુનાગઢ સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિ. ૧૯૫૧ આંક-૨૨ની કલમ ૪૩(૧) અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવુ છું કે,

તા. ૦૭/૧૧/૨૦૦૦થી તા. ૧૧-૧૧-૨૦૦૦ સુધી બંને દિવસો સહીત જુનાગઢ શહેર તેમજ ભવનાથ તળેટી તેમજ તેની આસપાસ ફરતા ૮ કી. મી. ના અંતરના વિસ્તારનામાં તથા વેરાવળ પાટણ સંયુક્ત નગરપાલિકા વિસ્તાર અને તેની આસપાસ ૮ કિ. મી. ના વિસ્તારમાં પીવાના પાણી પરત્વે માણસોને પીવાના ઉપયોગમાં ન આવે તેવા કૃત્યો કરવાની, જાહેર તંદુરસ્તીને નુકશાન પહોંચાડે તેવી રીતે રાંધેલા ખોરાક ચીજ વસ્તુઓ ખુલ્લી રાખવાની, તદઉપરાંત તેવા ખોરાક ચીજ વસ્તુઓ જે તે આરોગ્ય ખાતાના કર્મચારીઓ, અધિકારીશ્રીઓની સુચના વિરુધ્ધ વેચવાની અગર તેની ગંદકી કરવાની તથા રકતપિત્ત અને ચેપી રોગોવાળા શખ્સોને દાખલ થવા દેવાની આથી મનાઇ ફરમાવવામાં આવે છે.

ઉપરોક્ત બાબતે દેખરેખ રાખી યોગ્ય પગલા લેવા જુનાગઢ જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી તથા તેઓશ્રીએ નિયુક્ત કરેલા કર્મચારીઓ તથા જુનાગઢ નગરપાલિકા અને વેરાવળ પાટણ સંયુક્ત નગરપાલિકાના આરોગ્ય અધિકારીશ્રીએ અગર તેઓએ જેને નિયુક્ત કરેલા હોય તેવા તેમના કર્મચારીઓને આથી અધિકાર આપવામાં આવે છે.

આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર શખ્સ સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમ આં-૨૨ની કલમ ૧૩૯ માં જણાવેલ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું આજરોજ તા. ૩૦ માહે ઓકટોબર સને ૨૦૦૦ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

જુનાગઢ, ૩૦ માહે ઓકટોબર સને ૨૦૦૦.

સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમ આંક--૨૨ની કલમ ૩૩(૧) બી અન્વયે

જાહેરનામુ

ક્રમાંક : એમએજીસી-૧૧-૨૦૦૦(૩).—આગામી ગિરનાર પરિક્રમા તા. ૦૭-૧૧-૨૦૦૦થી તા. ૧૧-૧૧-૨૦૦૦ દરમ્યાન યોજનાર છે. જેથી ભવનાથ તળેટીમાં હજારો યાત્રિકો અને ભાવિકો એકઠા થશે. અને તેથી ટ્રાફીકનું નિયમન કરવા માટે સાવચેતીના પગલાં લેવાનું જરૂરી જણાય છે. જેથી જુનાગઢમાં ભવનાથ તળેટીમાં નીચેના માર્ગ મુંબઇ પોલીસ અધિનિયમ ની કલમ ૩૩-(૧)-(બી) અન્વયે એક તરફી કરવાનું જરૂરી ગણાય છે.

સબબ હું જે. કે. ઠેસીયા, જી. એ. એસ. જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની આંક-૨૨ની કલમ ૩૩(૧)બી અન્વયે મળેલ સત્તાની રૂએ તા. ૦૭-૧૧-૨૦૦૦ થી તા. ૧૧-૧૧-૨૦૦૦ સુધી ભવનાથ તળેટીમાં આવેલા નીચે મુજબના માર્ગો એક તરફી જાહેર કરું છું.

(૧) ગીરનાર દરવાજાથી ભવનાથ તળેટી તરફ જતો રસ્તો તમામ વાહનો માટે ભવનાથ જવા માટે બંધ રહેશે. પરંતુ ભરડાવાવથી ભવનાથ જતો માર્ગ ભવનાથ જવા તમામ વાહનો માટે પ્રવેશ માટે ખુલ્લો રહેશે.

(૨) ખાખચોકથી ડાબી બાજુ જતા રોડથી લાલસ્વામીની જગ્યાથી કુંભી સમાજની વાડી સુધી અને વડલી ચોકથી ભવનાથ મંદિર તળાવની પાળ થઈ ભવનાથ પંચાયત કચેરી સુધી જતો માર્ગ તમામ વાહનો માટે ભવનાથ જવા માટે ખુલ્લો રહેશે.

(૩) ભવનાથ તળેટીથી ગીરનાર દરવાજા સુધી જતો માર્ગ સ્મશાન થી ગીરનાર દરવાજા આનંદ આશ્રમથી ખાખચોક સુધી મંગલનાથ બાપુની જગ્યાએથી વડલી ચોક સુધી જતો માર્ગ જુનાગઢ શહેરમાં પરત આવવા માટે તમામ વાહનો માટે ખુલ્લો રહેશે. પરંતુ ભવનાથ જવા માટે બંધ રહેશે.

આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ ૧૩૧માં દર્શાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું આજરોજ તા. ૩૦ માહે ઓક્ટોબર સને ૨૦૦૦ના રોજ મારી સહી તથા સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૩૦ માહે ઓક્ટોબર સને ૨૦૦૦.

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ -૩૩ની પેટા કલમ ખંડ બી હેઠળ

જાહેરનામું

ક્રમાંક: એમએજી/બી/૧૦/૨૦૦૦ (૫).—જુનાગઢ જિલ્લાના જુનાગઢ ભવનાથ તળેટીમાં તા. ૭-૧૧-૨૦૦૦ થી તા. ૧૧-૧૧-૨૦૦૦ સુધી ગીરનાર પરિક્રમાનો મેળો ભરાવાનો છે. આ મેળામાં મોટી સંખ્યામાં યાત્રાળુઓ ભેગા થવા સંભવ હોય કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા ટ્રાફીક નિયમન કરવાનું મને ઈષ્ટ જણાય છે.

આથી, હું જે. કે. દેસીયા, જી. એ. એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ જુનાગઢ જિલ્લો જુનાગઢ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ના આંક-૨૨ ની કલમ કલમ-૩૩ (૧) બી અન્વયે મને મળેલ અધિકાર ની રૂઈએ ફરમાવું છું. કે તા. ૦૭-૧૧-૨૦૦૦ થી તા. ૧૧-૧૧-૨૦૦૦ સુધી બને દિવસો સહીત કોઈપણ પ્રકારના વાહનો ભવનાથ તળેટીથી આગળ પરિક્રમાના રસ્તાઓ ઉપર આવરજવર માટે પ્રતિબંધ ફરમાવુંછું. તથા વાહનો ભવનાથ તળેટીથી આગળ જવા ન દેવા આથી હુકમ ફરમાવું છું.

આ હુકમ ફરજ પરના પોલીસ ખાતાના જિલ્લા આરોગ્ય ખાતાના જાહેર બાંધકામ ખાતાના વન ખાતાના તેમજ ગુજરાત વિધુત બોર્ડ તથા ભવનાથ ગ્રામ પંચાયત ના ફરજ ઉપરના વાહનોને લાગુ પડશે નહી આ ઉપરાંત સ્વૈચ્છિક સંસ્થાઓ વિગેરેના વાહનોને વાળાઓ પરિક્રમાના રસ્તા ઉપર વાહનો લઈ જવા માટે નાયબ વન સંરક્ષકશ્રી વન વિભાગ જુનાગઢ પાસેથી વાહનો લઈ જવા પાસ મેળવવાના રહેશે.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ આંક-૨૨ કલમ-૧૩૧માં દર્શાવેલ શિક્ષાને પાત્ર ઠરશે,

આ હુકમ આજરોજ તા. ૩૦માહે ઓક્ટોબર સને ૨૦૦૦ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કરેલ.

જુનાગઢ, ૩૦ માહે ઓક્ટોબર સને ૨૦૦૦

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩ (૧)(બી) અન્વયે

જાહેરનામું

ક્રમાંક: એમએજી-સી-૧૧-૨૦૦૦(૬) જુનાગઢ જિલ્લાના વેરાવળ તાલુકાના પ્રભાસપાટણ મુકામે આગામી "કાર્તિકી પુર્ણિમાનો મેળો" તા. ૭-૧૧-૨૦૦૦થી ૧૧-૧૧-૨૦૦૦ સુધી યોજાનાર છે. આ સમય દરમ્યાન બહારથી મોટા પ્રમાણમાં યાત્રાળુઓ આવતા હોવાથી કાયદો અને વ્યવસ્થા જાળવવા ટ્રાફીકનું નિયમન કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું જે. કે. દેસીયા, જી. એ. એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની આંક-૨૨માની કલમ ૩૩(૧) બી હેઠળ મને મળેલ અધિકારની રૂએ તા. ૭/૧૧/૨૦૦૦થી તા. ૧૧-૧૧-૨૦૦૦ સુધી બન્ને દિવસો સહીત કોઈપણ પ્રકારના વાહનોની નિચે જણાવેલ રસ્તાઓ ઉપર આવરજવર માટે પ્રતિબંધ ફરમાવું છું.

(૧) પ્રભાસપાટણ પોલીસ લાઈનથી દક્ષિણ છેડાથી પ્રભાસપાટણ તાલુકા શાળાના દક્ષિણ છેડા સુધી જે માર્ગ ગામના મુખ્ય બજારમાં મહાત્મા ગાંધી માર્ગ કહેવાય છે. તે માર્ગ ઉપર દરેક પ્રકારના વાહનો માટે આવર જવર પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૨) ત્રીવેણી દરવાજાથી ધર્મશાળા તરફ આવતા વાહનોને સોમનાથ મંદિર તરફ જવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

આ હુકમ ફરજ પરના પોલીસ ખાતાના જિલ્લા આરોગ્ય કચેરીના જાહેર બાંધકામ ખાતાના તેમજ ગુજરાત વિદ્યુત બોર્ડના ફરજ પરના વાહનો માટે જેને જુનાગઢ જિલ્લા પોલીસ અધિકારીઓ અથવા સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી વેરાવળઓ અથવા તેઓએ અધિકૃત કરેલ અધિકારીએ મંજુરી આપેલ હશે. તેને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો ભંગ કરનાર શખ્સને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ ૧૩૧માં દર્શાવેલી શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું આજ રોજ તા. ૩૦ માહે ઓક્ટોબર સને ૨૦૦૦ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૩૦ માહે ઓક્ટોબર સને ૨૦૦૦

અધિનિયમ આંક-૨૨માંની કલમ ૩૩ની પેટા કલમ ૧ની પેટા ખંડ બી હેઠળ

જાહેરનામું

નં. એમએજી/ સી/ ૧૦/૨૦૦૦(૭).—જુનાગઢ જિલ્લામાં જુનાગઢ ભવનાથ તળેટીમાં તા. ૦૭-૧૧-૨૦૦૦ થી તા. તા. ૧૧-૧૧-૨૦૦૦સુધી ગીરનાર પરીક્રમાનો મેળો ભરાવવાનો છે. આ મેળામાં મોટી સંખ્યામાં યાત્રાળુઓ ભેગા થવા સંભવ હોય કાયદો અને વ્યવસ્થા જાળવવાનું તથા ટ્રાફીક નિયમન કરવાનું મને ઈષ્ટ જણાય છે.

INDEX

સબબ હું જે.કે. ઠેસીયા જી. એ. એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ જુનાગઢ જિલ્લો જુનાગઢ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ આંક-૨૨ની કલમ ૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ સતાની રૂએ તા. ૦૭-૧૧-૨૦૦૦ થી તા. ૧૧-૧૧-૨૦૦૦ ના ૧૨-૦૦ કલાક સુધી ભારે વાહનો જેવા કે ટ્રક, ભારવાહક મેટાડોર ટ્રેલર સાથેનું ભારવાહક ટ્રેક્ટર તથા ભારવાહક છકડો ભારવાહક રિક્ષા તથા ખાનગી બસ, મીની બસ વિગેરે ભરડાવવાથી ભવનાથ તરફ જતા રસ્તા પર ચાલવા લઈ જવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું .

પ્રતિબંધ ફરમાવેલ વાહનો ભરડાવાવ પાસે પરેશ જોષીની વાડીથી વાઘેશ્વરી વાડી પાસે પાર્ક કરવાના રહેશે.

આ જાહેરનામું ફરજ પરના પોલીસ ખાતાના આરોગ્ય ખાતાના, જાહેર બાંધકામ ખાતાના વન ખાતાના તેમજ ગુજરાત વિદ્યુત બોર્ડ તથા ભવનાથ ગ્રામ પંચાયતના ફરજ પરના વાહનો તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ વિગેરેના વાહનો વાળાએ નાયબ વન સંરક્ષકશ્રી વન વિભાગ જુનાગઢ પાસેથી વાહનો લઈ જવા માટે પાસ મેળવેલો હશે. તેઓને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ-આંક ૨૨ માંની કલમ ૧૩૧માં દર્શાવેલ શિક્ષાને પાત્ર ઠરશે .

આ જાહેરનામું આજરોજ તા. ૩૦ માહે ઓકટોબર સને ૨૦૦૦ નાં રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૩૦ માહે ઓકટોબર સને ૨૦૦૦.

સને ૧૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ ૩૩(૧)(બી) હેઠળ

જાહેરનામું

નાં. એમએજીસી-૧૦-૨૦૦૦.(૮)—જુનાગઢ જિલ્લામાં આવેલ ગીરનાર પર્વત ઉપર આગામી ગિરનાર પરિક્રમા તારીખ ૦૭-૧૧-૨૦૦૦થી તા. ૧૧-૧૧-૨૦૦૦ સુધી યોજનાર છે. આ સમય દરમ્યાન જુનાગઢ મુકામે ભવનાથ તળેટીમાં બહોળા પ્રમાણમાં વાહનોની અવર જવર રહેશે. જેથી ટ્રાફીકના સરળ નિયમન માટે નીચે જણાવેલ વિગતે તારીખ ૭/૧૧/૨૦૦૦થી તા. ૧૧-૧૧-૨૦૦૦ સુધી વાહનોના પાર્કીંગ માટે પાર્કીંગ ઝોન નકકી કરવાનું ઈષ્ટ જણાય છે.

વાસ્તે હું જે. કે. ઠેસીયા, જી. એ. એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો જુનાગઢ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ ૩૩ની પેટા કલમ-૧ ના ફકરા સી અન્વયે મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ સ્થળોએ વાહનોના પાર્કીંગ ઝોન તરીકે નકકી કરી જાહેર કરું છું. વાહનોના પાર્કીંગ અંગે પાર્કીંગ ઝોન :—

(૧) ભવનાથ ખાતે જિલ્લા પંચાયત ગેસ્ટ હાઉસ સામેના ભાગે (ખેતીવાડી કેમ્પસ તરફથી કરેલ ફેન્સીંગ વાળી જગ્યા

(૨) ભવનાથ ખાતે તળાવની પાળ પાસે.

(૩) ભવનાથ ખાતે ભવનાથ મંદિર આગળ ભારતી આશ્રમ પાસેની ખુલ્લી જગ્યાએ.

આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ ૧૩૧ માં દર્શાવેલી શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું આજરોજ તા. ૩૦ માહે ઓકટોબર ૨૦૦૦ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી જાહેર જનતાની જાણ તથા પ્રસિધ્ધિ માટે તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૩૦ માહે ઓકટોબર સને ૨૦૦૦.

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ (૧) સી હેઠળ જાહેરનામું

નાં. એમએજી સી/ ૧૦/ ૨૦૦૦(૯) —જુનાગઢ જિલ્લામાં જુનાગઢમાં આવેલ ગીરનાર પર્વત ઉપર આગામી ગીરનાર પરીક્રમા તા. ૭-૧૧-૨૦૦૦ થી તા. ૧૧-૧૧-૨૦૦૦ સુધી યોજનાર છે. આ સમય દરમ્યાન જુનાગઢ મુકામે ભવનાથ તળેટીમાં બહોળી સંખ્યામાં વાહનોની અવરજવર રહેશે. જેથી ટ્રાફીકના નિયમો માટે નીચે જણાવેલ વિગતે તા. ૭/૧૧/૨૦૦૦ થી તા. ૧૨-૧૧ /૨૦૦૦ સુધી બંને દિવસો સહીત વાહનોનાં સ્ટેન્ડ નકકી કરવાનું ઈષ્ટ જણાય છે.

વાસ્તે, હું જે. કે. ઠેસીયા જી.એ.એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ જુનાગઢ જિલ્લો, જુનાગઢ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩ ની પેટા કલમ-૧નાં ફકરા અન્વયે મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ સ્થળોએ મોટા વાહનોના સ્ટેન્ડ તરીકે નકકી કરી જાહેર કરૂ છું.

અ.નં.	સ્થળ	વાહન પાર્કીંગ માટેનો પ્રકાર
(૧)	સ્વ. શ્રી ભરતભાઈ કાંબલીયાની ટોકીઝ પાસે ગીરનાર રોડ જુનાગઢ	મોટા વાહનો
(૨)	નગરપાલિકાની ડમ્પીંગ વાળી જગ્યા છે તે જગ્યા	—"—
(૩)	નિર્મળ નગર સામે પર્યુષણની જગ્યા	—"—
(૪)	નિર્મળનગર સામે વૃધ્ધાશ્રમની જગ્યા પાછળ.	—"—
(૫)	દિપુભાઈ વકીલની વાડીના નજીકની જગ્યા	—"—

આ જાહેરનામાના ભંગ કે ઉલ્લંઘન કરનાર સને ૧૮૬૧ના મુંબઈ (પોલસ) અધિનિયમ આંક-૨૨ની કલમ ૧૩૧માં દર્શાવેલ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું આજરોજ તા. ૩૦ માહે ઓકટોબર ૨૦૦૦ ના રોજ મારી સહી તથા કચેરીના સિકકા કરી જાહેર જનતાની જાણ તથા પ્રસિધ્ધી માટે અમલ માટે પ્રસિધ્ધ કર્યું .

જુનાગઢ, ૩૦ માહે ઓકટોબર સને ૨૦૦૦.

INDEX

જુનાગઢ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ આંક-૨૨ ની કલમ ૩૭ની પેટા કલમ ૩ હેઠળનું

જાહેરનામું

નં. એમઓજી-સી-૬૫૦૩/૨૦૦૦.—ચાલુ માસ દરમ્યાન હેવ દિવાળીના તહેવારો આવતા હોઈ તેમજ અપુરતા વરસાદના કારણે પાણીના પ્રશ્ને તથા વિજળીની અનિયમીતતા તથા વીજદરના વધારાના કારણે સભાઓ સરઘસો, વિગેરે જુદા કાર્યક્રમો થવા સંભાવના હોય તે અંતર્ગત તેમજ હાલમાં જુદા જુદા રાજકીય બિન રાજકીય તથા સામાજિક સંસ્થાઓ તરફથી સરઘસો, રેલીઓ, વિગેરે પ્રવૃતિઓ થવા સંભાવના હોય, આવા સંજોગોમાં જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સુલેહશાંતિ જાળવવા સારૂ સભા સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહી અને કોઈપણ જાતનો અનિચ્છનીય બનાવ બને નહી તે માટે જુનાગઢ જિલ્લા વિસ્તારમાં કોઈપણ વિસ્તારમાં સભા ભરવી નહિ તથા સરઘસ કાઢવું નહી તેવી મનાઈ તા. ૦૩-૧૧-૨૦૦૦ થી તા. ૧૬/૧૧/૨૦૦૦ સુધી કરવાનું ઈષ્ટ જણાય છે. જેથી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ના આંક-૨૨ની કલમ ૩૭ની પેટા કલમ ૩થી મને મળેલ અધિકારની રૂઈએ હું જે. કે. કેસીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો જુનાગઢ આથી જુનાગઢના સમગ્ર વિસ્તારમાં તા. ૦૩-૧૧-૨૦૦૦ના રોજથી ૧૬/૧૧/૨૦૦૦ (બંને દિવસો સહીત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. આદેશ કરું છું કે, આ હુકમની નિચેનાનને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય, તેવી ગૃહ રક્ષક દળની મંડળીને.

(૨) સરકારી નોકરીઓ અવર જવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાન યાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સક્ષમ અધિકારીશ્રીઓની કાયદેસરની પરવાનગી લઈને

આ હુકમનુ પાલન ન કરનાર અથવા તેનુ પાલન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબિત થયેથી દંડની શિક્ષાને પાત્ર ઠરશે. તથા ભારતીય દંડ સંહીતાની કલમ ૧૮૮ મુજબનો ગુનો સાબીત થયે થી જે તે વ્યકિત એક માસની સાદી કેદ અથવા રૂપિયા ૨૦૦ સુધીનો દંડ અગર બંને શીક્ષા થઈ શકે અને આ હુકમના અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાથ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ બખેડો થાય તો તેવી વ્યકિતને ૬(છ) માસ સ-પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂપિયા ૧૦૦૦—સુધીનો દંડ સહિત બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૧લી નવેમ્બર સને ૨૦૦૦ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૧ માહે નવેમ્બર સને ૨૦૦૦.

જે. કે. કેસીયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

જાહેરનામુ

નં. મેજી-જાહેરનામુ/૩૭(૧)૧૦/૨૦૦૦.—આગામી તારીખ ૨૫/૧૦/૨૦૦૦થી તા. ૩૧-૧૦-૨૦૦૦ સુધી ધનતેરસ, કાળી-ચૌદસ, દિવાળી નવું વર્ષ ભાઈબીજ, અને સરદાર વલ્લભભાઇ જયંતિ ઉત્સવના ઉજવણી દરમ્યાન જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તેમજ કોઇ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તે માટે સુલેહશાંતિ અને સાવચેતીના પગલાં લેવાનો ઈષ્ટ જણાય છે.

આથી હું આર. એસ. નિનામા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ, ભુજ મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, તા. ૨૫/૧૦-૨૦૦૦ સુધી દિન-૭ સુધી નીચેની અનુસૂચિમાં જણાવેલ વિસ્તારમાં :—

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, બંદુક, લાકડી, લાઠી, હજામનો અસ્ત્રો, ત્રિશુલ અથવા શારીરિક ઇજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈ સાધન સાથે લઇ જવું નહીં.

(ખ) કોઇ સ્ફોટકારી સ્ફોટક પદાર્થ લઇ જવો નહીં.

(ગ) અપમાન કરવાના કે જાહેર કરવાના ઇરાદાથી જાહેરમાં બિભત્સ-સુત્રો પોકારવા નહીં તેવી ચેષ્ટા કરવી નહીં તથા તેવા ચિત્રો પત્રિકાઓ પ્લેકાર્ડો અથવા બીજા કોઇ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહીં અગર અપમાન કરવાના ઇરાદાથી કોઇ નનામી બાળવી નહીં.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(ક) સરકારી નોકરી પર કામ કરતી વ્યકિતઓ એટલે કે તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યુ હોય અથવા કોઇ હથીયાર લઈ જવાની ફરજ હોય.

(ખ) એ અથવા અધિકૃત કોઇપણ પોલીસ અધિકારી એ જેને અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય, તેવી વ્યકિતઓ.

(ગ) જીલ્લા મેજીસ્ટ્રેટ શ્રી કે જીલ્લા પોલીસ અધિકારીશ્રી, એ અથવા અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી અથવા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરેલ હોય તેવી બીજી કોઇ વ્યકિતઓને.

અનુસુચિ :

—સમગ્ર કચ્છ જીલ્લો.—

આ જાહેરનામાના કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ૪ (ચાર) માસની સજા થશે અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થઈ શકશે આ ઉપરાંત મુંબઇ પોલીસ અધિનિયમ ૧૩૫–(૧) મુજબ દંડની સજા પણ થઈ શકશે.

આજરોજ તારીખ ૨૪ માહે ઓકટોબર સને ૨૦૦૦ના રોજ મારી સહી અને કચેરીના સિક્કા સાથે બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૨૪ માહે ઓકટોબર, સને ૨૦૦૦,

આર. એસ. નીનામા,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયે

જાહેરનામુ

જાહેરનામા ક્રમાંક : એમએજી-સી-૧૭૧૦-હાલમાં વિજળીના ભાવોનો વધારાનો વિરોધ કરવા રાજકીય પક્ષો ખેડુતો તથા અન્ય સંગઠનો તેમજ પાક વિમાના નાણાં મળવા ખેડુતોની માંગણી તેમજ શહેરની અંદર રખડતા ઢોરોને બહાર કાઢવાની ઝુંબેશનો વિરોધ કરવા તેમજ શહેરી ગરીબોને રાહત દરે રહેણાંક જમીનના પ્લોટની માંગણી સાથે ચાલતા ઉપવાસ આંદોલન વિગેરે માંગણીઓ સબબ રાજકીય પક્ષો અન્ય જુથો દ્વારા રેલી, સભા, દેખાવો જેવા કાર્યક્રમનો અને આવેદન પત્રો આપવા જેવા કાર્યક્રમનો અચાનક જ યોજાતા હોઈ અને કાર્યક્રમ દરમ્યાન કોઈપણ જાતની સુલેહશાંતિ જોખમાય નહિ અને પોરબંદર જિલ્લામાં જાહેર વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તા. ૧૭/૧૦/૨૦૦૦થી તા. ૩૧-૧૦-૨૦૦૦ સુધી આ સભા સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહિ અને કોઈ અનિચ્છનીય બનાવ બને તે માટે પોરબંદર જિલ્લા પોલીસ અધિકારીના વિસ્તારમાં કોઈપણ સભા ભરવી નહિ. અને સરઘસ કાઢવું નહિ. તેવી મનાઈ તા.૧૭-૧૦-૨૦૦૦થી તા. ૩૧-૧-૨૦૦૧. સુધી ફરમાવવાનું ઇષ્ટ જણાય છે. તેથી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭ની પેટા કલમ ૩ હેઠળ મી મને મળેલ અધિકારની રૂઈએ હું કે. સી. સંપટ, જી. એ. એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લા પોરબંદર આથી સમગ્ર પોરબંદર જિલ્લા પોલીસ વિસ્તારમાં તા. ૧૭-૧૦-૨૦૦૦ થી તા. ૩૧-૧૦-૨૦૦૦ બન્ને દિવસની મુદત માટે કોઈપણ સભા મંડળી કે સરઘસ માટે મનાઈ ફરમાવું છું આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહ રક્ષક દળની મંડળી.
(૨) સરકારની નોકરીએ અવર જવર કરતી હોય તે વ્યકિત.
(૩) કોઈ વરઘોડો
(૪) સક્ષમ અધિકારીની કાયદેસર પરવાનગી લઈને કાઢેલા સરઘસ.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારેરે ગુન્હો સાબીત થયે સદરહું અધિનિયમની કલમ ૧૩૫ની પેટા કલમ ૩ મુજબ રૂા. ૨૦૦ સુધીના દંડની શિક્ષાને પાત્ર ઠરશે. તેથી ભારતીય દંડ સંહીતાની કલમ ૧૮૮ મુજબ ગુન્હો સાબીત થયે તે વ્યકિત એકમાસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીના દંડ અથવા બન્ને શિક્ષા થઈ શકે અને હુકમની અવગણનાથી માનવજીવન અથવા સ્વાસ્થ્ય અથવા સલામતીની માટે કોઈ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ કરે કે બખેડો કરે તો તેવી વ્યકિતને છ માસ સપરીશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીના દંડ સહીત બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૧૬ માહે ઓકટોબર સને ૨૦૦૦ના રોજમારી સહી તથા કચેરીનો સિકકો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

પોરબંદર, ૧૬ માહે ઓકટોબર, સને ૨૦૦૦

મુંબઈ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે

જાહેરનામું

ક્રમાંક : એમએજી-સી-૨૧૧૦-૨૦૦૦.—તાજેતરમાં થયેલ જિલ્લા / તાલુકા પંચાયતની ચુંટણીમાં રાજકીય પક્ષોના મનદુ:ખ ના કારણે તેમજ જિલ્લામાં અસામાજિક વેંઓ અસ્તિત્વમાં છે અને ઘાતક હથિયારો નો ઉપયોગ ન કરે અને પોરબંદર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તા. ૨૩/૧૦/૨૦૦૦ થી તા. ૨૨/૧૧/૨૦૦૦ સુધી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે હથિયાર બંધીનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ પોરબંદર એ દરખાસ્ત કરેલ છે.

સબબ, પોરબંદર જિલ્લામાં વિસ્તારમાં ઉપર્યુકત કારણોસર જાહેર સુલેહશાંતિ રહે તેમજ કોઈપણ જાતનો અનિચ્છનીય બનાવ બને નહિ તે માટે હું કે. સી. સંપટ, જી.એ.એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો પોરબંદર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રૂઈએ સમગ્ર પોરબંદર જિલ્લા પોલીસ વિસ્તારમાં તારીખ ૨૦-૧૦-૨૦૦૦ થી તા. ૨૨-૧૧-૨૦૦૦ સુધી બન્ને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, બંદુક લાકડી અથવા લાઠી અથવા શારિરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી ચીજો લઈ જવી નહીં.

(ખ) કોઈપણ શયધર્મી અથવા સ્ફોટક પદાર્થો લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેરવવા અથવા નાખવામાં ઉપયોગી અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવા નહીં.

(ઘ) અપમાન કરવા અથવા જાહેર કરવાનાં ઈરાદાની જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહીં.

(ચ) જેનાથી સુરૂચીનો અને શાંતિનો ભંગ થાય તેવુ ભાષણ કરવું નહીં તેવા હાવભાવ કરવા નહીં તેવી ચેષ્ટા કરવી નહીં તથા પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા ચિત્ર વસ્તુઓ તૈયાર કરવી નહિ.

(૩) આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યકિત કે જેના ઉપરી અધિકારીઓને ફરમાવ્યુ હોય અથવા આવા કોઈ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય.

(૨) જીલ્લા પોલીસ અધિકારીશ્રીએ શારીરિક અશકિતને કારણે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધા કરવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

(૩) પોતાની ખેતીમાં ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય અને રોજીંદા કામમાં ઉપયોગી કરી શકેતેવા આશયથી પોતાની ખેતી કામ માટે ખેતીના ઓજારો લઈ જતા હોય. તેવા ખેડુતો

આ જાહેરનામાના કોઈ ખંડના ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યકિતને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની કેદની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ તે વ્યકિતનો ગુન્હો સાબીત થયેથી એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/-નો દંડ અગર બન્ને શિક્ષા થઈ શકે

અને આ હુકમની અવજ્ઞાથી માનવજીવન ને અથવા સ્વાસ્થયને અથવા સલામતીને નુકશાન કે ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ/બખેડો થાય તો તેવી વ્યકિતને ૬(છ) માસ સુધીની સપરિશ્રમ અથવા સખ્ત કેદ અથવા રૂા. ૧૦૦૦/- એક હજાર સુધીનો દંડ અથવા બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

INDEX

આજ તા. ૨૨ માહે ઓકટોબર સને ૨૦૦૦ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યું.

પોરબંદર, ૨૨ માહે ઓકટોબર સને ૨૦૦૦.

૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧)(બ) (બી) હેઠળ

જાહેરનામું

નં. એમએજી- સી-૧૧૧.—જિલ્લા પોલીસ અધિકારીશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક સબી - ૪૨૪૩૨ / ૯૧૫૪/૨૦૦૦ તા. ૨૫-૧૦-૨૦૦૦ અન્વયે પોરબંદર જિલ્લા પોલીસદળના અધિકારીઓ કર્મચારીઓના વાર્ષિક ફાયરીંગ પ્રેકટીશ માટે પોરબંદરના ઓડદર ગામ જતા રસ્તા નજીક દરિયા કિનારાના ફાયરીંગ બટ પર તા. ૧-૧૧-૨૦૦૦ થી ૩૦-૧૧-૨૦૦૦ સુધી સમય સવારનાં ૭-૦૦ કલાકથી સાંજના ૧૯-૦૦ કલાક વચ્ચેના સમય સુધીમાં ફાયરીંગ પ્રેકટીશ લેવાનું નકકી થતા અહિંને ફાયરીંગ એરીયા કલીયર રખાવવા જણાવેલ છે.

સબબ ઉપરોકત ફાયરીંગ દરમ્યાન ઉપરોકત વિસ્તાર અને દરિયામાં પાંચ કી.મી. વિસ્તારમાં માછીમારો તથા અન્ય લોકો તથા વાહનોની અવરજવર ભયજનક જણાંતા હું કે.સી.સંપટ, જી. એ. એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ પોરબંદર જિલ્લો, પોરબંદર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧)(બી) હેઠળ મને મળેલ સતાની રૂએ તા. ૧-૧૧-૨૦૦૦ થી તા. ૩૦-૧૧-૨૦૦૦ સુધી સવારનાં ૭-૦૦ કલાકથી સાંજના ૧૯-૦૦ કલાક સુધી પોરબંદરના ઓડદર ગામ જતાં રસ્તા નજીક દરિયા કિનારાના ફાયરીંગ બટનાં વિસ્તારમાં પૂર્વ ભાગે ૧ ફર્લાંગ પશ્ચિમભાગે ૧ ફર્લાંગ ઉતર ભાગે ૩ ફર્લાંગ અને દક્ષિણ ભાગે:૧ ફર્લાંગ વિસ્તારમાં રાહદારીઓ તેમજ વાહનો માટે ઉપરોકત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંધન કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરે છે.

આ જાહેરનામું આજરોજ તા. ૨૫-૧૦-૨૦૦૦ના રોજ મારી સહી કરીતથા કચેરીનો સિકકો લગાવી જાહેર જનતાની ની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

પોરબંદર, ૨૫ માહે ઓકટોબર સને ૨૦૦૦.

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળનું

જાહેરનામું

જાહેરનામા ક્રમાંક : એમએજી-સી -૩૦૧૦-હાલમાં વિજળીના ભાવોના વધારાનો વિરોધ કરવા રાજકીય પક્ષો, ખેડૂતો તથા અન્ય સંગઠનો તેમજ પાક વિમાના નાણા મળવા ખેડુતોની માંગણી તેમજ શહેરની અંદર રખડતાં ઢોરોને બહાર કાઢવાની ઝુંબેશનો વિરોધ કરવા તેમજ શહેરી ગરીબોને રાહતદરે રહેણાંક જમીનનાં પ્લોટની માંગણી સાથે ચાલતા ઉપવાસ આંદોલન વિગેરે માંગણીઓ સબબ રાજકીય પક્ષો, અન્ય જુથો, દ્વારા રેલી સભા, દેખાવો જેવા કાર્યક્રમોની અને આવેદન પત્રો આપવા જેવા કાર્યક્રમો અચાનક યોજાતા હોઈ અને કાર્યક્રમ દરમ્યાન કોઈપણ જાતની સુલેહશાંતિ જોખમાઈ નહિ અને પોરબંદર જિલ્લામાં જાહેર વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તા. ૧-૧૧-૨૦૦૦થી તા. ૧૬-૧૧-૨૦૦૦ સુધી આ સભા સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહિ અને કોઈ અનિચ્છનીય બનાવ બને નહી તે માટે પોરબંદર જિલ્લા પોલીસ અધિકારીનાં વિસ્તારમાં કોઈપણ સભા ભરવી નહિ, અને સરઘસ કાઢવું નહિ તેવી મનાઈ તા. ૨-૧૧-૨૦૦૦ થી તા. ૧૬-૧૧-૨૦૦૦ સુધી ફરમાવવાનું ઈષ્ટ જણાઈ છે તે થી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭ની પેટા કલમ -૩થી મને મળેલ અધિકાર ની રૂઈએ હું કે. સી. સંપટ, જી.એ.એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર આથી સમગ્ર પોરબંદર જિલ્લા પોલીસ વિસ્તારમાં તા. ૨-૧૧-૨૦૦૦ થી તા. ૧૬-૧૧-૨૦૦૦ બન્ને દિવસની મુદત માટે કોઈપણ સભા, મંડળી કે સરઘસ માટે મનાઈ ફરમાવું છું. આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની મંડળી.
(૨) સરકારની નોકરીએ અવરજવર કરતી હોય તે વ્યકિત.
(૩) કોઈ વરઘોડો.
(૪) સક્ષમ અધિકારીની કાયદેસર પરવાનગી લઈને કાઢેલા સરઘસ.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુન્હો સાબીત થયે સદરહુ અધિનિયમની કલમ ૧૩૫ની પેટા કલમ -૩ મુજબ રૂ. ૨૦૦ સુધીનાં દંડની શિક્ષાને પાત્ર ઠરશે તેથી ભારતીય દંડ સંહીતાની કલમ ૧૮૮ મુજબ ગુન્હો સાબીત થયે તે વ્યકિત એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીના દંડ અથવા બન્ને શિક્ષા થઈ શકે અને હુકમની અવગણાનાથી માનવ-જીવન અથવા સ્વાસ્થય અથવા સલામતી માટે કોઈ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ કરે કે બખેડો કરે તો તેવી વ્યકિતને છ માસ સપરીશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીના દંડ સહીત બન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૩૦મી ઓકટોબર ૨૦૦૦ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

પોરબંદર, ૩૦ માહે ઓકટોબર સને ૨૦૦૦.

કે. સી. સંપટ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
પોરબંદર.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ હુકમ.

ક્રમાંક:મજસ-૨-૧/૨૦૦૦/૯/૨૨/મ.ગ.કે.—તા. જી. પંચા.-સા.ચુ. ચાલુ માસ સપ્ટેમ્બર, ૨૦૦૦ની તા. ૨૪/૯/૨૦૦૦ ના ના રોજ સમગ્ર જિલ્લા માટેની જિલ્લા પંચાયાતોની તમામ બેઠકોની તથા જિલ્લામા સમાવિષ્ટ બધીજ તાલુકા પંચાયતોની બેઠકો સામાન્ય ચુંટણીઓ યોજાનારી છે. તેમજ તા. ૨૯/૯/૨૦૦૦ ના રોજ મત ગણતરી થનાર છે.

૮.	ખારાપસવારીયા	૪
૯.	તુણા	૪
૧૦.	ચાંદ્રાપર	૩
૧૧.	ચાંદિયા	૪
૧૨.	બિટ્ટાવલાડીયા (ઉ)	૩
૧૩.	વીરા	૩
૧૪.	દેવળીયા	૩
૧૫.	ચાંદ્રોડા	૪
૧૬.	નિગાળ	૪
૧૭.	મોડસર	૪
૧૮.	ભાદરોઈ	૪
૧૯.	મીઠાપસવારીયા	૪
૨૦.	રામપર	૪
૨૧.	સાંઘડ	૩
૨૨.	માથક	૩
૨૩.	ખેંગારપર	૪
૨૪.	આમરાપર-૨	૪
૨૫.	વરસામેડી	૪

ક્રમ	ગામનું નામ	આનાવારી
૨૬.	ભુવડ	૩
૨૭.	મારીંગણા	૪
૨૮.	ટપ્પર	૪
૨૯.	આંબાપર	૪
૩૦.	ભલોટ	૩
૩૧.	ખીરસરા	૪
૩૨.	અજાપર	૪
૩૩.	અમરાપર-૧	૪
૩૪.	દેવીસર	૪
૩૫.	મોંદીયાળા	૪
૩૬.	ખોખરા	૪
૩૭.	મથડા	૪
૩૮.	ચાંદ્રાણી	૪
૩૯.	લાખાપર	૪
૪૦.	રાપર	૪
૪૧.	સખીયાણ	૩
૪૨.	સતાપર	૪
૪૩.	મેઘપર (કુંભારડી)	૪
૪૪.	જરૂ	૪

પરિશિષ્ટ-૨

તાલુકો : અંજાર

આખરી આનાવારી

ચાર આની ઉપર અને છ આની સુધીના આનાવારી વાળા ગામો :

ક્રમ	ગામનું નામ	આનાવારી
૧.	અંજાર સીમ	૫
૨.	નાગલપર નાની	૫
૩.	વાડા	૫
૪.	લોહારીયામોટા	૫
૫.	નાગલપર મોટી	૫
૬.	પાંતીયા	૫
૭.	લોહારીયાનાના	૫
૮.	નવાગામ	૫
૯.	દુધઈ	૬
૧૦.	ખેડોઈ	૫
૧૧.	કોટડા	૫
૧૨.	બુઢારમોરા	૫
૧૩.	વીડી	૫
૧૪.	મેઘપર (બોરીચી)	૫
૧૫.	ભીમાસર	૫
૧૬.	પશુડા	૫
૧૭.	હીરાપર	૫
૧૮.	સીનુગ્રા	૫
૧૯.	ખંભરા	૫
૨૦.	ધમડકા	૫
૨૧.	મેઘપર (કુંભારડી)	૫
૨૨.	હમીરપર	૫
૨૩.	વરસાણા	૫

પરિશિષ્ટ-૩

તાલુકો : અંજાર

આખરી આનાવારી

છ આની ઉપર અને આઠ આની નીચેની આનાવારીવાળા ગામો :

ક્રમ	ગામનું નામ	આનાવારી
	—નીલ—	

પરિશિષ્ટ-૪

તાલુકો : અંજાર

આખરી આનાવારી

આઠ આની ઉપર અને અગીયાર આની નીચેની આનાવારી વાળા ગામો :

ક્રમ	ગામનું નામ	આનાવારી
	—નીલ—	

પરિશિષ્ટ-૫

તાલુકો :

આખરી આનાવારી

અગીયાર આની ઉપરની આનાવારીવાળા ગામો

ક્રમ	ગામનું નામ	આનાવારી
	—નીલ—	

ભુજ ૧૪ માહે નવેમ્બર સને ૨૦૦૦.

કમલ દયાની,
કલેક્ટર-કચ્છ

મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર દ્વારા

નં. ડી. પી. સહ. નધણ/ઉ/૧૦૯૨૩ નંબર ઉ/૧૦૯૨૩/૨૦૦૦ જી. પં. ભાવનગર આથી જાહેર કરે છે કે શ્રી દેવગાણા ફળ અને શાકભાજી ઉ. સહકારી મંડળી લી. સ્થળ દેવગાણા તાલુકો શિહોર જીલ્લો ભાવનગર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભાવનગર, ૨૮ માહે જુલાઈ સને ૨૦૦૦.

ડી. જી. લાંબા,
મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, જીલ્લા પંચાયત,
ભાવનગર.

INDEX

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધા :—

૧. સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ ગાંધીનગરના તા. ૩૦/૩/૯૧ના જાહેરનામા ક્રમાંક-જીએચકેએચ-૨૪-૯૧-ડીસી-૧૧૬૮-૫૨૦૪-જે.
૨. આ કચેરીના અંતિમ આદેશ ક્રમાંક ફડચ/ક-૪/૧૧૮૮૭/૧૩૦૯/૧૦૬/૯૯ તા. ૪/૧૦/૯૯.
૩. ફડચા અધિકારી અને મદદ. સહ. જામનગરના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૧૮૯/૨૦૦૦ તા. ૨૯/૭/૨૦૦૦
૪. સબ ઓડીટર સ. મં. જામનગરની તા. ૧/૭/૯૮થી ૨૯/૭/૨૦૦૦ સુધીની ઓડીટ નોંધ
૫. આ કચેરીના અંતિમ આદેશ ક્રમાંક ફડચ/ક-૪/૩૭૮-૮૬/૯૫ તા. ૧૭/૨/૯૫.
૬. ફડચા અધિ. અને મદદ. સહ. અધિ. જામનગરના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૧૮૪/૨૦૦૦ તા. ૨૮/૭/૨૦૦૦.
૭. સબ ઓડીટર સ. મં. જામનગરની તા. ૧/૭/૯૩થી ૨૮/૭/૨૦૦૦ સુધીની ઓડીટ નોંધ.
૮. આ કચેરીના અંતિમ આદેશ ક્રમાંક ફડચ/ક-૪/૪૦૯-૫૦૩/૨૦૦૦ તા. ૧૨/૫/૨૦૦૦
૯. સહકારી અધિકારી (ફ-૨) જામનગરના પત્ર ક્રમાંક ફડચ/૨/ગ-૩/૭૭૭/૨૦૦૦ તા. ૩૧/૭/૨૦૦૦.
૧૦. સબ ઓડીટર સ. મં. જામનગરની તા. ૧/૭/૯૯થી ૨૮/૭/૨૦૦૦ની ઓડીટ નોંધ.
૧૧. આ કચેરીના અંતિમ આદેશ ક્રમાંક ફડચ/ક-૪/૯૬૧-૬૮/૯૬ તા. ૨૦/૬/૯૬.
૧૨. સહકારી અધિકારી (ગ્રાહક) જામનગરના પત્ર ક્રમાંક ફડચ/ખ-૧/૧૨૦૯/૨૦૦૦ તા. ૩૧/૭/૨૦૦૦.
૧૩. સબ ઓડીટર સ. મં. જામનગરની તા. ૧/૭/૯૫થી ૨૯/૭/૨૦૦૦ની ઓડીટ નોંધ.

હુકમ

આથી હું આર. જી. ડોબરીયા, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર અમોને મળેલ અધિકારની રૂએ નીચે દર્શાવેલ સહકારી મંડળીઓ કે જેનો નોંધણી નંબર અને તારીખ કોલમ-૩માં દર્શાવેલ છે. તેને કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જઈ ફડચાઅંગેની કાર્યવાહી પૂર્ણ કરી સહકારી કાયદાની કલમ-૨૦-૧ અન્વયે નોંધણી રદ કરૂં છું.

જીલ્લો : જામનગર

ક્રમાંક અને તારીખ ૧		સહકારી મંડળીનું નામ, ગામ અને તાલુકો ૨	નોંધણી નંબર અને તારીખ ૩
જા. નાં. ફડચ/ક-૪/૧૧૩૯/૪૭/૨૦૦૦ તા. ૩૧/૭/૨૦૦૦	શ્રી	ભારત કેટલ એન્ડ બફેલો બ્રિડર્સ મલ્ટીપરપઝ કો. ઓ. સો. લી. મુ. કાલાવડ તા. કાલાવડ	નં. ૨૧૩૨૯ તા. ૧૭/૬/૮૫
જા. નાં. ફડચ/ક-૪/૧૧૪૮/૫૫/૨૦૦૦ તા. ૩૧/૭/૨૦૦૦	,,	શ્રમજીવી ગોપાલક વિ. કા. સ. મં. લી. મુ. ધુડશીયા તા. જામનગર	નં. ૨૧૩૪ તા. ૨૯/૨/૮૮
જા. નાં. ફડચ/ક-૪/૧૧૫૬/૬૪/૨૦૦૦ તા. ૩૧/૭/૨૦૦૦	,,	સતાપર તેલીબીયા ઉત્પા. સ. મં. લી. મુ. સતાપર તા. કલ્યાણપુર	નં. ૨૨૯૩૬ તા. ૩૦/૬/૮૮
જા. નાં. ફડચ/ક-૪/૧૧૬૫/૭૩/૨૦૦૦ તા. ૩૧/૭/૨૦૦૦	,,	ખોજાબેરાજા તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. ખોજાબેરાજા તા. જામનગર	નં. ૨૦૫૬૬ તા. ૨૪/૪/૮૬

વંચાણે લીધા :—

૧. સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ ગાંધીનગરના તા. ૩૦/૩/૯૧ના જાહેરનામા ક્રમાંક-જીએચકેએચ-૨૪-૯૧-ડીસી-૧૧૬૮/-૫૨૦૪-જે.

૨. આ કચેરીના અંતિમ આદેશ ક્રમાંક ફડચ/ક-૪/૧૬૩૧-૪૦/૯૯ તા. ˜૦/૧૨/૯૯.

૩. ફડચા અધિકારી અને મદદ. સહ. અધિ. જામનગરના પત્ર ક્રમાંક ફડચ/ખ-૨/૭૭૨/૨૦૦૦ તા. ૩૧/૮/૨૦૦૦

૪. સબ ઓડીટર (લી. રી.) સ. મ. દુધ રાજકોટની તા. ૧/૭/૯૯થી ૩૦/૬/૨૦૦૦ની ઓડીટ નોંધ

હુકમ

જા. નાં. ફડચ/ક-૪/૧૮૭૦/૭૮/૨૦૦૦.- આથી હું આર. જી. ડોબરીયા, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર અમોને મળેલ અધિકારની રૂએ શ્રી નંદાણા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. નંદાણા તા. જામજોધપુર જી. જામનગર જે નોંધણીનંબર-૨૬૭૫૧ તા. ૨૯/૯/૯૨થી નોંધાયેલ છે. તેને કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જઈ ફડચા અંગેની કાર્યવાહી પુર્ણ કરી સહકારી કાયદાની કલમ ૨૦-૧ અન્વયે નોંધણી રદ કરૂં છું.

જામનગર, ૩૧ માહે ઓગસ્ટ સને ૨૦૦૦.

આર. જી. ડોબરીયા,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, જામનગર.

INDEX

મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર દ્વારા

ગુજરાત અધિનિયમ ૧૦ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદા સને ૧૯૬૧ની કલમ ૯ (૧) (અ) મુજબ આજરોજ નોંધણી કરવામાં આવે છે.

જીલ્લો : જુનાગઢ

ક્રમ ૧	મંડળીની નોંધણી નંબર અને તારીખ	મંડળીનું નામ ૨	મર્યાદિત સ્થળ અને તાલુકો ૩	
૧.	જા. નં. જી.પં./સહ/૪૯૯૦/સને ૨૦૦૦ તા. ૧૦-૭-૨૦૦૦	શ્રી સત્યમ કો. ઓ. ક્રેડીટ ઓર્ગેનાઈઝેશન લી.	જુનાગઢ (ઓ. જી. વિસ્તાર)	જુનાગઢ
૨.	જા. નં. જી.પં./સહ/૪૯૮૪/સને ૨૦૦૦ તા. ૨૧-૭-૨૦૦૦	,, પરિશ્રમ ક્ષારયુકત જમીન સુધારણા ખેતી સહ. મં. લી.	આરેણા	માંગરોળ
૩.	જા. નં. જી. પં./સહ/૪૯૮૩/સને ૨૦૦૦ તા. ૩-૭-૨૦૦૦	,, રંગપુર ગાંગેચા જુથ ક્ષાર યુકત જમીન લી. સુ. ખે. સ. મં. લી.	રંગપુર	સુત્રાપાડા (વેરાવળ)
૪.	જા. નં. જી. પં./સહ/૧૪૮૪૫/સને ૨૦૦૦ તા. ૩-૭-૨૦૦૦	,, સુપ્રીત આંતરદેશીય મત્સ્યોદ્યોગ સહ. મં. લી. જીલ્લો વેરાવળ (સુત્રાપાડા)	વડોદરા ઝાલા	વડોદરા ઝાલા
૫.	જા. નં. સહ/૧૪૮૪૩/સને ૨૦૦૦ તા. ૩-૭-૨૦૦૦	,, નિલમકમલ મત્સ્યોદ્યોગ સેવા સહ. મં. લી.	છારા	કોડીનાર
૬.	જા. નં. જી. પં./સહ/૧૪૮૪૨/સને ૨૦૦૦ તા. ૩-૭-૨૦૦૦	,, પુરૂષાર્થ મત્સ્યોદ્યોગ સહ મં. લી.	દેવળી	કોડીનાર
૭.	જા. નં. જી. પં./સહ/૧૪૮૪૪/સને ૨૦૦૦ તા. ૩-૭-૨૦૦૦	,, મહિલા મત્સ્યોદ્યોગ સે. સહ. મં. લી.	દેવળી	કોડીનાર

ડી. એચ. દવે,
મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર,
સ. મં., જી. પં., જુનાગઢ.

જિલ્લા રજીસ્ટ્રાર દ્વારા

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ક્રમ નં. ૧	મંડળીની નોંધણી નંબર અને તારીખ ૨	મંડળીનું નામ ૩	મર્યાદિત સ્થળ/તાલુકો અને જીલ્લો ૪		
૧.	ક્રમાંક:નધણ/જ-૨/૨૪૯/૨૦૦૦ ઘ-૧૮૯૩૫/૨૦૦૦ તા. ૫-૭-૨૦૦૦	શ્રી અમીવર્ષા કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી.	રાજકોટ	રાજકોટ	રાજકોટ
૨.	ક્રમાંક:નધણ/જ-૨/૨૪૩/૨૦૦૦ નં. ઘ-૧૮૯૩૩/૨૦૦૦ તા. ૪-૭-૨૦૦૦	,, કુમકુમ એપાર્ટમેન્ટ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી.	રાજકોટ	રાજકોટ	રાજકોટ
૩.	નધણ/જ-૨/૨૪૪/૨૦૦૦ નં. ઘ-૧૮૯૩૪/૨૦૦૦ તા. ૪/૭/૨૦૦૦	,, અમરજ્યોત કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી.	રાજકોટ	રાજકોટ	રાજકોટ
૪.	નધણ/જ-૨/૨૯૨/૨૦૦૦ નં. ઉ-૧૧૪૩૭/૨૦૦૦ તા. ૧૭-૭-૨૦૦૦	,, જયશ્રી મેલડી કૃપા મજુર બાંધ. સહ. મંડળી લી.	પંચાસીયા	વાંકાનેર	રાજકોટ
૫.	જા. નં. નધણ/જ-૨/૨૯૬/૨૦૦૦ નં. સેદુ : ૩૧૯૩૩/૨૦૦૦ તા. ૧૭/૭/૨૦૦૦	,, વાંકીયા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી.	વાંકીયા	વાંકાનેર	રાજકોટ

સહી (અવાચ્ય),
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, રાજકોટ.

Printed at the Government Press, Rajkot.
Complaints about Gazette must be made within a fortnight from the date of this Publication accompanied by the Wrapper.

INDEX

REGISTERED No. GBJ.-24

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XLII] THURSDAY, 12th APRIL, 2001 / CAITRA 22, 1923 [No. 15

Separate paging is given to each part of the Supplement to the Central Gazette. and Central Section in order that it may be filed as a separate compilation.

PART-I

		Pages
PART-I	Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than]those]published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc.	
	Miscellaneous Notification Appointments etc. ..	139—146
PART-I-A	Ordere an Notifications (Other than those published in Part IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts	Nil
Part-I-B	(Supplement) Government Notifications Published under Land Acquisition Act only	
	Supplement	109—116
PART-II	Miscellaneous Notices, Advertisements, List of Books Sanctioned by the Director of Education, List of Jurors, Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths. etc. ..	267—282
PART-III	Miscellaneous Supplements Season and Crop Reports Prices, Current Rainfalls Returns District Local Boards Accounts etc.	Nil

(RJt.) I—1

INDEX

Government Notifications, Orders Appointments, etc.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

Miscellaneous Notifications Appointments etc.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નં. નાચિ/પલસ-૩/૫૧૩૭થી૫૧૬૬/૨૦૦૦.— હાલમાં જીલ્લામાં જુદા જુદા જુથો દ્વારા અછત, વીજ, ભાવવધારો, વિગેરે કારણો દર્શાવી રેલી, સરઘસ ઘેરાવ વિગેરે કાર્યક્રમો આપવામાં આવે છે. જેના કારણે જાહેર કાયદો વ્યવસ્થાની પરિસ્થિતી ને વિપરીત અસર થાય છે. તથા સરકારી કચેરીઓમાં કામગીરી ખોરંભે પડે છે. જેથી આવી અવ્યવસ્થા અટકાવવી અનિવાર્ય-પણે જરૂરી છે.

સબબ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ અને મળેલ સત્તાની રૂઈએ હું બી. પી. સુદાણી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી જીલ્લો અમરેલી આથી અમરેલી શહેરમાં આવેલ રાજમહેલ કમ્પાઉન્ડ નામનો વિસ્તાર કે જયાં મહદ અંશે સરકારી કચેરીઓ આવેલ છે. આ કમ્પાઉન્ડમાં તા. ૨૮-૧૧-૨૦૦૦થી તા. ૨૭-૧-૨૦૦૧ સુધીની મુદત માટે ચાર કે તેથી વધુ વ્યકિતઓ એકઠા થઈ ઉભા રહેવું નહી કે કોઈપણ પ્રકારનું વાહન ઉભું રાખવું નહી. તેવું ફરમાવું છું.

આ હૂકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) જાહેર સુલેહ શાંતિ જાળવવા રોકાયેલ અધિકારીઓ/ કર્મચારીઓ તેમના વાહનોને.

(૨) સરકારી કચેરીમાં ફરજ બજાવતા આનુંસાંગિક કામગીરી સાથે અધિકૃત રીતે સંકળાયેલ વ્યકિતઓ તથા તેમના વાહનો અને આવશ્યક સેવાના વાહનોને.

આ જાહેરનામું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘનમાં મદદ-ગારી કરનાર શખ્સ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તા. ૨૮ નવેમ્બર ૨૦૦૦ના રોજ મારી સહી તથા સિકકો કરી બહાર પાડયું.

બી. પી સુદાણી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧નાં મુંબઈ અધિનિમની કલમ ૩૩ની પેટા કલમ ૧ના ખંડ બી મુજબ

જાહેરનામું

નં. મેજી/પોલ/ જાહેરનામું/ ૩૩(૧) (બી)/ /૧૧/૨૦૦૦.— ભુજ શહેરમાં ભીડ ગેઈટ પાસે દેશલપર તળાવના ઓગનનું પાણી કાઢવા માટે પાણીનો છેલ્લો આવેલો છે. તેના પર પૂલ બનાવવાનો છે. અને આ કામગીરી હાલે ચાલુ છે.

ભીડ ગેટથી સુરલ ભીટ રોડ તરફ જતા રસ્તા પર આવેલ પાણીના છેલ્લા ઉપર પૂલ બનાવવાની કામગીરી કરવાની હોઈ, કોઈપણ પ્રકારનો અકસ્માત નિવારી શકાય તે માટે આ પુલ પરથી પસાર થતાં વાહનોની આવર જવર નીચે જણાવેલ રસ્તાઓ ઉપર વાહન વ્યવહારનું નિયમન કરવાનું ઈષ્ટ જણાય છે.

જેથી હું આર. એસ. નિનામા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ કચ્છ ભુજ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(૧)(બી) અન્વયે ફરમાવું છું, કે નીચે જણાવેલ અનુસૂચિના રસ્તા પરથી તા. ૨૭/૧૧/૨૦૦૦થી તા. ૨૬/૧/૨૦૦૧ સુધી વાહનો લાવવા અને લઈ જવા માટે પસાર થવાનું નકકી કરૂં છું.

આ હુકમની અંદર વાહન શબ્દનો અર્થ મોટર વ્હીકલ એકટમાં વાહનની જે વ્યાખ્યા આપી છે તેનો સમાવેશ થાય છે.

અનુસૂચિ.

૧. લાઈટ મોટર વ્હીકલ, મધ્યમ કદના માલ વાહક વાહન, ભારે માલ વાહક વાહન વિગેરે ચાર પૈડાવાળા (ફોર વ્હીલ) વાહન ભીડ ગેટથી ગોધરાવાવાળી ધર્મશાળા, રેલ્વે ક્રોસીંગ, જી.આઈ. ડી. સી. સુરલ ભીટ ચાર રસ્તે રાયધણ પર લોડાઈ, તરફ જઈ શકશે, તેમજ નાગોર, લોડાઈ તરફથી આવતા વાહન સુરલ ભીટ ચાર રસ્તે થઈ, જી.આ.ડી.સી. રેલ્વે ક્રોસીંગ ગોધરાવાળી ધર્મશાળા થઈ ભીડ ગેટ તરફ આવી શકશે.

૨. સાઈકલ, મોટરસાઈકલ, સ્કુટર વિગેરે જેવા દ્રિ ચિકી (બે) પૈડા-વાળા વાહનો અને રિક્ષા ભીડ ગેટથી સુરલ ભીટ, લોડાઈ, રસ્તે જતાં અને આવતા વાહનો હનુમાન મંદિરથી દેશલપર તળાવ, ખોડીયાર પ્રોવીઝન સ્ટોર્સવાળા રસ્તેથી અવર-જવર કરી શકશે.

આ જાહેરનામું તા. ૨૭/૧૧/૨૦૦૦થી અમલમાં રહેશે.

આજરોજ તા. ૨૪/૧૧/૨૦૦૦ના મારી સહી તથા કચેરી નો સિકકો મારી આ જાહેરનામું બહાર પાડયું.

આર. એસ. નિનામા.
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
કચ્છ-ભુજ.

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ- ૩૩(એસ) નીચે

જાહેરનામું

નં. ડીઓમ/૧/ફા.-૩૧૨/ ૨૦૦૦ ભાવનગર જીલ્લાના શિહોર ગામની બાજુમાં આવેલ ટાણા રોડની દક્ષિણ દિશાએ સર્વે નં. ૨૮૨ની જમીન જે પોલીસ ખાતાએ ફાયરીંગ બટ માટે પસંદ કરેલ છે. જેનો ઉપયોગ પોલીસ તંત્ર ફાયરીંગ બટ માટે કરે છે. આ

INDEX

ફાયરીંગ બટમાં તા. ૨૧-૧૧-૨૦૦૦થી તા. ૧૦-૧૨-૨૦૦૦ સુધી પોલીસ સ્ટાફ તથા પોલીસ ઓફીસર્સ વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ રાખેલ છે.

સબબ જાનમાલની સલામતી ખાતર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ -૩૩(એસ)થી મળેલ અધિકારની રૂઈએ હું એ.ડી. કટારા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જીલ્લો, ભાવનગર આથી ફરમાવું છું કે શિહોર ગામના સર્વે નં. ૨૮૨ શિહોર ટાણા રોડની દક્ષિણ દિશાએ અડધો માઈલના વિસ્તારમાં તા. ૨૧ -૧૧-૨૦૦૦થી તા. ૧૦-૧૨-૨૦૦૦ સુધી કોઈપણ શખ્સે જવું નહી તેમજ ઢોરોને સદરહું વિસ્તારમાં ચરાવવા નહી.

મે આજ તારીખ ૨૧-૧૧-૨૦૦૦ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી જાહેર જનતાની જાણ માટે બહાર પાડવામાં આવ્યો.

જાહેરનામું

નં. ડીએમ/૧-ફા./૩૧૨/(૭)/૨૦૦૦.—ભાવનગર શહેરમાં શેત્રુંજી ડેમમાંથી પાણી મેળવીને તેનું વિતરણ કરવામાં આવે છે. હાલમાં ભાવનગર શહેરમાં પાણીની તંગી પ્રવર્તે છે. શહેરના ગૌરીશંકર તળાવ અને તેની આજુબાજુના વિસ્તારના કુવા ડંકી બોર વગેરેના ભુગર્ભમાં પાણી જળવાય રહે તો ઈમરજન્સી / તાકીદના સમયમાં તે પાણી ઉપયોગમાં લઈ શકાય તે હેતુથી રીઝર્વ રાખવામાં આવે છે. પરંતુ આ તળાવની આજુબાજુમાં ખાનગી બોરના માલીકો બેરોકટોક પાણી ખેંચીને તેનો વેપાર કરી રહયા છે. આ તળાવનું પાણી લોકોને પીવા માટે ઉપયોગમાં લેવાતું હોય, ત્યાં આજુબાજુના લોકો આ તળાવમાં ન્હાવા ધોવાની પ્રવૃતિઓ કરીને તળાવના પાણીને દુષિત કરી રહયા છે. જેથી જાહેર હિતમાં ગૌરી શંકર તળાવ અને તેની આજુબાજુમાં આવેલા બોર કુવા વગેરેમાંનું પાણી રીઝર્વ રહે અને પાણી દુષિત થાય નહી તે અત્યંત આવશ્યક છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(૧) (એમ) થી મને મળેલ અધિકારની રૂઈએ હું એ. ડી. કટારા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ ભાવનગર જીલ્લો ભાવનગર આથી ફરમાવું છું કે, ભાવનગર શહેરના ગૌરીશંકર તળાવ અને તેની આજુબાજુમાં ૧૦૦૦(એક હજાર) મીટર સુધીની હદમાં આવેલા કુવાઓ ડંકીઓ, કે બોરમાંથી ઓઈલ એન્જિનથી કે અન્ય કોઈપણ રીતે અત્રેથી અધિકૃતી મેળવ્યા સિવાય તા. ૧૩-૧૧-૨૦૦૦થી તા. ૧૧-૧-૨૦૦૧ સુધી પાણી ખેંચીને લઈ જવું નહી અને ગૌરીશંકર તળાવના પાણીને દુષિત કરવું નહી.

સદરહું જાહેરનામાનું ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૧ મુજબ શિક્ષા થઈ શકશે.

સદરહું પ્રતિબંધિત વિસ્તારમાં આ જાહેરનામાની નકલો ચોટાડીને અને વર્તમાનપત્રો મારફત તેની બહોળી પ્રસિધ્ધિ કરાવવી.

આજ તા. ૧૩-૧૧-૨૦૦૦ના રોજ મારી સહી સિકકો કરીને સદરહું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

ભાવનગર, ૧૩ માહે નવેમ્બર સને ૨૦૦૦

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (એસ) નીચે

જાહેરનામું

નં. ડીએમ/૧/ફા/૩૧૨/૨૦૦૦—ભાવનગર જીલ્લાના શિહોર ગામની બાજુમાં આવેલ ટાણા રોડની દક્ષિણ દિશાએ સર્વે નં. ૨૮૨ ની જમીન જે પોલીસ ખાતાએ ફાયરીંગ બટ માટે પસંદ કરેલ છે. જેનો ઉપયોગ પોલીસ તંત્ર ફાયરીંગ બટ માટે કરે છે. આ ફાયરીંગ બટમાં તા. ૧૮/૧૧/૨૦૦૦ થી તા. ૧૯/૧૧/૨૦૦૦ સુધી ગુજરાત એર સ્કવોર્ડન એન. સી. સી. ભાવનગર દ્વારા તેના કેડેટોના ફાયરીંગ રાખેલ છે.

સબબ જાનમાલની સલામતી ખાતર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (એસ) થી મળેલ અધિકારની રૂઈએ હું એ. ડી. કટારા અધિક જલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર આથી ફરમાવું છું કે, શિહોર ગામના સર્વે નં. ૨૮૨ શિહોર ટાણા રોડની દક્ષિણ દિશાએ અડધો માઈલના વિસ્તારમાં તા. ૧૮/૧૧/૨૦૦૦ થી તા. ૧૯/૧૧/૨૦૦૦ સુધી કોઈપણ શખ્સે જવું નહી તેમજ ઢોરોને સદરહુ વિસ્તારમાં ચરાવવા નહી.

મેં આજ તારીખ ૧૬/૧૧/૨૦૦૦ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી જાહેર જનતાની જાણ માટે બહાર પાડવામાં આવ્યો.

ભાવનગર, ૧૬ માહે નવેમ્બર સને ૨૦૦૦.

જાહેરનામું

નં. ડીએમ/૧/ફા/૩૧૨/(૫)૨૦૦૦.— ભાવનગર શહેરમાં પાલીતાણા ખાતે આવેલ શેત્રુંજી ડેમમાથી પાણી પુરૂ પાડવામાં આવે છે. તાજેતરની અછતની પરિસ્થિતીને કારણે શહેરમાં પાણીની તીવ્ર તંગી પ્રવર્તે છે. ભાવનગર મહાનગરપાલીકા શહેરમાં સમયસર પીવાનું પાણી પહોંચાડવા માટે સતત કાર્યરત રહે છે. તેમ છતાંય લોકો ટોળા સ્વરૂપે એકઠા થઈને ભાવનગર મહાનગરપાલીકાની કચેરીએ તથા કમિશ્નર શ્રીના નિવાસસ્થાનમાં પ્રવેશીને હંગામો મચાવે છે. જેનાથી જાહેર માલમીલકતની સલામતી જોખમાય છે. સબબ ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ હું એ. ડી. કટારા અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જીલ્લો ભાવનગર જાહેર હીતમાં આથી ફરમાવું છું કે ભાવનગર મહાનગરપાલીકાની કચેરીમાં અને કમિશ્નરશ્રી ભાવનગર મહાનગરપાલીકાના નિવાસસ્થાનમાં પુર્વ મંજુરી મેળવ્યા સિવાય ચાર કે તેથી વધુ માણસોએ એકી સાથે પ્રવેશવું નહી કે એકઠા થવું નહી.

આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ ના ૪૫માં અધિનિયમ) ની કલમ-૧૮૮ મુજબ સજા થઈ શકે છે.

આ જાહેરનામું તા. ૧૩-૧૧-૨૦૦૦ થી તા. ૧૧-૧-૨૦૦૧ સુધી અમલમાં રહેશે.

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલો ચોટાડીને અને વર્તમાનપત્રો મારફત તેની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૧૩-૧૧-૨૦૦૦ ના રોજ મારી સહી સિકકો કરીને સદરહુ જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યુ.

ભાવનગર, ૧૩ માહે નવેમ્બર સને ૨૦૦૦.

જાહેરનામું

નં. ડીએમ/૧/ફા/૩૧૨/(૬)/૨૦૦૦.—ભાવનગર શહેર તથા જીલ્લામાં પ્રવર્તતી પીવાના પાણીની તંગીને લક્ષમાં લેતાં તાજેતરમાં બનાવાયેલ ચેકડેમો તથા ગામ તળાવોમાં સંગ્રાહતા

INDEX

પાણીનો અનઅધિકૃત રીતે માથાભારે તત્વો દ્વારા બગાડ કે ઉદવહન સિચાલ થાય નહી તે માટે ઝડપી ઉપાય યોજવાનું જરૂરી જણાતા હું ઓ. ડી. કટારા જી. ઓ. એસ. અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જીલ્લો ભાવનગર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ (સને ૧૯૭૪ નો ૨જો) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે ભાવનગર શહેર જીલ્લામાં આવેલ ગામ તળાવો તથા ચેક-ડેમોમાંથી કોઈએ પરવાનગી વગર પાણી લઈ જવું નહી, આ ગામતળાવો/ચેકડેમોમાંથી ૧૦૦૦ મીટર સુધીના વિસ્તારમાં નવા કુવાઓ ગાળવા નહી તે માટે જમીન ફાળવવી નહી તેમજ કોઈ નવા બોર કરવા નહી. અને તે માટે વીજળી જોડાણો આપવા નહી.

આ જાહેરનામાંનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી-અધિનિયમ (સને ૧૮૬૦ ના ૪૫માં અધિનિયમ) ની કલમ-૧૮૮ મુજબ સજા થઈ શકશે.

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારામાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓ સદરહુ જાહેરનામાની નકલો ચોટાડીને વર્તમાન પત્રો મારફત તેની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આ જાહેરનામું તા. ૧૩—૧૧—૨૦૦૦ થી તા. ૧૧—૧—૨૦૦૧ સુધી અમલમાં રહેશે.

આજ તા. ૧૩—૧૧—૨૦૦૦ ના રોજ મારી સહી-સિકકો કરીને સદરહું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

ભાવનગર, ૧૩ માહે નવેમ્બર સને ૨૦૦૦.

જાહેરનામું

નં. ડીએમ/ ૧/ફા/ ૩૧૨ / (૧) ૨૦૦૦.— ભાવનગર શહેરને પાણી પુરૂ પાડવા માટેના ઈ.એસ. આર, પૈકી દિલબહાર ઈ.એસ. આર. (વાઘાવાડી રોડ) પરથી શહેરના દક્ષિણ વિસ્તારમાં પાણી પુરૂ પાડવામાં આવે છે. ઉપરોકત વિસ્તાર પૈકીની કેટલીક સોસાયટીઓ ના અપુરતા નેટવર્કને લીધે ઘણાં વિસ્તારોમાં પાણી અપૂરતું કે નહી આવવાની ઘટના બનતી હોય છે. તેથી નંદનવન, અયોધ્યાનગર તેમજ ઓશીયન પાર્ક વિગેરે સોસાયટીના રહેવાસીઓ મોટા ટોળા સ્વરૂપે દિલબહાર ટાંકી ઉપર આવી ફરજ પરના કર્મચારીઓને ધાકધમકી આપી, કાયદો હાથમાં લઈ, ટાંકીના વાલ્વ ખોલી નાંખીને બળ-જબરીપૂર્વક પાણીનો પૂરવઠો લેવાના પ્રયાસો કરે છે. આ સંજોગોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે જાહેરહીતમાં ઝડપી ઉપાય યોજવાનું ઉચિત જણાતા હું એ.ડી. કટારા અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જીલ્લો, ભાવનગર. આથી ફરમાવું છું કે ભાવનગર શહેરના વાઘાવાડી રોડ ઉપર આવેલ દિલબહાર ટાંકી અને તેની આજુબાજુનાં ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસોએ એકઠા થવું નહી.

આ /જાહેરનામા હુકમનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ) ની કલમ- ૧૮૮ મુજબ સજા થઈ શકે છે.

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલ ચોટાડીને વર્તમાનપત્રો મારફત તેની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આ જાહેરનામું તા. ૧૩-૧૧-૨૦૦૦થી તા. ૧૧-૧-૨૦૦૧ સુધી અમલમાં રહેશે.

આજ તા. ૧૩-૧૧-૨૦૦૦ના ના રોજ મારી સહી સિક્કો કરીને સદરહું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

ભાવનગર, ૧૩ માહે નવેમ્બર સને ૨૦૦૦

જાહેરનામું

નં.ડીએમ/ ૧/ફા/૩૧૨ ૨૦૦૦.— ભાવનગર શહેર જીલ્લામાં પ્રવર્તતી પાણીને તંગીને લીધે લક્ષમાં લેતા તેમજ જીલ્લાના જળાશયો માં સંગ્રહાયેલ પાણીનો જથ્થો અપૂરતો હોઈ તેમાં અનઅધિકૃત રીતે માથાભારે તત્વો દ્વારા બગાડ કે ઉદવહન કિયા ઈ થાય નહી તે જરૂરી છે. કેમકે પાણીના ગેરકાયદેસર રીતે ઉપાડ કે બગાડ થવાથી તેની સીધી અસર પીવાના પાણીના પુરવઠા ઉપર પડે છે. તેથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ (સને ૧૯૭૪નો ૨જો) ની કલમ -૧૪૪ મુજબ પગલાં લેવાં, ઝડપી ઉપાય યોજવા પૂરતુ કારણ હોઈ હું ઓ. ડી. કટારા જી.ઓ. એસ. અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જીલ્લો ભાવનગર, સદરહુ અધિનિયમની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે શેત્રુંજી, રોજકી માલણ, રંઘોળા, કાળુભાર ઘેલો (સોમનાથ) ઘેલો (ઈતીરીયા) માલગઢ, ખોડીયાર, લીંબાળી, ખારો, રજાવળ, લાખણકા, હમીપરા, માલપરા તથા હણોલ જળાશયો અને તેની ઉપરવાસમાં પાણીની મહત્તમ પૂર્ણ સપાટીથી ૨૦૦ મીટર સુધી અને તેના હેઠવાસમાં ૫૦૦ મીટર સુધીની હદમાંથી તા. ૧૩-૧૧-૨૦૦૦થી તા. ૧૧-૧-૨૦૦૧ સુધી અત્રેથી અધિકૃતી મેળવ્યા સિવાય કોઈએ કોઈપણ રીતે પાણી લઈ જવું નહીં. તેમજ સુખભાદર ડેમના હેઠવાસમાં ૫૦૦ મીટર સુધીની હદમાંથી અત્રેથી અધિકૃતિ મેળવ્યા સિવાય કોઈએ કોઈપણ રીતે પાણી લઈ જવું નહી.

સદરહું જાહેરનામાનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિ-નિયમ (સને ૧૯૬૦ના ૪૫માં અધિનિયમ) ની કલમ -૧૮૮ મુજબ સજા થઈ શકશે.

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ સદરહુ જાહેરનામાની નકલો ચોટાડીને અને સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આ જાહેરનામું તા. ૧૧-૧-૨૦૦૦૦ સુધી અમલમાં રહેશે.

આજ તા. ૧૩-૧૧-૨૦૦૦ના રોજ મારી સહી સિકકો કરીને સદરહુ જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

ભાવનગર, ૧૩ માહે નવેમ્બર સને ૨૦૦૦

જાહેરનામું

નં. ડીએમ/ ૧/ફા. /૩૧૨ (૩) ૨૦૦૦.— ભાવનગર શહેરને ભાવનગર મહાનગરપાલીકાના જુના તથા નવા ફીલ્ટર પ્લાન્ટ પરથી પાણી પુરૂ પાડવામાં આવે છે. તે દરમ્યાન કેટલાક વિસ્તારોમાં પાણી અપુરતુ કે નહી આવવાની ઘટના બનતી હોય છે. તેથી આ વિસ્તારના રહેવાસીઓ મોટા ટોળા સ્વરૂપે ફીલ્ટર પ્લાન્ટ ઉપર આવી ફરજ પરના કર્મચારીઓને ધાકધમકી આપી કાયદો હાથમાં લઈ, ટાંકીના વાલ્વ ખોલી નાખીને બળજબરીપૂર્વક પાણીનો પુરવઠો લેવાના પ્રયાસો કરે છે. આ સંજોગોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે જાહેર હીતમાં ઝડપી ઉપાય યોજવાનું ઉચિત જણાતા હું ઓ. ડી. કટારા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જીલ્લો, ભાવનગર આથી ફરમાવું છું કે ભાવનગર શહેરમાં પાણી પુરૂ પાડતા ભાવનગર મહાનગર પાલીકાના નવા તથા જુના ફીલ્ટર

INDEX

અને તેની આજુબાજુના ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસોએ એકઠા થવું નહી.

આ જાહેરનામા /હુકમનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ)ની કલમ -૧૮૮ મુજબ સજા થઈ શકે છે.

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલ ચોટાડીને વર્તમાન પત્રો મારફત તેની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આ જાહેરનામું તા. ૧૩-૧૧-૨૦૦૦ થી તા. ૧૧-૧-૨૦૦૧ સુધી અમલમાં રહેશે.

આજ તા. ૧૩-૧૧-૨૦૦૦ ના રોજ મારી સહી સિકકો કરીને સદહુ જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

ભાવનગર, ૧૩ માહે નવેમ્બર સને ૨૦૦૦

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ સને ૧૯૫૧નાં મુંબઈ અધિનિયમ ની કલમ-૩૭(૧) અન્વયે

જાહેરનામું

નં. ડીએમ-૧-ફા.. ૩૨/૨૦૦૦.—ભાવનગર જિલ્લામાં આગામી તા. ૭/૧૧-૨૦૦૦ના દેવદિવાળી, તુલશીવિવાહ, તા. ૧૧-૧૧-૨૦૦૦ના શેત્રુંજી ડુંગર પાલીતાણા, બગદાણા, ખાતે કાર્તીકી પુનમનો મેળો ભરાતો હોય, તેમજ તા. ૭-૧૧-૨૦૦૦ થી તા. ૩૦/૧૧/૨૦૦૦ સુધી ટેકનીકલ શિક્ષણ બોર્ડની પરીક્ષાઓ લેવાનાર હોઈ, તેમજ જિલ્લામાં તાજેતરમાં ઓછા વરસાદના કારણે પાણીની થયેલ વિકટ પરિસ્થિતી તેમજ વીજદરના વધારાના વિરોધમાં વિરોધ પક્ષો ખેડુત સંગઠનો, દ્વારા આંદોલનો ચાલતા હોઈ, જેથી આગામી દિવસોમાં કાયદો અને વ્યવસ્થા સુલેહશાંતિ પુર્વક જળવાઈ રહે તે માટે અગમચેતીના પગલાં લેવા અનિવાર્ય જણાતા સમગ્ર ભાવનગર જિલ્લામાં લોકો જાહેરમાં તીક્ષ્ણ હથિયારો, જેવા કે છરી, કુહાડી, ધારીયા, તલવાર ગુપ્તી, કુંડેલીવાળી, લાકડીઓ, લોખંડના પાઈપ ભાલા, વિગેરે જેવા પ્રાણઘાતક હથિયારો લઈને હરે ફરે નહી તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ— ૧૯૫૧ના મુંબઈના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૧) અન્વયે મને મળેલ અધિકાર ની રૂઈએ હું એ. ડી. કટારા, જી.એ.એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો ભાવનગર આથી જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂ ફરમાવું છું કે, કોઈએ નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૭/૧૧/૨૦૦૦થી તારીખ ૪-૧૨-૨૦૦૦ સુધી બન્ને દિવસો સુધ્ધાં.

(ક) શસ્ત્રો, દંડા, ભાલા, તલવાર, સોટા, બંદુક, છરી, લાકડી અથવા લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવા નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી, ભયકારી સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ સાથે લઈ જવી નહીં, એકઠા કરવા નહીં, તથા તૈયાર કરવા નહી.

(ઘ) સરઘસમાં સળગતા કાકડા અથવા સળગતી મશાલો સાથે લઈ જવી નહીં.

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બીભત્સ સૂત્રો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહીં, અથવા ટોળામાં ફરવું નહીં.

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવા હાવભાવ કરવા નહીં, તેવી ચેષ્ટા કરવી નહી. તેવા ચિત્રો, પત્રીકાઓ, પ્લેકાર્ડ અથવા કોઈપણ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં. બતાવવી નહીં, અથવા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમનો ઉપર જણાવેલ ખંડ ક-ખ-ગ-ઘ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતને જે ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) જીલ્લા પોલીસ અધિકારી અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારિરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

(૩) જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતને

(૪) કાયદેસરના હથીયાર પરવાના ધરાવનાર વ્યકિતને.

અનુસુચિ

ભાવનગર જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ -૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને સદરહું વિસ્તારમાં ધ્વનીવર્ધક યંત્રો દ્વારા ઢંઢેરો પીટાવીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૬ માહે નવેમ્બર સને ૨૦૦૦ ના રોજ મારી સહી તથા સીકકો માર્યો.

ભાવનગર, ૬ માહે નવેમ્બર સને ૨૦૦૦.

એ. ડી. કટારા,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિ. આંક-૨૨ ની કલમ-૩૩ (૧) (બી) હેઠળનું

જાહેરનામું

નં. એમએજી/સી/ફાયરીંગ/૭૩૪૮/૨૦૦૦—જિલ્લા પોલીસ અધિ. શ્રી જુનાગઢએ તેઓના તા. ૨૩-૧૧-૨૦૦૦નાં પત્રાંક સીબી-૨બી- -ફાયરીંગ-પ્રેક-૨૦૦૦ થી જુનાગઢ જિલ્લાના પોલીસ ઓફીસરોના સને ૨૦૦૦ ના વર્ષ માટે વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ તા. ૧—૧૨—૨૦૦૦ થી તા. ૧૫—૧—૨૦૦૧ સુધી જુનાગઢ તાલુકાના દોલતપરા ફાયરીંગ બટ ઉપર લેવાનું નકકી થતા અહીંને જણાવેલ છે.

INDEX

સબબ ઉપરોકત ફાયરીંગ દરમ્યાન ઉપરોકત વિસ્તારમાં લોકો તથા વાહનોની અવરજવર ભયજનક જણાતા હું જે. કે. ઠેસીયા જી. એ. એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો જુનાગઢ સને ૧૯૫૧ નાં મુંબઇ પોલીસ અધિનિયમની આંક-૨૨ ની કલમ-૩૩ (૧) (બી) હેઠળ મને મળેલ સત્તાની રૂઇએ તા. ૧—૧૨—૨૦૦૦ થી તા. ૧૫-૧-૨૦૦૧ સુધી બંને દિવસો સહિત) સવારના ૬-૦૦ વાગયાથી ૧૮-૦૦ વાગ્યા સુધી ઉકત ફાયરીંગ બટના વિસ્તારના આજુબાજુ એક ચોરસ કી.મી. વિસ્તારમાં રાહદારીઓને તેમજ વાહનો માટે ઉપરોકત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.

આ જાહેરનામાના કોઇપણ ખંડના ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરે છે.

આ જાહેરનામું આજરોજ તા. ૨૮ માહે નવેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી તથા કચેરીના સિકકો સાથે જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કર્યુ

જુનાગઢ, ૨૮ માહે નવેમ્બર સને ૨૦૦૦.

સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમ આંક-૨૨ ની કલમ-૩૭ ની પેટા કલમ -૩ હેઠળ

જાહેરનામું

નં.એમએજી-સી/૭૦૨૯/૨૦૦૦.-અપૂરતા વરસાદના કારણે પાણીના પ્રશ્ને તથા વિજળીની અનિયમિતતા તથા વીજદરનાં વધારાના કારણે, સભાઓ, સરઘસો, વિગેરે જુદા જુદા કાર્યક્રમો થવા સંભાવના હોય તે અંતર્ગત તેમજ હાલમાં જુદા જુદા રાજકીય બિન રાજકીય તથા સામાજીક સંસ્થાઓ તરફથી સરઘસો, રેલીઓ વિગેરે પ્રવૃતિઓ થવા સંભાવના હોય આવા સંજોગોમાં જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સુલેહશાંતિ જાળવવા સારૂ સભા સરઘસ વગર પરવાનગીએ કોઇ કાઢે નહી અને કોઇપણ જાતનો અનિચ્છનીય બનાવ બને નહી તે માટે જુનાગઢ જિલ્લા વિસ્તારમાં કોઇ-પણ વિસ્તારમાં સભા કરવી નહી, તથા સરઘસ કાઢવું નહી તેવી મનાઇ તારીખ ૧૮/૧૧/૨૦૦૦ થી તારીખ ૧/૧૨/૨૦૦૦ સુધી કરવાનું ઇષ્ટ જણાય છે. જેથી મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧નાં આંક-૨૨ ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ થી મને મળેલ અધિકારની રૂઇએ હું જે. કે. ઠેસિયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ આથી જુનાગઢના સમગ્ર વિસ્તારમાં તારીખ ૧૮/૧૨/૨૦૦૦નાં રોજથી તારીખ ૧/૧૨/૨૦૦૦ (બંને દિવસો સહિત) સુધીની મુદત માટે કોઇપણ સભા કે સરઘસ માટે મનાઇ હુકમ ફરમાવું છું આદેશ કરૂ છું કે,

આ હુકમની નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહ રક્ષક મંડળીઓ.
(૨) સરકારી નોકરીઓ અવરજવર કરતી હોય તેવી વ્યકિતને
(૩) કોઇ લગ્નના વરઘોડાને
(૪) સ્મશાન યાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને
(૫) સક્ષમ અધિકારીશ્રીઓની કાયદેસર પરવાનગી લઇને

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઇને મદદ કરનારને ગુનો સાબીત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે. તથા ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબીત થયેથી જે તે વ્યકિત એક માસની કેદ અથવા રૂપિયા ૨૦૦/- સુધીનો દંડ અગર બન્ને શિક્ષા થઇ શકે અને આ હુકમની અવગણનો માનવ જીવનને કોઇ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઇ ભય ઉત્પન્ન થાય અથવા કોઇ હુલ્લડ બખેડો થાય તો તેવી વ્યકિતને ૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂપિયા ૧૦૦૦/ સુધીનો દંડ સહિત બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૧૭ મી નવેમ્બર, સને ૨૦૦૦ નાં રોજ મારી સહી તથા કચેરીના સિકકા કરી જાહેર જનતાની જાણ અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૧૭ માહે નવેમ્બર સને ૨૦૦૦.

જે. કે. ઠેસિયા
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ

હુકમ

ક્રમાંક : મજસ-૨-વ-૨૪૩૩/૨૦૦૦.—ગ્રામ રક્ષક દળનાં સભ્યોને ફાયરીંગ પ્રેકટીસ આપવાની હોઇ ફાયરીંગ પ્રેકટીસ તા. ૧૮/૧૯/૨૦/૧૧/૨૦૦૦ ધોળી ધજા ફાયરીંગ બટ ઉપર કરવામાં આવનાર છે. આ ફાયરીંગ બટની આજુબાજુ ખેરાળી ખમીસાણા-વિસ્તાર આવેલ છે. તેમજ રાજકોટ સ્ટેટ હાઇવે વિસ્તારમાં ગોળીબારથી ઇજા થવાનો સંભવ છે. જેથી આ વિસ્તારમાં ચાલતાં માણસો, બસ, વાહન તથા ઢોર ઢાંખરને ગોળીબારથી ઇજા થવાનો સંભવ હોય તે અટકાવવું જરૂરી જણાતા સને ૧૯૫૧નાં મુંબઇ પોલીસ અધિ. એક્ષટેન્શન એમેન્ડમેન્ટ એકટ ૧૯૫૬ ની કલમ-૨ સાથે વાંચતા મને મળેલ અધિકારની રૂએ હું ડી. યુ. કુમાર અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો સુ.નગ રઆથી ફરમાવું છું કે, તા. ૧૮/૧૧/૨૦૦૦ થી તા. ૨૦/૧૧/૨૦૦૦ સુધી સવારના ૬/૦૦ કલાકથી સાંજના ૧૮/૦૦ કલાક દરમ્યાન ફાયરીંગ બટની નજીક આજુબાજુના એક માઇલના વિસ્તારમાં કોઇએ હરવું ફરવું નહી કે વાહન લઇને નીકળવું નહીં તેમજ પોતાના ઢોર-ઢાંખર ચારવા નહી કે છુટા ફરવા દેવા નહી.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૨૧ અનુસાર શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૧૫ માહે નવે. ૨૦૦૦ નાં રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે આ હુકમ જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૧૫ માહે નવેમ્બર સને ૨૦૦૦.

હુકમ

ક્રમાંક મજસ-૨-વ-૩૮૬૯/૨૦૦૦—સુરેન્દ્રનગર જિલ્લાના પોલીસ અમલદારો અને કર્મચારીઓને વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ આપવાની હોય, ફાયરીંગ પ્રેકટીસ તા. ૧—૧૨—૨૦૦૦ તારીખ ૩૧—૧૨—૨૦૦૦ સુધી ધોળી ધજા ફાયરીંગ બટ ઉપર કરવામાં આવનાર છે. આ ફાયરીંગ બટની આજુબાજુ ખેરાળી-ખમીસાણા મહાદેવનું મંદિર આ વિસ્તારમાં આવેલ છે. તેમજ રાજકોટ. સ્ટેટ હાઇવે વિસ્તારમાં ગોળીબારથી ઇજા થવાનો સંભવ છે. જેથી આ વિસ્તારમાં ચાલતા માણસો બસ, વાહન તથા ઢોર ઢાંખરને ગોળીબારથી ઇજા થવાનો સંભવ હોઇ તે અટકાવવું જરૂરી જણાતા સને ૧૯૫૧નાં મુંબઇ પોલીસ અધિ. એક્ષટેન્શન એમેન્ડમેન્ટ એકટ- ૧૯૫૬ની કલમ-૨ સાથે વાંચતા મને મળેલ અધિકારની રૂએ હું ડી. યુ. કુમાર અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર આથી ફરમાવું છું

કે, તા. ૧—૧૨—૨૦૦૦ થી તા. ૩૧—૧૨—૨૦૦૦ સુધી સવારના ૬-૦૦ કલાકથી સાંજના ૧૮/૦૦ કલાક દરમ્યાન ફાયરીંગ બટની નજીક આજુબાજુના એક માઈલના વિસ્તારમાં કોઈએ હરવું ફરવું નહી કે વાહન લઈને નીકળવું નહી તેમજ પોતાના ઢોર-ઢાંખર ચારવા નહી કે છુટા ફરવા દેવા નહી.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૨૧ અનુસાર શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૨૪ માહે નવેમ્બર, સને—૨૦૦૦ નાં રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે આ હુકમ જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર ૨૧ માહે નવેમ્બર સને ૨૦૦૦.

ડી. યુ. કુમાર,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર

જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :—

(૧) સરકારશ્રીના સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક ધ ૨૮.૮૪-ડીડીસી ૧૧૮૨-ગ તા. ૨૨-૩-૮૪.

(૨) અત્રેના અંતિમ આદેશ ક્રમાંક/ફડચ/વ.અ./૨૩૮/૦૪/૧૩૦/૯૩

(૩) તા. ૩/૩/૯૩વાળુ પ્રમાણપત્ર ફડચા અધિકારીની તા. ૩૦/૬/૨૦૦૦ વાળી દરખાસ્ત.

હુકમ

ક્રમાંક:-ફડચ/૨૩૮/ઝ/૩૬૦/૨૦૦૦ — આથી હું એસ. એસ. રાવડીયા જીલ્લા રજીસ્ટ્રાર સ. મં. ભુજ-કચ્છ મને મળેલ અધિકારીની રૂએ શ્રી મુન્દ્રા તાલુકા નોકર મંડળ કર્મચારી શરાફી સ. મં. લી. (ફડચામાં) મુ. મુન્દ્રા તા. મુન્દ્રા કે જે સને ૧૯૬૧ના ગુજરાત સહ. મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધણી ક્રમાંક:૩૦૭૩ તા. ૧૮/૧૦/૫૮ થી નોંધાયેલ છે. તેને તેજ કાયદાની કલમ ૧૦૭ (ગ) (૨) હેઠળ ફડચામાં લઈ જવામાં આવેલ તેની નોંધણી તેજ કાયદાની કલમ-૨૦(૧) અન્વયે આથી રદ કરૂ છું.

ભુજ-કચ્છ, ૩૦ માહે જુન સને ૨૦૦૦.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક ધ-ખ-૨-૨૪-૯૧ સીડીસીજે, તા. ૩૦/૩/૧૯૯૧

(૨) આ કચેરીના અંતિમ આદેશ ક્રમાંક ફડચ/૪૨૭/ઝ/૧૧૭/૨૦૦૦ તા. ૨૫/૨/૨૦૦૦.

સુધારા હુકમ

ક્રમાંક ફડચ/૪૨૭/ઝ/૩૯૭/૨૦૦૦ — ઉકત વંચાણ-૨ વાળા આદેશથી શ્રી તુગા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. તુગા તા. ભુજ ને કાયમી ફડચામાં લઈ જવામાં આવેલ છે. અને તેના ફડચા અધિકારી તરીકે આ કચેરીના મદદનીશ સહકારી અધિકારીને જેની નિમણુક કરવામાં આવેલ જે વહીવટી કારણોસર આથી રદ કરવામાં આવે છે. અને આ મંડળીના ફડચા અધિકારી તરીકે કચેરીના સહકારી અધિકારી ફડચાની આથી નિમણુંક કરવામાં આવે છે. તેમણે આ મંડળીની ફડચાની કામગીરી કાયદા કાનુનની જોગવાઈ અન્વયે નિયત સમય મર્યાદામાં પુર્ણ કરવાની રહેશે.

ભુજ(કચ્છ) ૧૫ માહે જુલાઈ સને ૨૦૦૦.

વંચાણે લીધા :—

(૧) સરકારશ્રીના સહકાર વિભાગ હુકમ નાં. ધ/૨૮/૮૪/ડીડીસી ૧૧૮૨/૭૪૨૫-ગ. તા. ૨૨/૩/૮૪.

(૨) મંડળીની તા. ૨૯/૪/૨૦૦૦ ખાસ સામાન્ય સભાના ઠરાવ સાથેની રજુઆત.

હુકમ

ક્રમાંક:-ફડચ/૫૩૩/ઝ/૩૭૦/૨૦૦૦.— આથી હું એસ. એસ. વાગડીયા જી. રજી. સ. મં. ભુજ મને મળેલ અધિકારની રૂએ શ્રી વેલ બ્રેઈન્સ ગ્રાહક સહકારી ભંડાર લી. ચોપડવા તા. ભચાઉ કે જે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ કલમ-૯ નીચે નોંધણી નંબર ૮૫-૪૪૪૦ તા. ૨૫/૩/૯૮થી નોંધાયેલ સહકારી ગ્રાહક ભંડાર છે. ઉકત વંચાણે લીધેલ ક્રમ ૨થી મંડળીના સભ્યોએ સર્વાનુમતે મંડળીને ફડચામાં લઈ જવા ઠરાવ કરેલ છે. તે અન્વયે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) (ખ) અન્વયે ફડચાનો અંતિમ હુકમ કરૂ છું અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ગ્રાહક) ની આથી નિમણુક કરૂ છું.

ભુજ-કચ્છ, ૩૦ માહે જુન સને ૨૦૦૦.

વંચાણે લીધા :—

(૧) સરકારશ્રીના સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક ધ-ખ-૨ ૨૪/૯૧-સીડીસી-જે તા. ૩૦/૩/૧૯૯૧.

(૨) આ કચેરીના અંતિમ આદેશ ક્રમાંક ફડચ/૪૬૮/૪/૧૨૦/૨૦૦૦ તારીખ ૨૫-૦૨-૨૦૦૦.

સુધારા હુકમ

ક્રમાંક:ફડચ/૪૬૮/ઝ/૩૯૯/૨૦૦૦ ઉકત વંચાણ-૨ વાળા આદેશથી શ્રી મોટા બંદરા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. મોટા બંદરા તા. ભુજને કાયમી ફડચામાં લઈ જવામાં આવેલ છે. અને તેના ફડચા અધિકારી તરીકે આ કચેરીના મદદનિશ સહકારી અધિકારી નાં. ૪ની નિમણુંક કરવામાં આવેલ. જે વહીવટી કારણોસર આથી રદ કરવામાં આવે છે અને આ મંડળીના ફડચા અધિકારી તરીકે કચેરીના સહકારી અધિકારી (ફડચા)ની આથી નિમણુંક કરવામાં આવે છે. તેમણે આ મંડળીની ફડચાની કામગીરી કાયદા-કાનૂનની જોગવાઈ અન્વયે નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

ભુજ-કચ્છ, ૧૫ માહે જુલાઈ સને ૨૦૦૦.

વંચાણે લીધા :—

(૧) સરકારશ્રીના સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક ધ-ખ-૨-૨૪/૯૧-સીડીસી-જે તા. ૩૦/૩/૧૯૯૧.

(૨) આ કચેરીના અંતિમ આદેશ ક્રમાંક ફડચ/૪૬૧/ઝ/૧૨૨/૨૦૦૦ તારીખ ૨૫-૦૨-૨૦૦૦.

INDEX

સુધારા હુકમ

ક્રમાંક:ફડચ/૪૭૧/ઝ/૪૦૧/૨૦૦૦ ઉકત વંચાણ-૨ વાળા આદેશથી શ્રી ખીધરવાંઢ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. ખીધરવાંઢ તા. ભુજને કાયમી ફડચામાં લઈ જવામાં આવેલ છે અને તેના ફડચા અધિકારી તરીકે આ કચેરીના મદદનિશ સહકારી અધિકારી નં. ૪ની નિમણુંક કરવામાં આવેલ. જે વહીવટી કારણોસર આથી રદ કરવામાં આવે છે અને આ મંડળીના ફડચા અધિકારી તરીકે કચેરીના સહકારી અધિકારી (ફડચા)ની આથી નિમણુંક કરવામાં આવે છે, તેમણે આ મંડળીની ફડચાની કામગીરી કાયદા-કાનુનની જોગવાઈ અન્વયે નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

ભુજ-કચ્છ, ૧૫ માહે જુલાઈ સને ૨૦૦૦.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક ધખ-૨-૨૪-૯૧ સીડીસી-જે તા. ૩૦/૩/૧૯૯૧.

(૨) આ કચેરીના અંતિમ આદેશ ક્રમાંક ફડચ/૪૧૫/ઝ/૧૧૬/૨૦૦૦ તા. ૨૫/૨/૨૦૦૦.

સુધારા હુકમ

ક્રમાંક ફડચ/૪૧૫/ઝ/૩૯૫/૨૦૦૦ ઉકત વંચાણ-૨ વાળા આદેશથી શ્રી બન્ની પશુવિકાસ અને ડેરી ઉદ્યોગ- સહકારી મંડળી લી. મુ. ગોરેવાલી તા. ભુજ ને કાયમી ફડચામાં લઈ જવામાં આવેલ છે. અને તેના ફડચા અધિકારી તરીકે આ કચેરીના મદદનીશ સહકારી અધિકારી નં. ૪ નાં નિમણુંક કરવામાં આવેલ જે વહીવટી કારણોસર આથી રદ કરવામાં આવે છે. અને આ મંડળીના ફડચા અધિકારી તરીકે કચેરીના સહકારી અધિકારી ફડચાની આથી નિમણુંક કરવામાં આવે છે. આ તેમણે આ મંડળીની ફડચાની કામગીરી કાયદા કાનુનની જોગવાઈ અન્વયે નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

ભુજ-કચ્છ ૧૫ માહે જુલાઈ સને ૨૦૦૦.

એસ. એસ. વાવરીયા,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ.

વંચાણેલીધા :-(૧) સરકારશ્રીના સહકાર વિભાગના હુકમ નં.૩૮-૨૮-૮૪/ડીડીસી-૧૧૮૨-૭૪૨૫-ગ, તા. ૨૨-૩-૮૪.

(૨) ખેતીવાડી સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા નંબર ધખ-૨૪૯૧-ડીડીસી-૧૧૮૮-૫૨૦૪--જ, તારીખ ૩૦/૩/૯૧.

(૩) આ કચેરી દ્વારા આદેશ ક્રમાંક : ફડચ-ઘ-૨/૧૩/૯૯ તા. ૨/૧/૯૯થી સંસ્થાને ફડચામાં લઈ જવાનો આપવામાં આવેલ વચગાળાનો આદેશ.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ની કલમ— ૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

જા. નં. ફડચ/ઘ-૨/૨૭૪/૨૦૦૦/૯૯.—આથી હું શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ ઉકત વંચાણે (૧) વાળા આદેશથી મને મળેલ અધિકારની રૂએ અને ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ની કલમ—૧૦૭(૩) અન્વયે તેમજ આમુખમાં જાણાવેલ વિગતો ધ્યાને લઈ શ્રી નાગડકા જુથ સેવા સહકારી મંડળી લી. બીલીયાળા તા. ગોંડલ, જિ. રાજકોટના અત્રેથી કરવામાં આવેલ ફડચાના વચગાળાના આદેશને બહાલ રાખતો આથી કાયમી હુકમ કરું છું. હું અને આ અંગે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે નિયુકત થયેલ ફડચા અધિકારીએ સંસ્થાની તમામ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

(સહી), અવાચ્ય,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, રાજકોટ.

Printed at the Government Press, Rajkot
Complaints about Gazette must be made within a fortnight from the date of this Publication Accompanied by the Wrapper.

INDEX

REGISTERED No. GRJ-24

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XLII] THURSDAY, 19th APRIL, 2001 / CAITRA 29, 1923 [No. 16

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

PART-I

		Pages
PART-I	Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc.	
	Miscellaneous Notification Appointments etc. ..	147—154
PART-I-A	Ordere an Notifications (Other than those published in Part IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts	..Nil
Part-I-B	(Supplement) Government Notifications Published under Land Acquisition Act only	
	Supplement	117—122
PART-II	Miscellaneous Notices, Advertisements, List of Books Sanctioned by the Director of Education, List of Jurors, Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc. ..	283—302
PART-III	Miscellaneous Supplements Season and Crop Reports Prices, Current Rainfalls Returns District Local Boards Accounts etc.	..Nil

INDEX

Government Notifications, Orders, Appointments, etc.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION NOTIFICATIONS

Miscellaneour Notifications Appointments etc.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નં. ડીએમ/ ૧/ પાસા/ કેસ/૫૧/૨૦૦૦.—ધી ગુજરાત પ્રીવેન્શન ઓફ એન્ટી સોશ્યલ એક્ટીવીટીઝ એક્ટ-૧૯૮૫ની કલમ -૩ની પેટા કલમ-૨ અને ગુજરાત સરકારશ્રીના ગૃહવિભાગના તા. ૨૮-૫ -૮૫ના હુકમ ક્રમાંક જીજી- ૧૫૪-એસબી -૪-પીએએસ-૧૦૮૫/ ૧૧૯૪/ અન્વયે અત્રેના તા. ૨૧-૮-૨૦૦૦ના હુકમ નં. ડીએમ /૧/ પાસા / કેસ / ૫૧/ ૨૦૦૦થી ભાવનગર શહેરમાં રહેતા સોહનલાલ ઉર્ફે સોનુ ઉર્ફે રાકેશ S/Oહીરાજી ઉર્ફે હીરાલાલ ધનજીભાઈને જાહેર વ્યવસ્થાને પ્રતિકુળ હોય તેવી કોઈપણ રીતે વર્તતા અટકાવવાના હેતુથી તેમની અટકાયત કરવાની આજ્ઞા કરતો હુકમ પસાર કરવામાં આવ્યો છે.

જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરના અહેવાલ પ્રમાણે સદરહુ અટકાયતી હુકમની બજવણી માટે મજકુર શખ્સ સોહનલાલ ઉર્ફે સોનું ઉર્ફે રાકેશ S/O હીરાજી ઉર્ફે હીરાલાલા ધનજીભાઈ તેમના રહેણાંકના મકાને, તેમના સગા-વ્હાલા મિત્રોના તથા તેમના બેઠક, ઉઠકના સ્થળે તથા તેમના સાગરીતોના સરનામે સઘન તપાસ કરવા છતાં મળી આવતો નથી. તેથી હું કે.એ. પટેલ આઈ. એ. એસ. જીલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જીલ્લો, ભાવનગર એ વાતનો સંતોષ થયો છે કે મજકુર શખ્સ તેમને સદરહું અટકાયતી હુકમ બજે નહી તે માટે ફરાર થઈ ગયેલ છે અથવા તો છુપાતો, નાસતો ફરે છે.

સબબ ધી ગુજરાત પ્રિવેન્શન ઓફ એન્ટી સોશ્યલ એક્ટીવીટીઝ એક્ટ -૧૯૮૫ની કલમ -૮(૨) (ક) અનુસાર આદેશ આપવામાં આવે છે કે કે સોહનલાલ ઉર્ફે સોનુ ઉર્ફે રાકેશ S/O હીરાજી ઉર્ફે હીરાલાલ ઉર્ફે ધનજીભાઈ રે. ભાવનગરે તા. ૧૫-૧૧ -૨૦૦૦ સુધીમાં પોલીસ ઈન્સપેક્ટરશ્રી, બી. ડીવીઝન, ભાવનગર સમક્ષ હાજર થવું. અન્યથા ફોજદારી કાર્યરીતી અધિનિયમન ૧૯૭૩ની ની કલમ -૮૩ મુજબ તેમની/ મીલ્કતની જપ્તી માટે ધોરણસર આગળની કાર્યવાહી કરવામાં આવશે.

આજ તા. ૭-૧૧-૨૦૦૦ના રોજ મારી સહી સિક્કો કરીને સદરહુ જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

ભાવનગર, ૭ માહે નવેમ્બર સને ૨૦૦૦.

કે. એ. પટેલ,
જીલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(૧)(ખ) હેઠળનું
જાહેરનામું

નં. ડીએમ/ડીસીએચ/૬૫૦૧/૨૦૦૦.—જીલ્લા પોલીસ અધિકારીશ્રી જામનગર દ્વારા તેઓને પોલીસ ફાયરીંગ માટે તબદીલ કરવામાં આવેલ જામનગર તાલુકાના વીજરખી ગામના સર્વે નં. ૧૨૯, ૧૩૦, ૧૩૧, પૈકીની જમીન તેઓને દ્વારા રાજકોટ સીટી પોલીસ યુનિટને ફાયરીંગ પ્રેક્ટીશ માટે ફાળવવામાં આવેલ હોઈ તેમજ જિલ્લા પોલીસ યુનિટ દ્વારા પણ ફાયરીંગ પ્રેક્ટીસ હાથ ધરાનાર હોઈ, સદરહું વિસ્તારમાં રાહદારીઓની અવરજવર ઉપર પ્રતિબંધ મુકતું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત મળેલ છે.

જેથી હું આર. કે. પાઠક આઈ. એ. એસ. જિલ્લા મેજીસ્ટ્રેટ, જામનગર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(૧)(ખ) તળે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, આ જિલ્લાના જામનગર તાલુકાના વીજરખી ગામના સ. નં. ૧૨૯, ૧૩૦, ૧૩૧ની પોલીસ ફાયરીંગ રેન્જ માટે તબદીલ થયેલ જમીનમાં રાજકોટ સીટી તથા જામનગર જીલ્લા પોલીસ યુનિટ દ્વારા ફાયરીંગ પ્રેક્ટીસ કરવામાં આવનાર હોવાથી આ વિસ્તારમાં તા. ૨-૧૨-૨૦૦૦થી તા. ૩૦/૧૨/૨૦૦૦ના સવારના ૬-૦૦ કલાકથી સાંજના ૧૮-૦૦ કલાક સુધી કોઈપણ વ્યક્તિએ પ્રવેશવું નહી કે કોઈ વાહન લઈ જવા કે રાખવા નહીં.

આ જાહેરનામું મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(૬) ની જોગવાઈઓ અનુસાર તાત્કાલીક અસરથી અમલમાં આવે છે. અને ઉકત સમયગાળા દરમ્યાન અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૧ અનુસાર શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાની પ્રસિધ્ધિ જીલ્લા પોલીસ અધિકારીશ્રી જામનગરએ જાહેર જનતાની જાણ થાય તે રીતે જાહેરાત કરી કરાવવાની રહેશે. તથા ફાયરીંગ રેન્જના સ્થળની આજુ-બાજુ ચુસ્ત બંદોબસ્ત રાખવાનો રહેશે. તથા લોકોની જાણ માટે જમીનની ચતુર્દીશામાં પ્રવેશબંધી બોર્ડ મુકાવાના રહેશે.

આજ તા. ૨૯ માહે નવેમ્બર ૨૦૦૦ના રોજ મારી સહી તથા કચેરીના સિકકા લગાવી બહાર પાડવામાં આવ્યું.

જામનગર, ૨૯ માહે નવેમ્બર સને ૨૦૦૦.

આર. કે. પાઠક,
જીલ્લા મેજીસ્ટ્રેટ જામનગર.

જાહેરનામુ

ક્રમાંક : મજસ-૩-૧- ૩૭૧૬/૨૦૦૦.—મોટર વ્હીકલ એક્ટ સને ૧૯૮૮ની કલમ ૧૨૨ની પેટા કલમ -૨ તથા કલમ-૧૫ અન્વયે ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના જાહેરનામા નંબર જીજી- ૮૦/૭૬/ એન. વી. આર. ૨૩૭૭/૧૦૩૪-ઈ.-૨ તા. ૨૯-૪-૮૦ થી મને મળેલ અધિકારની રૂએ હું પી. એસ. શાહ, આઈ. એ. એસ. જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો સુરેન્દ્રનગર આ જાહેરનામાથી નીચે મુજબ ફરમાવું છું.

થાનગઢ રેલ્વે ફાટકથી તરણેતર રોડનું થાનગઢ નગરપાલિકા દ્વારા સિમેન્ટ કોકીટનું કામ તા. ૨૦-૧૦-૨૦૦૦ થી ચાલુ કરવામાં આવેલ છે. કામ શરૂ કરતા પહેલા સ્થાનીક પોલીસ સબ ઈન્સપેક્ટરશ્રીના સંપર્કમાં રહી આ રોડ પર ડાયવર્ઝન આપી આ કામ શરૂ કરવામાં આવેલ છે. હાલમાં આ રોડ પર ડાય વર્ઝન આપવા છતાં લોકોની ભારે વાહનો દ્વારા સતત

INDEX

અવરજવર ચાલુ રહે છે. લોકોને જાણ કરવા છતાં બળજબરીથી જેથી બીનજરૂરી ઘર્ષણ થાય છે. આવા લોકોની તથા વાહનોની અવરજવર ચાલુ રહેતી હોય રસ્તાના કામને નુકશાન થાય અને રોડની મજબુતાઈ જળવાઈ રહે અને કરવામાં આવનાર ખર્ચનો હેતુ સરે. હાલમાં આ રોડ માર્ગ પરના વાહનો લોકોની અવરજવર ધસારાને ધ્યાને લઈ આ કામગીરી પુર્ણ ન થાય થાય ત્યાં સુધી એટલે કે તા. ૨૫-૧૧-૨૦૦૦ સુધી લોકોની વાહન દ્વારા અવરજવર પર વનવે બાબતે આવી પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. વધુમાં આ રોડ પરની કામગીરી શરૂ હોઈ લોકોની વાહન દ્વારા અવરજવર માટે નીચેની વિગતે ડાયવર્ઝન સુવિધા વ્યવસ્થા કરવા ફરમાવું છું.

૧. ચોટીલા તરફથી આવતા તમામ વાહનો કે જે તરણેતર રોડ ઉપર સર્વોદય સોસાયટીમાં જવા માંગતા હોય તે તમામ વાહનો ચોટીલા થાન - તરણેતર બાયપાસ રોડ ઉપર મ્યુનિસીપલ હાઈસ્કુલ પાસેથી પસાર થઈ રેલ્વેની બીજી ફાટક "ધાળેશ્વર ફાટક" ની નકળી તરણેતર બાયપાસ રોડ ઉપર આવશે અને ત્યાંથી કાનભાઈના બંગલા પાસેથી નિકળી તરણેતર રોડ ઉપરથી સર્વોદય સોસાયટીમાં આવશે.

૨. સર્વોદય સોસાયટીમાંથી ચોટીલા કે થાનગઢમાં ગામમાં આવતા માંગતા તમામ વાહનો તરણેતર રોડ ઉપરના બાયપાસ રોડ ઉપરથી કાનભાઈના બંગલા સામે પસાર થઈ ત્યાંથી જી.આઈ.ડી.સી. વાળા રોડે થઈ રેલ્વેની બીજી ફાટકે આવશે અને ત્યાંથી હાઈસ્કુલ પાસેથી નીકળી ચોટીલા રોડથી જી.ઈ.બી. સામેથી ગામમાં અગર બારોબાર ચોટીલા તરફ જઈ શકશે.

સુરેન્દ્રનગર, ૩ માહે ઓક્ટોબર સને ૨૦૦૦

પી. એચ. શાહ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો

અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા
ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ

હુકમ

નં. ડીએમ-૧-ફો-૩૧૨(૮)-૨૦૦૦.- ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના અલંગ તથા સોસીયા ગામે શીપબ્રેકીંગનો ધંધો મોટા પ્રમાણમા શરૂ છે. હાલ અલંગ મુકામે અંદાજે ૧૨૦થી ૧૨૫ પ્લોટ ઉપર શીપબ્રેકીંગનું કામ થઈ રહેલ છે. શીપની અંદર ઓઈલનો જથ્થો, ગ્રીસનો જથ્થો હોય છે. તેમજ અન્ય જવલનશીલ પદાર્થો હોય છે. શીપબ્રેકીંગ સમયે શીપમાંથી ઓઈલ ફ્યુઅલ વિગેરેનો જથ્થો કાઢી નાખવામાં આવે છે. આમ છતા તેમાં પુરતી કાળજી લેવામાં આવતી નથી. અને શીપબ્રેકીંગ સમયે ઓકસીજનના તેમજ એલ. પી. જી. ગેસના સીલીન્ડરોથી ગેસ કટીંગ દ્વારા તોડવાની પ્રક્રિયા થાય છે. જેના કારણે આગ- અકસ્માતના બનાવો બનેલ છે. જેના કારણે લોકોના જાન-માલ સ્વાસ્થ્ય અને સલામતીને મોટું જોખમ થયેલ છે.

તેથી હું એ. ડી. કટારા જી. એ. એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો ભાવનગર ભારતના ફોજદારી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨જો) અધિનિયમની કલમ-૧૪૪થી મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના અલંગ તથા સોસીયા ગામે આવેલ શીપબ્રેકીંગ યાર્ડમાં શીપબ્રેકીંગ વ્યવસાય સાથે સંકળાયેલ વેપારી પેઢીઓએ નીચે મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવા હુકમ કરૂં છું.

(૧) બેગફાયરથી આગ કે ધડાકાઓ અટકાવવા ગેસ કટીંગ ટોર્ચમાં નોનરીટર્ન વાલ્વ તેમજ એલ. પી. જી. ના સીલીન્ડરના રેગ્યુલેટરમાં નોન રીટર્ન વાલ્વનો ઉપયોગ કરવો.

(૨) ઓઈલ ટાંકી, ઓઈલ ટેન્કર/ એન્જીન રૂમ કે પાઈપ લાઈનના બંધીયાર ભાગનું ગેસ કટીંગ કરતા અગાઉ તેમાં કોઈપણ પ્રકારનું સળગી ઉઠે અથવા ધડાકા થાય તેવા પદાર્થો નહી હોવાનું જવાબદાર વ્યકિત પાસેથી ખાત્રી મેળવ્યા પછી કટીંગ કામગીરી શરૂ કરવી. તે માટે એકસ્પ્લોઝીવ મીટરનો ઉપયોગ અવશ્ય કરવો અથવા ઓકસીજન મીટરનો ઉપયોગ કરવો.

(૩) શીપની ઉંચાઈ પર કટીંગ ચાલતુ હોય ત્યારે નીચે કોઈપણ કામદાર કે ગેસ સીલીન્ડર કે રબ્બર પાઈપ પર લોખંડના તણખા ન પડે તેની કાળજી રાખવી.

(૪) કટીંગ ટોર્ચનાં ફલેમ (જયોત) કોઈપણ સંજોગોમાં એલ.પી.જી. કે ઓકસીઝન સીલીન્ડરના સંપર્કમાં ન આવે તે ખાસ જોવું.

(૫) ઓકસીજન, ઓઈલ, ગ્રીસ સાથે સંપર્ક થવાથી ધડાકો થઈ સળગી શકે છે. જેથી ઓઈલ ગ્રીસના ઓકસીજનવાળા સાધનો કે સીલીન્ડર સાથે સંપર્કમાં ન આવે તેની ખાસ કાળજી રાખવી.

(૬) દાઝેલા કામદારોને બચાવી લેવા કે આગના ઉદગમસ્થાનને દાબી દેવા તાકીદે ઉપયોગમાં લઈ શકાય તેવા વોટરજેલ બ્લેન્કેટનો સંગ્રહ રાખવો.

(૭) કટીંગ ટોર્ચની નીપ દર ૬(છ) દિવસે રબ્બર હોઝ પાઈપ દર ૩(ત્રણ) માસે બદલી નવા વસાવવા તથા આ અંગેનું રજીસ્ટર બનાવવું.

(૮) દરેક પ્લોટ હોલ્ડરે પોતાના પ્લોટ પર આગ ઓલવવા માટે પુરતા પ્રમાણમાં ડ્રાયસેન્ડ યોગ્ય પ્રકારના ફાયર એકસ્ટીન્ગ્યુશર તથા પુરતા પ્રમાણમાં પાણીનાં જથ્થાનો સંગ્રહ રાખવો તથા પ્લોટ પર લાંગરેલ જહાંજ પર ગેસકટીંગ કામ ચાલતું હોય ત્યાં દરેક કટીંગ પોઈન્ટ પર યોગ્ય પ્રકારના પોર્ટેબલ ફાયર એકસ્ટીન્ગ્યુશર પુરતા પ્રમાણમાં રાખવા તથા જહાંજ પર ઓછામાં ઓછા ૩૦,૦૦૦ (ત્રીસ હજાર) લીટર પાણીનો સંગ્રહ, ફાયર, પમ્પ તથા જહાંજમાં દરેક જગ્યાએ પહોંચી શકે તેટલી પુરતી લંબાઈના હોઝ પાઈપ નોઝલ્સ સાથે ઉપયોગમાં લઈ શકાય તેમ ચાલુ હાલતમાં નિભાવવા-રાખવા.

(૯) દરેક પ્લોટ હોલ્ડરે પ્લોટ પર લાંગરેલા જહાજમાં હોટવર્ક કે નેકેટ લાઈટથી કટીંગ કામગીરી શરૂ કરતા પહેલા આ જગ્યાને નેકેટ લાઈટ કે હોટવર્કની કટીંગ કામગીરી કરવાથી આગ લાગવાની કોઈ શકયતા નથી તેવા મતલબનું કેમીકલ એન્જીનીયર કે કેમીકલ્સમાં માસ્ટર ડીગ્રી લાયકાત ધરાવતી વ્યકિતનું પ્રમાણપત્ર મેળવ્યા પછી જ શીપબ્રેકીંગની કાર્યવાહી શરૂ કરવી

(૧૦) શીપબ્રેકીંગ સમયે શીપમાંથી નીકળતા ગેસ સીલીન્ડરો અત્યંત ભયજનક હોઈ તેનો રીફીલીંગ માટે ઉપયોગ થવાથી ગંભીર અકસ્માતો થઈ શકે છે. તેથી સુરક્ષિત કારખાના તથા મજુર /કામદારો/માણસોથી દુર ખુલ્લા વિસ્તારમાં આવા સીલીન્ડરો રાખી, તેનો વાલ્વ ધીમેથી ખોલીને તેમાં રહેલો પુરેપુરો ગેસ કાઢી નાંખવો, યોગ્ય રેન્ચ થી સીલીન્ડરનો વાલ્વ દુર કરવો. ત્યારપછી સીલીન્ડરો કાપવા આ અંગેની સામગ્રીનો લોખંડનો ભંગાર તરીકે નિકાલ કરવો. આવા સીલીન્ડરો રીફીલીંગ માટે વેચવા નહીં.

(૧૧) અલંગ/સોસીયા શીપ બ્રેકીંગ યાર્ડ ખાતે જહાજમાં એન્જીન રૂમમાંથી કટીંગની તેમજ એન્જીન વગેરે ખસેડયાની કામગીરી થાય ત્યારે પુરતા હવા ઉજાસની વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૨) શીપ બ્રેકીંગના કામે વપરાતા સાધનો જેવા કે લોખંડના વાયર ૧૦૦ મીટરથી વધારે લંબાઈના હોય ત્યારે તેમાં કોઈપણ જાતનાં સાંધા ન રાખવા.

(૧૩) ત્રાપજથી અલંગ/સોસીયા શીપ બ્રેકીંગ યાર્ડ સુધીના તમામ બ્રીજો રાત્રીના કલાક ૨૧-૦૦ થી સવારના કલાક ૮-૦૦ સુધી બંધ રાખવાના રહેશે.

(૧૪) એલ. પી. જી. અને ઓકસીજનના સીલીન્ડર્સ ભાંગવા માટે લાવેલા શીપ ઉપરથી નીચે ફેંકવા નહી જે રીતે એલ.પી.જી. ઓકસીજનના સીલીન્ડર નીચેથી શીપ ઉપર લઈ જવામાં આવે છે. તે જ પધ્ધતિથી એલ.પી.જી. ઓકસીજનના સીલીન્ડરો શીપ ઉપરથી નીચે ઉતારવાના રહેશે. આવા સીલીન્ડરો સીધા ઉપર લઈ જતા કે નીચે ઉતારતા સમયે આજુબાજુમાં માણસોની ગ્રાઉન્ડ ઉપર અવરજવર સેફટી સુપરવાઈઝરે નિયંત્રીત કરવાની રહેશે કે જેથી અકસ્માતો ટાળી શકાય

(૧૫) જહાજની કોઈપણ અંધિયાર જગ્યામાં ઓકસીજન મીટર દ્વારા ઓકસીજનની માત્રા પુરતી છે કે કેમ ? તેની ખાત્રી કર્યા સિવાય પ્રવેશ કરવો નહીં.

(૧૬) પ્લોટમાં પેટ્રોલીયમ પ્રોડકટસનો નીચે દર્શાવેલ મર્યાદા સિવાય વધારે જથ્થો બેરલમાં એકી સાથે રાખવો નહીં.

(૧) ૧૦૦ લીટર સુધી પેટ્રોલ

(૨) ૫૦૦૦ લીટર સુધી ફયુઅલ ઓઈલ

(૩) ૨૫૦૦ લીટર સુધી ડીઝલ

ઉપર દર્શાવેલી મર્યાદાથી વધુ જથ્થાના અથવા ઉપર જણાવેલ જથ્થાઓના બેરલ વગરના મોટી કેપેસીટીના સાધનોમાં સંગ્રહ માટે સ્ટોરેજ લાયસન્સ મેળવવું ફરજીયાત રહેશે.

(૧૭) જી. એમ. બી. એ શીપની કટીંગની પરમીશન આપતા પહેલા એ શીપમાંથી Co2 ગેસ કાઢી નાંખવામાં આવેલ છે તેવું શીપના માસ્ટરનું કે ઓથોરાઈઝડ એજન્સીનું પ્રમાણપત્ર મેળવવાનું ફરજીયાત રહેશે.

(૧૮) શીપમાંથી નીકળતા કોઈપણ સીલીન્ડરો જે કાયદાનુસાર સર્ટીફાઈડ થયેલા નથી તેવા સીલીન્ડરો પ્લોટની બહાર કાઢવામાં આવે ત્યારે તે ઓછામાં ઓછા બે ટુકડામાં કાપેલા હોવા જોઈએ.

(૧૯) શીપ ઉપર મળતા Co2 સિવાયનો અન્ય ભયજનક ગેસો જેવા કે કુલીંગ ગેસો કે જેને વાતાવરણમાં ન છોડી શકાય તેવા ફેકટરી ઈન્સ્પેકટરશ્રી દ્વારા અધિકૃત થયેલ વ્યકિત સિવાય કોઈએ કાઢવો નહી અને ઓથોરાઈઝડ એજન્સી સિવાય કોઈએ હેરફેર કરવી નહી અને આવા સીલીન્ડરો આગળ જણાવ્યાનુસાર ઓછામાં ઓછા બે ટુકડામાં કાપવા જોઈએ.

આ હુકમ તારીખ ૧૩-૧૧-૨૦૦૦થી તારીખ ૧૧-૧-૨૦૦૧ સુધી અમલમાં રહેશે.

ઉપરોકત સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવો અને કોઈપણ દ્વારા આ સુચનાઓનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ—૧૯૬૦ના જામાં અધિનિયમની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

હું આથી ફરમાવું છું કે ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ નકલો ચોંટાડીને અને લાઉડ સ્પીકરવાહન દ્વારા અને સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરીને આ હુકમ પ્રસિધ્ધ કરવો.

મેં આજ તા. ૧૩-૧૧-૨૦૦૦ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી હુકમ બહાર પાડયો.

ભાવનગર, ૧૩ માહે નવેમ્બર સને ૨૦૦૦.

એ. ડી. કટારા,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
ભાવનગર.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની આંક-૨૨ ની કલમ-૩૭ (૧) અન્વયે જાહેરનામું

નં. એમએજી/સી/૩૭/૧/૭૧૬૧/૨૦૦૦.—આગામી દિવસોમાં રમજાન માસનાં તહેવારો હોય અપૂરતા વરસાદના કારણે પાણી પ્રશ્ન, વીજ પુરવઠાની અનિયમિતતા તથા ભાવ વધારો કારખાના સંસ્થાઓ તેમજ રાજકીય બીન રાજકીય પક્ષો દ્વારા તથા સરકારી અર્ધ સરકારી કર્મચારીઓ તરફથી ધરણા-સભાઓ સરઘસો, રેલીઓ, સંમેલનો વિગેરે પ્રવૃતિઓ થવા સંભાવના હોય, આવા સંજોગોમાં કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સુલેહ શાંતિ જાળવવા સારૂ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ -૩૭ (૧) અન્વયે જુનાગઢ જિલ્લા સમગ્ર વિસ્તારમાં જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

(૨) સબબ, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ઉપરોકત કારણોસર સુલેહશાંતિ જાળવવા સારૂ અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતી યથાવત જળવાય રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહી તે માટે હું જે.કે. ડેસીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો જુનાગઢ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની આંક-૨૨ ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ સમગ્ર જુનાગઢ જિલ્લા વિસ્તારમાં તા. ૨૭/૧૧/૨૦૦૦ થી ૨૫/૧૧/૨૦૦૦ બંને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ હુકમ ફરમાવું છું કે કોઈપણ વ્યકિત—

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી અથવા શારીરિક હીંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહી.

(ખ) કોઈપણ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થો લઈ જવા નહી.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવા નહી.

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવા નહી.

(ચ) અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સો સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહી.

(છ) જેનાથી સુરૂચીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી, તથા ચિત્રો પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ કરવી નહી.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યકિત કે જે જેના ઉપરી અધિકારીઓને ફરમાવ્યા હોય અથવા આવા કોઈ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય.

INDEX

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, જે તે શારિરીક અશકિતને કારણે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

(૩) ખેડુતો ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જવામા હાડમારી ન થાય, તે અને રોજીંદા કામ કરી શકે તે આશયથી ખેડુતો પોતાના ઓજારો ખેતીકામ માટે લઈ જતો હોય.

આ જાહેરનામા કોઈ ખંડના ભંગ કરનાર અથવા પાલન ન કરવામા મદદ કરનાર વ્યકિતને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ મુજબ એક વર્ષની મુદત સુધીમાં કેદની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબ તે વ્યકિતનો ગુનો સાબીત થવાથી એક માસની સાદી કેદ અગર રૂ. ૨૦૦ નો દંડ અગર બંન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવજ્ઞાથી માનવ-જીવનને અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને નુકશાન કરે, ભય ઉત્પન્ન થાય, અથવા કોઈ હુલ્લડો બખેડો થાય તો તેવી વ્યકિતને ૬ માસ સુધીની પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂ. ૧૦૦૦/ નો દંડ અથવા બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૨૫ મી નવેમ્બર, ૨૦૦૦નાં રોજ મારી સહી તથા કચેરીનો સિકાકો કરી જાહેર જનતાની જાણ તથા અમલવાળી માટે પ્રસિધ્ધ કરવું.

જુનાગઢ, ૫ જાન્યુઆરી, સને ૨૦૦૧.

જે. કે. ઠેસિયા
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭:૧ અન્વયેનું

જાહેરનામું

ક્રમાંક મજસ-૩-વ-૧૨-(૨)/૨૦૦૦.-સુરેન્દ્રનગર જિલ્લામાં ગયા વર્ષે નાના મોટા તમામ જળાશયો, ચેક ડેમો તેમજ નાના મોટા ગામ તળાવો સાવ ખાલી રહેલા ચાલુ વર્ષે જિલ્લામાં મોડો વરસાદ થયેલ છે અને વરસાદ થતાં જળાસયોમાં એકટું થયેલું પાણી નિચે તળાવમાં શોશાઈ ઉંડુ ઉતરી જવાના કારણે તેમજ સૂર્ય તાપ/તડકાના કારણે જલાશયમાં એકઠા થયેલ પાણીનું બાષ્પીભવન થવાના કારણે પાણીનો જથ્થો એકાએક વધુ પ્રમાણમાં ઘટવા પામતો હોવાની હકીક્ત અમારા ધ્યાનપર આવેલ છે. જે સ્થિતિ સંજોગો ધ્યાને લેતાં જિલ્લામાં ભવિષ્યે પીવાના પાણીની તંગીની સંભવિત પરિસ્થિતિને ધ્યાને લેતા જિલ્લાના તમામ નાના મોટા ગામ તળાવો /સિમતળાવો તથા પંચાયત વિભાગ તેમજ રાજ્ય સરકારના સિંચાઇ હસ્તકના નાના મોટા તળાવો/ચેકડેમો/સિંચાઇ યોજનાઓ વિ. જળાશયોમાં સંગ્રાહેલ પાણીનો અનઅધિકૃતરીતે અનઅધિકૃત વ્યક્તિઓ દ્વારા કોઇપણ રીતનો બગાડ કે ઉદવહન સિંચાઇ થાય નહિં તે માટે અત્યારથી જ ખાસ કાળજી તથા તકેદારી રાખવી જરૂરી છે તેમજ સદરહુ પાણીનો ગેરકાદેસર રીતે ઉપાડ થવાથી તેની સીધી અસર ભવિષ્યે પીવાના પાણીના પુરવઠા ઉપર પડવા સંભવ છે.

આથી જિલ્લામાં આવેલા તમામ ગામોએ આવેલા ગામ તળાવો, સીમ તળાવો, ચેકડેમો તથા સિંચાઈ તળાવોમાં સંગ્રહાયેલ પાણીનો જથ્થો પીવાના હેતુ માટે અનામત રાખવા જડપી ઉપાય યોજવા માટે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ પગલા લેવાનું પુરતું કારણ હોયને તેથી હું પી. એસ. શાહ, જિલ્લા મેજિસ્ટ્રટ સુરેન્દ્રનગર જિલ્લો ઉક્ત અધિનિયમની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ આ જિલ્લામાં ઉપર જણાવ્યા પ્રમાણેના તમામ જળાશયોમાંથી કોઇપણ વ્યક્તિ તરફથી કોઇપણ પ્રકારે અનઅધિકૃત રીતે પાણીનો બગાડ કે સિંચાઇ માટે ઉદવહન કરીને પાણીની ચોરી કરવામાં ન આવે તે માટેની સંપૂર્ણ કાળજી તથા તકેદારી રાખવાની સંપૂર્ણ જવાબ-દારી ગ્રામ્ય કક્ષાએ સરપંચશ્રીઓ તથા તલાટી-કમ-મંત્રીશ્રીઓની તેમજ સમગ્ર ગ્રામ્ય વિસ્તારને આવરી લઇને થતાં સમગ્ર તાલુકા ગ્રામ્ય વિસ્તાર માટે જેતે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓની તથા મ્યુનિસિપલ (શહેરી) વિસ્તાર માટે સંબધિત તાલુકા મામલતદારશ્રીની તથા સિંચાઇ વિભાગ (રાજ્ય) તથા સિંચાઇ વિભાગ (પંચાયત) હેઠળના સિમ તળાવો તથા નાની સિંચાઇ યોજનાઓ/મધ્યમ સિંચાઇ યોજનાઓ/જળાશયો પરત્વે સબંધિત વિભાગના કાર્યપાલક ઇજનેરશ્રીઓની રહેશે. સદરહુ જાહેરનામાનું

ઉલંઘન કરનાર વ્યક્તિ તથા સબંધિત અધિકારી/કર્મચારી ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું સહેલાઇથી દેખી શકાય તે રીતે જિલ્લામાં આવેલી તમામ ગ્રામ્ય પંચાયત કચેરીઓના નોટીસ બોર્ડ ઉપર તથા ચાવડી ઉપર ત્યા એ સિવાય જિલ્લા હેડ કવાટર્સ તથા તાલુકા હેડ ક્વાટર્સ મુકામે આવેલ તમામ કચેરીઓ તેમજ અન્ય જાહેર સ્થળોએ (જાહેર જગ્યાએ) જાહેર નામાની નકલ ચોંટાડીને અને સ્થાનિક વર્તમાન પત્રો દ્વારા પ્રસિધ્ધ કરવાનું ઠરાવું છું.

આ જાહેરનામું તા. ૧૮-૧૨-૨૦૦૦ થી તા. ૧૭-૨-૨૦૦૧ સુધી અમલમાં રહેશે.

આજરોજ તા. ૧૬ માહે ડિસેમ્બર, સને ૨૦૦૦ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૧૬ માહે ડિસેમ્બર સને ૨૦૦૦.

પી. એસ. શાહ,
જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર.

જાહેરનામું

ક્રમાંકઃ મજસ/૩/વ/મા.મ.ડો./૨૦૦૧/૨/૨૦૦૧. તા. ૨૬-૧-૨૦૦૧ના રોજ આવેલ પ્રચંડ ભુકંપના કારણે ધ્રાંગધ્રા શહેરી વિસ્તારમાં આવેલા મકાનોને ખુબજ નુકશાન થવા પામેલ છે. અને શહેરની ઘણી જુની-પુરાણી બિલ્ડીંગો જંજરીત થઇ ગયેલી છે અને જાહેર જનતા માટે "ભયજનક" જણાયેલી છે. ધ્રાંગધ્રા "માનમહેલાત" તરીકે ઓળખાતા બિલ્ડીંગને પણ નુકશાન થયેલ છે. સદરહુ બિલ્ડીંગમાં સબ તિજોરી અધિકારીશ્રી, સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી, સબ રજિસ્ટ્રારશ્રી, મામલતદારશ્રી નાયબ કલેકટરશ્રી તેમજ ચીફ જ્યુડીસ્યલ મેજિસ્ટ્રેટશ્રી અને આસીસ્ટન્ટ જજશ્રીની કોર્ટોની કચેરીઓ બેસે છે અને સદરહુ બિલ્ડીંગની આજુબાજુમાં રહેણાક વિસ્તાર તેમજ લોકોની અવરજવર માટેના જાહેર માર્ગો આવેલા છે. સદરહુ માન મહેલાત બિલ્ડીંગના ભયજનક 'ડોમ' ઉતારવાના થતાં હોયને તેની આજુબાજુનો વિસ્તાર તથા જાહેર માર્ગો સહિતનો વિસ્તાર પ્રતિબંધિત જાહેર કરવા માટે સબડિવિજનલ મેજિસ્ટ્રેટશ્રી ધ્રાંગધ્રા મારફતે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, ધ્રાંગધ્રા તાલુકા તરફથી દરખાસ્ત થઇ આવેલ છે.

સબબ સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) (એસ) હેઠળ મને મળેલ અધિકારની રૂઇએ હું એચ. બી. વરીયા, આઇ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ સુરેન્દ્રનગર જિ, સુરેન્દ્રનગર તા. ૩૧-૩-૨૦૦૧ સુધીના સમય માટે નીચે જણાવેલા વિસ્તારને નીચે જણાવેલી વિગતોએ પ્રતિબંધીત વિસ્તાર તરીકે ફરમાવું છું.

(૧) આ બિલ્ડીંગ એટલે કે, માન મહેલાત બિલ્ડીંગની પૂર્વ તરફ શ્રી પ્રવિણભાઇ મહેતાનાં મકાનથી શ્રી મહાસુખભાઇ રાણપુરાના મકાન સુધીનો રસ્તો જાહેર જનતાના લોકો માટે હાલવા ચાલવા માટે સદંતર બંધ કરવા તથા તમામ પ્રકારના વાહનો તેમજ ઢોર-ઢાંખર વિ. ની અવર જવર માટે સંપુર્ણ પ્રતિબંધ ફરમાવું છું. અને તેમ થતાં જ્યારથી સદરહુ બિલ્ડીંગના ડોમ ઉતારવાની કામગીરી ચાલતી હોય ત્યાં સુધી સદરહુ રસ્તાની સામેની બાજુએ આવેલા રહેણાકના મકાનોમાં રહેતાં દરેક કુટુંબોની તમામ વ્યક્તિઓ તથા દરેક દુકાનદારોએ ખસી જવાનું રહેશે.

સદરહુ રસ્તો બંધ થતાં આ રસ્તેથી પસાર થતાં તમામ પ્રકારના વાહનો, જાહેર જનતા તથા ઢોરઢાંખર વિ. એ. ગ્રીન ચોકથી ઓ. કે. હેરડ્રેસરની દુકાનની બાજુમાં થઇને વોરાવાડ થઇ હળવદ દરવાજા તરફ જવાનું રહેશે અથવા હવેલીના ઢાળ થઇ ખારી શેરી ચોક થઇ હળવદ દરવાજા તરફ થઇને જવાનું રહેશે.

(૨) સદરહુ માન મહેલાત બિલ્ડીંગની ઉત્તર તરફનો શ્રી મહેશભાઇ ધંધુકીયાનાં મકાન થઇ શ્રી રસીકલાલ ભટ્ટના મકાન સુધીનો રસ્તો પણ જાહેર જનતાના લોકો માટે તમામ પ્રકારના વાહનો તેમજ ઢોરઢાંખર વગેરે ની અવર જવર માટે સંપુર્ણ પ્રતિબંધ ફરમાવું છું અને તેમ થતાં સદરહુ બિલ્ડીંગના ડોમ ઉતારવાની કામગીરી ચાલતી હોય ત્યાં સુધી સદરહું રસ્તાની હદ સુધી તથા તેમની વચ્ચે આવેલા રહેણાકવાળા મકાનોમાં રહેતા તમામ કુંટુબી લોકોએ ત્યાંથી ખસી જવાનું અને દુર રહેવાનું રહેશે અને સદરહુ ગાડાના રસ્તા બાજુ કામગીરી ચાલુ ન હોય ત્યારે ફક્ત સાવચેતી રાખવાની ચેતવણી ફરમાવવામાં આવે છે.

(૩) સદરહુ માનમહેલાત બિલ્ડીંગની દક્ષિણ બાજુએ માન મહેલાતના મુખ્ય દરવાજાથી ૮૦ ફૂટ સુધીના જાહેર ખુલ્લી જગ્યા 'દરવાજા ચોકને પ્રતિબંધિત વિસ્તાર તરીકે જાહેર કરવા અને મુખ્ય દરવાજાથી ૮૦ ફૂટ સુધીના દરવાજા ચોકની ખુલ્લી જગ્યા ને 'ભયજનક' વિસ્તાર જાહેર કરવા અને બાકીનો રસ્તો ખુલ્લો રાખવાં ફરમાવું છું અને તેમ થતાં રામ મહેલ મંદિરના અન્નક્ષેત્ર તરફથી નાના પતરાના દરવાજાથી માન મહેલાત બિલ્ડીંગની અંદર અવરજવર કરવાની રહેશે.

(૪) સદરહુ માન મહેલાત બિલ્ડીંગના ભયજનક ડોમ ઉતરવાની કામગીરી ચાલુ કરવાની થાય ત્યારથી સંપુર્ણ કામગીરી પૂર્ણ થાય ત્યાં સુધી માન મહેલાત બિલ્ડીંગમાં બેસતી તમામ ખાતાની તમામ કચેરીઓએ અન્ય જગ્યાએ સ્થળાંતર કરવાનું રહેશે.

(૫) સદરહુ માન મહેલાત બિલ્ડીંગના આસપાસના ફરતે ૧૦૦ (એકસો) મીટરના પેરાકેરી વિસ્તારમાં લોકોએ ભેગા થવું નહિ, ઉભા રહેવું નહિ, ઢોરઢાંખરને પસાર થવા દેવા કે ઉભા રહેવા દેવા નહિ તેમજ કોઇપણ પ્રકારના વાહનો ઉભા રાખવા નહી, તે પ્રમાણેનો પણ પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

(૬) 'માન મહેલાત બિલ્ડીંગના 'ડોમ' ઉતારી લેવામાં આવ્યા બાદ તથા સદરહુ બિલ્ડીંગને સેઇફ સ્ટેજ સુધી ઉતારી લેવામાં આવ્યા બાદ કોઇજ પ્રકારનો નથી તે મતલબની 'ભય મુકિત' બાબતેનો સ્પષ્ટ અભિપ્રય દર્શાવતો નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી માર્ગ અને મકાન વિભાગ, (રાજ્ય) ધ્રાંગધ્રા પાસેથી અહેવાલ મેળવ્યા બાદ જ સદરહુ જાહેરનામાથી લાદવામાં આવેલો પ્રતિબંધ

ઉઠાવી લેવા માટેની દરખાસ્ત અહીંને મોકલવા તેમજ ત્યાર બાદ જ સદરહુ પ્રતિબંધિત રસ્તાઓ ઉપર માણસો જાહેર જનતાની અવર જવર ચાલુ થવા દેવા માટે સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી ધ્રાંગધ્રાએ કાળજી તથા તકેદારી રાખવાની રહેશે.

સદરહુ જાહેરનામાનો ભંગ કરનાર સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ ૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે અને કોઇપણ પ્રકારની સહાય મેળવવાને પાત્ર થશે નહિ.

સદરહુ જાહેરનામાંની બહોળી પ્રસિધ્ધી આપી સહેલાઈથી દેખી શકાય વાંચી શકાય તે રીતે સમગ્ર ધ્રાંગધ્રા શહેરમાં આવેલી તમામ જાહેર જગ્યાઓએ ચોંટાડવી, સ્થાનિક વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધિ આપી તથા ડીસ-ચેનલ મારફતે ટી. વી. માધ્યમ દ્વારા પ્રસિધ્ધિ આપી પ્રસિધ્ધિ કરવાનું ઠરાવું છું.

આજ તારીખ ૨૦ માહે ફેબ્રુઆરી સને ૨૦૦૧ ના રોજ મારી સહી તથા કચેરીના મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામા આવ્યું.

સુરેન્દ્રનગર, ૨૦ માહે ફેબ્રુઆરી સને ૨૦૦૧.

એચ. બી. વરીયા,
જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામુ

ક્રમાંક : મજસ-હથીયારબંધી-૧/૨૦૦૧.-આગામી દિવસોમાં ૧-જાન્યુ-ખ્રિસ્તી નુતનવર્ષ દિન, ગુરૂ ગોવિંદસિંહનો જન્મ, મકરસંક્રાતી છવ્વીસમી જાન્યુઆરી ગણતંત્ર દિવસ જેવા તહેવારો આવતા હોય જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા હથિયારબંધી ફરમાવવી જરૂરી જણાય છે.

વાસ્તે હું પી. એ. શાહ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ના ૨૨ માંની કલમ-૩૭ (૧) અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તારીખ : ૧-૧-૨૦૦૧ થી ૩૧-૧-૨૦૦૧ સુધીના સમય દરમ્યાન જિલ્લા પોલીસ અધિકારીશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય નીચેની વિગતેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદુક, લાકડી અને લાઠી, કુંડલીવાળી લાકડી તથા શારીરિક ઇજા પહોચાડી શકે તેવા બીજા કોઇપણ સાધનો સાથે લઇ જવા નહીં.

(૨) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી વસ્તુઓ ફેંકવાની કે ધકેલવાના યંત્રો અથવા સાધનો લઇ જવા નહીં.

(૩) વ્યક્તિઓ અથવા તેમના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં તથા તૈયાર કરવા નહીં.

(૪) કોઇપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઇ જવા નહીં.

(૫) જેનાથી સુરૂચિનો ભંગ થાય અથવા તો નિતિનો ભંગ થાય તેવુ ભાષણ કરવું નહી તેવી ચેષ્ઠા કરવી નહી, તેવા ચિત્રો-પત્રિકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઇ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહી. અથવા તેનો ફેલાવો કરવો નહીં.

(૬) અપમાન કરવાના અથવા જાહેર કરવાનો ઈરાદાથી જાહેરમાં બિભત્સ શબ્દો પોકારવા નહી. અશ્લીલ ગીતો ગાવા નહી. અથવા ટોળામાં ફરવું નહીં.

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

૧. સરકારી નોકર કે કામ કરતી વ્યક્તિ કે જેને તેમના ઉપરી અધિકારીશ્રીઓએ આવુ કોઇપણ હથિયાર લઇ જવા ફરમાવ્યું હોય અથવા કોઇપણ હથિયાર લઇ જવાની તેની ફરજ હોય તેવી વ્યક્તિ.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ અથવા તેઓએ કે, જેને શારીરીક અશિક્તાને કારણે લાકડી, લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તેની વ્યક્તિ.

જો કોઇ ઇસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે તો, કરવામાં મદદગારી કરશે તો, મુંબઇ પોલીસ અધિનિયમ હેઠળ તેમજ ફોજદારી ધારા હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામુ સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તમામ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય, તેવી જગ્યાએ તેની નકલો ચોટાડી અને તે વિસ્તારમાં ધ્વનીવર્ધક યંત્રો, ઢંઢેરો કે દાંડી પીટાવીને પ્રસિધ્ધ કરવાનું આથી ફરમાવુ છું.

આજ તારીખ : ૧ માહે જાન્યુઆરી સને ૨૦૦૧ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામુ બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૧ માહે જાન્યુઆરી, સને ૨૦૦૧.

મુંબઇ પોલીસ અધિનિયમ (સન-૧૯૫૧ નો મુંબઇ અધિનિયમ-૨૨) ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ભ) મુજબનો

હુકમ

ક્રમાંક : મજસ-૩-વ-અછત-ઘાંસ/૨૦૦૧/૨૫.-હું પી. એ. શાહ, અધિક મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ ની પેટા કલમ-(૧) (ભ) થી મને મળેલ સત્તાની રૂઇએ અછતની પરિસ્થિતિ ધ્યાને લઇ ઘાસચારાની સલામતી માટે નીચે મુજબ હુકમ કરૂં છું.

સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ તમામ ઘાસડેપોની આસપાસના પચ્ચાસ ફૂટ વિસ્તારની અંદર કોઇપણ ઇસમે દેવતા મૂકવાની અથવા તે બાળવાની અથવા અગ્નિ સળગાવવાની અથવા અવિચારીપણે અગ્રસ્ત્ર મૂકવાની અથવા બંદુકના ખાલી કરવાની અથવા આતશબાજી સળગાવીને નાંખવાની અથવા આતશબાજીનું બલૂન અથવા રોકેટ સળગાવી ઉડાવવાની અથવા રોશની કરવા સારૂં ફાનસો અથવા બીજી કોઇ યુક્તિથી કરેલી વસ્તુ થાંભલામાં અથવા બીજી ચીજમાં ઘાલીને તે થાંભલા અથવા ચીજ કોઇ રસ્તાની બાજુએ અથવા આડા દાટીને ઉભી કરવાની અથવા બીડી-પીતા ઘાસડેપોમાં ઘાસ ખરીદવા જવાની મનાઇ ફરમાવું છું.

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩ ની પેટા કલમ-(ખ) (૧) તથા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હું આથી ફરમાવું છું કે, આ હુકમ સુરેન્દ્રનગર જિલ્લાના તમામ ઘાસડેપો ઉપર સહેલાયથી દેખી શકાય તેવી જગ્યાએ ચોંટાડી પ્રસિધ્ધ કરવો તેમજ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફત તેની જાહેરાત કરવી.

આજ તારીખ ૨૫-૧-૨૦૦૧ નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

સુરેન્દ્રનગર, ૨૫ માહે જાન્યુઆરી, સને ૨૦૦૧.

હુકમ

ક્રમાંક : મજસ/૨/વ/૨૦૮/૨૦૦૧.-રાજકોટ ડિવિઝનના રેલ્વે પોલીસ દળના અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓને વાર્ષિક ફાયરીંગ પ્રેક્ટીસ તા. ૨૭-૧-૨૦૦૧ થી તા. ૨-૨-૨૦૦૧ સુધી ધોળી ધજા પોલીસ ફાયરીંગ બટ ઉપર કરવામાં આવનાર છે. આ ફાયરીંગ બટની આજુ બાજુ ખેરાળી-ખમીસાણા-દુધરેજ તથા રતનપરની ખેતીની સીમ જમીનો તથા ધોળીધજા ડેમના સુરેન્દ્રનગર તરફનાં ભાગે આવેલ વેસ્ટ વિખરની બાજુમાં મહાદેવનું મંદિર સદરહું વિસ્તારમાં આવેલ છે. તેમજ વીરમગામ, રાજકોટ રાજ્ય ધોરી માર્ગ વિસ્તારમાં પણ ગોળીબારથી ઈજા થવાનો સંભવ છે, જેથી આ વિસ્તારમાં ચાલતા માણસો, ખાનગી તથા ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની બસો, ટ્રાવેલ્સ, મેટાડોર્સ, ભારવાહક ટ્રક્સ, માલવાહક-છકડો-રિક્ષા, પેસેન્જર રિક્ષા વિગેરે તમામ પ્રકારનાં વાહનો તથા ઢોર-ઢાંખરને ગોળીબરથી ઈજા થવાનો સંભવ હોય તે અટકાવવું જરૂરી જણાતા સને-૧૯૫૧ નાં મુંબઇ પોલીસ અધિનિયમ એક્ષસ્ટેન્સન એમેડમેન્ટ એક્ટ-૧૯૫૬ ની કલમ-૨ સાથે વાંચતા મને મળેલ અધિકારની રૂઈએ હું પી. એ. શાહ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર, જિલ્લો, સુરેન્દ્રનગર આથી ફરમાવું છું કે, તા. ૨૭-૧-૨૦૦૧ થી તા. ૨-૨-૨૦૦૧ સુધી સવારના ૬-૦૦ કલાકથી સાંજના ૧૮-૦૦ કલાક દરમ્યાન સદરહું ફાયરીંગ બટની નજીક અને તેની આજુબાજુનાં ફરતા એક માઇલનાં વિસ્તારમાં કોઇએ હરવું ફરવું નહી કે વાહન લઈને નિકળવું નહીં તેમજ પોતાના ઢોર ઢાંખર ચારવા નહી કે છૂટા ફરવા દેવા નહીં.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ નાં મુંબઈના પોલીસ અધિનિયમની કલમ-૧૨૧ અનુસાર શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૪ માહે જાન્યુઆરી, સને ૨૦૦૧નાં રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે આ હુકમ જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

સુરેન્દ્રનગર, ૨૫ માહે જાન્યુઆરી, સને ૨૦૦૧.

(RJT.)-I-3

જાહેરનામું

ક્રમાંક. મજસ-હથીયારબંધી-૧.૨૦૦૧.-આગામી દિવસોમાં તાજેતરમાં થયેલ ભૂકંપની અસરના કારણે તથા મહાશિવરાત્રી જેવા તહેવારો આવતા હોય જિલ્લામા કાયદો અને વ્યવસ્થા જાળવવા હથિયારબંધી ફરમાવવી જરૂરી જણાઇ છે.

વાસ્તે હું પી. એ. શાહ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર, મુંબઇ પોલીસ અધિનિયમન-૧૯૫૧ના ૨૨ માની કલમ-૩૭ (૧) અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂઈએ સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૧-૨-૨૦૦૧ થી તા. ૨૮-૨-૨૦૦૧ સુધીના સમય દરમ્યાન જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાઇ નિચેની વિગતેના કૃત્યો કરવાની આથી મનાય ફરમાવું છું.

૧ શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદુક, લાકડી, અને લાઠી, કુંડલીવાળી લાકડી તથા શારીરીક ઈજા પહોંચાડી શકે તેવા બીજા કોઈપણ સાધનો સાથે લઈ જવા નહિ.

૨ પત્થરો અથવા ફેંકી શકાય તેવી વસ્તુઓ ફેંકવાની કે ધકેલવાનાં યંત્રો અથવા સાધનો લઇ જવા નહિ.

૩ વ્યક્તિઓ અથવા તેમના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહિં, તથા તૈયાર કરવા નહિ.

૪ કોઇપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઇ જવા નહિં.

૫ જેનાથી સુરૂચિનો ભંગ થાય અથવા તો નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ, તેવી ચેષ્ટા કરવી નહિ, તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઇ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહિ, અથવા તેનો ફેલાવો કરવો નહીં.

૬ અપમાન કરવાનાં અથવા જાહેર કરવાનાં ઇરાદાથી જાહેરમાં બીભત્સ શબ્દો પોકારવા નહિ, અશ્લીલ ગીતો ગાવા નહિં, અથવા ટોળામાં ફરવું નહિ,

આ હુકમ નિચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

૧. સરકારી નોકર કે કામ કરતી વ્યક્તિ કે જેને તેમના ઉપરી અધિકારીશ્રીઓએ આવું કોઇપણ હથિયાર લઇ જવા ફરમાવ્યું હોય અથવા કોઇપણ હથિયાર લઇ જવાની તેની ફરજ હોય તેવી વ્યક્તિ.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ અથવા તેઓ કે જેને શારિરિક અશક્તિના લીધે લાકડી, લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિ,

INDEX

જો કોઇ ઇસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે તો કરવામાં મદદગારી કરશે તો મુંબઇ પોલીસ અધિનિયમ હેઠળ તેમજ ફોજદારી ધારા હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તમામ વિસ્તારમાં સહેલાઇથી દેખી શકાય, વાંચી શકાઇ તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં ધ્વનિવર્ધક યંત્ર, ઢંઢેરો કે દાંડી પીટાવીને પ્રસિધ્ધ કરવાનું આથી ફરમાવું છું.

આજ તારીખ ૩૧ માહે જાન્યુઆરી, સને ૨૦૦૧ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૩૧ માહે જાન્યુઆરી સને ૨૦૦૧.

જાહેરનામું

ક્રમાંક : મજસ/૩/વ/૨૦૦૧/૨/૪.- તાજેતરમાં તા. ૨૬મી જાન્યુઆરી સને ૨૦૦૧ના રોજ થયેલ પ્રચંડ ભુકંપ અને ત્યારપછીથી રોજબરોજ અવારનવાર આવેલા ભુકંપકંપનના કારણે સુરેન્દ્રનગર જિલ્લાના લખતર તાલુકાના મોજે : લખતર મુકામે આવેલ ગ્રામ પંચાયત કચેરીના બિલ્ડીંગ ઉપર ગોઠવવામાં આવેલો અને "ગાડી દરવાજા" તરીકે ઓળખાતો સમય બતાવતો ઘડીયાળી ટાવર ક્ષતિગ્રસ્ત થયેલ હોવાનો અને સદરહુ ટાવર જર્જરીત હાલતમાં હોય ગમે ત્યારે અચાનક પડી જાય તેવી સ્થિતિમાં છે. આ ટાવર નીચેનાં દરવાજામાંથી પસાર થતો રસ્તો લોકોની તથા નાના-મોટા વાહનોની અવર-જવર માટે સતત ઉપયોગમાં આવેતો હોય ગમે ત્યારે ટાવર ધસી પડવાથી જાનહાની થવાની પુરેપુરી સંભાવના હોય તેથી સદરહુ ટાવર નીચેથી પસાર થતો રસ્તો તથા ટાવરની આજુબાજુનો વિસ્તાર "પ્રતિબંધિત વિસ્તાર" તરીકે જાહેર કરવા વહીવટદારશ્રી, લખતર ગ્રામ પંચાયત તરફથી તા. ૩-૨-૨૦૦૧ના પત્ર નંબર : નહટ-ભુકંપ-લખતર-૨૦૦૧ થી દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ, સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ-૧(બી)થી મળેલ અધિકારની રૂઈએ હું. પી. એ. શાહ, જે. એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો સુરેન્દ્રનગર તા. ૨૮-૨-૨૦૦૧ (૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૧) સુધીનાં સમય માટે નીચે જણાવેલ વિગતે પ્રતિબંધ ફરમાવું છું.

(૧) સદરહુ ટાવર નિચેથી પસાર થતા જાહેર રસ્તા ઉપર કોઈપણ વ્યકિતએ કોઈપણ પ્રકારના યાંત્રિક વાહન સાથે પ્રવેશ કરવો નહી, કે કોઈપણ વ્યકિતએ સદરહુ ટાવર હેઠળના પસાર થતા રસ્તા ઉપરથી પગપાળા કે અન્ય કોઈપણ પ્રકારે પસાર થવું નહી.

(૨) સદરહુ "ગાડી દરવાજા" તરીકે ઓળખાતા ટાવરની આજુબાજુમાં ૧૦૦ (એકસો મીટર) સુધીનાં પેરાફેરી વિસ્તારમાં લોકોએ ભેગા થવુ નહી કે ઉભા રહેવું નહી કે ઢોર ઢાંખરને પણ ભેગા થવા દેવા નહી કે ઉભા દેવા નહી. તેમજ લોકોએ કોઈપણ પ્રકારના વાહનો ઉભા રાખવા નહી કે મુકી રાખવા નહી. (પાર્કીંગ કરવા નહી).

(૩) સદરહુ દરવાજાની બાજુમાં આવેલ "બારી" તરીકે ઓળખાતા નાના રાહદારી રસ્તાનો ફકત જાહેર જનતાના લોકોએ પગે ચાલીને આવવા જવા પુરતો ઉપયોગ કરવાનો રહેશે.

સદરહુ જાહેરનામાંનો ભંગ કરનાર અને જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર ભારતીય સંહિતાની કલમ-૧૮૮ તથા સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ ત્થા અન્ય અધિનિયમની જોગવાઈ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામુ સહેલાયથી દેખી શકાય તે રીતે સમગ્ર લખતર મુકામે આવેલી તમામ જાહેર જગ્યા ઉપર સદરહુ જાહેરનામાંની નકલો ચોડી સ્થાનીક વર્તમાન પત્રો દ્વારા પ્રસિધ્ધ કરવાનું ઠરાવું છુ.

આજ તારીખ ૪થી માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૧નાં રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે સદરહુ જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છું.

સુરેન્દ્રનગર, ૪ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૧.

હુકમ

ક્રમાંક : મજસ/૨/વ/૧૩૫/૨૦૦૧.- રાજકોટ ડિવિઝનનાં સી. આઇ. એસ. એફ. આઇ. ઓ. સી. રાજકોટ કર્મચારીઓને વાર્ષિક ફાયરીંગ પ્રેક્ટીસ તા. ૬-૨-૨૦૦૧ થી તા. ૯-૨-૨૦૦૧ સુધી ધોળીધજા પોલીસ ફાયરીંગ બટ ઉપર અર્ધલશ્કરી દળ (સી.આઇ.એસ.એફ.) કરવામાં આવનાર છે. આ ફાયરીંગ બટની આજુ બાજુ ખેરાલી-ખમીસાણા-દૂધરેજ તથા રતનપરની ખેતીની સીમ જમીનો તથા ધોળીદજા ડેમના સુરેન્દ્રનગર તરફનાં ભાગે આવેલ વેસ્ટ વિસ્તારની બાજુમાં મહાદેવનું મંદિર સદરહું વિસ્તારમાં આવેલ છે. તેમજ વિરમગામ, રાજકોટ રાજય ધોરી માર્ગ વિસ્તારમાં પણ ગોળીબારથી ઇજા થવાનો સંભવ છે. જેથી આ વિસ્તારમાં ચાલતા માણસો, ખાનગી તથા ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમની બસો, ટ્રાવેલ્સ, મેટાડોરર્સ, ભારવાહક ટ્રક, માલવાહક છકડો રીક્ષા, પેસેન્જર રીક્ષા વિગેરે તમામ પ્રકારનાં વાહનો તથા ઢોરઢાખરને ગોળીબારથી ઇજા થવાનો સંભવ હોઇ તે અટકાવવું જરૂરી જણાતાં સને ૧૯૫૧નાં મુંબઇ પોલીસ અધિનિયમ એકસટેન્સન એમેન્ડમેન્ટ એકટ-૧૯૫૬ની કલમ-૨ સાથે વાંચતા મને મળેલ અધિકારની રૂઇએ હું. પી. એ. શાહ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર આથી ફરમાવું છું કે, તા. ૬-૨-૨૦૦૧ થી તા. ૯-૨-૨૦૦૧ સુધી સવારના ૬-૦૦ કલાકથી સાંજના ૧૮-૦૦ કલાક દરમ્યાન સદરહું ફાયરીંગ બટની નજીક અને તેની આજુબાજુનાં ફરતા એક માઇલના વિસ્તારમાં કોઇએ હરવું ફરવું નહીં. કે વાહન લઇને નીકળવું નહીં. તેમજ પોતાના ઢોરઢાખર ચારવા નહીં. કે છૂટા ફરવા દેવા નહીં.

આ હુકમનો ભંગ કરનાર સને-૧૯૫૧ના મુંબઈનાં પોલીસ અધિનિયમની કલમ-૧૨૧ અનુસાર શિક્ષાનેપાત્ર થશે. આજ તા. ૬ માહે ફેબ્રુઆરી સને ૨૦૦૧નાં રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે આ હુકમ જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

સુરેન્દ્રનગર ૬ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૧.

સંદર્ભ :- ૧. આ કચેરીનું તા. ૬-૨-૨૦૦૧નાં રોજ બહાર પાડવામાં આવેલ સરખા ક્રમાંકવાળો હુકમ.

૨. ડે. કમાં. શ્રી. સી. આઈ.એસ.એફ. યુનીટ, એસ.એમ.પી.એલ. (આઈ.ઓ.સી.)રાજકોટના ઈન્સપે. શ્રી, એસ. કે. શર્માનાં પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગર જિલ્લાને ઉદ્દેશીને કરવમાં આવેલ તા. ૮-૨-૨૦૦૧ની દરખાસ્ત.

હુકમ

ક્રમાંક : મજસ/મજસ/૨/વ/૧૩૫/૨૦૦૧.- વંચાણ-૧વાળા અત્રેના તા. ૬-૨-૨૦૦૧નાં હુકમથી રાજકોટ ડિવિઝનના સી. આઈ. એસ. એફ. યુનીટના કર્મચારીઓને વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ માટે તા. ૬-૨-૨૦૦૧ થી તા. ૯-૨-૨૦૦૧ સુધી ધોળીધજા પોલીસ ફાયરીંગ બટ ઉપર ફાયરીંગ પ્રેકટીશ કરવા માટેની મંજુરી આપવામાં આવેલી.

વંચાણ-૨વાળા તા. ૮-૨-૨૦૦૧નાં ઈન્સ્પે. શ્રી એસ. કે. શર્માનાં જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીને ઉદ્દેશીને લખવામાં આવેલ પત્રમાં જણાવેલી હકીકત અને કારણોસર ફાયરીંગ પ્રેકટીશ માટેની મુદત એક દિવસ લંબાવી આપવા એટલે કે, તા. ૧૦-૨-૨૦૦૧ સુધીનાં સમય માટેની મંજુરી આપવા જણાવવામાં આવેલ છે. અને પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૮-૨-૨૦૦૧નાં પત્ર ક્રમાંક : વહટ/૧/૨૨૦/બા. ફા./૭૫૦/૨૦૦૧ થી તા. ૧૦-૨-૨૦૦૧ સુધી સદરહું ફાયરીંગ બટ વાપરવા દેવા માટે પૂર્વ મંજુરી આપવામાં આવેલી છે.

સબબ અત્રેનાં તા. ૬-૨-૨૦૦૧નાં સરખા ક્રમાંકના હુકમમાં જણાવેલી સમગ્ર હકીકત અને શરતોને આધિન વર્તવાની શરતે તા. ૬-૨-૨૦૦૧ થી તા. ૧૦-૨-૨૦૦૧ સુધી સવારના ૮-૦૦ કલાકથી સાંજના ૧૮-૦૦ કલાકના સમય દરમ્યાન સદરહું ફાયરીંગ બટની નજીક અને તેની આજુબાજુના ફરતા એક માઈલનાં પેરાફેરી વિસ્તારમાં કોઈએ હરવું ફરવું નહીં કે, વાહન લઈને નીકળવું નહીં. તેમજ પોતાના ઢોરઢાંખર ચારવા નહીં કે છૂટા ફરવા દેવા નહીં. તેમ ફરમાવવામાં આવે છે.

અત્રેના તા. ૬-૨-૨૦૦૧નાં સરખા ક્રમાંકના હુકમમાં જણાવેલી આવેલી સઘળી હકીક્ત શરતો તથા કાનુની જોગવાઈઓ યથાવત રહેશે.

સુરેન્દ્રનગર ૮ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૧.

પી. એ. શાહ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા
જાહેરનામું

ક્રમાંક : મસજ/૩/વ/જાહેરનામુ/૨/૨૦૦૧.-સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકાના મોજે : માલવણ પાટડી બેચરાજી રોડ ઉપર કી. મી. ૫૧/૦ થી ૫૨/૦ વચ્ચે જીવણખાનજી પુલ આવેલ છે. સદરહુ પુલ ઉપરથી ભારે તથા હલકા તમામ પ્રકારના વાહનો પસાર થાય છે. તાજેતરમાં તા. ૨૬ મી જાન્યુઆરી સને ૨૦૦૧ ના રોજ ગુજરાત રાજ્યમાં થએલ પ્રચંડ ભુકંપ અને ત્યાર પછીથી રોજ બરોજ અવાર નવાર આવેલા ભુકંપના કંપનોના કારણે સદરહુ પુલને નુકશાન થવા પામેલ છે. જેથી આ સ્થિતિમાં આ પુલ પરથી ભારે વાહનો પસાર થાય તો જોખમરૂપ ટ્રાફીક ગણી શકાય તેવી પરિસ્થિતિ છે. તેથી આ પુલ પરથી ભારે વાહનો પસાર ન થાય તે માટે કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય) સુરેન્દ્રનગર તરફથી તા. ૩-૦૨-૨૦૦૧ ના પત્ર નં. સીબી/૬૫૪ થી સદરહુ પુર ઉપરથી ભારે વાહનો પસાર ન થવા દેવા અંગેનું તાત્કાલીક અસરથી જાહેરનામુ બહાર પાડવા દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ મોટર વ્હીકલ એક્ટ સને ૧૯૮૮ ની કલમ-૧૨૨ ની પેટા કલમ-૨ તથા કલમ-૧૫ અન્વયે ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના જાહેરનામા નંબર : જીજી-૮૦/૭૬ એનવીઆર-૧૩૭૭-૧૦૩૪-ઈ-૨ તા. ૨૯-૪-૮૦ થી મને મળેલ અધિકારની રૂએ હુ પી.એસ.શાહ, આઈ.એ.એસ. જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો : સુરેન્દ્રનગર આ જાહેરનામાથી નીચે મુજબ ફરમાવુ છું.

(૧) દુધરેજ વણા માલવણ પાટડી બેચરાજી રોડ ઉપર કીમી. ૫૧-૦ થી ૫૨-૦ વચ્ચે આવેલ જીવણખાનજી પુલને ભુકંપના કારણે થયેલ નુકશાનથી આ પુલ ઉપરથી ભારે વાહનો પસાર થવું નહી. વધુમાં આ પુલ કચ્છના નાના રણમાં ફાંટા ઉપર આવેલ છે. આ પુલ નીચેની જમીન ઉપરથી ખારા પાણીના વહેણવાળી જમીન નરમ અને નબળી છે જેથી ભારે વહન શક્તિ ઘણી ઓછી છે માટે આ નીચે જણાવેલ વિગતે પ્રતિબંધ ફરમાવુ છું.

૧. વધુમાં આ રોડ રસ્તે ભારે વાહનોને પસાર થવા માટે જે ડાયવર્ઝનથી વ્યવસ્થા કરવામાં આવેલ છે જે ડાયવર્ઝન પરથી આવા પ્રકારના વાહનોએ મર્યાદીત ગતી મર્યાદામાં પસાર થવાનુ રહેશે.

૨. સદરહુ પુલ ઉપરથી બે પૈડાવાળા (ટુ વ્હીલર્સ) અને ત્રણ પૈડાવાળા (થ્રી વ્હીલર્સ) વાહનો જેવા હળવા વાહનોએ મર્યાદીત ગતીમાં પસાર થવાનુ રહેશે.

સદરહુ જાહેરનામાનો ભંગ કરનાર અને જાહેરનામાનુ ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ તથા સને.-૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ તથા અન્ય અધિનિયમની જોગવાઈ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહરનામુ સહેલાઈથી દેખી શકાય તે રીતે સમગ્ર પાટડી મુકામે આવેલી તેમજ આ વિસ્તારમાં આવેલી તમામ જાહેર જગ્યાઓ ઉપર સદરહુ જાહેરનામાની નકલો ચોડી સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધ કરવાનુ ઠરાવું છું.

INDEX

આજ તારીખ ૮ માહે, ફેબ્રુઆરી, સને ૨૦૦૧ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે સદરહુ જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૧૨ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૧.

પી. એસ. શાહ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ક્રમાંક : મસજ/૩/વ(૨)૨૦૦૧.-સુરેન્દ્રનગર જિલ્લામાં ગયા વર્ષે નાના મોટા તમામ જળાશયો, ચેકડેમો તેમજ નાના મોટા ગામ તળાવો સાવ ખાલી રહેલા ચાલુ વર્ષે જિલ્લામાં મોડો વરસાદ થયેલ છે, ને વરસાદ થતા જળાશયોમાં એકઠું થયેલુ પાણી નીચે તળમાં શોષાઇ ઉંડું ઉતરી જવાના કારણે તેમજ સુર્ય તાપ/તડકાના કારણે જળાશયમાં એકઠા થયેલ પાણીનું બાષ્પીભવન થવાના કારણે પાણીનો જથ્થો એકાએક વધુ પ્રમાણમાં ઘટવા પામતો હોવાની હકીકત અમારા ધ્યાન ઉપર આવેલ છે. જે સ્થિતિ સંજોગો ધ્યાને લેતા જિલ્લાના તમામ નાના મોટા ગામ તળાવો/સીમતળાવો તથા પંચાયત વિભાગ તેમજ રાજ્ય સરકારના સિંચાઇ હસ્તકના નાના મોટા તળાવો/ચેકડેમો/સિંચાઇ યોજનાઓ વિ. જળાશયોમાં સંગ્રહાયેલ પાણીનો અનઅધિકૃતરીતે અનઅધિકૃત વ્યક્તિઓ દ્વારા કોઇપણ રીતનો બગાડ કે ઉદવહન સિંચાઇ થાય નહી તે માટે અત્યારથી જ ખાસ કાળજી તથા તકેદારી રાખવી જરૂરી છે. તેમજ સદરહું પાણીનો ગેરકાયદેસરરીતે ઉપાડ થવાથી તેની સીધી અસર ભવિષ્યે પીવાની પાણીના પુરવઠા ઉપર પડવા સંભવ છે.

આથી જિલ્લામાં આવેલા તમામ ગામોએ આવેલા ગામ તળાવો, સીમ તળાવો, ચેકડેમો તથા સિંચાઇ તળાવોમાં સંગ્રહાયેલ પાણીનો જથ્થો પીવાના હેતુ માટે અનામત રાખવા ઝડપી ઉપાય યોજવા માટે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ પગલા લેવાનુ પુરતુ કારણ હોઇને તેથી હું એચ. બી. વરીયા, આઇ.એ.એસ. જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો ઉક્ત અધિનિયમની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂઇએ આ જિલ્લામાં ઉપર જણાવ્યા પ્રમાણેના તમામ જળાશયોમાંથી કોઇપણ વ્યક્તિ તરફથી કોઇપણ પ્રકારે અનઅધિકૃત રીતે પાણીનો બગાડ કે સિંચાઇ માટે ઉદવહન કરીને પાણીની ચોકી કરવામાં ન આવે તે માટેની સંપુર્ણ કાળજી તથા તકેદારી રાખવાની સંપુર્ણ જવાબદારી ગ્રામ્ય કક્ષાએ સરપંચશ્રીઓ તથા તલાટી-કમ-મંત્રીશ્રઓની તેમજ સમગ્ર ગ્રામ વિસ્તારની આવરી લઇને થતા સમગ્ર તાલુકા ગ્રામ્ય વિસ્તાર માટે જે તે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓની તથા મ્યુનિસિપલ (શહેરી) વિસ્તાર માટે સબંધીત તાલુકા મામલતદારશ્રીની તથા સિંચાઇ વિભાગ (રાજ્ય) તથા સિંચાઇ વિભાગ (પંચાયત) હેઠળના સીમ તળાવો તથા નાની સિંચાઇ યોજનાઓ મધ્યમ સિંચાઇ યોજનાઓ/જળાશયો પરત્વે સબંધીત વિભાગનાં કાર્યપાલક ઇજનેરશ્રીઓની રહેશે. સદરહુ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ તથા સબંધીત અધિકારી કર્મચારી ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામુ સહેલાઇથી દેખી શકાય તે રીતે જિલ્લામાં આવેલ તમામ ગ્રામ પંચાયત કચેરીઓના નોટીસ બોર્ડ ઉપર તથા ચાવડી ઉપર તથા એ સિવાય જિલ્લા હેડ ક્વાર્ટર ત્થા તાલુકા હેડક્વાર્ટર મુકામે આવેલ તમામ કચેરીઓ તેમજ અન્ય જાહેર સ્થળોએ (જાહેર જગ્યાએ) જાહેરનામાની નકલ ચોંટાડીને અને સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધ કરવાનુ ઠરાવું છું.

આ જાહેરનામુ તા. ૧૮-૨-૨૦૦૧ થી તા. ૧૭-૪-૨૦૦૧ સુધી અમલમાં રહેશે. આજરોજ તા. - માહે, ફેબ્રુઆરી, સને ૨૦૦૧ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૧૭ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૧.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ક્રમાંક : મસજ-૩-વ(૨)૨૦૦૧.-સુરેન્દ્રનગર જિલ્લામાં ચાલુ વર્ષે થયેલા અપુરતા વરસાદના કારણે તથા વરસાદ ખેંચાતા જિલ્લામાં ભવિષ્યે ઉપસ્થિત થનારી પીવાના પાણીની મુશ્કેલીની સમસ્યાના આગોતર નિવારણ અને ઉપાયો ધ્યાને લેતાં જિલ્લાના જળાશયોમાં હાલે જે પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. તે અપુરતો છે. સદરહું ઉપલબ્ધ જથ્થામાંથી માથાભારે તત્વો દ્વારા અનઅધિકૃતરીતે બગાડ કે ગેરકાયદેસરરીતે સિંચાઇના હેતું માટે ઉદવહન થાવાથી તેની અસર ભવિષ્યે પીવાના પાણી પુરવઠા ઉપર પડે તેમ છે. જેથી ઉપર પ્રમાણે અનઅધિકૃત ઉદવહન, બગાડ કે સિંચાઇ થાય નહી તે ખુબજ જરૂરી છે. તેમજ સદરહું પાણીના જથ્થાનો ગેરકાયદેસર રીતે ઉપાડ થવાની તેની સીધી અસર પીવાના પાણીના પુરવઠા ઉપર પડે તેમ છે.

આથી સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલા તમામ જળાશયોમાં સંગ્રહાયેલા પાણીનો જથ્થો પીવાના હેતું માટે અનામત રાખવા ઝડપી ઉપાય માટે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ પગલા લેવાનું પુરતું કારણ હોઇ તેમજ સંગ્રહાયેલ પાણીનો જથ્થો પીવાના હેતું માટે અનામત રાખવા ઝડપી ઉપાય યોજના માટે સને ૧૯૫૧ નાં મુબઇના પોલીસ અધિનિયમ હેઠળ જરૂરી પ્રતિબંધ ફરમાવવાનું પુરતું કારણ હોય હું એચ. બી. વરીયા, આઇ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર આથી (૧) સને ૧૯૭૩ ના ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૧૪૪ તેમજ (૨) સને ૧૯૫૧ ના મુંબઇ ના પોલીસ અધિનિયમની કલમ-૧૩૩-ત. હેઠળ મને મળેલ

અધિકારની રૂએ આ જિલ્લામાં આવેલા આ નીચે જણાવેલા જળાશયોનાં ઉપરવાસનાં પાણીની મહત્તમપૂર્ણ સપાટી થી ૨૦૦ (બસ્સો) મીટર સુધી અને તેના હેઠવાસમાં ૫૦૦ (પાંચસો) મીટર સુધીની હદમાંથી અત્રેની પૂર્વ પરવાનગી મેળવ્યા સિવાય કોઇએ કોઇપણરીતે પાણી લઇ જવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

સદરહું જાહરનામાનો ભંગ કરનાર અને જાહેરનામાનું ઉલ્લંઘન કરનાન ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ તથા સને.-૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ તથા અન્ય અધિનિયમની જોગવાઇ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું સહેલાઈથી દેખી શકાય તે રીતે સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં જાહેર જગ્યાઓ ઉપર જાહરનામાની નકલો ચોડી તેમજ સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધ કરવાનું ઠરાવું છું.

આ જાહનામુ જાહેરનામું બહાર પાડ્યા તારીખથી શરૂ થઇને તા. ૧૭-૪-૨૦૦૧ સુધી અમલમાં રહેશે.

(૧) ધોળીધજા (વઢવાણ) (૨) નાયકા (મુળી) (૩) થોરીયાળી (સાયલા) (૪) વડોદ (વઢવાણ) (૫) નિંભણી (લીંબડી) (૬) સબુરી (સાયલા) (૭) મોરસલ (સાયલા) (૮) ફલકુ (ધ્રાંગધ્રા) (૯) વાંસલ (લીંબડી) (૧૦) બ્રાહ્મણી (હળવદ) (૧૧) ત્રિવેણી (ઠાંગા) (ચોટીલા) (૧૨) સુખભાંદર.

આજ તા. ૧૫મી ફેબ્રુઆરી, સને ૨૦૦૧ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૧૭ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૧.

એચ. બી. વરીયા,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

મુંબઇ પોલીસ અધિ. ૧૯૫૧ કલમ-33 (૧) બી નુ જાહેરનામુ રદ કરવા બાબત.

ક્રમ. નં. મસજ-૩-વ-૪૯૧૬/૨૦૦૧.-તાજેતરમાં તા. ૨૬-૧-૨૦૦૧ નાં રોજ થયેલ ભુકંપ અન્વયે લખતર તાલુકામાં લખતર ગામમાં ગ્રામ પંચાયત કચેરી ઉપર આવેલ ટાવરને નુકશાન થયેલ હોઇ અને ટાવર નીચે આવેલ દરવાજામાંથી પસાર થતાં માણસોને જાનહાની ન થાય તે માટે આ કચેરીનાં ક્ર:મસજ-૩-વ-૨૦૦૧-૨૪ તા. ૪-૨-૨૦૦૧ થી આ વિસ્તાર તથા આજુબાજુના ૧૦૦ મીટરમાં વિસ્તાર તા. ૨૮-૨-૨૦૦૧ સુધીનાં સમય માટે પ્રતિબંધીત ફરમાવતુ જાહેરનામુ બહાર પાડવામાં આવેલ.

સદરહુ ટાવરનો જર્જરીત અને હાનિજનક ભાગ તા. ૭-૨-૨૦૦૧ ના રોજ આર્મીફોર્સની મદદ દ્વારા પાડી દેવામાં આવેલ છે. અને અધિક મદદ. ઇજનેરશ્રી, તાલુકા પંચાયત લખતરના તા. ૧૫-૨-૨૦૦૧ નાં પત્ર અન્વયે આ દરવાજો હવે ભયગ્રસ્ત નથી અને દરવાજામાંથી અવર-જવર કરવા દેવામાં આવે તો વાંધો હરકત નથી તેમ લખાઇ આવેલ છે.

સબબ આ કચેરીનાં તા. ૪-૨-૨૦૦૧ ના નં: મસજ-૩-વ-૨૦૦૧-૨-૪ થી બહાર પાડવામાં આવેલ જાહેરનામું આથી રદ કરવા અને પરત ખેંચવામાં આવે છે.

આજ તા: ૨૦-૨-૨૦૦૧ ના રોજ મારી સહી તથા કચેરીનાં સિક્કા સાથે ઇસ્યુ કરવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૨૦ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૧.

પી. એ. શાહ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધાં :

૧. સરકારશ્રીનાં કૃષિ સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગ, ના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએમ/૨૪૯૧/ડીડીસી/૧૧૮૮/ ૫૨૦૪/જે, તા. ૩૦-૩-૯૧.

૨. અધિક રજીસ્ટ્રારશ્રી (અપીલ) સ.મં.,ગુ.રા. ગાંધીનગરના રીવીઝન અરજી નં. ૬૨(એ) ૨૪૦૦ અન્વયેનો તા. ૨૬-૫-૨૦૦૧નો હુકમ.

૩. અત્રેની કચેરીના આદેશ ક્રમાંક :
   ૧. ફડચ/ગ-૧/૪૮૯૬/૭૦ તા. ૧૨-૧૨-૭૦
   ૨. ફડચ/ગ-૧/૫૯૯/૮૪ તા. ૬-૭-૮૪
   ૩. ફડચ/ગ-૧/૧૦૮૮/૮૪ તા. ૨૩-૧૦-૮૪

૪ ગુજરાત સહકારી મંડળીઓના અધિનીયમ-૧૯૬૧ની કલમ-૧૦૮.

આદેશ

જા.નાં ફડચ/ગ-૨/૩૦૦/૨૦૦૦.-આથી હું એ. કે, ભટ્ટ, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, સુરેન્દ્રનગર, ગુજરાત સહકારી મંડળીઓનો અધિનીયમ-૧૯૬૧ની કલમ-૧૦૮ અન્વયે મળેલ સત્તાની રુએ શ્રી અરુણોદય સામુ. ખેતી સહકારી મંડળી લિ. મુ. સાપકડા તા. હળવદ જિલ્લો સુરેન્દ્રનગરના ફડચા અધિકારી તરીકે અત્રેની કચેરીના સહકારી અધિકારી ફડચો નં. ૧ની નિમણુંક કરું છું. તેઓએ ઉપર ઉલ્લેખ અનુસાર જરૂરી કાર્યવાહી માસ-૧ માં કરી અહેવાલ રજુ કરવાનો છે.

સુરેન્દ્રનગર, ૨૮ માહે જુલાઈ, સને ૨૦૦૦.

INDEX

જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના ખેતી સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના જાહેનામાં ક્રમાંક જીએચકેએચ/૨૪-૯૧/ડીડીસી/૧૧૮૮/ ૫૨૦૪/જે તા. ૩૦-૩-૯૧.

(૨) અત્રેની કચેરીના કારણદર્શક નોટીસ ક્રમાંક : /ચકસ/ખ-૨/ ૩૪૧થી૩૪૯/તા. ૪-૭-૨૦૦૦.

(૩) શ્રી મોજીદડ સર્વોદય સેવા સહકારી મંડળી લી., મુ. મોજીદડના તા. ૧૬-૭-૨૦૦૦ ના પત્રથી રજુ થયેલ જવાબ.

હુકમ

ક્રમાંક નં. મકસ/ગ-૨/૩૯૭/૨૦૦૦.- આથી હું એ. કે. ભટ્ટ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ સુરેન્દ્રનગર મને મળેલ અધિકારોની રૂએ શ્રી મોજીદડ સર્વોદય સેવા સહકારી મંડળી લી., મુ. મોજીદડ, તા. ચુડાની વ્યવસ્થાપક સમિતિને દુર કરી તેની જગ્યાએ એડી. આસી. ઇન્સ્પેક્ટરશ્રી ધી સુરેન્દ્રનગર જિલ્લા સહકારી બેંક લી., લીંબડી શાખાને બે વર્ષ માટે વહીવટદાર તરીકે વિના વેતને નિયુક્ત કરૂં છું.

સુરેન્દ્રનગર, ૨૦ માહે ઓક્ટોબર, સને ૨૦૦૦.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના જાહેનામાં ક્રમાંક જીએચકેએચ/૨૪-૯૧/ડીડીસી/૧૧૮૮/ ૫૨૦૪/જે.

(૨) અત્રેની કચેરીનાં કારણદર્શક નોટીસ ક્રમાંક : ચકસ/ગ-૧/ ૨૫૭/૨૦૦૦/તા. ૧૧-૮-૨૦૦૦.

હુકમ

ક્રમાંક નં. ચકસ/ગ-૧/૪૧૧/૨૦૦૦.-આથી હું એ. કે. ભટ્ટ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ સુરેન્દ્રનગર મને મળેલ સત્તાની રૂએ શ્રી નાના અંકેવાળીયા સેવા સહકારી મંડળી લી., મુ. નાના અંકેવાળીયા, તા. લખતર ની વ્યવસ્થાપક સમિતિને દુર કરી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ : ૮૧ અન્વયે ધી સુરેન્દ્રનગર જિલ્લા સહકારી બેંક લી., ની લખતર શાખાના આસી. ઇન્સ્પેક્ટર શ્રી ને ચાર્જ સંભાળવા તારીખથી એક વર્ષ ની મુદત માટે વિના વેતને વહીવટદાર તરીકે નિયુક્ત કરૂં છું.

સુરેન્દ્રનગર, ૨૦ માહે ઓક્ટોબર, સને ૨૦૦૦.

વંચાણે લીધા :

૧. સરકારશ્રીનાં ખેતી સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગ ગાંધીનગરનાં જાહેરનામા ક્રમાંક : ક/જીએચકેએઆર-૨૪-૯૧/ડીડીસી/૧૧૮૮/૫૨૦૪/જે/તા. ૩૦-૩-૯૧.

૨. આ કચેરીનાં હુકમ ક્રમાંક : ફડચ/ગ-૧/૮૮૦૧/૮૯ તા. ૨૬-૧૦-૮૯.

૩. ફડચા અધિકારીશ્રીનાં તા. ૨૮-૧૧-૨૦૦૦ના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/ખ/૮૮/૨૦૦૦.

હુકમ

ક્રમાંક : ફડચ/ગ-૨/૪૮૫/૨૦૦૦.- શ્રી ઉટડી (ખોડીયાર) ગોપાલક વસાહત સ. મં. લી., મુ. ઉંટડી, તા. લીંબડી, સુરેન્દ્રનગર કે જેની નોંધણી નં. એ-૬૮૯ તા. ૨૨-૩-૭૨થી કરવામાં આવેલ હતી આમ સદરહું મંડળીને સ. કચેરીનાં વંચાણે લીધેલ અનુ. નં. ૨ થી ક્રમાંક/ફડચ/ગ-૧/૮૮૦૧ તા. ૨૬-૧૦-૮૯થી ફડચામાં લઇ જવામાં આવેલ અને ફડચાની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ હતી સદરહું મંડળીને કામગીરી પુર્ણ થઇ જતા સને -૧૯૬૧ ગુજરાત સહકારી મંડળીનાં અધિનીયમ ક્રમાંક : ૧૦ની કલમ-૨૦ અન્વયે મંડળીની નોંધણી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૬ માહે ડીસેમ્બર, સને ૨૦૦૦.

વંચાણે લીધા :

૧. સરકારશ્રીનાં ખેતી સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગ ગાંધીનગરનાં જાહેરનામા ક્રમાંક : ક/જીએચકેએઆર-૨૪-૯૧/ડીડીસી/૧૧૮૮/૫૨૦૪/જે/તા. ૩૦-૩-૯૧.

૨. આ કચેરીનાં હુકમ ક્રમાંક : ફડચ/ગ-૨/૫૨૫/૯૪ તા. ૩૦-૬-૯૪.

૩. ફડચા અધિકારીશ્રીનાં તા. ૩૦-૧૨-૨૦૦૦ના પત્ર ક્રમાંક : ફડચ/ગ-૨/૫૧૪/૨૦૦૦.

હુકમ

ક્રમાંક : ફડચ/ગ-૨/૫૧૫/૨૦૦૦.- શ્રી ફુલવાડી ગોપાલક વસાહત સ. મં. લી., મુ. ફુલવાડી, તા. લીંબડી, સુરેન્દ્રનગર કે જેની નોંધણી નં. એ-૧૮૫૪ તા. ૨૧-૧-૮૧થી કરવામાં આવેલ હતી આમ સદરહું મંડળીને સ. કચેરીનાં વંચાણે લીધેલ અનુ. નં. ૨ થી ક્રમાંક/ફડચ/ ગ-૨/૫૨૫ તા. ૩૦-૬-૯૪થી ફડચામાં લઇ જવામાં આવેલ અને ફડચાની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ હતી સદરહું મંડળીને કામગીરી પુર્ણ થઇ જતા સને -૧૯૬૧ ગુજરાત સહકારી મંડળીનાં અધિનીયમ ક્રમાંક : ૧૦ની કલમ (૨) અન્વયે સદરહું મંડળીની કાર્યવાહી સમાપ્ત કરવામાં આવે છે અને તેજ અધિનિયમની કલમ-૨૦ અન્વયે મંડળીની નોંધણી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૩૦ માહે ડીસેમ્બર, સને ૨૦૦૦.

જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :

૧. સરકારશ્રીનાં ખેતી સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગ ગાંધીનગરનાં જાહેરનામા ક્રમાંક : ક/જીએચકેએચ-૨૪-૯૧/ડીડીસી/૧૧૮૮/૫૨૦૪/જે/તા. ૩૦-૩-૯૧.

૨. આ કચેરીનાં હુકમ ક્રમાંક : ફડચ/ગ-૨/૬૦૧/૯૦ તા. ૧૫/-૧૦-૯૦.

૩. ફડચા અધિકારીશ્રીનાં તા. ૨૬-૧૨-૨૦૦૦ના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/છ/૪૬/૨૦૦૦.

હુકમ

ક્રમાંક : ફડચ/ગ-૨/૫૫/૨૦૦૦.- શ્રી પાંચવડી દુધ ઉત્પાદક સ. મં. લી., મુ. પાંચવડી, તા. ચોટીલા, જિ. સુરેન્દ્રનગર કે જેની નોંધણી નં. ઉ-દુ. ૪૦૫૦ તા. ૨૨-૬-૭૬થી કરવામાં આવેલ હતી આમ સદરહું મંડળીને સ. કચેરીનાં વંચાણે લીધેલ અનુ. નં. ૨ થી ક્રમાંક/ફડચ/ગ-૨/૬૦૧ તા. ૧૫-૧૦-૯૦થી ફડચામાં લઇ જવામાં આવેલ અને ફડચાની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ હતી સદરહું મંડળીને કામગીરી પુર્ણ થઇ જતા સને -૧૯૬૧ ગુજરાત સહકારી મંડળીનાં અધિનીયમ ક્રમાંક : ૧૦ની કલમ-૧૪૪ (૨) અન્વયે સદરહુ મંડળીની કાર્યવાહી સમાપ્ત કરવામાં આવે છે અને તેજ અધિનિયમની કલમ-૨૦ અન્વયે મંડળીની નોંધણી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૨૨ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૧.

જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના ખેતી સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના જાહેનામાં ક્રમાંક જીએચકેએચ/૨૪-૯૧/ડીડીસી/૧૧૮૮/૫૨૦૪/જે તા. ૩૦-૩-૯૧.

(૨) અત્રેની કચેરીના તા. ૨૭-૧૧-૨૦૦૦. ની કારણદર્શક નોટીસ ક્રમાંક : /સકક/ખ/૫૪૫-૫૫૪/૨૦૦૦.

હુકમ

ક્રમાંક નં. સક્ક/ખ/૨૪/૧૦ થી ૨૪/૨૦૦૧.-આથી હું એ. કે. ભટ્ટ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ સુરેન્દ્રનગર મને મળેલ અધિકારોની રૂએ શ્રી સરવાળ સેવા સહકારી મંડળી લી., મુ. સરવાળ, તા. ધ્રાંગધ્રાની વ્યવસ્થાપક સમિતિને દુર કરી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૭૪ (ઘ) હેઠળ હુકમની તારીખથી એક વર્ષ અથવા મંડળીની નવી વ્યવસ્થાપક સમિતિની રચના થાય ત્યાં સુધી કસ્ટોડીયન તરીકે શ્રી સુરેન્દ્રનગર જિલ્લા સહકારી બેંક લી., સુ. નગરની રાજ સીતાપુર શાખાના એડી. આસી. ઇન્સ્પેક્ટરશ્રીને વિના વેતને નિયુક્ત કરૂં છું.

(૧) કસ્ટોડીયનશ્રીએ સદર મંડળીનો વહીવટ ઉક્ત અધિનિયમની કલમ ૭૪ (ઘ) ને આધીન આ કચેરીના નિયંત્રણમાં રહીને કરવાનો રહેશે.

સુરેન્દ્રનગર, ૫ માહે જાન્યુઆરી, સને ૨૦૦૧.

વંચાણે લીધા :

૧. સહકારશ્રીનાં કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગનાં જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૨૪-૯૧/ડીડીસી/૧૧૮૮/૫૨૦૪/જે તા. ૩૦-૩-૯૧.

૨. અત્રેની કચેરીનાં આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૧૦૯/૯૪૦ ૨૮-૨-૯૪.

૩. અત્રેની કચેરીનામ જાહેરનામાં ક્રમાંક : ફડચ/ગ-૨/૧૦/૦૧. તા. ૧-૨-૦૧.

આદેશ

જા. નં. ફડચ/ગ-૨/૮૯/૨૦૦૧.- આથી હું જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ સુરેન્દ્રનગર, ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૯ અન્વયે મળેલ સત્તાની રૂએ શ્રી રાજપરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. રાજપરા, તા. ચોટીલા, જિલ્લો સુરેન્દ્રનગરને પુન: જીવિત કરવાનો આદેશ કરૂ છું.

સદરહું મંડળીના નોંધાયેલા પેટા નિયમો, નોંધણી નં. અને તારીખ તથા કાર્ય વિસ્તાર જેમના તેમ ચાલું રાખવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૨૨ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૧.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના જાહેનામાં ક્રમાંક જીએચકેએચ/૨૪-૯૧/ડીડીસી/૧૧૮૮/૫૨૦૪/જે તા. ૩૦-૩-૯૧.

(૨) આ કચેરીના આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૩૫૧/૯૪ તા. ૧૩-૧૨-૯૪.

(૩) આ કચેરીના આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૧૯૨/૯૮ તા. ૨૧-૯-૯૮.

આદેશ

જા. નં. ફડચ/ગ-૨/૯/૨૦૦૧.-શ્રી આંબેડકર મજુર સ. મં. લી., મુ. વઢવાણ, તા. વઢવાણ, જિલ્લો. સુરેન્દ્રનગર જે નોંધણી નં. ઉ-૨૦૩૭ તા.૭-૨-૮૩ થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલી સહકારી મંડળી છે. તેને વંચાણે લીધેલ ક્રમાંક-૨થી કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવામાં આવેલ છે. અને કલમ-૧૦૮ અન્વયે મંડળીના ફડચા અધિકારી તરીકે અત્રેની કચેરીના મદદ. સહ. અધિકારી શ્રી આર. ડી. શેરશીયાં ની નિમણુંક કરવામાં આવેલ છ જે નિમણુંક કલમ-૧૦૮ (૪) અન્વયે રદ કરવામાં આવે છે. અને મંડળીના ફડચા અધિકારી તરીકે કચેરીનાં મદદ સહ. અધિકારી (શ્રી આર. ડી. મકવાણાની) નિમણુંક કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૧૯ માહે જાન્યુઆરી, સને ૨૦૦૧.

જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમ નં. નધણ/ક-૩/૪૬/સે. ૨૫૧૧૮/સને ૨૦૦૧.-આથી જાહેર કરે છે કે શ્રી કિશાન શાકભાજી ઉત્પાદક અને વેચાણ સ. મં. લી., મર્યાદિત સ્થળ : ચોટીલા, તાલુકો : ચોટીલા, જિલ્લો : સુરેન્દ્રનગર સને ૧૯૬૧ ના ગુજરાત કાયદા (ગુજરાત સહકારી મંડળીનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરેન્દ્રનગર, ૩ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૧.

એ. કે. ભટ્ટ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
સુરેન્દ્રનગર.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

REGISTERED No. GRJ-24

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XLII] THURSDAY, 28TH JUNE, 2001/ASHADHA 7, 1923 [No. 26

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I

PART - I	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appointments etc.,	287-302
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil

PART - I - B	Pages
(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	233-252
PART - II Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	445-458
PART - III Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

INDEX

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

જિલ્લા કલેકટર દ્વારા

વંચાણે : ૧. ધી કેરોસીન ડીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીકશેશન ઓફ સીલીંગ પ્રાઇઝ ઓર્ડર ૧૯૯૩.

૨. સરકારશ્રીના અન્ન અને ના. પુ એને ગ્રા.ની બાબતોના વિભાગના તા. ૧-૧-૯૮ના પત્ર ક્રમાંક ૧૧૯૭-૨૩૫૪, ભા-૧-બ.

૩. આ કચેરીના તા. ૨૩-૩-૨૦૦૦ના હુકમ પરવ/કસન/ભાવ/૧૦/૨૦૦૦.

૪. અન્ન અને ના. પુ. વિ. અને ગ્રા. બા. વિભાગ ગાંધીનગરનાં તા. ૩૦-૯-૨૦૦૦.

૫. અત્રેના તા. ૧૫-૩-૯૯ના હુકમ/પરવ/કસન/હોલસેલ કમીશન/૧૧૫૫૫/૧૨૦૯/૯૯.

હુકમ

ક્રમાંક : પરવ/કસન/ડેપો/ભાવ/વધારો/૩૦-૯-૨૦૦૦.- આ કચેરીનાં વંચાણ (૩) વાળા અત્રેના તા. ૨૩-૩-૨૦૦૦ના હુકમથી ઘર વપરાશનાં કેરોસીનના જથ્થાબંધ તથા છુટક ભાવો નક્કી કરવામાં આવેલ છે જે ભાવો હાલ અમલમાં છે પરંતુ અન્ન અને ના. પુ. વિ. ના તા. ૩૦-૯-૨૦૦૦નાં વંચાણ (૪) વાળા પત્રથી જણાવેલ છે કે તા. ૧-૧૦-૨૦૦૦ થી કેરોસીનના ડેપો વાઇઝ સુધારેલ ભાવો નીચે મુજબ છે.

અનું.	ડેપોનું નામ	કેરોસીનના ૧ કિ. લી.ના ભાવો
(૧)	કોયલી	૭૭૩૮-૬૩
(૨)	કંડલા	૭૭૭૫-૭૬
(૩)	સાબરમતી	૭૭૫૧-૨૪

આમ ઉપર મુજબની વિગતે ભાવ તા. ૧-૧૦-૨૦૦૦ થી અમલી બનેલી હોવાથી અત્રેથી કેરોસીનના વેચાણ ભાવો નવેસરથી નક્કી કરવાના થાય છે. સબબ ધી કોરસીન રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીકશેશન ઓફ સીલીંગ પ્રાઇઝ ઓર્ડર ૧૯૯૩ની કંડિકા ૨-(૧) થી મને મળેલ અધિકારની રૂઇએ સુ. નગર જિલ્લાના જાહેર વીતરણ વ્યવસ્થા હેઠળના વાદળી રંગના કેરોસીનના વેચાણ ભાવ આ સાથેના પરિશિષ્ટ મુજબ નક્કી કરવા હુકમ કરવામાં આવે છે.

અત્રેના તા. ૨૩-૩-૨૦૦૦ના હુકમથી કેરોસીન એજન્ટો માટે જે વાહતુક દરો નક્કી કરવામાં આવેલ છે તેમાં કોઇ ફેરફાર કરવામાં આવેલ નથી તેમજ આ હુકમતી છુટક વિક્રેતાઓ માટે વાહન વ્યવહાર ખર્ચના સિંગલ ટ્રીપના તબક્કાવાર નક્કી કરેલ દરો પણ યથાવત રાખવામાં આવેલ છે અને આ અંગેનું ટ્રાન્સપોર્ટ ભાડું કયા કિસ્સામાં લઇ શકાશે અગર નહીં લઇ શકાય તે અંગેની તા. ૨૩-૩-૨૦૦૦ના હુકમથી સુચના યથાવત રહે છે.

છુટક વિક્રેતા અગર ફેરીયા જયારે ગ્રાહકને આખરી વેચાણ કરે ત્યારે હિસાબમાં નજીકના આખા પૈસામાં ગણતરી કરે જયાં અર્ધો પૈસો લેવાનો થાય ત્યારે પુરો પૈસો ગણી બીલની કુલ રકમમાં નજીકના પાંચ પૈસાનું રાઉન્ડ અપ કરી શકાશે.

જે જથ્થાબંધ વિક્રેતાઓ ઓઇલ કંપનીના એજન્ટ નથી તેઓ ને કંપનીના એજન્ટ કેરોસીન ટેન્કર પુરા પાડે ત્યારે જથ્થાબંધ વિક્રેતાને એજન્ટ પ્રતિ કિલો લીટરે રૂા. ૪૦/- બીલમાં મજરે કાપી આપવાની બાબત પણ યથાવત રહેશે.

વેચાણ-૨ વાળા પત્રથી કેરોસીનના એજન્ટના કમીશન દરો જે નક્કી થયેલ છે તે સ્ટોરેજ જે એજન્ટો અન્ડર ગ્રાઉન્ડ સ્ટોરેજ ટેન્કર સુવિધા ધરાવે છે તેઓને લાગુ પડે છે. તે સિવાયની સ્ટોરેજ સુવિધા ધરાવતા એજન્ટે તેઓની ઓઇલ કંપનીનો પ્રતિ કિલો લીટર રૂા. ૪૩/- ભરપાઇ કરવાના રહેશે.

આ હુકમનો અમલ તા. ૧-૧૦-૨૦૦૦ અને ત્યાર પછી ઓઇલ કંપનીઓમાંથી કેરોસીનના એજન્ટને મળેલા વાદળી રંગના કેરોસીનને લાગુ પડશે તેથી આ આગાઉ તા. ૨૩-૩-૨૦૦૦ થી વાદળી રંગના કેરોસીનના જથ્થાબંધ તેમજ છુટક ભાવ રદ થાય છે.

સુરેન્દ્રનગર, ૯ માહે ઓકટોબર, સને ૨૦૦૦.

INDEX

પરિશિષ્ટ-૧

ઓઈલ કંપની ફોયલી કેન્દ્રના ગૃહવપરાશ માટેનાં વાદળી રંગના કેરોસીનના જથ્થાબંધ ભાવ તથા છુટક વેંચાણના ભાવો મુકરર કરવામાં આવ્યા તેનું પત્રક

(આ કચેરીનાં તા. ૯-૧૦-૨૦૦૦નાં હુકમ ક્રમાંક : પરવ-કસન-કેરોસીન-ભાવવધારો-૧૦/૨૦૦૦) સુરેન્દ્રનગર જીલ્લો

ક્રમ વિગત	વઢવાણ	સુ.નગર	લીંબડી	સાયલા	ચોટીલા	થાનગઢ	મુળી	ધ્રાંગધ્રા	હળવદ	પાટડી	લખતર	ચુડા
૧.એજન્ટ/ડીલરે સ્થાનીક રીટેઈલર સિવાયના રીટે-ઈલરને વેચવાનો જથ્થાબંધ ભાવ૧ કિ.લી.નાં (માલ બારોબાર જાય તેના જકાત સિવાયના)	૮૩૬૦-૫૫	૮૩૭૩-૬૩	૮૩૧૯-૧૩	૮૩૯૧-૦૭	૮૪૬૩-૦૧	૮૪૯૭-૮૯	૮૪૧૯-૪૧	૮૪૪૪-૪૮	૮૫૧૫-૩૩	૮૩૨૩-૪૯	૮૪૦૪-૧૫	૮૩૫૮-૩૭
૨.એજન્ટ/ડીલરે સ્થાનિક રીટેઈલરને વેચવાનો જથ્થાબંધ ભાવ (૧કિ.લી. ના જકાત સાથે)	૮૫૨૪-૪૩	૮૪૫૫-૭૦	૮૪૮૨-૧૮	૮૪૦૧-૦૭	૮૫૫૪-૨૭	૮૫૦૫-૩૯	૮૪૨૯-૪૧	૮૬૧૦-૦૪	૮૫૨૩-૯૮	૮૩૨૩-૪૯	૮૪૦૪-૧૫	૮૩૬૮-૩૭
૩.તાલુકા હેડકવાર્ટર વિસ્તારમાં છુટક વેચાણના ભાવ (૧લી. નાં)	૮-૭૫	૮-૬૯	૮-૭૧	૮-૬૩	૮-૭૮	૮-૭૪	૮-૬૬	૮-૮૪	૮-૭૫	૮-૫૬	૮-૬૫	૮-૬૦
૪.એજન્ટ/ડીલર પાસે (૧) ૦ થી ૧૦ થી આઈટમ-૧માં. કિ.મી. સુધીના બતાવેલ જકાત	૮-૫૯	૮-૬૦	૮-૫૫	૮-૬૨	૮-૬૯	૮-૭૩	૮-૬૫	૮-૬૭	૮-૭૫	૮-૫૫	૮-૬૩	૮-૫૯
(૨) ૧૦ ઉપર સિવાયના જથ્થાબંધ પરંતુ ૨૫કિ.મી ભાવે ખરીદેલ તાલુકા સુધીના	૮-૬૦	૮-૬૧	૮-૫૬	૮-૬૩	૮-૭૦	૮-૭૩	૮-૬૬	૮-૬૮	૮-૭૫	૮-૫૬	૮-૬૪	૮-૫૯
હેડ કવાર્ટરના ડીલર (૩) ૨૫ કિ.મી. એજન્ટના ડેપોથી ઉપરનાં (૧લીના છુટક વેચાણ ભાવ) (જકાત સિવાયના)	૮-૬૦	૮-૬૨	૮-૫૬	૮-૬૩	૮-૭૧	૮-૭૪	૮-૬૬	૮-૬૯	૮-૭૬	૮-૫૭	૮-૬૫	૮-૬૦
૫.એજન્ટ/ડીલર પાસે (૧) ૦થી૧૦ થી આઈટમ-૨માં કિ.મી. સુધીના બતાવેલ જકાત	૮-૭૫	૮-૬૯	૮-૭૧	૮-૬૩	૮-૭૮	૮-૭૪	૮-૬૬	૮-૮૪	૮-૭૫	૮-૫૬	૮-૬૫	૮-૬૦
(૨) ૧૦ થી ઉપર સાથેનાં જથ્થાબંધ પરંતુ ૨૫કિ.મી. ભાવ ખરીદેલ તાલુકા સુધીનાં	૮-૭૬	૮-૬૯	૮-૭૨	૮-૬૪	૮-૭૯	૮-૭૪	૮-૬૭	૮-૮૫	૮-૭૬	૮-૫૭	૮-૬૬	૮-૬૦
હેડ કવાર્ટરના ડેપોથી (૩) ૨૫કિ.મી. ૧લી. ના છુટક વેચાણ થી ઉપરનાં ભાવ (જકાત સાથે)	૮-૭૭	૮-૭૦	૮-૭૩	૮-૬૪	૮-૮૦	૮-૭૫	૮-૬૭	૮-૮૫	૮-૭૭	૮-૫૮	૮-૬૭	૮-૬૧

INDEX

પરિશિષ્ટ-૨

ઓઈલ કંપની કંડલા કેન્દ્રના ગૃહવપરાશ માટેનાં વાદળી રંગના કેરોસીનના જથ્થાબંધ ભાવ તથા છુટક વેચાણના ભાવો મુકરર કરવામાં આવ્યા તેનું પત્રક

(આ કચેરીનાં તા. ૯-૧૦-૨૦૦૦નાં હુકમ ક્રમાંક : પરવ-કસન-કેરોસીન-ભાવવધારો-૧૦/૨૦૦૦) સુરેન્દ્રનગર જીલ્લો

ક્રમ વિગત	વઢવાણ	સુ.નગર	લીંબડી	સાયલા	ચોટીલા	થાનગઢ	મુળી	ધાંગધ્રા	હળવદ	પાટડી	લખતર	ચુડા
૧. એજન્ટ/ડીલરે સ્થાનીક રીટેઈલર સિવાયના રીટે-ઈલરને વેચવાનો જથ્થાબંધ ભાવ-૧ કિ.લી.નાં (માલ બારોબાર જાય તેના જકાત સિવાયના)	૮૫૧૩-૨૨	૮૫૦૦-૧૪	૮૫૧૭-૫૮	૮૪૪૫-૬૪	૮૩૬૯-૩૪	૮૩૭૮-૦૬	૮૪૫૩-૨૭	૮૪૦૯-૬૭	૮૩૩૭-૭૩	૮૫૩૫-૦૨	૮૫૫૨-૪૬	૮૫૫૬-૮૨
૨. એજન્ટ/ડીલરે સ્થાનિક રીટેઈલરને વેચવાનો જથ્થાબંધ ભાવ (૧કિ.લી. ના જકાત સાથે)	૮૬૮૦-૧૫	૮૫૮૩-૪૭	૮૬૮૪-૬૦	૮૪૫૫-૬૪	૮૪૫૯-૫૭	૮૩૮૫-૫૬	૮૪૬૩-૨૭	૮૫૭૪-૫૩	૮૩૪૬-૩૮	૮૫૪૫-૦૨	૮૫૭૨-૪૬	૮૫૬૬-૮૨
૩. તાલુકા હેડકવાર્ટર વિસ્તારમાં છુટક વેચાણના ભાવ (૧લી. નાં)	૮-૯૧	૮-૮૧	૮-૯૧	૮-૬૯	૮-૬૯	૮-૬૨	૮-૬૯	૮-૮૦	૮-૫૮	૮-૭૮	૮-૮૦	૮-૮૦
૪. એજન્ટ/ડીલર પાસે (૧) ૦ થી ૧૦ કિ.મી. સુધીના	૮-૭૪	૮-૭૩	૮-૭૫	૮-૬૮	૮-૬૦	૮-૬૧	૮-૬૮	૮-૬૪	૮-૫૭	૮-૭૭	૮-૭૮	૮-૭૯
(૨) ૧૦ ઉપર પરંતુ ૨૫કિ.મી સુધીના	૮-૭૫	૮-૭૪	૮-૭૫	૮-૬૮	૮-૬૧	૮-૬૧	૮-૬૯	૮-૬૫	૮-૫૭	૮-૭૭	૮-૭૯	૮-૭૯
(૩) ૨૫ કિ.મી. ઉપરનાં થી આઈટમ-૧માં બતાવેલ જકાત સિવાયના જથ્થાબંધ ભાવે ખરીદેલ તાલુકા હેડ કવાર્ટરના ડીલર એજન્ટના ડેપોથી (૧લી.ના છુટક વેચાણ ભાવ) (જકાત સિવાયના)	૮-૭૬	૮-૭૪	૮-૭૬	૮-૬૯	૮-૬૧	૮-૬૨	૮-૭૦	૮-૬૫	૮-૫૮	૮-૭૮	૮-૮૦	૮-૮૦
૫. એજન્ટ/ડીલર પાસે (૧) ૦થી૧૦ કિ.મી. સુધીના	૮-૯૧	૮-૮૧	૮-૯૧	૮-૬૯	૮-૬૯	૮-૬૨	૮-૬૯	૮-૮૦	૮-૫૮	૮-૭૮	૮-૮૦	૮-૮૦
(૨) ૧૦થી ઉપર પરંતુ ૨૫કિ.મી. સુધીનાં	૮-૯૨	૮-૮૨	૮-૯૨	૮-૬૯	૮-૭૦	૮-૬૨	૮-૭૦	૮-૮૧	૮-૫૮	૮-૭૮	૮-૮૧	૮-૮૦
(૩) પરંતુ ૨૫કિ.મી. થી ઉપરનાં થી આઈટમ-૨માં બતાવેલ જકાત સાથેનાં જથ્થાબંધ ભાવ ખરીદેલ તાલુકા હેડકવાર્ટરના ડેપોથી ૧લી. ના છુટક વેચાણ ભાવ (જકાત સાથે)	૮-૯૨	૮-૮૩	૮-૯૩	૮-૭૦	૮-૭૦	૮-૬૩	૮-૭૧	૮-૮૨	૮-૫૯	૮-૭૯	૮-૮૨	૮-૮૧

INDEX

પરિશિષ્ટ-૩

ઓઈલ કંપની સાબરમતી કેન્દ્રના ગૃહવપરાશ માટેનાં વાદળી રંગના કેરોસીનના જથ્થાબંધ ભાવ તથા છુટક વેચાણના ભાવો મુકરર કરવામાં આવ્યા તેનું પત્રક

(આ કચેરીનાં તા. ૯-૧૦-૨૦૦૦નાં હુકમ ક્રમાંક : પરવ-કસન-કેરોસીન-ભાવવધારો-૧૦/૨૦૦૦) સુરેન્દ્રનગર જીલ્લો

ક્રમ વિગત	વઢવાણ	સુ.નગર	લીંબડી	સાયલા	ચોટીલા	થાનગઢ	મુળી	ધ્રાંગધ્રા	હળવદ	પાટડી	લખતર	ચુડા
૧. એજન્ટ/ડીલરે સ્થાનીક રીટેઈલર સિવાયના રીટે-ઈલરને વેચવાનો જથ્થાબંધ ભાવ૧ કિ.લી.નાં (માલ બારોબાર જાય તેના જકાત સિવાયના)	૮૨૧૧-૮૪	૮૨૨૭-૧૦	૮૧૭૯-૧૪	૮૨૫૧-૦૮	૮૩૨૫-૨૦	૮૩૬૨-૨૬	૮૨૭૯-૪૨	૮૩૦૫-૫૮	૮૩૬૬-૬૨	૮૧૪૬-૪૪	૮૧૭૨-૬૦	૮૨૧૮-૩૮
૨. એજન્ટ/ડીલરે સ્થાનિક રીટેઈલરને વેચવાનો જથ્થાબંધ ભાવ (૧કિ.લી. ના જકાત સાથે)	૮૩૭૨-૭૫	૮૩૦૭-૭૦	૮૩૩૯-૩૯	૮૨૬૧-૦૮	૮૪૧૪-૯૪	૮૩૬૯-૭૬	૮૨૮૯-૪૨	૮૪૬૮-૩૬	૮૩૭૫-૨૭	૮૧૫૬-૪૪	૮૧૯૨-૬૦	૮૨૨૮-૩૮
૩. તાલુકા હેડકવાર્ટર વિસ્તારમાં છુટક વેચાણના ભાવ (૧લી. નાં)	૮-૬૦	૮-૫૪	૮-૫૭	૮-૪૯	૮-૬૪	૮-૬૦	૮-૫૨	૮-૭૦	૮-૬૧	૮-૩૯	૮-૪૨	૮-૪૬
૪. એજન્ટ/ડીલર પાસે (૧) ૦ થી ૧૦ થી આઈટમ-૧માં. કિ.મી. સુધીના બતાવેલ જકાત (૨) ૧૦ ઉપર સિવાયના જથ્થાબંધ પરંતુ ૨૫કિ.મી ભાવે ખરીદેલ તાલુકા સુધીના હેડકવાર્ટરના ડીલર (૩) ૨૫ કિ.મી. એજન્ટના ડેપોથી ઉપરનાં (૧લી.ના છુટક વેચાણ ભાવ) (જકાત સિવાયના)	૮-૪૪ ૮-૪૫ ૮-૪૫	૮-૪૬ ૮-૪૬ ૮-૪૭	૮-૪૧ ૮-૪૨ ૮-૪૨	૮-૪૮ ૮-૪૯ ૮-૪૯	૮-૫૬ ૮-૫૬ ૮-૫૭	૮-૫૯ ૮-૬૦ ૮-૬૧	૮-૫૧ ૮-૫૨ ૮-૫૨	૮-૫૪ ૮-૫૪ ૮-૫૫	૮-૬૦ ૮-૬૦ ૮-૬૧	૮-૩૮ ૮-૩૮ ૮-૩૯	૮-૪૦ ૮-૪૧ ૮-૪૨	૮-૪૫ ૮-૪૫ ૮-૪૬
૫. એજન્ટ/ડીલર પાસે (૧) ૦થી૧૦ થી આઈટમ-૨માં કિ.મી. સુધીના બતાવેલ જકાત (૨) ૧૦ થી ઉપર સાથેનાં જથ્થાબંધ પરંતુ ૨૫કિ.મી. ભાવ ખરીદેલ તાલુકા સુધીનાં હેડકવાર્ટરના ડેપોથી (૩) ૨૫કિ.મી. ૧લી. ના છુટક વેચાણ થી ઉપરનાં ભાવ (જકાત સાથે)	૮-૬૦ ૮-૬૧ ૮-૬૨	૮-૫૪ ૮-૫૪ ૮-૫૫	૮-૫૭ ૮-૫૮ ૮-૫૮	૮-૪૯ ૮-૫૦ ૮-૫૦	૮-૬૪ ૮-૬૫ ૮-૬૬	૮૦-૬૦ ૮-૬૧ ૮-૬૧	૮-૫૨ ૮-૫૩ ૮-૫૩	૮-૭૦ ૮-૭૦ ૮-૭૧	૮-૬૧ ૮-૬૧ ૮-૬૨	૮-૩૯ ૮-૩૯ ૮-૪૦	૮-૪૨ ૮-૪૩ ૮-૪૪	૮-૪૬ ૮-૪૬ ૮-૪૭

INDEX

વંચાણે : ૧. ધી કેરોસીન રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીકસેશન ઓફ સીલીંગ પ્રાઇઝ ઓર્ડર ૧૯૯૩.

૨. સરકારશ્રીના અન્ન અને ના. પુ. ગા. બા.ની બાબતોના વિભાગના તા. ૩૦-૯-૨૦૦૦નો પત્ર (કેરોસીન)

૩. અત્રેના તા. ૯-૧૦-૨૦૦૦નાં હુકમ નં. : પરવ/કસન/ડેપો-ભાવવધારો તા. ૩૦-૯-૨૦૦૦ (કેરોસીન)

૪. ભારત સરકારશ્રીનાં તા. ૬-૧૧-૯૭નાં પત્ર નં. પી-૨૦૦૨૦-૧-૯૫-પીપી. થી કમીશનના દરમાં સુધારો.

૫. આ કચેરીના તા. ૧૬-૧-૯૮નાં હુકમ પરવ/કસન/વ-૭૭ થી ૧૨૬/૯૮.

૬. સરકારશ્રીના નિયામક નાગરિક પુરવઠા કચેરી, ગાંધીનગરનો તા. ૨૩-૧૧-૨૦૦૦નો પત્ર.

૭. ભારત સરકારશ્રીનાં તા. ૨૭-૧૦-૨૦૦૦ના પત્ર નં. પી-૨૦૦૨૮-૨-૨૦૦૦-પીપી.

હુકમ

નં. : પરવ/કસન/કમીશન-વધારો/ઘટાડો-૧૧/૨૦૦૦.- આ કચેરીનાં વંચાણ (૩) વાળા હુકમથી ઘરવપરાશનાં કેરોસીનનાં જથ્થાબંધ તથા છુટક ભાવો નક્કી કરવામાં આવેલ છે. જે ભાવો હાલ અમલમાં છે. પરંતુ નિયામક નાગરિક પુરવઠા કચેરી, ગાંધીનગરનાં વંચાણ-૬ વાળા પત્રથી જણાવેલ છે કે તા. ૨૩-૧૧-૨૦૦૦થી કેરોસીનના ડેપો વાઇઝ સુધારેલ ભાવો નીચે મુજબ છે.

અનું.	ડેપોનું નામ	કેરોસીનના ૧ કિ. લી.ના ભાવો
(૧)	કોયલી	૬૭૭૫-૯૨
(૨)	કંડલા	૬૮૧૩-૦૫
(૩)	સાબરમતી	૬૭૮૮-૫૨

આમ ઉપર મુજબની વિગતે ભાવ તા. ૨૩-૧૧-૨૦૦૦ થી અમલી બનેલી હોવાથી અત્રેથી કેરોસીનના વેચાણ ભાવો નવેસરથી નક્કી કરવાના થાય છે. સાથોસાથ વંચાણ-(૫) વાળા અત્રેના હુકમ મુજબ હાલમાં એજન્ટ કમીશનનાં જે દરો અમલમાં છે તેમાં વંચાણ-(૭) વાળા પત્રથી ભારત સરકારશ્રીએ એજન્ટ કમીશનમાં નીચેની વિગતે વધારો જાહેર કરેલ હોય તેને ધ્યાને લઈને પણ કેરોસીનનાં ભાવો નવેસરથી નક્કી કરવાનાં થાય છે.

જુના ભાવ	નવા ભાવ (વધાર્યા મુજબ)
કંપની એજન્ટ ૧૨૬/-	૧૬૯.૮૩ આઈ.સી. ૧૭૦/-

સબબ, ધી કેરેસીન રીસ્ટ્રીશન ઓન યુઝ એન્ડ ફીક્સેશન ઓફ સીલીંગ પ્રાઈઝ ઓર્ડર ૧૯૯૩ની કંડીકા ૨-ડી (૧) થી મને મળેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાનાં જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળનાં વાદળી રંગના કેરોસીનનાં વેચાણ ભાવ આ સાથેનાં પરિશિષ્ટ મુજબ નક્કી કરવા હુકમ કરવામાં આવે છે.

અત્રેના તા. ૯-૧૦-૨૦૦૦નાં હુકમથી કેરોસીન એજન્ટો માટે જે વાહતુક દરો નક્કી કરવામાં આવેલ છે તેમાં કોઈ ફેરફાર કરવામાં આવેલ નથી તેમજ આ હુકમથી છુટક વિક્રેતાઓ માટે વાહન વ્યવહાર ખર્ચનાં સિંગલ ટ્રીપનાં તબક્કાવાર નક્કી કરેલ દરો પણ યથાવત રાખવામાં આવેલ છે અને આ અંગેનું ટ્રાન્સપોર્ટ ભાડું કયા કિસ્સામાં લઈ શકાય અગર નહિ લઈ શકાય તે અંગેની તા. ૯-૧૦-૨૦૦૦નાં હુકમથી સુચના યથાવત રહે છે.

છુટક વિક્રેતા અગર ફેરીયા જયારે ગ્રાહકને આખરી વેચાણ કરે ત્યારે હિસાબમાં નજીકના આખા પૈસામાં ગણતરી કરે, જયાં અર્ધો પૈસો લેવાનો થાય ત્યારે પુરો પૈસો ગણી બીલની કુલ રકમમાં નજીકના પાંચ પૈસાનું રાઉન્ડ અપ કરી શકાશે.

જે જથ્થાબંધ વિક્રેતાઓ ઓઇલ કંપનીના એજન્ટ નથી તેઓ ને કંપનીના એજન્ટ કેરોસીન ટેન્કર પુરા પાડે ત્યારે જથ્થાબંધ વિક્રેતાને એજન્ટ પ્રતિ કિલો લીટરે રૂા. ૪૦/- બીલમાં મજરે કાપી આપવાની બાબત પણ યથાવત રહેશે.

વેચાણ-(૭) વાળા પત્રથી કેરોસીનના એજન્ટના કમીશન દરો જે નક્કી થયેલ છે તે સ્ટોરેજ જે એજન્ટો અન્ડર ગ્રાઉન્ડ સ્ટોરેજ ટેન્કર સુવિધા ધરાવે છે તેઓને લાગુ પડે છે. તે સિવાયની સ્ટોરેજ સુવિધા ધરાવતા એજન્ટે તેઓની ઓઇલ કંપનીનો પ્રતિ કિલો લીટર રૂા. ૪૩/- ભરપાઇ કરવાના રહેશે.

આ હુકમનો અમલ તા. ૨૨-૧૧-૨૦૦૦ અને ત્યાર પછી ઓઇલ કંપનીઓમાંથી કેરોસીનના એજન્ટને મળેલા વાદળી રંગના કેરોસીનને લાગુ પડશે તેથી આ આગાઉ તા. ૯-૧૦-૨૦૦૦ થી વાદળી રંગના કેરોસીનના જથ્થાબંધ તેમજ છુટકભાવ રદ થાય છે.

સુરેન્દ્રનગર, ૨૩ માહે નવેમ્બર, સને ૨૦૦૦.

પરિશિષ્ટ-૧

ઓઈલ કંપની કોયલી કેન્દ્રનાં ગૃહવપરાશ માટેનાં વાદળી રંગના કેરોસીનના જથ્થાબંધ ભાવ તથા છુટક વેચાણના ભાવો મુકરર કરવામાં આવ્યા તેનું પત્રક.

(આ કચેરીનાં તા. ૨૩-૧૧-૨૦૦૦નાં હુકમ ક્રમાંક : પરવ-કસન-કમીશન-વધારો-ઘટાડો-૧૧/૨૦૦૦) સુરેન્દ્રનગર જીલ્લો

ક્રમ વિગત	વઢવાણ	સુ.નગર	લીંબડી	સાયલા	ચોટીલા	થાનગઢ	મુળી	ધ્રાંગધ્રા	હળવદ	પાટડી	લખતર	ચુડા
૧.એજન્ટ/ડીલરે સ્થાનીક રીટેઈલર સિવાયના રીટે-ઈલરને વેચવાનો જથ્થાબંધ ભાવ-૧ કિ.લી.નાં (માલ બારોબાર જાય તેના જકાત સિવાયના)	૭૪૪૧-૫૪	૭૪૫૪-૬૨	૭૪૦૦-૧૨	૭૪૭૨-૦૬	૭૫૪૪-૦૦	૭૫૭૮-૮૮	૭૫૦૦-૪૦	૭૫૨૫-૪૭	૭૫૯૬-૩૨	૭૪૦૪-૪૮	૭૪૮૫-૧૪	૭૪૩૯-૩૬
૨.એજન્ટ/ડીલરે સ્થાનિક રીટેઈલરને વેચવાનો જથ્થાબંધ ભાવ (૧કિ.લી. ના જકાત સાથે)	૭૫૮૬-૧૭	૭૫૨૭-૦૬	૭૫૪૩-૯૨	૭૪૮૨-૦૬	૭૬૨૪-૬૭	૭૫૮૬-૩૮	૭૫૧૦-૪૦	૭૬૭૧-૭૭	૭૬૦૪-૯૭	૭૪૧૪-૪૮	૭૫૦૫-૧૪	૭૪૪૯-૩૬
૩.તાલુકા હેડકવાર્ટર વિસ્તારમાં છુટક વેચાણના ભાવ (૧લી. નાં)	૭-૮૨	૭.૭૬	૭-૭૭	૭-૭૧	૭-૮૫	૭-૮૨	૭-૭૪	૭-૯૦	૭-૮૩	૭-૬૪	૭-૭૪	૭-૬૮
૪.એજન્ટ/ડીલર પાસે (૧) ૦ થી ૧૦ થી આઈટમ-૧માં. કિ.મી. સુધીના	૭-૬૭	૭-૬૮	૭-૬૩	૭-૭૦	૭-૭૭	૭-૮૧	૭-૭૩	૭-૭૬	૭-૮૩	૭-૬૩	૭-૭૨	૭-૬૦
બતાવેલ જકાત (૨) ૧૦ ઉપર સિવાયના જથ્થાબંધ પરંતુ ૨૫કિ.મી ભાવે ખરીદેલ તાલુકા સુધીના	૭-૬૮	૭-૬૯	૭-૬૪	૭-૭૧	૭-૭૮	૭-૮૧	૭.૭૪	૭.૭૬	૭.૮૩	૭.૬૪	૭.૭૨	૭.૬૮
હેડ કવાર્ટરના ડીલર (૩) ૨૫ કિ.મી. એજન્ટના ડેપોથી ઉપરનાં (૧લી.ના છુટક વેચાણ ભાવ) (જકાત સિવાયના)	૭.૬૮	૭,૭૦	૭-૬૪	૭.૭૨	૭-૭૯	૭.૮૨	૭.૭૪	૭.૭૭	૭-૮૪	૭-૬૫	૭-૭૩	૭-૬૮
૫.એજન્ટ/ડીલર પાસે (૧) ૦થી૧૦ થી આઈટમ-૨માં કિ.મી. સુધીના	૭-૮૨	૭-૭૬	૭-૭૭	૭-૭૧	૭-૮૫	૭-૮૨	૭-૭૪	૭-૯૦	૭-૮૩	૭-૬૪	૭-૭૪	૭-૬૮
બતાવેલ જકાત (૨) ૧૦ થી ઉપર સાથેનાં જથ્થાબંધ પરંતુ ૨૫ કિ.મી. ભાવ ખરીદેલ તાલુકા સુધીનાં	૭-૮૨	૭-૭૬	૭-૭૮	૭-૭૨	૭-૮૬	૭-૮૨	૭-૭૫	૭-૯૧	૭-૮૪	૭-૬૫	૭-૭૪	૭-૬૯
હેડ કવાર્ટરના ડેપોથી (૩) ૨૫કિ.મી. ૧લી. ના છુટક વેચાણ થી ઉપરનાં ભાવ (ઝકાત સાથે)	૭-૮૩	૭-૭૭	૭-૭૯	૭-૭૩	૭-૮૭	૭-૮૩	૭-૭૫	૭-૯૧	૭-૮૫	૭-૬૬	૭-૭૫	૭-૬૯

એજન્ટ કમીશન : ૧૬૯-૮૩ આઈસી ૧૭૦-૦૦

રાજ્ય સરકારનું કમીશન : ૪૦-૩૦

૨૧૦-૩૦

INDEX

પરિશિષ્ટ-૨

ઓઈલ કંપની કંડલા કેન્દ્રનાં ગૃહવપરાશ માટેનાં વાદળી રંગના કેરોસીનના જથ્થાબંધ ભાવ તથા છુટક વેચાણના ભાવો મુકરર કરવામાં આવ્યા તેનું પત્રક.
(આ કચેરીનાં તા. ૨૩-૧૧-૨૦૦૦નાં હુકમ ક્રમાંક : ૫૨વ-કસન-કમીશન-વધારો-ઘટાડો-૧૧/૨૦૦૦) સુરેન્દ્રનગર જીલ્લો

ક્રમ વિગત	વઢવાણ	સુ.નગર	લીંબડી	સાયલા	ચોટીલા	થાનગઢ	મુળી	ધ્રાંગધ્રા	હળવદ	પાટડી	લખતર	ચુડા
૧. એજન્ટ/ડીલરે સ્થાનીક રીટેઈલર સિવાયના રીટે-ઈલરને વેચવાનો જથ્થાબંધ ભાવ-૧ કિ.લી.નાં (માલ બારોબાર જાય તેના જકાત સિવાયના)	૭૫૯૪-૨૧	૭૫૮૧-૧૩	૭૫૯૮-૫૭	૭૫૨૬-૬૩	૭૪૫૦-૩૩	૭૪૫૯-૦૫	૭૫૩૪-૨૬	૭૪૯૦-૬૬	૭૪૧૮-૭૨	૭૬૧૬-૭૧	૭૬૩૩-૪૫	૭૬૩૭-૮૧
૨. એજન્ટ/ડીલરે સ્થાનિક રીટેઈલરને વેચવાનો જથ્થાબંધ ભાવ (૧કિ.લી. ના જકાત સાથે)	૭૭૪૧-૮૯	૭૬૫૪-૮૪	૭૭૪૬-૩૪	૭૫૩૬-૬૩	૭૫૨૯-૯૭	૭૪૬૬-૫૫	૭૫૪૪-૨૬	૭૬૩૬-૨૭	૭૪૨૭-૩૭	૭૬૨૬-૦૧	૭૬૫૩-૪૫	૭૬૪૭-૮૧
૩. તાલુકા હેડકવાર્ટર વિસ્તારમાં છુટક વેચાણના ભાવ (૧લી. નાં)	૭-૯૭	૭.૮૮	૭-૯૮	૭-૭૭	૭-૭૬	૭-૭૦	૭-૭૭	૭-૮૭	૭-૬૬	૭-૮૬	૭-૮૮	૭-૮૮
૪. એજન્ટ/ડીલર પાસે થી આઈટમ-૧માં બતાવેલ જકાત સિવાયના જથ્થાબંધ ભાવે ખરીદેલ તાલુકા હેડ કવાર્ટરના ડીલર એજન્ટના ડેપોથી (૧લી.ના છુટક વેચાણ ભાવ) (જકાત સિવાયના) (૧) ૦ થી ૧૦ કિ.મી. સુધીના	૭.૮૨	૭-૮૧	૭.૮૩	૭-૭૬	૭-૬૮	૭-૬૯	૭-૭૬	૭-૭૨	૭-૬૫	૭-૮૫	૭-૮૬	૭-૮૭
(૨) ૧૦ ઉપર પરંતુ ૨૫કિ.મી સુધીના	૭-૮૩	૭-૮૨	૭-૮૩	૭-૭૬	૭-૬૯	૭-૭૦	૭.૭૭	૭.૭૩	૭.૬૫	૭.૮૫	૭.૮૭	૭.૮૭
(૩) ૨૫ કિ.મી. ઉપરનાં	૭.૮૪	૭,૮૨	૭-૮૪	૭.૭૭	૭-૬૯	૭.૭૦	૭.૭૮	૭.૭૩	૭-૬૬	૭-૮૬	૭-૮૮	૭-૮૮
૫. એજન્ટ/ડીલર પાસે થી આઈટમ-૨માં બતાવેલ જકાત સાથેનાં જથ્થાબંધ ભાવ ખરીદેલ તાલુકા હેડ કવાર્ટરના ડેપોથી ૧લી. ના છુટક વેચાણ ભાવ (જકાત સાથે) (૧) ૦થી૧૦ કિ.મી. સુધીના	૭-૯૭	૭-૮૮	૭-૯૮	૭-૭૭	૭-૭૬	૭-૭૦	૭-૭૭	૭-૮૭	૭-૬૬	૭-૮૬	૭-૮૮	૭-૮૮
(૨) ૧૦ થી ઉપર પરંતુ ૨૫ કિ.મી. સુધીનાં	૭-૯૮	૭-૮૯	૭-૯૮	૭-૭૭	૭-૭૭	૭-૭૦	૭-૭૮	૭-૮૭	૭-૬૬	૭-૮૬	૭-૮૯	૭-૮૮
(૩) ૨૫કિ.મી. થી ઉપરનાં	૭-૯૮	૭-૯૦	૭-૯૯	૭-૭૮	૭-૭૭	૭-૭૧	૭-૭૯	૭-૮૮	૭-૬૭	૭-૮૭	૭-૯૦	૭-૮૯

એજન્ટ કમીશન : ૧૬૯-૮૩ આઈસી ૧૭૦-૦૦
રાજ્ય સરકારનું કમીશન : ૪૦-૩૦
૨૧૦-૩૦

પરિશિષ્ટ-૩

ઓઈલ કંપની સાબરમતી કેન્દ્રનાં ગૃહવપરાશ માટેનાં વાદળી રંગના કેરોસીનના જથ્થાબંધ ભાવ તથા છુટક વેચાણના ભાવો મુકરર કરવામાં આવ્યા તેનું પત્રક.

(આ કચેરીનાં તા. ૨૩-૧૧-૨૦૦૦નાં હુકમ ક્રમાંક : પરવ-કસન-કમીશન-વધારો-ઘટાડો-૧૧/૨૦૦૦) સુરેન્દ્રનગર જીલ્લો

ક્રમ વિગત	વઢવાણ	સુ.નગર	લીંબડી	સાયલા	ચોટીલા	થાનગઢ	મુળી	ધ્રાંગધ્રા	હળવદ	પાટડી	લખતર	ચુડા
૧.એજન્ટ/ડીલરે સ્થાનીક રીટેઈલર સિવાયના રીટે-ઈલરને વેચવાનો જથ્થાબંધ ભાવ-૧ કિ.લી.નાં (માલ બારોબાર જાય તેના જકાત સિવાયના)	૭૨૯૨-૮૨	૭૩૦૮-૦૮	૭૨૬૦-૧૨	૭૩૩૨-૦૬	૭૪૦૬-૧૮	૭૪૪૩-૨૪	૭૩૬૦-૪૦	૭૩૮૬-૫૬	૭૪૪૭-૬૦	૭૨૨૭-૪૨	૭૨૫૩-૫૮	૭૨૯૯-૩૬
૨.એજન્ટ/ડીલરે સ્થાનિક રીટેઈલરને વેચવાનો જથ્થાબંધ ભાવ (૧કિ.લી. ના જકાત સાથે)	૭૪૩૪-૪૭	૭૩૭૯-૦૬	૭૪૦૧-૧૨	૭૩૪૨-૦૬	૭૪૮૫-૩૩	૭૪૫૦-૭૪	૭૩૭૦-૪૦	૭૫૩૦-૦૯	૭૪૫૬-૨૫	૭૨૩૭-૪૨	૭૨૭૩-૫૮	૭૩૦૯-૩૬
૩.તાલુકા હેડકવાર્ટર વિસ્તારમાં છુટક વેચાણના ભાવ (૧લી. નાં)	૭-૬૬	૭-૬૧	૭-૬૩	૭-૫૭	૭-૭૨	૭-૬૮	૭-૬૦	૭-૭૬	૭-૬૯	૭-૪૭	૭-૫૦	૭-૫૪
૪.એજન્ટ/ડીલર પાસે (૧) ૦ થી ૧૦ કિ.મી. સુધીના	૭-૫૨	૭-૫૪	૭-૪૯	૭-૫૬	૭-૬૪	૭-૬૭	૭-૫૯	૭-૬૨	૭-૬૮	૭-૪૬	૭-૪૮	૭-૫૩
થી આઈટમ-૧માં બતાવેલ જકાત સિવાયના જથ્થાબંધ ભાવે ખરીદેલ તાલુકા હેડ કવાર્ટરના ડીલર એજન્ટના ડેપોથી (૧લી.ના છુટક વેચાણ ભાવ) (જકાત સિવાયના) (૨) ૧૦ ઉપર પરંતુ ૨૫કિ.મી સુધીના	૭-૫૩	૭-૫૪	૭-૫૦	૭-૫૭	૭-૬૪	૭-૬૮	૭.૬૦	૭.૬૨	૭.૬૮	૭.૪૬	૭.૪૯	૭.૫૪
(૩) ૨૫ કિ.મી. ઉપરનાં	૭-૫૪	૭-૫૫	૭-૫૦	૭-૫૮	૭-૬૫	૭-૬૯	૭-૬૦	૭-૬૩	૭-૬૯	૭-૪૭	૭-૫૦	૭-૫૪
૫.એજન્ટ/ડીલર પાસે (૧)૦થી૧૦ કિ.મી. સુધીના	૭-૬૬	૭-૬૧	૭-૬૩	૭-૫૭	૭-૭૨	૭-૬૮	૭-૬૦	૭-૭૬	૭-૬૯	૭-૪૭	૭-૫૦	૭-૫૪
થી આઈટમ-૨માં બતાવેલ જકાત સાથેનાં જથ્થાબંધ ભાવ ખરીદેલ તાલુકા હેડ કવાર્ટરના ડેપોથી ૧લી. ના છુટક વેચાણ ભાવ (જકાત સાથે) (૨)૧૦ થી ઉપર પરંતુ ૨૫ કિ.મી. સુધીનાં	૭-૬૭	૭-૬૨	૭-૬૪	૭-૫૮	૭-૭૨	૭-૬૯	૭-૬૧	૭-૭૭	૭-૬૯	૭-૪૭	૭-૫૧	૭-૫૫
(૩) ૨૫ કિ.મી. થી ઉપરનાં	૭-૬૮	૭-૬૨	૭-૬૪	૭-૫૯	૭-૭૩	૭-૬૯	૭-૬૧	૭-૭૭	૭-૭૦	૭-૪૮	૭-૫૨	૭-૫૫

એજન્ટ કમીશન : ૧૬૯-૮૩ આઈસી ૧૭૦-૦૦

રાજ્ય સરકારનું કમીશન : ૪૦-૩૦

૨૧૦-૩૦

સહી : પી. એસ. શાહ,
કલેક્ટર,
સુરેન્દ્રનગર જિલ્લો.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નં. નધણ/ક-૩/૬૪/સે/૨૫૧૧૯/તા.૧૨-૩-૨૦૦૧.-આથી જાહેર કરે છે કે શ્રી ઈન્ટીગ્રેટેડ કોટન પ્રોસેસીંગ કો. ઓપ. સો. લી., મર્યાદિત સ્થળ : લખતર, તાલુકો : લખતર, જિલ્લો : સુરેન્દ્રનગર, સને ૧૯૬૧ ના ગુજરાત કાયદા (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરેન્દ્રનગર, ૧૨ માહે માર્ચ, સને ૨૦૦૧.

વંચાણે લીધાં :

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ જાહેરનામા ક્રમાંક જીએચકેએમ/૨૪૯૧/ડીડીસી/૧૧૮૮/૫૨૦૪-જે તા. ૩૦-૩-૯૧.

(૨) અત્રેની કચેરીનાં આદેશ ક્રમાંક ફડચ/ગ-૨/૧૦૯/૯૪. તા. ૯-૨-૯૫.

(૩) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંકઃ ફડચ/ગ-૨/૩૮/૦૧ તા. ૧૫-૨-૨૦૦૦.

(૪) ફડચા અધિકારીનો તા ૧૫-૩-૨૦૦૧નાં પત્ર ક્રમાંક ફડચ/૧૪૧/૦૧.

આદેશ

જા.નં. ફડચ/ગ-૨/૧૫૦/૨૦૦૧.-આથી હું જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ સુરેન્દ્રનગર ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૯ અન્વયે મળેલ સત્તાની રૂએ શ્રી રાજપર ગૃપ મજુર સહકારી મંડળી લી., મુ. રાજપર, તા. વઢવાણ, જિ. સુરેન્દ્રનગર જેનાં નોંધણી નંબર ઉ-૩૮૧૧ તા. ૧૯-૫-૭૩ છે. તેને પુનઃ જીવિત કરવા આદેશ કરૂ છું.

સદરહું મંડળીનાં નોંધાયેલ પેટા નિયમો, નોંધણી નંબર તારીખ કાર્યક્ષેત્ર, નામ, જેમના તેમ ચાલુ રહેશે.

સુરેન્દ્રનગર, ૨૮ માહે માર્ચ, સને ૨૦૦૧.

વંચાણે લીધાં :

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ જાહેરનામા ક્રમાંક જીએચકેએમ/૨૪-૯૧/ડીડીસી/૧૧૮૮/૫૨૦૪-જે તા. ૩૦-૩-૯૧.

(૨) અત્રેની કચેરીનાં આદેશ ક્રમાંક

(૧) ફડચ/ગ-૨/૪૮૧/૯૯. તા. ૯-૮-૯૯.

(૨) ફડચ/ગ-૨/૪૧૨/૨૦૦૦. તા. ૩૦-૧૦-૨૦૦૦.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૨૦.

હુકમ

જા.નં. ફડચ/ગ-૨/૧૬૨/૨૦૦૧.-આથી સુરેન્દ્રનગર જિલ્લાની ફડચા હેઠળની સહકારી મંડળીઓ પૈકી આ સાથેની યાદી મુજબની સહકારી મંડળીઓને તેમના નામ સામે કોલમ નં. ૫ માં દર્શાવેલ તારીખે કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવામાં આવેલ અને ફડચા કામગીરીની વૈધાનિક સમય મર્યાદા પૂર્ણ થતાં વંચાણે લીધેલ ક્રમાંક-૨ ના આદેશથી કલમ-૧૧૪ અન્વયે ફડચા કામગીરી સમાપ્તિનો હુકમ કરવામાં આવેલ અને હુકમની તારીખથી માસ-૧ માં નોંધણી રદની દરખાસ્ત કરવાં સંબંધિત ફડચા અધિકારીને જણાવવામાં આવેલ પરંતુ આજ દિન સુધી સંબંધિત ફડચા અધિકારી તરફથી કોઈ દરખાસ્ત રજુ થયેલ નથી.

સબબ આ સાથેની યાદી મુજબની ફડચા મંડળીઓની નોંધણી ગુજરાત સહકારી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૨૮ માહે માર્ચ, સને ૨૦૦૧.

સાત વર્ષ ઉપરની ફડચા મંડળીઓની નોંધણી રદ કરવાનો આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૧૬૨/૨૦૦૧. તા. ૨૮-૩-૨૦૦૧ નું જોડાણ.

ક્રમ	ફડચા મંડળીનું નામ	તાલુકો	નોંધણી નંબર તારીખ	ફડચાનો હુકમ નંબર તારીખ	ફડચા અધિકારીનું નામ તથા હોદ્દો
૧	૨	૩	૪	૫	૬
૧.	શ્રી ગાયત્રી કો. ઓપ. હા. સો.લી. મુ. લીંબડી.	લીંબડી	૯૨૬૦ ૧૭-૧-૮૨	ફડચ/ગ-૨/૭૮૧ થી ૭૮૬૧૯૧ તા.૪-૬-૯૧	સહકારી અધિકારી ફડચો-નં. ૧
૨.	શ્રી ભગવાનપર દુધ ઉ. સહ. મં. લી.	,,	ઉ-૧૭૫૮૧ ૨૦-૧-૮૧	ફડચ/ગ-૨/૪૦૩/૯૩ તા. ૫-૭-૯૩	સહકારી અધિકારી ફડચો-નં. ૧
૩.	શ્રી તરણેતર દુધ ઉ. સહ. મં. લી.	ચોટીલા	ઉ-૫૫૫૭ ૨૩-૭-૮૬	ફડચ/ગ-૨/૪૦૭/૯૩ તા. ૫-૭-૯૩	સહકારી અધિકારી ફડચો-નં. ૨
૪.	શ્રી વૃજપર દુધ ઉ, સહ. મં. લી	ધ્રાંગધ્રા	સે-૨૩૯૦૯ ૩૧-૧૨-૯૧	ફડચ/ગ-૨/૪૦૮/૯૩ તા. ૫-૭-૯૩	સહકારી અધિકારી ફડચો-નં. ૧
૫.	શ્રી પરાલી દુધ ઉ. સ. મં. લી.	લીંબડી	સે-૨૫૦૭૮ ૧૩-૮-૯૦	ફડચ/ગ-૨/૭૦૬/૯૩ તા. ૧૩-૧૦-૯૩	સહકારી અધિકારી ફડચો-નં. ૨
૬.	શ્રી રેશમીયા દુધ ઉ. સહ. મં. લી.	ચોટીલા	સે-૨૩૯૩૪ ૧૫-૩-૯૦	ફડચ/ગ-૨/૭૦૪/૯૩ તા. ૧૩-૧૦-૯૩	સહકારી અધિકારી ફડચો-નં. ૨
૭.	શ્રી જનતા કો. ઓ. હા. સો. લી. સુરેન્દ્રનગર.	વઢવાણ	ઘ-૪૮૩ ૧૯-૮-૬૧	ફડચ/ફ/ન/૪૮૦/૮૨ તા. ૮-૯-૮૨	સહકારી અધિકારી ફડચો-નં. ૨

સુરેન્દ્રનગર, ૨૮ માહે માર્ચ, સને ૨૦૦૧.

નોંધણીનું પ્રમાણપત્ર

ક. નઘણ/ક-૩/૧૭૦/સને ૨૦૦૧. નં. સે ૭૯૧૭ તા.૧૦-૪-૨૦૦૧.-આથી જાહેર કરે છે કે શ્રી રતનપર પીપલ્સ ક્રેડીટ એન્ડ કન્જ્યુમર્સ કો. ઓ. સો. લિ. મર્યાદિત સ્થળ રતનપર તાલુકો વઢવાણ જિલ્લો, સુરેન્દ્રનગર સને ૧૯૬૧ના ગુજરાત કાયદા (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરેન્દ્રનગર, ૧૦ માહે એપ્રિલ સને ૨૦૦૧.

નોંધણીનું પ્રમાણપત્ર

ક. નઘણ/ક-૩/૧૬૫/સને ૨૦૦૧. નં. સે. ૨૫૧૨૨ તા.૧૦-૪-૨૦૦૧.-આથી જાહેર કરે છે કે શ્રી જય ખોડીયાર જુથ મજુર સહકારી મંડળી લિ. મર્યાદિત સ્થળ ઢોકળવા તાલુકો ચોટીલા જિલ્લો, સુરેન્દ્રનગર સને ૧૯૬૧ના ગુજરાત કાયદા (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરેન્દ્રનગર, ૧૦ માહે એપ્રિલ સને ૨૦૦૧.

વંચાણે લીધાં :

૧. સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંક જી. એચ. કે. એચ./૨૪-૯૧/ડીડીસી/૧૧૮૮/૫૨૦૪/ જે તારીખ ૩૦-૩-૯૧.

૨. અત્રેની કચેરીના આદેશ ક્રમાંક ફડચ/ગ-૨/૧૧૧/૨૦૦૧/તા. ૧-૩-૨૦૦૧.

૩. ગુજરાત સહકારી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦.

હુકમ

જા. નં. ફડચ/ગ-૨/૨૯૧/૨૦૦૧.-આથી સુરેન્દ્રનગર જિલ્લાની ફડચા હેઠળની સહકારી મંડળીઓ પૈકી આ સાથેની યાદી મુજબની સહકારી મંડળીઓના તેમના નામ સામે કોલમ નં. ૫ માં દર્શાવેલ તારીખે કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઇ જવામાં આવેલ અને ફડચા કામગીરીની વૈદ્યાનિક સમય મર્યાદા પૂર્ણ થતાં વંચાણે લીધેલ ક્રમાંક-૨ ના આદેશ થી કલમ-૧૧૪ અન્વયે ફડચા કામગીરી સમાપ્તિનો આદેશ કરવામાં આવેલ, અને આદેશની તારીખથી માસ-૧ માં નોંધણી રદ કરવાની દરખાસ્ત રજુ કરવા સબંધીત ફડચા અધિકારીને જણાવવામાં આવેલ છે. પરંતુ આજ દિન સુધી કોઇ ફડચા અધિકારી તરફથી સુચવ્યા મુજબની કોઇ દરખાસ્ત રજુ કરવામાં આવેલ નથી, જેથી આથી દરખાસ્ત નિયત કરેલી સમય મર્યાદા રજુ ન કરવા બાબતે ના કારણે જો કોઇ વૈધ્યાનિક પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે અંગેની સઘળી જવાબદારી સંબધિત ફડચા અધિકારી ગણી આ સાથેની યાદી મુજબની ફડચા મંડળીઓની નોંધણી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૩ માહે મે, સને ૨૦૦૧.

સાત વર્ષ ઉપરની ફડચા મંડળીઓની નોંધણી રદ કરવાનો આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૨૯૧/૨૦૦૧. તા. ૩-૫-૨૦૦૧ નું જોડાણ.

ક્રમ	ફડચા મંડળીનું નામ	તાલુકો	નોંધણી નંબર તારીખ	ફડચાનો હુકમ નંબર તારીખ	ફડચા અધિકારીનું નામ તથા હોદ્દો
૧	૨	૩	૪	૫	૬
૧	દુધઇ સેવા સહકારી મંડળી લિ.	મુળી	૨૮૨૭ તા. ૨૪-૫-૫૯	ફડચ/ગ-૨/૯૨/૯૪ તા. ૧૪-૨-૯૪	આસી. ઇન્પેક્ટર, ધી સુ. ડી. કો. બેંક લિ. મુળી શાખા
૨	શિવપુર સેવા સહકારી મંડળી લી.	હળવદ	૧૨૮૧ તા. ૧૨-૫-૫૫	ફડચ/ગ-૨/૯૧/૯૪ તા. ૧૪-૨-૯૪	સહકારી અધિકારી નં. ૧ (ફડચો)
૩	નરાળી દૂધ ઉત્પાદન સહકારી મંડળી લિ.	ધ્રાંગધ્રા	સે. ૨૩૯૩૫ તા. ૧૫-૩-૯૦	ફડચ/ગ-૨/૯૦/૯૪ તા. ૩૦-૧૧-૯૩	સહકારી અધિકારી (ફડચો)નં. ૨
૪	ધારૈય દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ.	ચોટીલા		ફડચ/ગ-૨/૯૦/૯૪ તા. ૧૪-૨-૯૪	સહકારી અધિકારી (ફડચો) નં. ૨
૫	નાગડકા દુધ ઉત્પાદક સહકારી મંડળી લિ.	સાયલા	૨૦૪ તા. ૨૧-૨-૮૩	ફડચ/ગ-૨/૧૧૯૮/૯૧ તા. ૨૩-૧૨-૯૧	સહકારી અધિકારી ફડચો નં. ૨
૬	રમેશ પાર્ક કો. ઓ. હા. સો. લિ.	વઢવાણ	ઘ-૫૧૭ તા. ૨૦-૩-૬૨	ફડચ/ગ-૨/૭૦૭/૯૩ તા. ૩૦-૧૧-૯૩	સહકારી અધિકારી (ફડચો) નં. ૨

સુરેન્દ્રનગર, ૩ માહે મે, સને ૨૦૦૧.

INDEX

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ, વિભાગના જાહેરનામા ક્રમાંક જીએચકે એચ/૨૪-૯૧/ડીડીસી/૧૧૮૮/ ૫૨૦૪/ જે તારીખ ૩૦-૩-૯૧.

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક ફડચ/ગ-૨/૧૪૭/૨૦૦૧. તા. ૧૯-૪-૨૦૦૧.

(૩) ગુજરાત સહકારી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭.

વચગાળાનો આદેશ

જા. નં. ફડચ/ગ-૨/૩૫૭/૫૫૪૧/૨૦૦૧.-આથી હું જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરેન્દ્રનગર, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ સતાની રૂએ શ્રી પાણશીણા જુથ સેવા સહકારી મંડળી લી., મુ. પાણશીણા, તા. લીંબડી, જિલ્લો : સુરેન્દ્રનગરને સ્વેચ્છાએ ફડચામાં લઇ જવા આદેશ કરૂ છુ અને એજ કાયદાની કલમ-૧૦૮ અન્વયે મંડળીનાં ફડચા અધિકારી તરીકે ધી સુરેન્દ્રનગર જિલ્લા સહકારી બેન્ક લી., લીંબડી શાખાના આસી. ઇન્સ્પેક્ટરની નિમણુંક કરૂ છુ.

સદરહું આદેશ સામે મંડળી એ કાંઇ રજુઆત કરવાની હોય તો આદેશની તારીખથી માસ-૧ માં યોગ્ય આધાર-પુરાવા સાથે રજુઆત કરવી અન્યથા સદરહુ આદેશને કલમ-૧૦૭ (૩) અન્વયે કાયમી કરવામાં આવશે.

સુરેન્દ્રનગર, ૫ માહે મે, સને ૨૦૦૧.

નોંધણીનું પ્રમાણપત્ર

જા. નં. નધણ/ક-૩/૨૨૨/સે. ૨૫૧૨૪/૨૦૦૧.-આથી જાહેર કરે છે કે શ્રી ઢીંકવાળી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : ઢીંકવાળી, તાલુકો : સાયલા, જિલ્લો : સુરેન્દ્રનગર સને ૧૯૬૧ ના ગુજરાત કાયદા (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરેન્દ્રનગર, ૧૪ માહે મે, સને ૨૦૦૧.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંક જી. એચ. કે. એચ./૨૪-૯૧/ડીડીસી/ ૧૧૮૮/૫૨૦૪/ જે તારીખ ૩૦-૩-૯૧.

(૨) અત્રેની કચેરીનાં તા. ૭-૧-૨૦૦૧નાં પત્ર ક્રમાંક ફડચ/ગ-૨/૧૭/૨૦૦૦.

વચગાળાનો આદેશ

જા. નં. ફડચ/ગ-૨/૫૦૧/૫૮૧૫/૨૦૦૧.-આથી હું જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ સુરેન્દ્રનગર ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે મળેલ સતાની રૂએ શ્રી જુગતરામ કો. ઓ. હા. સો. લી., મુ. લખતર, તા. લખતર, જિ. સુરેન્દ્રનગર ને ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ કરૂં છું. અને એ જ કાયદાની કલમ-૧૦૮ અન્વયે સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે આ કચેરીનાં સહકારી અધિકારી ફડચો નં. ૨, ની નિમણુંક કરવામાં આવે છે.

સદરહું આદેશ અન્વયે મંડળીએ કાંઇ રજુઆત કરવાની હોય તો આદેશની તારીખથી માસ-૧માં યોગ્ય આધાર-પુરાવા સાથે રજુઆત કરવી.

અન્યથા સદરહું આદેશને કલમ-૧૦૭ (૩) અન્વયે કાયમી કરવામાં આવશે.

સુરેન્દ્રનગર, ૧૯ માહે મે, સને ૨૦૦૧.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંક જી. એચ. કે. એચ./૨૪-૯૧/ડીડીસી/ ૧૧૮૮/૫૨૦૪/ જે તારીખ ૩૦-૩-૯૧.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ફડચ/ગ-૨/૧૭૪/૨૦૦૧. તા. ૧-૭-૨૦૦૦.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮.

વચગાળાનો આદેશ

જા. નં. ફડચ/ગ-૨/૫૧૨/૫૮૫૪/૨૦૦૧.-આથી હું જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ સુરેન્દ્રનગર, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે મળેલ સત્તાની રૂએ શ્રી છાબલી જુથ સેવા સહકારી મંડલી લી., મુ. છાબલી, તા. દસાડા, જિ. સુરેન્દ્રનગરને ફડચામાં લઇ જવા વચગાળાનો આદેશ કરૂ છુ અને એ જ કાયદાની કલમ-૧૦૮ અન્વયે મંડળીના ફડચા અધિકારી તરીકે સુરેન્દ્રનગર જિલ્લા સહકારી બેન્ક લી., પાટડી, શાખાનાં આસી. ઇન્સ્પેક્ટરની નિમણુંક કરૂ છું.

સદરહુ આદેશ અન્વયે મંડળીએ કોઇ રજુઆત કરવાની હોય તો આદેશની તારીખથી માસ-૧ માં યોગ્ય આધાર-પુરાવા સાથે

INDEX

રજુઆત કરવી અન્યથા સદરહુ આદેશને કલમ-૧૦૭ (૩) અન્વયે કાયમી કરવામાં આવશે.

સુરેન્દ્રનગર, ૨૨ માહે મે, સને ૨૦૦૧.

સહી : અવાચ્ય,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
સુરેન્દ્રનગર.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના સહકાર ગાંધીનગરનાં ક્રમાંક : ઘ-૫/૧૪૮/૮૨/ડીડીસી/૧૧૮૨/૭૪૨/પી. એસ. તારીખ ૨૧-૭-૮૨.

(૨) ફડચા અધિકારી શ્રી લીંબડી ગૃપ વ. સ. મ. લી., મુ. લીંબડીનો તા. ૧૨-૧૦-૨૦૦૦ નો પત્ર ક્રમાંક : ફડચ/ગ-૩/૧૬૯/૨૦૦૦.

(૩) આ કચેરી તરફથી બહાર પાડવામાં આવેલ તા. ૨૩-૧૧-૨૦૦૦ નાં જાહેરનામા ક્રમાંક : ફડચ/ગ-૪/૨૦૨/૨૦૦૦.

કાર્યાલય આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૪/પુનઃજીવીત/૦૩/૨૦૦૦.-(૧) શ્રી લીંબડી ગૃપ વણકર સહકારી મંડળી લી., મુ. લીંબડી, તા. લીંબડી, જિલ્લો : સુરેન્દ્રનગરની નોંધણી, નોંધણી નંબર-ઉ-૪૧૮૨ તા. ૧૬-૫-૯૦ થી સહકારી કાયદા અન્વયે કરવામાં આવેલ અને સદરહું મંડળીને હુકમ નંબર ફડચ/ગ-૪/૧૨૦/૯૮ તા. ૨૯-૬-૯૮ થી ફડચામાં લઇ જવામાં આવેલ.

(૨) ઉપરોક્ત મંડળીની તા. ૨૫-૮-૨૦૦૦ નાં રોજ મળેલ ખાસ સાધારણ સભામાં નક્કી થયા મુજબ સને ૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળીઓનાં નંબર-૧૦ સને ૧૯૬૨ ની કલમ-૧૯ હેઠળ સદરહું મંડળીને પુનઃજીવીત કરવા માટે ફડચા અધિકારીશ્રીએ તેમનાં પત્ર ક્રમાંક : ફડચ/ગ-૩/૧૬૯ તા. ૧૨-૧૦-૨૦૦૦ થી મંડળીને પુનઃજીવીત કરવા અંગેની દરખાસ્ત ભલામણ કરી મોકલેલ છે.

(૩) આ કચેરી તરફથી બહાર પાડવામાં આવેલ જાહેરનામા ક્રમાંક : ફડચ/ગ-૪/૨૦૨/૨૦૦૦ તા. ૨૩-૧૧-૨૦૦૦ થી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જાહેરનામાંમાં મંડળીને પુનઃજીવીત કરવા સામે મંડળીનાં સભ્યને અથવા લેણદારોને કોઇ વાંધો હોય તો તે લેખીતમાં આ જાહેનામાંની તારીખથી ૧ (એક) માસમાં આ કચેરીને રજુ કરવા વિનંતી કરાવેલ છે. તેમ છતાં આ બાબતે જણાવેલ સમય મર્યાદામાં આ કચેરી સમક્ષ કોઇપણ જાતનાં વાંધાઓ કોઇના તરફથી આવેલ નથી, જેથી આ અંગે કોઇને વાંધો નથી એમ માનવાને કારણ છે.

(૪) જેથી હું બી. એલ. ખાન્ડે, મેનેજર (કે.વી.સી.આઇ.) અને જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ઉદ્યોગ) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરેન્દ્રનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ ક્રમાંક ૧૦, ૧૯૬૨ની કલમ-૧૯ ની જોગવાઇ મુજબ સદરહું કલમ હેઠળ મને મળેલ અધિકારીની રૂઇએ શ્રી લીંબડી ગૃપ વણકર સહકારી મંડળી લી., મુ. લીંબડી, તા. લીંબડી તા. લીંબડી, જિલ્લો : સુરેન્દ્રનગરને પુનઃજીવીત કરવાનો આથી આદેશ કરવામાં આવે છે.

(૫) મંડળીનાં અગાઉનાં નોંધણી નંબર, તારીખ, નામ તથા પેટા-નિયમ વિગેરે તેમના તેમ ચાલુ રહેશે.

સુરેન્દ્રનગર, ૪ માહે જાન્યુઆરી, સને ૨૦૦૧.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નધણ/ગ-૭/ઉ/૫૮૧૬/૧૧૪/૨૦૦૧.-આથી જાહેર કરે છે કે શ્રી આદિત્ય જુથ હસ્તકલા અને હાથશાળ ઉદ્યોગ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : લીંબડી, તાલુકો : લીંબડી, જિલ્લો : સુરેન્દ્રનગર સને ૧૯૬૧ ની ગુજરાત સહકારી મંડળીના અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરેન્દ્રનગર, ૧૫-૧૬ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૧.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નધણ/ગ-૭/ઉ/૫૮૧૫/૨૦૦૦.-આથી જાહેર કરે છે કે શ્રી ભવાની મહિલા હસ્તકલા ઉત્પાદન અને વેચાણ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : થાનગઢ, તાલુકો : ચોટીલા, જિલ્લો : સુરેન્દ્રનગર સને ૧૯૬૧ ની ગુજરાત સહકારી મંડળીના અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરેન્દ્રનગર, ૪ માહે નવેમ્બર, સને ૨૦૦૦.

બી. એલ. ખાન્ડે,
મેનેજર, (કેવીસીઆઈ)
અને જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળી, (ઉદ્યોગ)
જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરેન્દ્રનગર.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે :

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : ઘબ/૧૪૮/૮૨/ડીડીસી/૧૧૮૨/૭૪૨૫/એસ. ૩ તારીખ ૨૧-૭-૮૨.

(૨) ફડચા અધિકારી શ્રી મુંજપર (પટ) વિકાસ વણકર સ. મં. મુંજપર તા. વઢવાણ, જિ.ઉ.કે. સુરેન્દ્રનગર ના પત્ર ક્રમાંક નંબર ફડચ/ગ-૩/૧૭૧/૨૦૦૦. તા. ૧૩-૧૧-૨૦૦૦.

(૩) અત્રેની કચેરી તરફથી બહાર પાડવામાં આવેલ જાહેરનામા ક્રમાંક સરકાબાવ/૧૧૧૬૩/૨૦૦૧ તા. ૨૦-૨-૨૦૦૧.

(૪) શ્રી મેને.સા. (કે. વી. આઇ.) મને જિલ્લા રજીસ્ટ્રાર સ. મં. (ઉદ્યોગ) જિ.ઉ.કે. સુરેન્દ્રનગર ના પત્ર ક્રમાંક નં. કન્યા/ગ-૪/પુનઃજીવીત/૨૪/૨૦૦૧. તા. ૧૮-૧-૨૦૦૧.

હુકમ

નં. સહ/વહવ/પુનઃજીવીત/૯૭૧૨/૯૯-૨૦૦૦.-શ્રી મુંજપર (પટ) વિકાસ વણકર સહકારી મંડળી લી., મુ. મુંજપર કે જેનો નોંધણી નંબર ઉ-૯૬૬૬ તા. ૬-૧-૯૦ થી સહકારી મંડળીઓના કાયદા અન્વયે કરવામાં આવેલ અને સદરહું મંડળીને જિલ્લા રજીસ્ટ્રાર સાહેબ, સ. મ. (ઉદ્યોગ) સુરેન્દ્રનગરની કચેરીના હુકમ નં. ફડચ/ગ-૪/૧૬ તારીખ ૧૩-૯-૯૭ થી ફડચામાં લઇ જવામાં આવેલ.

ઉપરોક્ત મંડળીની તારીખ ૧૭-૧૦-૨૦૦૦ ના રોજ મળેલ ખાસ સામાન્ય સભામાં નક્કી થયા મુજબ સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના અધિનિયમ ક્રમાંક ૧૦ ની કલમ-૧૯ હેઠળ સદરહું મંડળીને પુનઃજીવીત કરવા માટે ફડચા અધિકારીશ્રીના વંચાણે લીધેલ નં. ૨ ના પત્રથી મંડળીને પુનઃજીવીત કરવા માટેની દરખાસ્ત અત્રેની કચેરીને ભલામણ સહ સાદર કરેલ છે.

વંચાણે લીધેલ પત્ર-૩, માં જણાવેલ વિગતે અને શરતે આ જાહરનામાં મંડળીએ પુનઃજીવીત કરવા સામે મંડળીના સભ્યોને અને અથવા લેણદારોને જે કાઇ વાંધા હોય તે લેખીતમાં આ જાહેરનામાની તારીખથી દિવસ ૧૦ માં આ કચેરી સમક્ષ રજુ કરવા જણાવેલ આ બાબતે આ કચેરી સમક્ષ કોઇના તરફથી વાંધાઓ આવેલ નથી તેમજ વંચાણે લીધેલ પત્ર-૪, થી જાહરનામા અંગે કોઇ વાંધા આવેલ નથી.

તારીખ ૧૭-૧૦-૨૦૦૦ થી મંડળીની આર્થિક સ્થિતિ દર્શાવતું સરવૈયું નીચે પ્રમાણે છે.

શેર ભંડોળ	૩૧૪૭૦	સાધન ખરીદી	૩૩૯૩૪
અનામત ભંડોળ	૬૯	શેરલોન	૧૩૭૭૦
સભ્ય બચત ફાળો	૮૮૯૯/૫૦	અન્યબીલ	૧૧૩૭
સાધન સહાય	૨૫૪૫૧/૨૫	ડીસ્ટ્રીક બેંક	૩૩૧/૪૧
થાપણ	૩૫૮૩૬	બાકી વળતર	૫૮૦૮૬/૮૦
થાપણ દર મહિને	૧૧૨૭૦	મંડળી રીબેટ	૯૫૫૫૧/૭૦
વહીવટી સહાય	૧૨૦૦૦	સીલીક	૪૦/૮૨
૧ નું	૭૮૦૯૧/૯૮	તફાવત	૨૦૦
	૨૦૩૦૮૭/૭૩		૨૦૩૦૮૭/૭૩

આથી અમો શ્રી એન. એ. આદ્રોજા, મ. જિ. રજી. સ. મં. (પં) સુરેન્દ્રનગર સને ૧૯૬૧ ના ગુજ. સહ. મંડળીઓના અધિનિયમ ક્રમાંક ૧૦ સને ૧૯૬૨ની કલમ-૧૯-બ, ની જોગવાઇ સદરહું કલમ હેઠળ મળેલ અધિકારીની રૂએ શ્રી મુજપર (પટ) વિકાસ વણકર સ. મં. મુજપર, તાલુકો : વઢવાણ, જિલ્લો : સુરેન્દ્રનગર ને પુનઃજીવીત કરવાનો અગાઉ કાઢવામાં આવેલ જાહરનામાં જણાવેલ મુદ્દાઓ તથા નીચે જણાવેલ સુચનાને આધીન રહીને આથી આદેશ કરવામાં આવે છે.

મંડળીએ અગાઉના ઓડીટ રીપોર્ટમાં દફતર સુધારાના વહીવટી બાબતો અંગેના મુદ્દાઓ વાસ્તવીક દુરસ્તી કરવાની રહેશે. તેમજ શેર ભંડોળ વધારવાનું રહેશે.

મંડળીના અગાઉના નોંધણી નંબર, તારીખ, નામ તથા પેટા નિયમ જેમના તેમ ચાલુ રહે છે.

સુરેન્દ્રનગર, ૧૩ માહે માર્ચ, સને ૨૦૦૧.

વંચાણે :

(૧) સરકારશ્રીના સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : ઘબ/૧૪૮/૮૨/ડીડીસી/૧૧૮૨/૭૪૨૫/એસ. ૩ તારીખ ૨૧-૭-૮૨.

(૨) ફડચા અધિકારી શ્રી ચામુડા હાથવણાટ સ. મં. લી., મુ. કમાલપુર, તા. લીંબડી, જિ.ઉ.કે. સુરેન્દ્રનગર ના પત્ર ક્રમાંક નંબર ફડચ/ગ-૩/૯/૨૦૦૧ તા. ૮-૧-૨૦૦૧.

(૩) અત્રેની કચેરી તરફથી બહાર પાડવામાં આવેલ જાહેરનામા ક્રમાંક સહક/બ/વશી/૮૪/૨૦૦૧ તા. ૨૦-૧-૨૦૦૧.

(૪) શ્રી મેને.સા. (કે. વી. સી. આઇ.) મને જિલ્લા રજીસ્ટ્રાર સ. મં. (ઉદ્યોગ) જિ.ઉ.કે. સુરેન્દ્રનગર ના પત્ર ક્રમાંક નં. ફડચ/ગ-૪/પુનઃજીવીત/૨૪/૨૦૦૧. તા. ૧૮-૧-૨૦૦૧.

હુકમ

નં. સહ/વહવ/પુનઃજીવીત/૨૦૦/૯૯-૨૦૦૦.-શ્રી ચામુંડા હાથવણાટ સહકારી મંડળી લી., કે જેનો નોંધણી નંબર ઉ-૬૬૦૮ તા. ૨-૧૨-૮૭ થી સહકારી મંડળીઓના કાયદા અન્વયે કરવામાં આવેલ અને સદરહું મંડળીને જિલ્લા રજીસ્ટ્રાર સાહેબ, સ. મ. (ઉદ્યોગ) સુરેન્દ્રનગરની કચેરીના હુકમ નં. ફડચ/ગ-૪/૧૬/૧૯૯૭ તારીખ ૩-૧-૯૭ થી ફડચામાં લઇ જવામાં આવેલ.

ઉપરોક્ત મંડળીની તારીખ ૬-૧-૨૦૦૧ ના રોજ મળેલ ખાસ સામાન્ય સભામાં નક્કી થયા મુજબ સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના અધિનિયમ ક્રમાંક ૧૦ ની કલમ-૧૯ હેઠળ સદરહું મંડળીને પુનઃજીવીત કરવા માટે ફડચા અધિકારીશ્રીના વંચાણે લીધેલ નં. ૨ ના પત્રથી મંડળીને પુનઃજીવીત કરવા માટેની દરખાસ્ત અત્રેની કચેરીને ભલામણ સહ સાદર કરેલ છે.

વંચાણે લીધેલ પત્ર-૩, માં જણાવેલ વિગતે અને શરતે આ જાહરનામાં મંડળીએ પુનઃજીવીત કરવા સામે મંડળીના સભ્યોને અને અથવા લેણદારોને જે કાઇ વાંધા હોય તે લેખીતમાં આ જાહેરનામાની તારીખથી દિવસ ૧૦ માં આ કચેરી સમક્ષ રજુ કરવા જણાવેલ આ બાબતે આ કચેરી સમક્ષ કોઇના તરફથી વાંધાઓ આવેલ નથી તેમજ વંચાણે લીધેલ પત્ર-૪, થી જાહરનામા અંગે કોઇ વાંધા આવેલ નથી.

તારીખ ૬-૧-૨૦૦૧ થી મંડળીની આર્થિક સ્થિતિ દર્શાવતું સરવૈયું નીચે પ્રમાણે છે.

મુડી દેવા		મિલ્કત લેણાં	
શેર ભંડોળ	૧૫૩૦૦	ધી સુ.નગર ડી.બેન્ક	૨૪૦/૩૫
અનામત ભંડોળ	૫૪	રીબેટ	૧૦૨૫૫૮
શેરલોન	૮૨૬૨	અનુ. દ. ફંડ	૧૦૦
થાપણ	૨૧૩૦૫૦	સભ્યની લોન વિ.	૧૩૭૭૦
		ન. નુ.	૨૯૮૦૪/૬૫
		બંધ સીલીક	૧૯૩
	૨૩૬૬૬૬		૨૩૬૬૬૬

આથી અમો શ્રી એન. એ. આદ્રોજા મ. જિ. રજી. સ. મં. (પં) સુરેન્દ્રનગર સને ૧૯૬૧ ના ગુજ. સહ. મંડળીઓના અધિનિયમ ક્રમાંક ૧૦ સને ૧૯૬૨ની કલમ-૧૯-બ, ની જોગવાઇ સદરહું કલમ હેઠળ મળેલ અધિકારીની રૂએ શ્રી ચામુંડા હાથવણાટ સ. મં. કમાલપુર, તાલુકો : લીંબડી, જિલ્લો : સુરેન્દ્રનગર ને પુનઃજીવીત કરવાનો અગાઉ કાઢવામાં આવેલ જાહેરનામાં જણાવેલ મુદ્દાઓ તથા નીચે જણાવેલ સુચનાને આધીન રહીને આથી આદેશ કરવામાં આવે છે.

મંડળીએ અગાઉના ઓડીટ રીપોર્ટમાં દફતર સુધારાના વહીવટી બાબતો અંગેના મુદ્દાઓ વાસ્તવીક દુરસ્તી કરવાની રહેશે. તેમજ શેર ભંડોળ વધારવાનું રહેશે.

મંડળીના અગાઉના નોંધણી નંબર, તારીખ, નામ તથા પેટા નિયમ જેમના તેમ ચાલુ રહે છે.

સુરેન્દ્રનગર, ૧૩ માહે માર્ચ, સને ૨૦૦૧.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે :

(૧) સરકારશ્રીના સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : ઘબ/૧૪૮/૮૨/ડીડીસી/૧૧૮૨/૭૪૨૫/એસ. ૩ તારીખ ૨૧-૭-૮૨.

(૨) ફડચા અધિકારી શ્રી રામ ઉત્પાદન અને વેચાણ વણકર સ. મં. લી., મુ. કારોલ, જિ.ઉ.કે. સુરેન્દ્રનગર ના પત્ર ક્રમાંક નંબર ફડચ/૩૧૧૪/૨૦૦૧. તા. ૧૮-૧-૨૦૦૧.

(૩) અત્રેની કચેરી તરફથી બહાર પાડવામાં આવેલ જાહેરનામા ક્રમાંક સહક/બ/વશી/૧૧૦/૨૦૦૧ તા. ૧૫-૩-૨૦૦૧.

(૪) શ્રી મેને.સા. (કે. વી. સી. આઇ.) મને જિલ્લા રજીસ્ટ્રાર સ. મં. (ઉદ્યોગ) જિ.ઉ.કે. સુરેન્દ્રનગર ના પત્ર ક્રમાંક નં. ફડચ/ગ-૪/૪૮/૨૪/૨૦૦૧. તા. ૯-૫-૨૦૦૧.

હુકમ

નં. સહ/વહવ/પુનઃજીવીત/૩૨૫/૯૯-૨૦૦૦.-શ્રી રામ ઉત્પાદન અને વેચાણ વણકર સહકારી મંડળી લી., મુ. કારોલ, તા. ચુડા, કે જેનો નોંધણી નંબર ઉ-૬૬૧૨ તા. ૧૫-૧૨-૮૭ થી સહકારી મંડળીઓના કાયદા અન્વયે કરવામાં આવેલ અને સદરહું મંડળીને જિલ્લા રજીસ્ટ્રાર સાહેબ, સ. મ. (ઉદ્યોગ) સુરેન્દ્રનગરની કચેરીના હુકમ નં. ફડચ/૪/૧૧૨/૯૮ તારીખ ૨૯-૬-૯૮ થી ફડચામાં લઇ જવામાં આવેલ.

ઉપરોક્ત મંડળીની તારીખ ૧૭-૧-૨૦૦૧ ના રોજ મળેલ ખાસ સામાન્ય સભામાં નક્કી થયા મુજબ સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના અધિનિયમ ક્રમાંક ૧૦ ની કલમ-૧૯ હેઠળ સદરહું મંડળીને પુનઃજીવીત કરવા માટે ફડચા અધિકારીશ્રીના વંચાણે લીધેલ નં. ૨ ના પત્રથી મંડળીને પુનઃજીવીત કરવા માટેની દરખાસ્ત અત્રેની કચેરીને ભલામણ સહ સાદર કરેલ છે.

વંચાણે લીધેલ પત્ર-૩, માં જણાવેલ વિગતે અને શરતે આ જાહરનામાં મંડળીએ પુનઃજીવીત કરવા સામે મંડળીના સભ્યોને અને અથવા લેણદારોને જે કાઇ વાંધા હોય તે લેખીતમાં આ જાહેરનામાની તારીખથી દિવસ ૧૦ માં આ કચેરી સમક્ષ રજુ કરવા જણાવેલ આ બાબતે આ કચેરી સમક્ષ કોઇના તરફથી વાંધાઓ આવેલ નથી તેમજ વંચાણે લીધેલ પત્ર-૪, થી જાહરનામા અંગે કોઇ વાંધા આવેલ નથી.

તારીખ ૧૭-૧-૨૦૦૧ થી મંડળીની આર્થિક સ્થિતિ દર્શાવતું સરવૈયું નીચે પ્રમાણે છે.

જમા		ઉધાર	
દાખલ ફી	૧૭	રોકડ ખાતુ	૩૪૭/૧૮
શેર ભંડોળ	૨૭૦૩૦	સુ. જી. લી. બેંક	૨૬૨/૬૫
અનામત ભંડોળ	૫૪	સાધન	૧૯૩૨૫
સાધન ફાળો	૪૮૩૧/૨૫	હાથશાળ કાપડ રિબેટ	૧૨૯૯૯૩/૧૦
સાધન સહાય	૧૪૪૯૩/૭૫		
શેરલોન	૧૩૫૦૦		
વહીવટી સહાય	૯૦૦૦		
સુ.જી.લી. બેન્ક	૫૫૧૪૩/૫૦		
થાપણ	૧૧૭૪૬/૫૦		
,,	૩૫/૫૦		
,,	૩૦૦૦		
વર્ષ નુકશાન	૭૯૫૫/૪૩		
	૧૫૦૩૧૭/૯૩		૧૫૦૩૧૭/૯૩

આથી અમો શ્રી એન. એ. આદ્રોજા મ. જિ. રજી. સ. મં. (પં) સુરેન્દ્રનગર સને ૧૯૬૧ ના ગુજ. સહ. મંડળીઓના અધિનિયમ ક્રમાંક ૧૦ સને ૧૯૬૨ની કલમ-૧૯-બ, ની જોગવાઇ સદરહું કલમ હેઠળ મળેલ અધિકારીની રૂએ શ્રી રામ ઉત્પાદન અને વ્યાપાર વણાટ સ. મં. કારોલ, તાલુકો : ચુડા, જિલ્લો : સુરેન્દ્રનગર ને પુનઃજીવીત કરવાનો અગાઉ કાઢવામાં આવેલ જાહરનામાં જણાવેલ મુદ્દાઓ તથા નીચે જણાવેલ સુચનાને આધીન રહીને આથી આદેશ કરવામાં આવે છે.

મંડળીએ અગાઉના ઓડીટ રીપોર્ટમાં દફતર સુધારાના વહીવટી બાબતો અંગેના મુદ્દાઓ વાસ્તવીક દુરસ્તી કરવાની રહેશે. તેમજ શેર ભંડોળ વધારવાનું રહેશે.

મંડળીના અગાઉના નોંધણી નંબર, તારીખ, નામ તથા પેટા નિયમ જેમના તેમ ચાલુ રહે છે.

સુરેન્દ્રનગર, ૧૪ માહે મે, સને ૨૦૦૧.

એન. એ. આદ્રોજા,
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (પં),
સુરેન્દ્રનગર.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

REGISTERED No. GRJ-24

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XLII]   THURSDAY, 5TH JULY, 2001/ ASHADHA 14, 1923   [No. 27

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appointments etc.,	303-318	(Suppliment) Government Notifica-tions Published under Land Acquisition Act only Supplement.	253-270
		PART - II	
		Miscellaneous Notices, Advertis-ments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	459-468
PART - I - A		**PART - III**	
Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil	Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

INDEX

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

By the District and Sessions Judge.

NOTIFICATION

No. B/UHC/10/11386/2000.- In accordance with the provisions contained in Para-625 Chapter XXXI of Civil Manual Vol-I, 1960, the District Judge, Bhavnagar, is pleased to notify the following holidays to be observed in the year 2001. The District Court, Bhavnagar and all Subordinate Court to it in the Judicial District of Bhavnagar District, shall remain closed on these days :

Sr. No. 1	Name of the Holliday 2	Date According to Gregorian Calander 3	Day 4
01.	Republic Day	26th January, 2001	Friday
02.	Maha Shivratri	21st February, 2001	Wednesday
03.	Bakri-Id-(Id-Ul-Aza)	06th March, 2001	Tuesday
04.	Holi-2nd Day (Dhuleti)	10th March, 2001	Saturday
05.	Chetichand	26th March, 2001	Monday
06.	Ramnavmi	02nd April, 2001	Monday
07.	Muhuram	05th April, 2001	Thursday
08.	Mahavir Jayanti	06th April, 2001	Friday
09.	Good Friday	13th April, 2001	Friday
10.	Dr. Babasaheb Ambedkar's Birthday	14th April, 2001	Saturday
11.	Bhagvan Shri Parshuram Jayanti	25th April, 2001	Wednesday
12.	Id-E-Milad-Un-Nabi (Prophet-Mohamed's Birthday)	05th June, 2001	Tuesday
13.	Raksha Bandhan	04th August, 2001	Saturday
14.	Independence Day	15th August, 2001	Wednesday
15.	Parsi New Year Day (Parsi Sahenshahi)	21th August, 2001	Tuesday
16.	Samvantsari (Chaturthi Paksha)	22nd August, 2001	Wednesday
17.	Mahatma Gandhi Birthday	02nd October 2001	Tuesday
18.	Dushera	26th October, 2001	Friday
19.	Sardar Vallabhbhai Patel's Birthday	31st October 2001	Wednesday
20.	Diwali (Extra)	12th November, 2001	Monday
21.	Diwali (Extra)	13th November, 2001	Tuesday
22.	Diwali	14th November, 2001	Wednesday
23.	Diwali	15th November, 2001	Thursday
24.	(1) Diwali-New Years Day (2) Bhai-Bij	16th November, 2001	Friday
25.	Diwali (Extra)	17th November, 2001	Saturday
26.	Guru Nanak's Birthday	30th November, 2001	Friday
27.	Ramzan-Id (Id-Ul-Fitra)	17th December, 2001	Monday
28.	Christms Day	25th December, 2001	Tuesday

Note :

1. The following days have not been notified as PUBLIC HOLIDAYS as they fall on SUNDAY.

   01. Makarsankranti 14th January, 2001.

   02. Janmashtmi (Krishna Jayanti) 12th August, 2001.

INDEX

3. In addition to the Holidays, notified above, Government servants may avail of maximum of any two of the Holidays on the festival occassions at their option and irrespective of their religious denomination out of the list of optional holidays declared vide Government Notification GAD/No. GS/2000-41-PHD/10200/3672/GH dated 1st November, 2000. Permission for availment of those Holidays should, however, be applied for in advance and will normally be granted by the officer competent to grant Casual Leave with due regards to exigencies of Government work. This leave of two days taken by Government Servants at their option on the festival of their choice will not be debited to their casual leave account.

3. If any of the Muslim festival notified above, does not fall on the day notified, the Muslim Government Servants who choose the particular holiday may be granted as optional holiday on the day on which the festival actually falls, in lieu of a holiday on the day notified.

Bhavnagar, 13th December, 2000.

D. B. SONI,

District and Session Judge,
Bhavnagar

By the Distirct Judge

NOTIFICATION

No. B-5(7)/953/2001.-Out of the candidates appeared in the Departmental Higher/Lower Standard Examination held in the District Court, Bhavnagar, on 3rd and 4th July-2000, the following candidates appearing in the said examination are declared successful as per their Merits.

HIGHER STANDARD EXAMINATION

— NIL —

LOWER STANDARD EXAMINATION

01. Mr. V. H. Shah
02. Mr. P. B. Joshi
03. Mr. H. V. Joshi
04. Ms. J. R. Solanki
05. Mr. Ajay Vargese
06. Mr. B. J. Shah
07. Mr. R. I. Malvat
08. Mr. J. M. Sarvaiya
09. Mr. P. K. Shah
10. Mr. A. N. Thakkar
11. Mr. C. Z. Chudasama
12. Ms. J. A. Shah

LOWER STANDARD EXAMINATION

13. Mr. J. C. Sangani
14. Mr. D. B. Oza
15. Ms. N. K. Bhavsar
16. Mr. J. K. Andhariya
17. Mr. S. B. Solanki
18. Ms. H. U. Vaghela
19. Mr. A. B. Boricha
20. Mr. R. K. Parmar
21. Mr. T. A. Kureshi
22. Mr. G. K. Parmar
23. Mr. P. N. Rav
24. Ms. B. N. Navadiya
25. Ms. D. C. Gola
26. Mr. H. N. Mehta
27. Mr. B. G. Dave
28. Mr. R. C. Majethia
29. Ms. J. G. Lakhani
30. Mr. M. D. Gadhavi
31. Mr. A. C. Makwana
32. Mr. H. R. Pandya

Bhavnagar, 31st January, 2001.

B. D. SONI,

District Judge,
Bhavnagar.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

સુધારા જાહેરનામું

ક્રમાંક : નં. ડીએમ-૧-૨૦૪૪-૨૦૦૦.-અત્રેના તા. ૨૫/૧૦/૯૯ના જાહેરનામા નં. ડીએમ/૧/ફા.૨૯૧/૯૯, થી જાહેર મનોરંજન કાર્યક્રમો (યોગ્યતા પ્રમાણપત્ર) નિયમો-૧૯૬૮, આખરી/ફાયનલ જાહેર કરવામાં આવ્યા છે. તેના અનુસંધાને બોમ્બે પોલીસ એકટ-૧૯૫૧ની કલમ-૩૩ અન્વયે મને મળેલ અધિકારની રુઈએ સદરહુ જાહેરનામામાં નીચે મુજબ ઉમેરો કરવામાં આવે છે.

"અપંગ વ્યકિતઓ, મનોરંજન અને જાહેર ઉપયોગના સ્થળોએ અવરોધ વીના પ્રવેશ મેળવી શકે તેવી વ્યવસ્થા કરવા માટે આવા જે ક્ષેત્રોમાં નવાં પરવાના આપવાના થાય તેવા નવા પરવાના આપતા પહેલા અને જુના પરવાના તાજા કરતા પહેલા તમામ કિસ્સાઓમાં આ સાથે જોડેલ નિયત નમુનામાં ના-વાંધા પ્રમાણપત્ર મેળવવાનું રહેશે."

સદરહુ જાહેરનામાનો અમલ તા. ૧/૧/૨૦૦૧ થી કરવો.

ભાવનગર, ૧૭ માહે ડીસેમ્બર, સને ૨૦૦૦.

કે. એ. પટેલ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર જિલ્લો,
ભાવનગર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

ફોજદારી કાર્યરીતી અધિનીયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલો

હુકમ

ક્રમાંક : નં. ડીએમ-૧-ફા.૪૩-૨૦૦૦.-ભાવનગર જિલ્લાના ઘોઘા પોલીસ સ્ટેશન તાબાના ખરકડી ગામે બાલમશાપીરની દરગાહ આવેલ છે. આ દરગાહ પર દર વર્ષે ઉર્ષ મેળો ભરાય છે. તે પ્રમાણે ચાલુ સાલે આગામી તારીખ : ૬-૧-૨૦૦૧ થી તારીખ : ૮-૧-૨૦૦૧ સુધી ખરકડી મુકામે ઉર્ષ ભરાનાર છે. તેમાં હિન્દુ/મુસ્લીમ કોમના માણસો, મોટા પ્રમાણમાં એકઠા થનાર છે. આ ઉર્ષના દિવસો દરમ્યાન ઢોરોની કતલ થતી હોય લોકોની ધાર્મિક લાગણી દુભાય, કોમી રમખાણો સર્જાય અને તેની લીધે કાયદો અને વ્યવસ્થા નહી જળવાતા લોકોના જાન સલામતી જોખમાય તેમ છે.

તેથી, હું એ. ડી. કટારા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જીલ્લો, ભાવનગર ભારતના ફોજદારી કાર્યરીતી અધિનીયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો) ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રુઈએ ફરમાવું છું કે, ઘોઘા તાલુકાના ખરકડી ગામ અને તેની આજુબાજુના ૮ કી.મી. વિસ્તારમાં તા. ૬-૧-૨૦૦૧ થી તા. ૮-૧-૨૦૦૧ સુધી કોઈએ જાહેર કે ખાનગી માલીકીની જગ્યામાં પશુની કતલ કરવી નહી. તેમજ રસ્તા પરથી પસાર થતા લોકોને ધૃણા ઉત્પન્ન થાય, કંટાળો આવે તેવી રીતે કોઈપણ જાનવરનું મડદુ, ચામડુ સાફ કરવું નહી. સદરહું હુકમનો ચુસ્તપણે અમલ કરવો અને કોઈપણ દ્વારા આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૯૬૦ના ૪૫માં અધિનિયમની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

હું આથી ફરમાવું છું કે, ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ હુકમની નકલો ચોંટાડીને અને લાઉડ સ્પીકર વાહન દ્વારા અને સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધિ કરીને આ હુકમ પ્રસિધ્ધ કરવો.

આજ તારીખ ૧-૧-૨૦૦૧ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ભાવનગર, ૧ માહે જાન્યુઆરી, સને ૨૦૦૧.

મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(એસ) નીચે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : નં. ડીએમ-૧-ફા.૩૧૨-૨૦૦૦.-ભાવનગર જિલ્લાના શિહોર ગામની બાજુમા આવેલ ટાણા રોડની દક્ષિણ દિશાએ સર્વે નં. ૨૮૨ ની જમીન જે પોલીસ ખાતાએ ફાયરીંગ બટ માટે પસંદ કરેલ છે. જેનો ઉપયોગ પોલીસ તંત્ર ફાયરીંગ બટ માટે કરે છે. આ ફાયરીંગ બટમાં અમરેલી જીલ્લાના પોલીસ કર્મચારીઓને તા. ૧૬-૧-૨૦૦૧ થી તા. ૨૮-૨-૨૦૦૧ રોજ ફાયરીંગ પ્રેકટીસ કરવાના છે.

સબબ જાનમાલની સલામતી ખાતર મુંબઈ પોલીસ અધિનીયમ-૧૯૫૧ ની કલમ-૩૩(એસ.) થી મળેલ અધિકારની રુઈએ હું એ. ડી. કટારા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર આથી ફરમાવું છું કે, શિહોર ગામના સર્વે નં. ૨૮૨ શિહોર-ટાણા રોડની દક્ષિણ દિશાએ અડધોમાઈલના વિસ્તારમાં તા. ૧૬-૧-૨૦૦૧ થી તા. ૨૮-૨-૨૦૦૧ સુધી કોઈપણ શખ્સે જવું નહીં તેમજ ઢોરોને સદરહું વિસ્તારમાં ચરાવવા નહી.

મે આજ તારીખ ૧-૧-૨૦૦૧ ના રોજ મારી સહી તથા કચેરીનો સીકકો કરી જાહેર જનતાની જાણ માટે બહાર પાડવામાં આવ્યો.

ભાવનગર, ૧ માહે જાન્યુઆરી, સને ૨૦૦૧.

મુંબઇ પોલીસ અધિનીયમ-૧૯૫૧ સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલો હુકમ

ક્રમાંક : ડીએમ-૧-ફા.૧/૨૦૦૧.-ભાવનગર જીલ્લામાં આગામી તારીખ : ૯-૧-૨૦૦૧ થી તા. ૧૩-૧-૨૦૦૧ સુધી બગદાણા પુ. બજરંગદાસ બાપા આશ્રમે મેળો ભરાતો હોઇ તેમજ તા. ૧૪-૧-૨૦૦૧ ના મકર સકાંતી તહેવાર તથા તા. ૨૬-૧-૨૦૦૧ ના પ્રજાસત્તાક દિનનો કાર્યક્રમ ઉજવાનાર હોઈ તેમજ

જીલ્લામાં તાજેતરમાં ઓછા વરસાદનાં કારણે પાણીની થયેલ વિકટ પરિસ્થિતિ તેમજ આ પ્રશ્ને તથા વીજદર વધારાના પ્રશ્ન વિરોધમાં વિરોધપક્ષો, ખેડૂત સંગઠનો દ્વારા આંદોલનો ચાલતા હોઈ, જેથી આગામી દિવસોમાં કાયદો અને વ્યવસ્થા સુલેહશાંતીપૂર્વક જળવાય રહે તે માટે અગમચેતીનાં પગલાં લેવા અનિવાર્ય જણાતા સમગ્ર ભાવનગર જાલ્લામાં લોકો જાહેરમાં તીક્ષ્ણ હથીયારો જેવાકે છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા,વિગેરે જેવા પ્રાણઘાતક હથીયારો લઈને હરે ફરે નહી તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂં બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ મુંબઈ પોલીસ અધિનીયમ-૧૯૫૧ના મુંબઈનાં ૨૨ માં અધિનીયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું એ. ડી. કટારા, જી. એ. એસ., અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જીલ્લો ભાવનગર આથી જાહેરશાંતી અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસૂચિમા દર્શાવેલ વિસ્તારમાં તા. ૫-૧-૨૦૦૧ થી તા. ૪-૨-૨૦૦૧ સુધી (બન્ને દિવસો સુધ્ધાં)

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, બંદુક, છરી, લાકડી અથવા લાઠી, અથવા શારીરિક ઇજા પહોચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઇ જવા નહીં.

(ખ) કોઈપણ ભયકારી, ભયકારી સ્ફોટક પદાર્થ સાથે લઇ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ સાથે લઈ જવી નહીં, એકઠી કરવી નહી, તથા તૈયાર કરવી નહી.

(ઘ) સરઘસમાં સળગતા કાકડા અથવા સળગતી મશાલો સાથે લઈ જવી નહી.

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાનો ઇરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી. અશ્લીલ ગીતો ગાવા નહી. અથવા ટોળામાં ફરવું નહીં.

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી, તેવા ચિત્રો, પત્રિકાઓ, પ્લેકાર્ડ અથવા કોઈપણ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહી, બતાવવી નહી, અથવા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ ક-ખ-ગ-ઘ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

૧. સરકારી નોકર કે કામ કરતી કોઈ વ્યક્તિને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવુ કોઇપણ હથિયાર લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઇપણ હથિયાર લઇ જવાની તેની ફરજ હોય.

૨. જિલ્લા પોલીસ અધિકારી અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરીક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

૩. જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતને.

૪. કાયદેસરના હથીયાર પરવાના ધરાવનાર વ્યકિતને.

અનુસૂચિ :

- ભાવનગર જીલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને મુંબઈ પોલીસ અધિનીયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોટાડીને સદરહું વિસ્તારમાં ધ્વનીવર્ધક યંત્રો દ્વારા ઢંઢેરો પીટાવીને પ્રસીધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ : -૧-૨૦૦૧ના રોજ મારી સહી તથા સીક્કો માર્યો.

ભાવનગર, ૨ માહે જાન્યુઆરી, સને ૨૦૦૧.

જાહેરનામું

નં. ડીએમ./૧/ફા-૩૧૨/૨૦૦૦.-ભાવનગર શહેર/જીલ્લામાં પ્રવર્તતી પાણીની તંગીને લક્ષમાં લેતા તેમજ જિલ્લાના જળાશયોમાં સંગ્રહાયેલ પાણીનો જથ્થો અપૂરતો હોઇ તેમાં અનઅધિકૃત રીતે માથાભારે તત્વો દ્વારા બગાડ કે ઉદ્‌વહન સિંચાઈ થાય નહી તે જરૂરી છે, કેમ કે પાણીના ગેરકાયદેસર રીતે ઉપાડ કે બગાડ થવાથી તેની સીધી અસર પીવાના પાણીના પુરવઠા ઉપર પડે છે. તેથી ફોજદારી કાર્યરીતી અધિનીયમ-૧૯૭૩ (સને ૧૯૭૪નો ૨જો) ની કલમ-૧૪૪ મુજબ પગલા લેવા, ઝડપી ઉપાય યોજવા પુરતું કારણ હોઈ, હું એ. ડી. કટારા, જી. એ. એસ., અધિક જીલ્લો મેજીસ્ટ્રેટ, ભાવનગર જીલ્લો ભાવનગર સદરહું અધિનીયમની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, શેત્રુંજી, રોજકી, માલણ, રંઘોળા, કાળુભાર, ઘેલો (સોમનાથ), ઘેલો(ઇતરીયા), માલતટ, ખોડીયાર, લીંબાળી, ખારો, રજાવળ, લાખણકા, હમીપરા, માલપરા, તથા હણોલ જળાશયો અને તેની ઉપરવાસમાં પાણીની મહત્તમ/પુર્ણ સપાટીથી ૨૦૦ મીટર સુધી અને તેના હેઠવાસમાં ૫૦૦ મીટર સુધીની હદમાંથી તા. ૧૩-૧-૨૦૦૧ થી તા. ૧૨-૩-૨૦૦૧ સુધી અત્રેથી અધિકૃતિ મેળવ્યા સિવાય કોઈએ કોઈપણ રીતે પાણી લઇ જવું નહી. તેમજ સુખભાદર ડેમના હેઠવાસમાં ૫૦૦ મીટર સુધીની હદમાંથી અત્રેથી અધિકૃતિ મેળવ્યા સિવાય કોઇએ કોઇપણ રીતે પાણી લઇ જવું નહી.

સદરહું જાહેરનામાનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનીયમ (સને ૧૯૬૦ના ૪૫માં અધિનીયમ) ની કલમ-૧૮૮ મુજબ સજા થઈ શકશે.

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ સદરહું જાહેરનામાની નકલો ચોટાડીને અને સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

INDEX

આ જાહેરનામું તા. ૧૨-૩-૨૦૦૧ સુધી અમલમાં રહેશે.

આજ તા. ૧૦-૧-૨૦૦૧ના રોજ મારી સહી સીક્કો કરીને સદરહું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

ભાવનગર, ૧૦ માહે જાન્યુઆરી, સને ૨૦૦૧.

મુંબઇ પોલીસ અધિનીયમ-૧૯૫૧ સને ૧૯૫૧ના મુંબઇના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલો હુકમ

જાહેરનામું

નં. ડીએમ./૧/૧૦/૨૦૦૧.-આગામી તા. ૧૪-૧-૨૦૦૧ના રોજ મકરસંક્રાતીનો તહેવાર આવે છે. આ તહેવારના દિવસે દરેક ઠેકાણે લોકો મોટા સમુહમાં એકઠા થઈને જાહેરમાં માર્ગો ઉપર પતંગો ચગાવતા હોય છે. અને એકબીજા ગૃપમાં પતંગો કાપવાની હરીફાઈ પણ યોજાય છે. અને આવા હરીફાઈના પ્રસંગે ઘણી વખત તોફાન થાય છે અને એક બીજી કોમ વચ્ચે તોફાન થવાની શક્યતા રહે છે. ભાવનગર જીલ્લામાં ભાવનગર શહેર, પાલીતાણા ટાઉન, શિહોર, મહુવા, તળાજા, વલ્લભીપુર, બોટાદ, ઉમરાળા વિગેરે સંવેદનશીલ વિસ્તારોમાં આવેલા છે, અને ઉપરોકત મકરસંક્રાતીનો તહેવાર દરમ્યાન કોમી અશાંતી ઉભી ન થાય અને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે અને સુલેહભંગ ન થાય તે હેતુસર જાહેરમાં તેમજ જાહેર રસ્તાઓમાં ચાર કરતાં વધુ માણસો એક ગૃપમાં ભેગા થઈને પતંગ ચગાવે નહી તે માટે પ્રતિબંધ ફરમાવવાની જરૂર છે.

તેથી હું એ. ડી. કટારા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જીલ્લો, ભાવનગર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં અધિનિયમની કલ-૩૭(૩) મુજબ મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું. કે, ચાર કરતા વધુ માણસોએ તારીખ : ૧૩-૧-૨૦૦૧ થી તારીખ : ૧૪-૧-૨૦૦૧ સુધી જાહેરમાં તેમજ રસ્તાઓમાં ભેગા થઈને પતંગ ચગાવવા નહી.

આ હુકમનું ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનીયમ-૧૯૫૧ના કલમ-૧૩૫(૧) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૯૬૦ના ૪૫માં અધિનીયમની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

હું આથી ફરમાવું છુ કે, લાઉડ સ્પીકર વાહન દ્વારા અને સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા ગામના સંબંધિત વિસ્તારોમાં ઉપર મુજબ જાહેરાત કરીને આ હુકમ પ્રસીધ્ધ કરવો.

મેં આજ તારીખ : ૧૦-૧-૨૦૦૧ના રોજ મારી સહી કરી સીક્કો મારી જાહેર જનતાની જાણ માટે બહાર પાડવામાં આવ્યું.

ભાવનગર, ૧૦ માહે જાન્યુઆરી, સને ૨૦૦૧.

જાહેરનામું

નં. ડીએમ./૧/ફા.૩૧૨(૧)/૨૦૦૦.-ભાવનગર શહેરને પાણી પુરૂં પાડવા માટેના ઈ. એસ. આર. પૈકી દિલબહાર ઈ. એસ. આર. (વાઘાવાડી રોડ) પરથી શહેરના દક્ષિણ વિસ્તારમાં પાણી પુરૂં પાડવામાં આવે છે. ઉપરોક્ત વિસ્તાર પૈકીની કેટલીક સોસાયટીઓના અપુરતા નેટવર્કને લીધે ઘણાં વિસ્તારોમાં પાણી અપુરતું કે નહી આવવાની ઘટના બનતી હોય છે. તેથી નંદનવન, અયોધ્યાનગર તેમજ ઓશીયન પાર્ક વિગેરે સોસાયટીના રહેવાસીઓ મોટા ટોળા સ્વરૂપે દિલબહાર ટાંકી ઉપર આવી ફરજ પરના કર્મચારીઓને ધાકધમકી આપી, કાયદો હાથમાં લઈ, ટાકીના વાલ્વ ખોલી નાંખીને બળજબરીપૂર્વક પાણીનો પુરવઠો લેવાના પ્રયાસો કરે છે. આ સંજોગોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે જાહેર હીતમાં ઝડપી ઉપાય યોજવાનું ઉચિત જણાતા હું એ. ડી. કટારા, અધિક જાલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જીલ્લો, ભાવનગર આથી ફરમાવું છું કે, ભાવનગર શહેરના વાઘાવાડીરોડ ઉપર આવેલ દિલબહાર ટાંકી અને તેની આજુબાજુના ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસોએ એકઠા થવું નહી.

આ જાહેરનામા/હુકમનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનીયમ (સને ૧૯૬૦ના ૪૫માં અધિનીયમ)ની કલમ-૧૮૮ મુજબ સજા થઈ શકે છે.

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામી નકલ ચોટાડીને વર્તમાનપત્રો મારફત તેની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આ જાહેરનામું તા. ૧૩-૧-૨૦૦૧ થી તા. ૧૨-૩-૨૦૦૧ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ : ૧૦-૧-૨૦૦૧ના રોજ મારી સહી સીક્કો કરીને સદરહું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

ભાવનગર, ૧૦ માહે જાન્યુઆરી, સને ૨૦૦૧.

જાહેરનામું

નં. ડીએમ./૧/ફા.૩૧૨(૨)/૨૦૦૦.-ભાવનગર શહેરમાં ચાલુ વર્ષે ૧૯૯૯ની વર્ષાઋતુ દરમ્યાન સામાન્ય કરતાં સરેરાશ ૫૦ ટકા જેટલો જ વરસાદ પડેલ છે. તા. ૨૨-૧૨-૯૯ થી ગુજરાત સરકારે સમગ્ર ભાવનગર જીલ્લાને અછત અને અર્ધ અછતગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરેલ છે. હાલમાં જીલ્લાના જળાશયોમાં નહીવત પાણી છે અને તે આવનાર ઉનાળા સુધી પીવા માટે રીઝર્વ રાખવામાં આવેલ છે. આવનાર દિવસોમાં ઉનાળાની સીઝન દરમ્યાન જળાશયોના પાણી પણ સમાપ્ત થઈ જશે અને ભુગર્ભ આધારીત પાણીના સોર્સ સિવાય અન્ય કોઈ રીતે પીવાના પાણી ઉપલબ્ધ થવાની શક્યતા જણાતી નથી.

ભાવનગર જીલ્લામાં આ વર્ષે ઓછા વરસાદને કારણે ભાવનગર શહેરને પુરા પાડવામાં આવતા પાણીની તંગી પ્રવર્તે છે. પરીણામે અઠવાડીયામાં બે દિવસ પાણીનો કાપ અમલમાં છે, આવા સંજોગોમાં ધ્યાન ઉપર આવ્યા મુજબ મહાનગરપાલીકાની પાણીની લાઈનોમાંથી વ્યાપક પ્રમાણમાં અનઅધિકૃત જોડાણો કરી કે મંજૂરી વગરના મોટરો મુકી લોકો દ્વારા પાણીનો જથ્થો અનઅધિકૃત રીતે મેળવવામાં આવે છે. પરીણામે ઘણા વિસ્તારોમાં કાયદેસરના કનેકશન ધારકોને પાણી અપુરતું મળે છે અથવા તો બીલકુલ મળતું નથી. પાણી એ જીવનની પાયાની તેમજ પ્રાથમીક જરૂરીયાત હોયને લોકોને પાણીનો જથ્થો ન મળે તો ભવિષ્યમાં કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉભા થવાની પુરેપુરી શક્યતાઓ રહે તેમ છે.

ઉપરોક્ત સંજોગોમાં અને જાહેર હીતમાં ભાવનગર મહાનગરપાલીકાની પાણીની લાઈનો સાથે કોઈ અનઅધિકૃત જોડાણો કરે નહી તેમજ અનઅધિકૃત રીતે મોટરો મુકી વધારાનો પાણીનો જથ્થો ન મેળવે તે માટે નિયંત્રણ મુકવું જરૂરી જણાય છે.

સબબ, બારતીય ફોજદારી કાર્યરીતી અધિનીયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રુઈએ હું એ. ડી. કટારા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જીલ્લો, ભાવનગર આથી ફરમાવું છું કે, સમગ્ર ભાવનગર શહેરમાં આવેલ મહાનગરપાલીકાની સમગ્ર વિસ્તારની પાણીની લાઈનો સાથે કોઈપણ ઈસમોએ અનઅધિકૃત જોડાણ કરીને પાણી લેવું નહી તેમજ અનઅધિકૃત રીતે મોટરો મુકી વધારાનો જથ્થો મેળવવો નહી.

આ જાહેરનામું તા. ૧૩-૧-૨૦૦૧થી તા. ૧૨-૩-૨૦૦૧ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામા/હુકમનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનીયમ (સને ૧૯૬૦ના ૪૫માં અધિનીયમ)ની કલમ-૧૮૮ મુજબ સજા થઈ શકે છે.

સદરહું જાહેરનામાની વર્તમાનપત્રો મારફત બહોળી પ્રસિધ્ધી કરવી.

આજ તા. : ૧૦-૧-૨૦૦૧ના રોજ મારી સહી સીક્કો કરીને સદરહું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

ભાવનગર, ૧૦ માહે જાન્યુઆરી, સને ૨૦૦૧.

જાહેરનામું

નં. ડીએમ./૧/ફા.૩૧૨(૩)/૨૦૦૦.-ભાવનગર શહેરને ભાવનગર મહાનગરપાલીકાના જુના તથા નવા ફીલ્ટર પ્લાન્ટ પરથી પાણી પુરૂં પાડવામાં આવે છે. તે દરમ્યાન કેટલાક વિસ્તારોમાં પાણી અપુરતું કે નહી આવવાની ઘટના બનતી હોય છે. તેથી આ વિસ્તારના રહેવાસીઓ મોટા ટોળા સ્વરૂપે ફિલ્ટર પ્લાન્ટ ઉપર આવી ફરજ પરના કર્મચારીઓને ધાકધમકી આપી, કાયદો હાથમાં લઈ, ટાકીના વાલ્વ ખોલી નાંખીને બળજબરીપૂર્વક પાણીનો પુરવઠો લેવાના પ્રયાસો કરે છે. આ સંજોગોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે જાહેરહીતમાં ઝડપી ઉપાય યોજવાનું ઉચિત જણાતા હું એ. ડી. કટારા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જીલ્લો, ભાવનગર આથી ફરમાવું છું કે, ભાવનગર શહેરમાં પાણી પુરૂં પાડતા ભાવનગર મહાનગરપાલીકાના નવા તથા જુના ફીલ્ટર અને તેની આજુબાજુના ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસોએ એકઠા થવું નહી.

આ જાહેરનામા/હુકમનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનીયમ (સને ૧૯૬૦ના ૪૫માં અધિનીયમ)ની કલમ-૧૮૮ મુજબ સજા થઈ શકે છે.

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલ ચોટાડીને વર્તમાનપત્રો મારફત તેની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આ જાહેરનામું તા. ૧૩-૧-૨૦૦૧ થી તા. ૧૨-૩-૨૦૦૧ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ : ૧૦-૧-૨૦૦૧ના રોજ મારી સહી સીક્કો કરીને સદરહું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

ભાવનગર, ૧૦ માહે જાન્યુઆરી, સને ૨૦૦૧.

જાહેરનામું

નં. ડીએમ./૧/ફા.૩૧૨(૫)/૨૦૦૦.-ભાવનગર શહેરમાં પાલીતાણા ખાતે આવેલ શેત્રુંજી ડેમમાંથી પાણી પુરૂં પાડવામાં આવે છે. તાજેતરની અછતની પરિસ્થિતિને કારણે શહેરમાં પાણીની તીવ્ર તંગી પ્રવર્તે છે. ભાવનગર મહાનગરપાલીકા શહેરમાં સમયસહ પીવાનું પાણી પહોંચાડવા માટે સતત કાર્યરત રહે છે તેમ છતાય લોકો ટોળા સ્વરૂપે એકઠા થઈને ભાવનગર મહાનગરપાલીકાની કચેરીએ તથા કમીશ્નરશ્રીના નિવાસસ્થાનમાં પ્રવેસીને હંગામો મચાવે છે, જેનાથી જાહેર માલ મીલકતની સલામતી જોખમાય છે. સબબ ફોજદારી કાર્યરીતી અધિનીયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ અધિકારની રુઈએ હું એ. ડી. કટારા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જીલ્લો, ભાવનગર જાહેર હીતમાં આથી ફરમાવું છું કે, ભાવનગર મહાનગરપાલીકાની કચેરીમાં અને કમીશ્નરશ્રી, ભાવનગર મહાનગરપાલીકાના નિવાસસ્થાનમાં પુર્વ મંજુરી મેળવ્યા સિવાય ચાર કે તેથી વધુ માણસોએ એકી સાથે પ્રવેશવુ નહી કે એકઠા થવું નહી.

આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનીયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનીયમ)ની કલમ-૧૮૮ મુજબ સજા થઈ શકે છે.

આ જાહેરનામું તા. ૧૩-૧-૨૦૦૧ થી તા. ૧૨-૩-૨૦૦૧ સુધી અમલમાં રહેશે.

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલ ચોટાડીને અને વર્તમાનપત્રો મારફત તેની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તારીખ : ૧૦-૧-૨૦૦૧ના રોજ મારી સહી સીક્કો કરીને સદરહું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

ભાવનગર, ૧૦ માહે જાન્યુઆરી, સને ૨૦૦૧.

ફોજદારી કાર્યરીતી અધિનીયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલો

હુકમ

નં. ડીએમ./૧/ફા.૩૧૨(૮)/૨૦૦૦.-ભાવનગર જીલ્લાના તળાજા તાલુકાના અલંગ તથા સોસીયા ગામે શીપ બ્રેકીંગનો ધંધો મોટા પ્રમાણમાં શરૂ કરેલ છે. હાલ અલંગ મુકામે અંદાજે ૧૨૦ થી ૧૨૫ પ્લોટ ઉપર શીપબ્રેકીંગનું કામ થઈ રહેલ છે. શીપની અંદર ઓઈલનો જથ્થો, ગ્રીસનો જથ્થો, હોય છે. તેમજ અન્ય જવલનશીલ પદાર્થો હોય છે. શીપબ્રેકીંગ સમયે શીપમાંથી ઓઈલ ફ્યુઅલ વિગેરેનો જથ્થો, કાઢી નાખવામાં આવે છે. આમ છતાં, તેમાં પુરતી કાળજી લેવામાં આવતી નથી અને શીપબ્રેકીંગ સમયે ઓક્સીજનના તેમજ એલ.પી.જી. ગેસના સીલીન્ડરોથી ગેસકટીંગ દ્વારા તોડવાની પ્રક્રિયા થાય છે. જેના કારણે આગ-અકસ્માતના બનાવો બનેલ છે. જેના કારણે લોકોના જાન, માલ સ્વાસ્થ્ય અને સલામતીને માટું જોખમ કરે છે.

તેથી હું એ. ડી. કટારા, જી.એ.એસ., અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જલ્લો, ભાવનગર ભારતના ફોજદારી અધિનીયમ-૧૯૭૩ (૧૯૭૪ નો ૨ જો) અધિનીયમની કલમ-૧૪૪થી મને મળેલ સત્તાની રુઈએ ફરમાવું છું કે, ભાવનગર જીલ્લાના તળાજા તાલુકાના અલંગ તથા સોસીયા ગામે આવેલ શીપબ્રેકીંગ યાર્ડમાં શીપબ્રેકીંગ વ્યવસાય સાથે સંકળાયેલ વેપારી પેઢીઓએ નીચે મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવા હુકમ કરૂં છું.

(૧) બેગફાયરથી આગ કે ધડાકાઓ અટકાવવા ગેસ કટીંગ ટોર્ચમાં નોન રીટર્ન વાલ્વ તેમજ એલ. પી. જી. સીલીન્ડરના રેગ્યુલેટરમાં નોન રીટર્ન વાલ્વનો ઉપયોગ કરવો.

(૨) ઓઈલ ટાંકી, ઓઈલ ટેન્કર/ એન્જીન રૂમ કે પાઈપલાઈનના બંધીયાર ભાગનું ગેસ કટીંગ કરતા અગાઉ તેમાં કોઈપણ પ્રકારનું સળગી ઉઠે અથવા ધડાકા થાય તેવા પદાર્થો નહી હોવાની જવાબદાર વ્યક્તિ પાસેથી ખાત્રી મેળવ્યા પછી કટીંગ કામગીરી શરૂ કરવી તે માટે એક્સ્પ્લોઝીવ મીટરનો ઉપયોગ અવશ્યે કરવો અથવા ઓક્સીઝન મીટરનો ઉપયોગ કરવો.

(૩) શીપની ઉંચાઈ પર કટીંગ ચાલતું હોય ત્યારે નીચે કોઈપણ કામદાર કે ગેસ સીલીન્ડર કે રબ્બર પાઈપ પર લોખંડના તણખા ન પડે તેની કાળજી રાખવી.

(૪) કટીંગ ટોર્ચના ફ્લેમ (જયોત) કોઈપણ સંજોગોમાં એલ. પી. જી. કે ઓક્સીઝન સીલીન્ડરના સંપર્કમાં ન આવે તે ખાસ જોવું.

(૫) ઓક્સીઝન. ઓઈલ, ગ્રીસ, સાથે સંપર્ક થવાથી ધડાકો થઈ સળગી શકે છે. જેથી ઓઈલ, ગ્રીસ, ઓક્સીજનવાળા સાધનો કે સીલીન્ડરો સાથે સંપર્કમાં ન આવે તેની ખાસ કાળજી રાખવી.

(૬) દાઝેલા કામદારોને બચાવી લેવા કે આગના ઉદ્દ્ગમસ્થાનને દાબી દેવા તાકીદે ઉપયોગમાં લઈ શકાય તેવા વોટરજેલ બ્લેન્કેટનો સંગ્રહ રાખવો.

(૭) કટીંગ ટોર્ચની નીપ દર ૬ (છ) દિવસે, રબ્બર હોઝ પાઈપ દર ૩ (ત્રણ) માસે બદલી નવા વસાવવા તથા આ અંગેનું રજીસ્ટર બનાવવું.

(૮) દરેક પ્લોટ હોલ્ડરે પોતાના પ્લોટ પર આગ ઓલવવા માટે પુરતા પ્રમાણમાં ડ્રાયસેન્ડ યોગ્ય પ્રકારના ફાયર એક્સ્ટીન્ગ્યુશર તથા પુરતા પ્રમાણમાં પાણીના જથ્થાનો સંગ્રહ રાખવો તથા પ્લોટ પર લાંગરેલ જહાજ પર ગેસ કટીંગ કામ ચાલતું હોય ત્યાં દરેક કટીંગ પોઈન્ટ પર યોગ્ય પ્રકારના પોર્ટેબલ ફાયર એક્સ્ટીન્ગ્યુશર પુરતા પ્રમાણમાં રાખવા તથા જહાજ પર ઓછામાં ઓછો ૩૦,૦૦૦/- (ત્રીસ હજાર) લીટર પાણીનો સંગ્રહ, ફાયર પંપ તથા જહાજમાં દરેક જગ્યાએ પહોંચી શકે તેટલા પુરતી લંબાઈના હોઝ પાઈપ નોઝલ્સ સાથે ઉપયોગમાં લઈ શકાય તેમ ચાલું હાલતમાં નિભાવવા-નાખવાં.

(૯) દરેક પ્લોટ હોલ્ડરે પ્લોટ પર લાંગરેલા જહાજમાં હોટવર્ક કે નેકેટ લાઈટથી કટીંગ કામગીરી શરૂ કરતા પહેલા આ જગ્યાને નેકેટ લાઈટ કે હોટવર્કથી કટીંગ કામગીરી કરવાથી આગ લાગવાની કોઈ શક્યતા નથી તેવા મતલબનું એક્સ્પ્લોઝીવ ડીપાર્ટમેન્ટ દ્વારા માન્ય સક્ષમ ઓથોરીટી પ્રમાણપત્ર મેળવ્યા પછી જ શીપબ્રેકીંગની કાર્યવાહી શરૂ કરવી.

(૧૦) શીપબ્રેકીગ સમયં શીપમાંથી નીકળતા ગેસ સીલીન્ડરો અત્યંત ભયજનક હોઈ તેનો રીફીલીંગ માટે ઉપયોગ થવાથી ગંભીર અકસ્માતો થઈ શકે છે. તેથી સુરક્ષીત કારખાના તથા મજુર/કામદારો/માણસોથી દુર ખુલ્લા વિસ્તારમાં આવા સીલીન્ડરો રાખી. તેનો વાલ્વ ધીમેથી ખોલીને તેમાં રહેલો પુરેપુરો ગેસ કાઢી નાખવો, યોગ્ય રેન્ચથી સીલીન્ડરનો વાલ્વ દુર કરવો, ત્યાર પછી સીલીન્ડરો કાપવા આ અંગેની સામગ્રીનો લોખંડનો ભંગાર તરીકે નિકાલ કરવો. આવા સીલીન્ડરો રીફીલીંગ માટે વેચવા નહી.

INDEX

(૧૧) અલંગ/સોસીયા શીપ બ્રેકીંગ યાર્ડ ખાતે જહાજમાં એન્જીન રૂપમાંથી કટીંગની તેમજ એન્જીન વગેરે ખસેડ્યાની કામગીરી થાય ત્યારે પુરતા હવા ઉજાસની વ્યસ્થા કરવાની રહેશે.

(૧૨) શીપ બ્રેકીંગના કામે વપરાતા સાધનો જોવા કે લોખંડના વાયર ૧૦૦ મીટરથી વધારે લંબાઈના હોય ત્યારે તેમાં કોઈપણ જાતનો સાંધો ન રાખવો.

(૧૩) ત્રાપજથી અલંગ/સોસીયા શીપ બ્રેકીંગ યાર્ડ સુધીના તમામ વે બ્રીજો રાત્રીના કલાક ૨૧-૦૦ થી સવારના કલાક ૮-૦૦ સુધી બંધ રાખવાના રહેશે.

(૧૪) એલ. પી. જી. અને ઓકસીજનના સીલીન્ડર્સ ભાંગવા માટે લાવેલા શીપ ઉપરથી નીચે ફેંકવા નહી જે રીતે એલ. પી. જી. ઓકસીજનના સીલીન્ડરો નીચેથી શીપ ઉપર લઈ જવામાં આવે છે. તેજ પધ્ધતિથી એલ. પી. જી. ઓકસીજનના સીલીન્ડર્સ શીપ ઉપરથી નીચે ઉતારવાના રહેશે. આવા સીલીન્ડરો સીધા ઉપર લઈ જતા કે નીચે ઉતારતા સમયે આજુબાજુમાં માણસોની ગ્રાઉન્ડ ઉપર અવરજવર સેફટી સુપરવાઈઝરે નિયંત્રિત કરવાની રહેશે કે જેથી અકસ્માતો ટાળી શકાય. તેમજ સીલીન્ડરોની હેરાફેરી વખતે જવાબદાર હાજર વ્યકિત દ્વારા સલામત હદને ફલેરોસેન્ટ ટેઈપ દ્વારા અંકિત કરવી.

(૧૫) જહાજની કોઈપણ બંધિયાર જગ્યામાં ઓકસીજન મીટર દ્વારા ઓકસીજનની માત્રા પુરતી છે કે કેમ ? તેની ખાત્રી કર્યા સિવાય પ્રવેશ કરવો નહી.

(૧૬) પ્લોટમાં પેટ્રોલીયમ પ્રોડકટસનો નીચે દર્શાવેલ મર્યાદા સિવાય વધારે જથ્થો બેરલમાં એકી સાથે રાખવો નહીં.

(૧) ૧૦૦ લીટર સુધી પેટ્રોલ
(૨) ૫૦૦૦ લીટર સુધી ફયુઅલ ઓઈલ
(૩) ૨૫૦૦ લીટર સુધી ડીઝલ.

ઉપર દર્શાવેલી મર્યાદાથી વધુ જથ્થાના અથવા ઉપર જણાવેલ જથ્થાઓના બેરલ વગરના મોટી કેપેસીટીના સાધનોમાં સંગ્રહ સ્ટોરેજ સાયસન્સ મેળવવું ફરજીયાત રહેશે.

(૧૭) જી.એમ.બી.એ. શીપની કટીંગની પરમીશન આપતા પહેલા એ શીપમાંથી Co_2 ગેસ કાઢી નાંખવામાં આવેલ છે. તેવું શીપના માસ્ટરનું કે ઓથોરાઈઝડ એજન્સીનું પ્રમાણપત્ર મેળવવાનું ફરજીયાત રહેશે.

(૧૮) શીપમાંથી નીકળતા કોઈપણ સીલીન્ડરો જે કાયદાનુસાર સર્ટીફાઈડ થયેલા નથી તેવા સીલીન્ડરો પ્લોટની બહાર કાઢવામાં આવે ત્યારે તે ઓછામાં ઓછા બે ટુકડામાં કાપેલા હોવા જોઈએ.

(૧૯) શીપ ઉપર મળતા Co_2 અન્ય ભયજનક ગેસો જેવા કે કુલીંગ ગેસો કે જેને વાતાવરણમાં ન છોડી શકાય તેવા ફેકટરી ઈન્સ્પેકટરશ્રી દ્વારા અધિકૃત થયેલ વ્યકિત સિવાય કોઈએ કાઢવા નહી અને ઓથોરાઈઝડ એજન્સી સિવાય કોઈએ હેરફેર કરવી નહી અને આવા સીલીન્ડરોને અગાઉ જણાવ્યાનુસાર ઓછામાં ઓછા બે ટુકામાં કાપવાં જોઈએ.

(૨૦) ફીઓન ગેસનો નિકાલ માન્ય કોમ્પીટન્ટ ઓથોરીટી દ્વારા થવો જોઈએ. હાલમાં જે પ્લોટ ધારક અથવા પ્લોટના સુપરવાઈઝર દ્વારા થાય છે. તે બંધ કરાવવું કારણ કે આ વાયુ ઓઝોનના પડને નુકશાન કરે છે.

આ હુકમ તા. ૧૩-૧-૨૦૦૧ થી તાં. ૧૨-૩-૨૦૦૧ સુધી અમલમાં રહેશે.

ઉપરોકત સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવો અને કોઈપણ દ્વારા આ સુચનાઓનો ભંગ કે ઉલ્લંઘન કરનારને બારતના ફોજદારી અધિનીયમ-૧૯૬૦નાં ૪૫માં અધિનીયમની કલમ-૧૮૮ મુજબ સજાનું પાત્ર થશે.

હું આથી ફરમાવું છું કે, ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ નકલો ચોંટાડીને અને લાઉડ સ્પીકર વાહન દ્વારા અને સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરીને આ હુકમ પ્રસિધ્ધ કરવો.

મેં આજ તારીખ : ૧૦-૧-૨૦૦૧ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી હુકમ બહાર પાડયો.

ભાવનગર, ૧૦ માહે જાન્યુઆરી, સને ૨૦૦૧.

જાહેરનામું

નં. ડીએમ./૧/ફા.૩૧૨(૬)/૨૦૦૦.-ભાવનગર શહેર તથા જીલ્લામાં પ્રવર્તતી પીવાના પાણીની તંગીને લક્ષમાં લેતા તાજેતરમાં બનાવાયેલ ચેકડેમો તથા ગામ તળાવોમાં સંગ્રહાતા પાણીનો અનઅધિકૃત રીતે માથાભારે તત્વો દ્વારા બગાડ કે ઉદ્વહન સિંચાઈ થાય નહી તે માટે ઝડપી ઉપાય યોજવાનું જરૂરી જણાતા હું એ. ડી. કટારા, જી. એ. એસ., અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જીલ્લો ભાવનગર, ફોજદારી કાર્યરીતી અધિનીયમ-૧૯૭૩ (સને ૧૯૭૪નો રજો) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, ભાવનગર શહેર જીલ્લામાં આવેલ ગામ તળાવો તથા ચેકડેમોમાંથી કોઈએ પરવાનગી વગર પાણી લઈ જવું નહી, આ ગામતળાવો/ચેકડેમોમાંથી ૧૦૦૦ મીટર સુધીના વિસ્તારમાં નવા કુવાઓ ગાળવા નહી, તે માટે જમીન ફાળવવી નહી. તેમજ કોઈ નવા બોર કરવા નહી, અને તે માટે વીજળી જોડાણો આપવા નહી.

આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનીયમ (સને ૧૯૬૦ના ૪૫માં અધિનીયમ)ની કલમ-૧૮૮ મુજબ સજા થઈ શકશે.

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ સદરહું જાહેરનામાની નકલો ચોટાડીને અને વર્તમાનપત્રો મારફત તેની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આ જાહેરનામું તા. ૧૩-૧-૨૦૦૧ થી તા. ૧૨-૩-૨૦૦૧ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ : ૧૦-૧-૨૦૦૧ના રોજ મારી સહી સીક્કો કરીને સદરહું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

ભાવનગર, ૧૦ માહે જાન્યુઆરી, સને ૨૦૦૧.

જાહેરનામું

નં. ડીએમ./૧/ફા.૩૧૨(૪)/૨૦૦૦.-ભાવનગર જીલ્લામાં ચાલુ વર્ષે વરસાદ ઋતુ દરમ્યાન સામાન્ય કરતાં સરેરાશ ૫૦ ટકા જેટલો જ વરસાદ પડેલ છે તા. ૨૨-૧૨-૯૯ થી ગુજરાત સરકારે સમગ્ર ભાવનગર જીલ્લાને અછત અને અર્ધઅછતગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરેલ છે. હાલમાં જીલ્લાના જળાશયોમાં નહીવત પાણી છે, અને તે પણ આવનાર ઉનાળા સુધી પીવા માટે રીઝર્વ રાખવામાં આવેલ છે. આવનાર દિવસોમાં ઉનાળાની સીઝન દરમ્યાન જળાશયોના પાણી પણ સમાપ્ત થઈ જશે અને ભુગર્ભ આધારીત પાણીના સોર્સ સિવાય જીલ્લામાં અન્ય કોઈ રીતે પીવાના પાણી ઉપલબ્ધ થવાની શક્યતા જણાતી નથી.

જીલ્લાની અંદર ભૂગર્ભમાંથી પાણી કાઢવા માટેના ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારોમાં ખુબજ મોટી સંખ્યામાં૪'', ૬'', અને ૮''ના પીવાના પાણી માટે તેમજ ખેતી માટેના બોર આવેલ છે. પરંતું જેમ જેમ પાણીની સપાટી નીચે ઉતરતી જાય છે. તેમ ઉપરોકત હયાત બોર પણ બંધ થતા જાય છે કે પાણીની ગુણવત્તા નબળી થતી જાય છે. અને તે પાણી પીવા લાયક રહેતા નથી અને લોકો દ્વારા પીવાના તેમજ ખેતીના હેતુ માટે મોટા પાયે નવા બોર કરવાની પ્રવૃત્તિ હાથ ધરાયેલ હોવાનું અત્રેની જાણમાં આવેલ છે.આ સર્વવિદિત છે કે, ખેતી માટે મોટા પાયે પાણીના જથ્થાની જરૂરીયાત રહે છે. જો ખેતી માટે ભુગર્ભજળનો જથ્થો વાપરી કાઢવામાં આવે તો ઉનાળા દરમ્યાન જાલ્લાના મોટાભાગના વિસ્તારોમાં ભૂગર્ભમાંથી પીવાલાયક પાણીનો જથ્થો મેળવવું પણ મુશ્કેલ બનશે તેમજ માનવી અને પશુઓની જીવન નિભાવવા અને જાળવવા માટે પણ પાણીનો કોઈપણ સ્ત્રોત ઉપલબ્ધ થશે નહી.

ઉપરોકત સંજોગોમાં અને જાહેર હિતમાં સમગ્ર ભાવનગર જીલ્લામાં ખેતી તથા ઉદ્યોગના ઉપયોગ માટે નવા બોર ગાળવાની પ્રવૃત્તિ ઉપર નિયંત્રણ મુકવું ખુબજ જરૂરી જણાય છે.

સબબ, ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનીયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રુઈએ હું એ. ડી. કટારા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જીલ્લો, ભાવનગર આથી ફરમાવું છું કે, સમગ્ર ભાવનગર જીલ્લામાં બોરવેલ પંપવાળા ઈસમોએ ખેતી અને ઉદ્યોગના ઉપયોગ માટે નવા બોર કરવા નહી તેમજ ખેડૂતો અને ઉદ્યોગના માલીકોએ ખેતી અને ઉદ્યોગના ઉપયોગ માટે નવા બોર અત્રેની પુર્વ મંજૂરી વગર કરાવવા નહી.

આ જાહેરનામું તા. ૧૩-૧-૨૦૦૧ થી તા. ૧૨-૩-૨૦૦૧ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામા/હુકમનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનીયમ (સને ૧૯૬૦ના ૪૫માં અધિનીયમ)ની કલમ-૧૮૮ મુજબ સજા થઈ શકશે.

સદરહું જાહેરનામાની વર્તમાનપત્રો મારફત બહોળી પ્રસિધ્ધી કરવી.

ભાવનગર, ૧૦ માહે જાન્યુઆરી, સને ૨૦૦૧.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નં. ડીએમ./૧/ફા.૩૧૨(૭)/૨૦૦૦.-ભાવનગર શહેરમાં શેત્રુંજી ડેમમાંથી પાણી મંળવીને તેનું વિતરણ કરવામાં આવે છે. હાલમાં ભાવનગર શહેરમાં પાણીની તંગી પ્રવર્તે છે. શહેરના ગૌરીશંકર તળાવ અને તેની આજુબાજુના વિસ્તારમા કુવા, ડંકી, બોર વગેરેના ભૂગર્ભમાં પાણી જળવાય રહે તો ઈમરજન્સી/તાકીદના સમયમાં તે પાણી ઉપયોગમાં લઈ શકાય તે હેતુથી પાણી રીઝર્વ રાખવામાં આવે છે. પરંતુ આ તળાવની આજુબાજુમાં ખાનગી બોરના માલીકો બે રોકટોક પાણી ખેંચીને તેનો વેપાર કરી રહયા છે. આ તળાવનું પાણીલોકોને પીવા માટે ઉપયોગમાં લેવાતું હોઈ ત્યાં આજુબાજુના લોકો આ તળાવમાં ન્હાવા ધોવાની પ્રવૃત્તિઓ કરીને તળાવના પાણીને દુષિત કરી રહયા છે. જેથી જાહેર હિતમાં ગૌરીશંકર તળાવ અને તેના આજુબાજુમાં આવેલા બોર, કુવા, વગેરેમાંનું રીઝર્વ રહે અને પાણી દુષીત થાય નહી તે અત્યંત આવશ્યક છે.

સબબ, મુંબઈ પોલીસ અધિનીયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (એમ) થી મને મળેલ અધિકારની રુઈએ હું એ. ડી. કટારા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જીલ્લો, ભાવનગર આથી ફરમાવું છું કે, ભાવનગર શહેરના ગૌરીશંકર તળાવ અને

INDEX

તેની આજુબાજુમાં ૧૦૦૦ (એક હજાર) મીટર સુધીની હદમા આવેલા કુવાઓ, ડંકીઓ, કે બોરમાંથી ઓઈલ એન્જીનથી કે અન્ય કોઈપણ રીતે કોઆએ અત્રેથી અધિકૃતિ મ્ળવ્યા સવાય તા. ૧૩-૧-૨૦૦૧ થી તા. ૧૨-૩-૨૦૦૧ સુધી પાણી ખેંચીને લઈ જવું નહી, અને ગૌરીશંકર તળાવના પાણીને દુષિત કરવું નહી.

સદરહું જાહેરનામાનું ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનીયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષા થઈ શકશે.

સદરહું પ્રતિબંધીત વિસ્તારમાં આ જાહેરનામાની નકલો ચોટાડીને અને વર્તમાનપત્રો મારફત તેની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તારીખ : ૧૦-૧-૨૦૦૧ના રોજ મારી સહી, સીક્કો કરીને સદરહું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

ભાવનગર, ૧૦ માહે જાન્યુઆરી, સને ૨૦૦૧.

એ. ડી. કટારા,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર જીલ્લો,
ભાવનગર.

મુંબઇ પોલીસ અધિનીયમ-૧૯૫૧ સને ૧૯૫૧ના મુંબઈ અધિનીયમની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલો હુકમ

જાહેરનામું

નં : ડીએમ-૧-ફા.૧/૨૦૦૧.-ભાવનગર જીલ્લામાં આગામી તારીખ : ૬-૩-૨૦૦૧ બકરી ઈદ, તા. ૭-૩-૨૦૦૧ ના ફાગણસુદી તેરસ (ઢેબરા તેરસ)નો પાલીતાણા મુકામે મેળો ભરાતો હોઈ, તા. ૯-૩-૨૦૦૧ના હોળી, તા. ૧૦-૩-૨૦૦૧ના ધુળેટી. તા ૨૬-૩-૨૦૦૦૧ના ચેટીચાંદ તા. ૨-૪-૨૦૦૧ના રામનવમી તા ૫-૪-૨૦૦૧ ના મહોરમ (તાજીયા)ના તહેવારોઉજવાનાર હોઈ તેમજ જીલ્લામાં તાજેતરમાં ઓછા વરસાદના કારણે પાણીની થયેલી વિકટ પરિસ્થિતિ તેમજ આ પ્રશ્ને તથા વીજદર વધારાના પ્રશ્ને વિરોધપક્ષો, ખેડૂત સંગઠનો દ્વારા આંદોલનો ચાલતા હોઈ, તેમજ તાજેતરમાં ભુકંપની પરિસ્થિતિ ઉભી થયેલી હોઈ, જેથી આ દિવસોમાં કાયદો અને વ્યવસ્થા સુલેહશાંતીપૂર્વક જળવાય રહે તે માટે અગમચેતીનાં પગલાં લેવા અનિવાર્ય જણાતા સમગ્ર ભાવનગર જીલ્લામાં લોકો જાહેરમાં તીક્ષ્ણ હથીયારો જેવા કે છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા, વિગેરે જેવા પ્રાણઘાતક હથિયારો લઈને હરે ફરે નહી તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂં બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ મુંબઈ પોલીસ અધિનીયમ-૧૯૫૧ના મુંબઈનાં ૨૨ માં અધિનીયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું એ. ડી. કટારા, જી. એ. એસ., અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જીલ્લો ભાવનગર આથી જાહેરશાંતી અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસૂચિમા દર્શાવેલ વિસ્તારમાં તા. ૬-૩-૨૦૦૧ થી તા. ૫-૪-૨૦૦૧ સુધી (બન્ને દિવસો સુધ્ધાં)

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, બંદુક, છરી, લાકડી અથવા લાઠી, અથવા શારીરિક ઈજા પહોચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઇ જવા નહીં.

(ખ) કોઈપણ ભયકારી, ભયકારી સ્ફોટક પદાર્થ સાથે લઇ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ સાથે લઈ જવી નહીં, એકઠા કરવા નહી, તથા તૈયાર કરવા નહી.

(ઘ) સરઘસમાં સળગતા કાકડા અથવા સળગતી મશાલો સાથે લઈ જવી નહી.

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી. અશ્લીલ ગીતો ગાવા નહી. અથવા ટોળામાં ફરવું નહીં.

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી, તેવા ચિત્રો, પત્રિકાઓ, પ્લેકાર્ડ અથવા કોઈપણ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહી, બતાવવી નહી, અથવા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ ક-ખ-ગ-ઘ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

૧. સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યક્તિને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવુ કોઈપણ હથિયાર લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથિયાર લઇ જવાની તેની ફરજ હોય.

૨. જિલ્લા પોલીસ અધિકારી અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરીક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

૩. જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અથવા અધિક જાલ્લા મેજાસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતને.

૪. કાયદેસરના હથીયાર પરવાના ધરાવનાર વ્યકિતને.

અનુસૂચિ :

ભાવનગર જીલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને મુંબઈ પોલીસ અધિનીયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોટાડીને સદરહું વિસ્તારમાં ધ્વનીવર્ધક યંત્રો દ્વારા ઢંઢેરો પીટાવીને પ્રસીધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ : ૨૭ -૨-૨૦૦૧ના રોજ મારી સહી તથા સીક્કો માર્યો.

ભાવનગર, ૨૭ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૧.

મુંબઇ પોલીસ અધિનીયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) હેઠળ કાઢેલો હુકમ

જાહેરનામું

નં : ડીએમ-૧-ફા.૩૧૨(૩)/૨૦૦૧.-આગામી તારીખ : ૭-૩-૨૦૦૧ ના રોજ ફાગણસુદ-૧૩નો ઢેબરાં તેરસનો મેળો ભરાનાર છે. તેમજ તા. ૧૦-૩-૨૦૦૧ ના હોળી-ધુળેટીના તહેવારની ઉજવણી થશે. ધુળેટી દરમ્યાન જાહેર રસ્તાઓ ઉપરથી પસાર થતા લોકોને અટકાવીને ઘેરૈયાઓ તેમની પાસે ગોઠ માંગે છે. તેઓ ગોઠ આપે નહી તો તેમની ઉપર રંગ છાંટી ત્રાસ આપે છે. પરેશાન કરે છે જેથી અકસ્માત, તકરારો થવાની શક્યતાઓ હોઈ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે મુંબઈ પોલીસ અધિનીયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) અન્વયે મળેલ સત્તાની રૂઈએ હું એ. ડી. કટારા, જી. એ. એસ., અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જીલ્લો ભાવનગર જાહેર હિતમાં ફરમાવું છું કે, સમગ્ર ભાવનગર જીલ્લામાં તા. ૭-૩-૨૦૦૧ થી તા. ૧૦-૩-૨૦૦૧ સુધી ઘેરૈયાઓએ લોકો પાસેથી ગોઠ માંગવી નહી તેમજ તેમને રંગ છાંટી પરેશાન કરવા નહી.

સદરહું હુકમનું ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનીયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષા થશે.

ભાવનગર, ૨ માહે માર્ચ સને ૨૦૦૧.

મુંબઇ પોલીસ અધિનીયમ-૧૯૫૧ની કલમ-૩૩-૧(બી) અન્વયે હુકમ

જાહેરનામું

નં : ડીએમ-૧-ફા.૩૧૨(૨)/૨૦૦૧.-પાલીતાણા શહેરમાં આગામી તા. ૭-૩-૨૦૦૧ના રોજ જૈન લોકોનો ફાગણસુદ-૧૩ ઢેબરા તેરસનો મોટો મેળો ભરાનાર છે. જેમાં વાહનો મોટી સંખ્યામાં આવતા હોય છે. જેથી વાહન વ્યવહાર સ્થગિત ન થાય તેમજ અકસ્માત નિવારી શકાય તે માટે ટ્રાફીક નિયમન કરવાનું જરૂરી જણાતાં મુંબઈ પોલીસ અધિનીયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મળેલ સત્તાની રૂઈએ હું એ. ડી. કટારા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર, જીલ્લો ભાવનગર. આથી પાલીતાણા શહેરમાં નીચેના રસ્તાઓને તા. ૬-૩-૨૦૦૧ થી તા. ૮-૩-૨૦૦૧ (બન્ને દિવસો સુધ્ધાં) સુધી એકમાર્ગીય રસ્તો જાહેર કરૂં છું.

રસ્તાનું નામ :

(૧) પાલીતાણા ભૈરવનાથ ચોકથી છેલ્લા ચકલા તળેટી કેસરીયાજી ધર્મશાળા સુધી વાહનો લઈ જવા એકમાર્ગીય.

(૨) તળેટીથી ભૈરવનાથ ચોક પરત આવવા માટે પાલીતાણા હાઈસ્કૂલ સામે દયાળભાઈની વાડીવાળા રસ્તેથી ભીલવાડા, તળાજા રોડ, થઈ ભૈરવનાથ ચોક આવી શકાશે.

(૩) પાલીતાણાથી આદપુર જવા માટે વાયા : સર્વોદય સોસાયટી થી જવા માટે એકમાર્ગીય.

(૪) આદપુરથી પાલીતાણા પરત આવવા માટે વાયા ઘેટી થઈ પરત આવી શકાશે એકમાર્ગીય.

(૫) પાલીતાણા હાઈસ્કૂલથી છેલ્લા ચકલા ગેઈટ તરફ કોઈ વાહન આવી શકશે નહી., અને છેલ્લા ચકલાથી ચાર થાંભલા કોઈપણ પ્રકારનું વાહન જશે નહી.

(૬) ભીડભંજન મહાદેવ ટ્રસ્ટ વાડીથી ચાર થાંભલા મહાજનના વંડા તરફ કોઈપણ પ્રકારનું વાહન જઈ શકશે નહીં.

(૭) નાની શાકમાર્કેટ ખાંચાથી ચાર થાંભલા મહાજનના વંડા તરફ કોઈપણ પ્રકારનું વાહન જઈ શકશે નહીં.

(૮) ઘોડાગાડી, બળદગાડી, હાથલારી, પાલીતાણા હાઈસ્કુલ થઈ આગળ જવા દેવાશે નહીં.

(૯) ઉપરોક્ત વનવેમાં હાથલારી, બળદગાડીને પણ પ્રવેશબંધી ગણવામાં આવશે.

(૧૦) આ જાહેરનામાની જોગવાઈમાંથી પોલીસ વિભાગના, મહેસુલ વિભાગના તેમજ જાહેર સુખાકારી માટે નગરપાલીકાએ મુકેલા વાહનોને મુક્તિ આપવામાં આવે છે.

(૧૧) આ જાહેરનામાની અવધિ દરમ્યાન વૃધ્ધ, અશક્ત, યાત્રિકોને લાવવા/લઈ જવા માટે વાહનોના ઉપયોગની પરવાનગી સબ ડીવાઝનલ મેજિસ્ટ્રેટ, પાલીતાણા આપી શકશે. આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર સદરહું અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોટાડીને તેમજ સદરહું વિસ્તારમાં ધ્વનીવર્ધક યંત્રો દ્વારા ઢંઢેરો પીટાવીને પ્રસીધ્ધ કરવાનું હું ફરમાવું છું.

મેં આજ તારીખ : ૨ -૩-૨૦૦૧ના રોજ મારી સહી કરી સીક્કો કર્યો છે.

ભાવનગર, ૨ માહે માર્ચ, સને ૨૦૦૧.

જાહેરનામું

નં : ડીએમ-૧-૩૩૫/૨૦૦૧.-પાલીતાણા શહેરમાં આગામી તા. ૭-૩-૨૦૦૧ના રોજ જૈન લોકોનો ઢેબરા તેરસનો મોટો મેળો ભરાનાર છે. જેમાં વાહનો મોટી સંખ્યામાં આવતા હોય છે. જેથી વાહન વ્યવહાર સ્થગિત ન થાય તેમજ અકસ્માત નિવારી શકાય તે માટે ટ્રાફીક નિયમન કરવાનું જરૂરી જણાતાં મુંબઈ પોલીસ અધિનીયમ-૧૯૫૧ની કલમ-૩૩-૧(બી) અન્વયે મળેલ સત્તાની

INDEX

રૂઈએ હું એ. ડી. કટારા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર, જીલ્લો ભાવનગર. આથી પાલીતાણા શહેરમાં છેલ્લા ચકલાથી તળેટી સુધીના જાહેર માર્ગ ઉપરની બન્ને બાજુઓ વાહન પાર્કીંગ ન કરવા માટે "નો પાર્કીંગ ઝોન" તા. ૬-૩-૨૦૦૧ થી તા. ૭-૩-૨૦૦૧ (બન્ને દિવસો સુધ્ધાં) સુધી જાહેર કરૂં છું.

સહરહું હુકમનું ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનીયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષા થશે.

મેં આજ તારીખ : ૨ -૩-૨૦૦૧ના રોજ મારી સહી કરી સીક્કો કર્યો છે.

ભાવનગર, ૨ માહે માર્ચ, સને ૨૦૦૧.

જાહેરનામું

નં : ડીએમ-૧-૩૩૬/૨૦૦૧.-પાલીતાણા શહેરમાં આગામી તા. ૭-૩-૨૦૦૧ના રોજ જૈન લોકોનો ઢેબરા તેરસનો મોટો મેળો ભરાનાર છે. જેમાં મોટી સંખ્યામાં લોકો આવતા હોય છે. તેઓ ગમે ત્યાં કચરો નાંખે છે. કેટલીક સેવન ન કરવા જેવી વસ્તુઓ વાપરે છે જેવી કે પાણીના પાઉચ, દૂધના પાઉચ, પ્લાસ્ટીકની ખાલી કોથળીઓ, બીડી, સીગારેટ, પાન મસાલા, ગુટકા અને તમાકુનો ઉપયોગ કરે છે. જેનાથી જાહેર આરોગ્ય ઉપર વિપરીત અસર પડે છે. તેને નિયમન કરવું જરૂરી જણાતાં મુંબઈ પોલીસ અધિનીયમ-૧૯૫૧ની કલમ-૩૩-૧(બી) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ, હું એ. ડી. કટારા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જીલ્લો ભાવનગર આથી પાલીતાણા શહેરમાં તા. ૭-૩-૨૦૦૧ના રોજ યોજાનારા મેળાની છ ગાઉના રસ્તે કોઈએ કચરો નાંખવો નહી. પાણીના પાઉચ, દુધના પાઉચ, પ્લાસ્ટીકની ખાલી કોથળીઓ નાખવી નહી. તેમજ બીડી, સીગારેટ, પાન મસાલા, ગુટકા, તમાકુનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

સદરહું હુકમનું ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનીયમ-૧૯૫૧ની કલમ-૧૫૧ હેઠળ શિક્ષા થશે.

મે આજરોજ તારીખ : ૨ -૩-૨૦૦૧ના રોજ મારી સહી કરી સીક્કો કર્યો છે.

ભાવનગર, ૨ માહે માર્ચ, સને ૨૦૦૧.

મુંબઇ પોલીસ અધિનીયમ-૧૯૫૧ની કલમ-૩૩(એસ) નીચે કાઢેલો હુકમ

જાહેરનામું

ક્રમાંક : નં. ડીએમ-૧-ફા.૩૧૨-૨૦૦૧.-ભાવનગર જિલ્લાના શિહોર ગામની બાજુમાં આવેલ ટાણા રોડની દક્ષિણ દિશાએ સર્વે નં. ૨૮૨ ની જમીન જે પોલીસ ખાતાએ ફાયરીંગ બટ માટે પસંદ કરેલ છે. જનો ઉપયોગ પોલીસ તંત્ર ફાયરીંગ બટ માટે કરે છે. આ ફાયરીંગ બટમાં કમાન્ડીંગ ઓફિસરશ્રી, ૩-ગુજરાત ગર્લ્સ બટાલીયન એન. સી. સી. ભાવનગરના ઓફિસર્સ તથા સ્ટાફની તા. ૬-૩-૨૦૦૧ થી તા. ૭-૩-૨૦૦૧ રોજ ફાયરીંગ પ્રેક્ટીસ કરવાના છે.

સબબ જાનમાલની સલામતી ખાતર મુંબઈ પોલીસ અધિનીયમ-૧૯૫૧ ની કલમ-૩૩(એસ.) થી મળેલ અધિકારની રૂઈએ હું એ. ડી. કટારા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જીલ્લો ભાવનગર આથી ફરમાવું છું કે, શિહોર ગામના સર્વે નં. ૨૮૨ શિહોર-ટાણા રોડની દક્ષિણ દિશાએ અડધોમાઈલના વિસ્તારમાં તા. ૬-૩-૨૦૦૧ થી તા. ૭-૩-૨૦૦૧ સુધી કોઈપણ શખ્સે જવું નહીં તેમજ ઢોરોને સદરહું વિસ્તારમાં ચરાવવા નહી.

મે આજ તારીખ : ૩-૩-૨૦૦૧ ના રોજ મારી સહી તથા કચેરીનો સીકકો કરી જાહેર જનતાની જાણ માટે બહાર પાડવામાં આવ્યો.

ભાવનગર, ૩ માહે માર્ચ, સને ૨૦૦૧.

જાહેરનામું

નં. ડીએમ./૧/ફા.૩૧૨/૨૦૦૧.-ભાવનગર શહેર તથા જીલ્લામાં પ્રવર્તતી પાણીની તંગીને લક્ષમાં લેતા તેમજ જીલ્લાના જળાશયોમાં સંગ્રહાયેલ પાણીનો જથ્થો અપુરતા હોઈ તેમાં અનઅધિકૃત રીતે માથાભારે તત્વો દ્વારા બગાડ કે ઉદ્વહન સિંચાઈ થાય નહી તે જરૂરી છે. કેમ કે પાણીના ગેરકાયદેસર રીતે ઉપાડ કે બગાડ થવાથી તેની સીધી અસર પીવાના પાણીના પુરવઠા ઉપર પડે છે. તેથી ફોજદારી કાર્યરીતી અધિનીયમ-૧૯૭૩ (સને ૧૯૭૪નો ૨જો) ની કલમ-૧૪૪ મુજબ પગલા લેવા, ઝડપી ઉપાય યોજવા પુરતું કારણ હોઈ, હું એ. ડી. કટારા, જી. એ. એસ., અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જીલ્લો ભાવનગર, સદરહું અધિનીયમની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, શેત્રુંજી, રોજકી, માલણ, રંઘોળા, કાળુભાર, ઘેલો (સોમનાથ), ઘેલો (ઈતરીયા), માલગઢ, ખોડીયાર, લીંબાળી, ખારો, રજાવળ, લાખણકા, હમીપરા, માલપરા તથા હણોલ જળાશયો અને તેની ઉપરવાસમાં પાણીની મહત્તમ/પુર્ણ સપાટીથી ૨૦૦ મીટર સુધી અને તેના હેઠવાસમાં ૫૦૦ મીટર સુધીની હદમાંથી તા. ૧૫-૩-૨૦૦૧ થી તા. ૧૩-૫-૨૦૦૧ સુધી અત્રેથી અધિકૃતિ મેળવ્યા સિવાય કોઈએ કોઈપણ રીતે પાણી લઈ જવું નહીં.

જાહેરનામાનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનીયમ (સને ૧૯૬૦ના ૪૫માં અધિનીયમ)ની કલમ-૧૮૮ મુજબ સજા થઈ શકશે.

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ સદરહું જાહેરનામાની નકલો ચોટાડીને અને સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આ જાહેરનામું તા. ૧૩-૫-૨૦૦૧ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ : ૮-૩-૨૦૦૧ના રોજ મારી સહી સીક્કો કરીને સદરહું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

ભાવનગર, ૮ માહે માર્ચ, સને ૨૦૦૧.

INDEX

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નં. ડીએમ./૧/ફા.૩૧૨(૭)/૨૦૦૦.-ભાવનગર શહેરમાં શેત્રુંજી ડેમમાંથી પાણી મેળવીને તેનું વિતરણ કરવામાં આવે છે. હાલમાં ભાવનગર શહેરમાં પાણીની તંગી પ્રવર્તે છે. શહેરના ગૌરીશંકર તળાવ અને તેની આજુબાજુના વિસ્તારમા કુવા, ડંકી, બોર વગેરેના ભૂગર્ભમાં પાણી જળવાય રહે તો ઈમરજન્સી/તાકીદના સમયમાં તે પાણી ઉપયોગમાં લઈ શકાય તે હેતુથી રીઝર્વ રાખવામાં આવે છે. પરંતુ આ તળાવની આજુબાજુમાં ખાનગી બોરના માલીકો બે રોકટોક પાણી ખેંચીને તેનો વેપાર કરી રહયા છે. આ તળાવનું પાણી લોકોને પીવા માટે ઉપયોગમાં લેવાતું હોઈ ત્યાં આજુબાજુના લોકો આ તળાવમાં ન્હાવા ધોવાની પ્રવૃત્તિઓ કરીને તળાવના પાણીને દુષિત કરી રહયા છે. જેથી જાહેર હિતમાં ગૌરીશંકર તળાવ અને તેની આજુબાજુમાં આવેલા બોર, કુવા, વગેરેમાંનું પાણી રીઝર્વ રહે અને પાણી દુષીત થાય નહી તે અત્યંત આવશ્યક છે.

સબબ, મુંબઈ પોલીસ અધિનીયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(એમ) થી મને મળેલ અધિકારની રુઈએ હું એ. ડી. કટારા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જીલ્લો, ભાવનગર આથી ફરમાવું છું કે, ભાવનગર શહેરના ગૌરીશંકર તળાવ અને તેની આજુબાજુમાં ૧૦૦૦ (એક હજાર) મીટર સુધીની હદમાં આવેલા કુવાઓ, ડંકીઓ, કે બોરમાંથી ઓઈલ એન્જીનથી કે અન્ય કોઈપણ રીતે કોઈએ અત્રેથી અધિકૃતિ મેળવ્યા સિવાય તા. ૧૫-૩-૨૦૦૧ થી તા. ૧૩-૫-૨૦૦૧ સુધી પાણી ખેંચીને લઈ જવું નહી, અને ગૌરીશંકર તળાવના પાણીને દુષિત કરવું નહી.

સદરહું જાહેરનામાનું ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનીયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષા થઈ શકશે.

સદરહું પ્રતિબંધીત વિસ્તારમાં આ જાહેરનામાની નકલો ચોટાડીને અને વર્તમાનપત્રો મારફત તેની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તારીખ : ૮-૩-૨૦૦૧ના રોજ મારી સહી, સીક્કો કરીને સદરહું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

ભાવનગર, ૮ માહે માર્ચ, સને ૨૦૦૧.

જાહેરનામું

નં. ડીએમ./૧/ફા.૩૧૨(૬)/૨૦૦૦.-ભાવનગર શહેર તથા જીલ્લામાં પ્રવર્તતી પીવાના પાણીની તંગીને લક્ષમાં લેતા તાજેતરમાં બનાવાયેલ ચેકડેમો તથા ગામ તળાવોમાં સંગ્રહાતા પાણીનો અનઅધિકૃત રીતે માથાભારે તત્ત્વો દ્વારા બગાડ કે ઉદ્વહન સિંચાઈ થાય નહીં તે માટે ઝડપી ઉપાય યોજવાનું જરૂરી જણાતા હું એ. ડી. કટારા, જી.એ.એસ., અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જીલ્લો, ભાવનગર, ફોજદારી કાર્યરીતી અધિનીયમ-૧૯૭૩ (સને ૧૯૭૪નો ૨જો) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ અધિકારની રુઈએ ફરમાવું છું કે, ભાવનગર શહેર-જીલ્લામાં આવેલ ગામ તળાવો તથા ચેકડેમોમાંથી કોઈએ પરવાનગી વગર પાણી લઈ જવું નહી, આ ગામતળાવો / ચેકડેમોમાંથી૧૦૦૦ મીટર સુધીના વિસ્તારમાં નવા કુવાઓ ગાળવા નહી, તે માટે જમીન ફાલવવી નહી, તેમજ કોઈ નવા બોર કરવા નહી, અને તે માટે વીજળી જોડાણો આપવા નહી.

આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનીયમ (સને-૧૮૬૦ના ૪૫માં અધિનીયમ)ની કલમ-૧૮૮ મુજબ સજા થઈ શકશે.

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ સદરહુ જાહેરનામાની નકલો ચોટાડીને અને વર્તમાનપત્રો મારફત તેની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આ જાહેરનામું તા. ૧૫-૩-૨૦૦૧ થી તા. ૧૩-૫-૨૦૦૧ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ : ૮-૩-૨૦૦૧ના રોજ મારી સહી, સીક્કો કરીને સદરહું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

ભાવનગર, ૮ માહે માર્ચ, સને ૨૦૦૧.

એ. ડી. કટારા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર જિલ્લો,
ભાવનગર.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :

૧. સરકારશ્રીના સહકાર વિભાગના સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : હ-૨૪-૯૧-ડી.ડી.સી.-૧૧૮૮-પ૨૦૪/જે, તા. ૩૦-૩-૯૧.

૨. આ કચેરીના તા. ૨-૩-૨૦૦૦ ના હુકમ નં. ફડચ ૦૧/ખ-૪/૭૬/૨૦૦૦ નો સંસ્થાનો ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો આદેશ.

આદેશ

ક્રમાંક : ફડચ/ઉખસ/ફ-૧૨૫૭૧/ખ-૪/૧૩૨૨/૨૦૦૦.-ગુજરાત સહકારી મંડળીઓના અધિનીયમ ૧૯૬૧ની કલમ ૧૦૭-૧ અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું કે. બી. ઉપાધ્યાય, જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં. ભાવનગર, સદરહું સંસ્થાને માટે તા. ૨-૩-૨૦૦૦ના રોજનો કરવામાં આવેલ ફડચાનો વચગાળાનો આદેશ કાયમી કરૂં છું.

તેમજ આ કાયદાની કલમ-૧૦૮-૧ અન્વયે સદરહું સંસ્થાના ફડચા અધિકારી તરીકે શ્રી સહ. અધિ. ફડચા-૪ ભાવનગરની આથી નિમણુંક કરૂં છું.

ભાવનગર, ૧૬ માહે નવેમ્બર, સને ૨૦૦૦.

INDEX

વંચાણે લીધા :

૧. સરકારશ્રીના સહકાર વિભાગના સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : હ-૨૪-૯૧-ડી.ડી.સી.-૧૧૮૮-૫૨૦૪/જે, તા. ૩૦-૩-૯૧.

૨. આ કચેરીના તા. ૧૬-૧૦-૨૦૦૦ ના હુકમ નં. ફડચ ૦૧/ખ-૪/૧૨૦૦ થી ૧૨૦૭/૨૦૦૦ નો સંસ્થાનો ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો આદેશ.

આદેશ

ક્રમાંક : ફડચ/ઉખસ/ફ-૧૨૫૭૦/ખ-૪/૧૩૧૫/૨૦૦૦.- ગુજરાત સહકારી મંડળીઓના અધિનીયમ ૧૯૬૧ની કલમ ૧૦૭-૧ અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું કે. બી. ઉપાધ્યાય, જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં. ભાવનગર, સદરહું સંસ્થાને માટે તા. ૧૬-૧૦-૨૦૦૦ના રોજનો કરવામાં આવેલ ફડચાનો વચગાળાનો આદેશ કાયમી કરૂં છું.

તેમજ આ કાયદાની કલમ-૧૦૮-૧ અન્વયે સદરહું સંસ્થાના ફડચા અધિકારી તરીકે શ્રી સહ. અધિ. ફડચા-૪ ભાવનગરની આથી નિમણુંક કરૂં છું.

ભાવનગર, ૧૬ માહે નવેમ્બર, સને ૨૦૦૦.

વંચાણે લીધા :

૧. સરકારશ્રીના સહકાર વિભાગના સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : હ-૨૪-૯૧-ડી.ડી.સી.-૧૧૮૮-૫૨૦૪/જે, તા. ૩૦-૩-૯૧.

૨. આ કચેરીના તા. ૧૬-૧૦-૨૦૦૦ ના હુકમ નં. ફડચ ૦૧/ખ-૪/૧૧૮૬ થી ૧૧૯૨/૨૦૦૦ નો સંસ્થાનો ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો આદેશ.

આદેશ

ક્રમાંક : ફડચ/ઉખસ/ફ-૧૨૫૬૮/ખ-૪/૧૩૦૮/૨૦૦૦.- ગુજરાત સહકારી મંડળીઓના અધિનીયમ ૧૯૬૧ની કલમ ૧૦૭-૧ અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું કે. બી. ઉપાધ્યાય, જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં. ભાવનગર, સદરહું સંસ્થાને માટે તા. ૧૬-૧૦-૨૦૦૦ના રોજનો કરવામાં આવેલ ફડચાનો વચગાળાનો આદેશ કાયમી કરૂં છું.

તેમજ આ કાયદાની કલમ-૧૦૮-૧ અન્વયે સદરહું સંસ્થાના ફડચા અધિકારી તરીકે શ્રી સહ. અધિ. ફડચા-૪ ભાવનગરની આથી નિમણુંક કરૂં છું.

ભાવનગર, ૧૬ માહે નવેમ્બર, સને ૨૦૦૦.

વંચાણે લીધા :

૧. સરકારશ્રીના સહકાર વિભાગના સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : હ-૨૪-૯૧-ડી.ડી.સી.-૧૧૮૮-૫૨૦૪/જે, તા. ૩૦-૩-૯૧.

૨. આ કચેરીના તા. ૧૬-૧૦-૨૦૦૦ ના હુકમ નં. ફડચ ૦૧/ખ-૪/૧૧૯૩/ ૧૧૯૯ -૨૦૦૦ નો સંસ્થાનો ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો આદેશ.

આદેશ

ક્રમાંક : ફડચ/ઉખસ/ફ-૧૨૫૬૯/ખ-૪/૧૩૦૧/૨૦૦૦.- ગુજરાત સહકારી મંડળીઓના અધિનીયમ ૧૯૬૧ની કલમ ૧૦૭-૧ અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું કે. બી. ઉપાધ્યાય, જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં. ભાવનગર, સદરહું સંસ્થાને માટે તા. ૧૬-૧૦-૨૦૦૦ના રોજનો કરવામાં આવેલ ફડચાનો વચગાળાનો આદેશ કાયમી કરૂં છું.

તેમજ આ કાયદાની કલમ-૧૦૮-૧ અન્વયે સદરહું સંસ્થાના ફડચા અધિકારી તરીકે શ્રી સહ. અધિ. ફડચા-૪ ભાવનગરની આથી નિમણુંક કરૂં છું.

ભાવનગર, ૧૬ માહે નવેમ્બર, સને ૨૦૦૦.

વંચાણે લીધા :

૧. સરકારશ્રીના સહકાર વિભાગના સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : હ-૨૪-૯૧-ડી.ડી.સી.-૧૧૮૮-૫૨૦૪/જે, તા. ૩૦-૩-૯૧.

૨. આ કચેરીના તા. ૧૩-૧૨-૨૦૦૦ ના હુકમ નં. ફડચ : ૧૩૨૫/૨૦૦૦ નો સંસ્થાનો ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો આદેશ.

આદેશ

ક્રમાંક : ફડચ/ઉખસ/ફ-૧૨૫૭૪/ખ-૪/૩૧૮/૨૦૦૧.- ગુજરાત સહકારી મંડળીઓના અધિનીયમ ૧૯૬૧ની કલમ ૧૦૭-૧ અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું કે. બી. ઉપાધ્યાય, જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં. ભાવનગર, સદરહું સંસ્થાને માટે તા.................. ના રોજનો કરવામાં આવેલ ફડચાનો વચગાળાનો આદેશ કાયમી કરૂં છું.

તેમજ આ કાયદાની કલમ-૧૦૮-૧ અન્વયે સદરહું સંસ્થાના ફડચા અધિકારી તરીકે શ્રી સહ. અધિ. ફડચા-૪ ભાવનગરની આથી નિમણુંક કરૂં છું.

ભાવનગર, ૨૫ માહે જાન્યુઆરી, સને ૨૦૦૧.

વંચાણે લીધા :

૧. સરકારશ્રીના સહકાર વિભાગના સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : હ-૨૪-૯૧-ડી.ડી.સી.-૧૧૮૮-૫૨૦૪/જે, તા. ૩૦-૩-૯૧.

૨. આ કચેરીના તા. ૧૬-૧૨-૨૦૦૦ ના હુકમ નં. ફડચ : ૧૩૪૧/૨૦૦૦ નો સંસ્થાનો ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો આદેશ.

આદેશ

ક્રમાંક : ફડચ/ઉખસ/ફ-૧૨૫૭૬/ખ-૪/૪૧/૨૦૦૧.- ગુજરાત સહકારી મંડળીઓના અધિનીયમ ૧૯૬૧ની કલમ ૧૦૭-૧ અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું કે. બી. ઉપાધ્યાય, જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં. ભાવનગર, સદરહું સંસ્થાને માટે તા....................ના રોજનો કરવામાં આવેલ ફડચાનો વચગાળાનો આદેશ કાયમી કરૂં છું.

તેમજ આ કાયદાની કલમ-૧૦૮-૧ અન્વયે સદરહું સંસ્થાના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા-૪ ભાવનગરની આથી નિમણુંક કરૂં છું.

ભાવનગર, ૨૫ માહે જાન્યુઆરી, સને ૨૦૦૧.

વંચાણે લીધા :

૧. સરકારશ્રીના સહકાર વિભાગના સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : હ-૨૪-૯૧-ડી.ડી.સી.-૧૧૮૮-૫૨૦૪/જે, તા. ૩૦-૩-૯૧.

૨. આ કચેરીના તા. ૧૬-૧૨-૨૦૦૦ ના હુકમ નં. ફડચ-૧૩૮૯/૨૦૦૦ નો સંસ્થાનો ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો આદેશ.

આદેશ

ક્રમાંક : ફડચ/ઉખસ/ફ-૧૨૫૭૫/ખ-૪/૪૦/૨૦૦૧.- ગુજરાત સહકારી મંડળીઓના અધિનીયમ ૧૯૬૧ની કલમ ૧૦૭-૧ અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું કે. બી. ઉપાધ્યાય, જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં. ભાવનગર, સદરહું સંસ્થાને માટે રોજનો કરવામાં આવેલ ફડચાનો વચગાળાનો આદેશ કાયમી કરૂં છું.

તેમજ આ કાયદાની કલમ-૧૦૮-૧ અન્વયે સદરહું સંસ્થાના ફડચા અધિકારી તરીકે શ્રી સહ. અધિ. ફડચા-૪ ભાવનગરની આથી નિમણુંક કરૂં છું.

ભાવનગર, ૨૫ માહે જાન્યુઆરી, સને ૨૦૦૧.

વંચાણે લીધા :

૧. સરકારશ્રીના સહકાર વિભાગના સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : હ-૨૪-૯૧-ડી.ડી.સી.-૧૧૮૮-૫૨૦૪/જે, તા. ૩૦-૩-૯૧.

૨. આ કચેરીના તા. ૧૬-૧૨-૨૦૦૦ ના હુકમ નં. ફડચ-૧૩૩૩/૨૦૦૦ નો સંસ્થાનો ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો આદેશ.

આદેશ

ક્રમાંક : ફડચ/ઉખસ/ફ-૧૨૫૭૨/ખ-૪/૩૭/૨૦૦૧.- ગુજરાત સહકારી મંડળીઓના અધિનીયમ ૧૯૬૧ની કલમ ૧૦૭-૧ અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું કે. બી. ઉપાધ્યાય, જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં. ભાવનગર, સદરહું સંસ્થાને માટે તા....................ના રોજનો કરવામાં આવેલ ફડચાનો વચગાળાનો આદેશ કાયમી કરૂં છું.

તેમજ આ કાયદાની કલમ-૧૦૮-૧ અન્વયે સદરહું સંસ્થાના ફડચા અધિકારી તરીકે શ્રી સહ. અધિ. ફડચા-૪ ભાવનગરની આથી નિમણુંક કરૂં છું.

ભાવનગર, ૨૫ માહે જાન્યુઆરી, સને ૨૦૦૧.

વંચાણે લીધા :

૧. સરકારશ્રીના સહકાર વિભાગના સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : હ-૨૪-૯૧-ડી.ડી.સી.-૧૧૮૮-૫૨૦૪/જે, તા. ૩૦-૩-૯૧.

૨. આ કચેરીના તા. ૨૪-૧૨-૨૦૦૦ ના હુકમ નં. ફડચ-૧૫૯૦/૨૦૦૦ નો સંસ્થાનો ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો આદેશ.

આદેશ

ક્રમાંક : ફડચ/ઉખસ/ફ-૧૨૫૭૩/ખ-૪/૩૮/૨૦૦૧.- ગુજરાત સહકારી મંડળીઓના અધિનીયમ ૧૯૬૧ની કલમ ૧૦૭-૧ અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું કે. બી. ઉપાધ્યાય, જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં. ભાવનગર, સદરહું સંસ્થાને માટે તા....................ના રોજનો કરવામાં આવેલ ફડચાનો વચગાળાનો આદેશ કાયમી કરૂં છું.

તેમજ આ કાયદાની કલમ-૧૦૮-૧ અન્વયે સદરહું સંસ્થાના ફડચા અધિકારી તરીકે શ્રી સહ. અધિ. ફડચા-૪ ભાવનગરની આથી નિમણુંક કરૂં છું.

ભાવનગર, ૨૫ માહે જાન્યુઆરી, સને ૨૦૦૧.

કે. બી. ઉપાધ્યાય,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભાવનગર.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

REGISTERED No. GRJ-24

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XLII] THURSDAY, 12TH JULY, 2001/ASHADHA 21, 1923 [No. 28

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appointments etc.,	319-334	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	271-294
		PART - II Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	469-486
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil	**PART - III** Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

INDEX

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

By the District Judge

NOTIFICATION

Read : Notification No. GS/2000-41/PHD/102000/13672/GH, dated 1st November, 2000 of the General Administration Department, Gandhinagar.

No. UHC/B. 34/2000,Dt. 21-12-2000.- In accordance with the provision contained in para's 624 to 629, Chapter 31 of Civil Manual, Volume-1968, The District Judge, Junagadh is pleased to notify the following HOLIDAYS to be observed in the year 2001. The District Court court and all Courts subbordinate to it in Judicial District of Junagadh, shall remain closed on holidays and directs the closing of all the Civil Courts in Judicial District of Junagadh for the ensuing Annual Summer Vacation for Six Weeks commencing from Monday, 30th of April, 2001 to Sunday, 10th June, 2001, (both days inclusive).

Sr. No.	Name of the Holliday	Date According to Gregoreain Calender	Day
01.	Republic Day.	26th January, 2001	Friday
02.	Mahashivratri.	21st February, 2001	Wednesday
03.	Bakri-Id (ID-Ul-Aza).	06th March, 2001	Tuesday
04.	Holi 1st Day (Holi).	09th March, 2001	Friday
05.	Holi-2nd Day Dhuleti.	10th March, 2001	Saturday
06.	Cheti Chand.	26th March, 2001	Monday
07.	Ramnavmi.	02nd April, 2001	Monday
08.	Muharram.	05th, April, 2001	Thursday
09.	Mahavir Jayanti.	06th April, 2001	Friday
10.	Good Friday.	13th April, 2001	Friday
11.	Dr. Babasaheb Ambedkar's Birthday.	14th April, 2001	Saturday
12.	Id-a-Millad-Un-Nabi.	05th June, 2001	Tuesday
13.	Raksha Bandhan.	04th August, 2001	Saturday
14.	Janmashtami 2nd Day. (Parna Nom)	13th August, 2001	Monday
15.	Independent Day.	15th August, 2001	Wednesday
16.	Savantsari.	22nd August, 2001	Wednesday
17.	Mahatma Gandhi's Birthday.	02nd October, 2001	Tuesday
18.	Dusshera.	26th October, 2001	Friday
19.	Sardar Vallabhbhai Patel's Birthday.	31st October, 2001	Wednesday
20.	Diwali, (Extra)	12th November, 2001	Monday
21.	Diwali, (Extra)	13th November, 2001	Tuesday
22.	Diwali.	14th November, 2001	wednesday
23.	Diwali, (Extra)	15th November, 2001	Thursday
24.	(i) New Year Day. (2) Bhai-Bij.	16th November, 2001	Friday
25.	Diwali, (Extra)	17th November, 2001	Saturday
26.	Guru Nanak's Birthday.	30th November, 2001	Friday
27.	Ramzan-Id, (Id-UI-Fitra)	17th December, 2001	Monday.
28.	Christmas Day.	25th December, 2001	Tuesday

NOTE :

(1) The following days have not been notified as public holidays as they fall on SUNDAY.

(1)	Makarsankranti.	14th January, 2001
(2)	Janmashtami.	12th August, 2001

(2) If any of Muslim Holidays notified above does not fall on the day notified, the Muslim Government Servants may be granted an Optional Holiday on the day on which the holiday is actually observed.

(3) In addition to the Holidays notified above, Government Servants may avail of maximum of any two of the holidays on the festival occasions at their option and irrespective of their religious denomination, out of the list of optional holidays declared for the year-2001. Permission for availment of those holidays should however be applied for in advance and will normally be granted by Officer competent to grant Casual Leave with due regard to exigencies of Government work. The above two holidays taken by the Government Servants at their option on the festival of their choice will not be debited to their Casual Leave account.

OPTIONAL HOLIDAYS FOR GOVENMENT SERVANTS-2001, (PART-II)

Sr. No.	Name of the Holliday	Date	Day
01.	Christian New Year's Day.	1st January, 2001	Monday
02.	Guru Govindsingh's Birthday.	2nd January, 2001	Tuesday
03.	Vassi Uttarayan (Next day to Makor Shankrati)	15th January, 2001	Monday
04.	Vishvakarma Jayantee. (Maha Sud-13).	6th February, 2001	Tuesday
05.	Jamshedi Navroj (Parsi Shahenshai and Kadmi).	21st March, 2001	Wednesday
06.	Gudi Padva.	26th March, 2001	Monday
07.	9" Muharram-Ashura, (Muslim Shiya and Sunni).	4th April, 2001	Wednesday
08.	Hatkeshwar Jayantee.	7th April, 2001	Saturday
09.	Maha Prabhuji's Paraktyotsava, (Vallabhacharya Jayantee).	19th April, 2001	Thursday
10.	(1) Jagadguru Adhya. Shree Shankracharya Jayantee.	28th April, 2001	Saturday
	(2) Zarthost-no-Disho (Parsi Kadmi)	28th April, 2001	Saturday
11.	Buddha Purnima.	7th May, 2001	Monday
12.	Shahadat-e-Immam Hasan (Muslim Shiya).	23rd May 2001	Wednesday
13.	Guru Arjundev's Martyrdom Day.	26th May, 2001	Saturday
14.	(1) Jarthost-no-Disho. (Parsi Shahenshai).	28th May, 2001	Monday
	(2) Shabouth.	28th May, 2001	Monday
15.	Id-e-Milad (Muslim Shiya).	5th June, 2001	Tuesday
16.	Rathayatra (Ashadhi Bij).	23th June, 2001	Saturday
17.	Gatha Gahamber (Gatha III) (Parsi Kadmi)	19th July, 2001	Thursday
18.	Parsi New Year Eve. (Gatha-V) (Parsi Kadmi).	21st July, 2001	Saturday
19.	Khordad Sal (Parsi Kadmi)	27th July, 2001	Friday
20.	Nand Utsav (Next day to Janmashtami-Nomparna).	13th August, 2001	Monday

Sr. No.	Name of the Holliday	Date	Day
21.	Shravan Vad-12 (Pajusan, 1st day) (Chaturthi Paksha).	15th August, 2001	Wednesday
22.	Sharavan Vad-13 (Pakshai 1st day) (Panchami Paksha).	16th August, 2001	Thursday
23.	Gatha Gahamber (Gatha III) (Parsi Shahenshi).	18th August, 2001	Saturday
24.	Parsi New Year Eve (Gatha V) (Parsi Shahenshi).	20th August, 2001	Monday
25.	Ganesh Chaturthi.	22nd August, 2001	Wednesday
26.	Samvantsari (Panchmi Paksha).	23rd August, 2001	Thursday
27.	Onam.	31st August, 2001	Friday
28.	Rosh Hoshana (1st Day).	18th September, 2001	Tuesday
29.	Eve of Kippur.	26th September. 2001	Wednesday
30.	Kippur.	27th September, 2001	Thursday
31.	Succoth.	2nd October, 2001	Tuesday
32.	Shabab-e-Barat (Muslim Shiya and Sunni).	2nd November, 2001	Friday
33.	Dhanterash (Aso Vad-13)	12th November, 2001	Monday
34.	Kali Chaudash (Aso Vad-14)	13th November, 2001	Tuesday
35.	Kartak Sud-15	30th November, 2001	Friday
36.	Shahadat-e-Hazarat Ali (Muslim Shiya).	7th December, 2001	Friday
37.	Ramzan-Id (Id-Ul-Fitra). (2nd Shawal) (Muslim Shiya and Sunni)	18th December, 2001	Tuesday
38.	(1) Gita Jayantee. (2) Boxing Day (Next day to Christmas).	26th December, 2001 26th December, 2001	Wednesday Wednesday

NOTE :

(1) The following days have not been notified as public Optional holidays as they fall on SUNDAY.

1.	(1) Chitra-Sud-15. (2) Peesach (1st Day).	8th April, 2001 8th April, 2001
2.	Parsi New Year Day. (Parsi Kadmi).	22nd July, 2001
3.	Thishabeeb.	29th July, 2001
4.	Mahavir Janma Vachan.	19th August, 2001
5.	Khordad Sal. (Parsi Shahenshai).	26th August, 2001

Junagadh, 21st December, 2000.

INDEX

NOTIFICATION

Read : 1. Prilininary Report regarding damage to the Court Buildings due to earthquake.

2. District Court, Junagadh, letter No. B/294/2001, Date : 29.1.2001.

3. District Court, Junagadh, letter No. B/295/2001, Date : 29.1.2001.

4. District Court, Junagadh, letter No. B/296/2001, Date : 29.1.2001.

5. High Court, Ahmedabad letter No. C/2103/2001, Date : 29.1.2001.

6. Para 624 of Chapert XXXI of the Civil Manual, 1960.

No.UHC/B 8 of 2001.-The district Judge, Junagadh, is pleased to declare 1st, 2nd and 3rd of February, 2001, to be the Public holidays for the District Court and all its subordinate Courts and offices in Junagadh District on account of the Earthquake. Therefore, the District Court, Junagadh, and all the courts subordinate to it, shall remain CLOSED on 1st, 2nd and 3rd of February 2001.

Junagadh, 5th February, 2001.

CORRINGENDUM

Read : 1. This office Notification No. UHC/B.7 of 2001, of dated : 29.1.2001.
2. Notifation No. UHC/B. 8 of 2001, of dated : 1.2.2001.

Notification No. UHC/B.9 of 2001.-The District Judge, Junagadh is pleased to declare that 29th January, 2001 to 3rd February, 2001, to be closed instead of "Public Holidays" for the District court and all its subordinate Courts and offices in Junagadh District on account of the Earthquake.

Junagadh, 1st February, 2001.

NOTIFICATION

No.UHC/B/8/35/2001.-Under the powers vested in him under paragraph 629, Chapter XXXI Civil Manual, Volum-I, 1960, the District Judge, Junagadh is pleased to sanction the closing of all the Civil Courts in the Judicial District of Junagadh for the Annual Summer Vacation for Six Weeks commencing from Monday, 30th, April, 2001 to Sunday, 10th June, 2001. (Boath Day inclusive).

The Offices of the Nazir and Record Keeper, District Court, Junagadh and the offices of the Nazir of the Subordinate Civil Courts in the District will remain open during the vacation on working days.

Junagadh, 21st December, 2001.

G. K. Upadhayay,
District Judge,
Junagadh.

સીવીલ જજ દ્વારા

કચેરી હુકમ

વંચાણે :

(૧) સીવીલ કોર્ટ, સીનીયર ડીવીઝન, જુનાગઢના કચેરી હુકમ નંબર-બી-૧૪૯-૧૯૯૬ તારીખ ૧-૧૦-૧૯૯૬.

(૨) સીવીલ કોર્ટ, સીનીયર ડીવીઝન, જુનાગઢના કચેરી હુકમ નંબર-બી-૧૮૧-૧૯૯૬ તારીખ ૨૧-૧૧-૯૬.

નંબર-બી-૬૮-૨૦૦૧.-સીવીલ મેન્યુઅલના પેરેગ્રાફ ૫૩૭, ૫૩૮ મુજબ હું આર. જી. ભટ્ટ, સીવીલ જજ, સીનીયર ડીવીઝન, જુનાગઢમા વંચાણમાં લીધેલ કચેરી હુકમ મુજબ આ કોર્ટનાં રજીસ્ટ્રાર/ક્લાર્ક ઓફ ધી કોર્ટ શ્રી જે. જે. સોલંકીના વહીવટી કાર્યવાહી માટે જે સત્તા આપવામાં આવેલ છે જે ચાલુ રાખવામાં આવે છે. જ્યારે શ્રી જે. જે. સોલંકી, રજીસ્ટ્રાર/ક્લાર્ક ઓફ ધી કોર્ટનો ગેરહાજરીમાં આ કોર્ટનાં નાઝીર શ્રી એ. બી. નિરંજનીને તેમજ રજીસ્ટ્રાર/ક્લાર્ક ઓફ ધી કોર્ટ અને નાઝીર બંનેનો ગેરહાજરીમાં શ્રી એચ. ડી. યાજ્ઞીક, સુપ્રિન્ટેન્ડન્ટ/સીનીયર ક્લાર્કને સદરહુ સત્તા આપવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમનો અમલ તારીખ ૧૧-૪-૨૦૦૧ થી અમલમાં આવે છે.

જુનાગઢ, ૧૧ માહે ઓપ્રિલ, સને ૨૦૦૧.

આર. જી. ભટ્ટ,
સીવીલ જજ,
જુનાગઢ.

નોટીફીકેશન

જા.નં. ૪૪૮/૨૦૦૧.-સીવીલ મેન્યુઅલ ૧૯૬૧ના ચેપ્ટર-૨૮, પારા-૫૩૭ મુજબ હું શ્રી એ. યુ. કુરેશી, સીવીલ જજ (જુ.ડી.) અને જ્યુડી. મેજી. ફ. ક. ઉના આથી ઉના કોર્ટના રજીસ્ટ્રાર કમ નાઝીર શ્રી એલ. બી. કુવરીયાને નીચે મુજબની સત્તા કોર્ટના વહીવટ કામકાજ માટે આપુ છું.

(૧) દાવા અરજીઓ સ્વીકારવી (સી. પ્રો. કો. ઓ. ૪ (રુલ-૧)

(૨) દાવા અરજીઓ નોંધવી ઠરાવવી. (સી. પ્રો. કો. ઓ. ૪ (રુલ-૨)

(૩) પ્રતિ. ઓ તથા સાક્ષીઓના સમન્સો ઉપર સહી કરવી. (સી. પ્રો. કો. ઓ. ૫, (રુલ-૧ (૩) અને રુલ-૧૦)

(૪) સમન્સની બજવણી કરાવવી. (સી. પ્રો. કો. ઓ. ૫ રુલ-૯)

(૫) સમન્સ મોકલવાના વિનંતીપત્રો પર સહી કરવી. (સી. પ્રો. કો. ઓ. ૫, રુલ-૩૦)

(૬) રજુ થયેલા કાગળોની નકલોના ખરાપણ અંગે ખાત્રી કરવી અને અસલ દસ્તાવેજોની ઓળખ માટે તેમની ઉપર ઓળખની નિશાની કરવી. (સી. પ્રો. કો. ઓ. ૭, રુલ-૧૭)

(૭) સાક્ષીઓ પર સમન્સ કાઢવા માટેની સાહેદ દરખાસ્તો સ્વીકારવી. (સી. પ્રો. કો. ઓ. ૧૬, રુલ-૧)

(૮) બજવણી, દરખાસ્તો સ્વીકારવી. (સી. પ્રો. કો. ઓ. ૨૧, રુલ-૧૦)

(૯) બજાવણી, પ્રોસેસ ઉપર સહીઓ કરવી. (સી. પ્રો. કો. ઓ. ૨૧, રુલ-૨૪)

(૧૦) દાવા અરજી સાથે રજુ થયેલા દસ્તાવેજો, લીસ્ટ દાવા અરજીની નકલો તથા સ્ટેટમેન્ટ ખરાપણાની ખાત્રી કરી તેના ઉપર સહી કરવી. (સી. પ્રો. કો. ઓ. ૭, રુલ-૪)

(૧૧) તરજુમા ઉપર ખરાપણાના દાખલા આપવા.

૧. આ કોર્ટમાં રજૂ થતા કાગળો ઉપર તારીખ નાખવી.

૨. કોર્ટનુ સીલ હવાલામાં રાખી સીલ કરવું.

૩. રજીસ્ટરો, પ્રોસીડીંગ બુકો અને બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવાની નોટીસ ઉપર સહી કરવી.

૪. તમામ અરજીઓ અને તે સાથે રજૂ થતાં કાગળો સ્વીકારવા અને નોંધવા અને જે પાછા આપવા અગર યોગ્ય લાગે તો જજના હુકમ માટે તેમની રૂબરૂ ફરજીયાત રીતે રજૂ કરવા.

૫. સામાન્ય રીત મુજબ જે પ્રથમદર્શને મંજૂર કરવા જેવો હોય અને યોગ્ય સમયમાં રજૂ કરવામાં આવી હોય તેવી તમામ સામાન્ય ધોરમ મુજબની અરજીઓ સ્વીકારવી અને તેનો નિકાલ કરવો.

૬. સીવીલ પ્રોસીઝર કોડ, ઓ. ૮. રુલ-૧ અન્વયે જવાબ સ્વીકારવા.

૭. સીવીલ જજની ગેરહાજરીમાં બોર્ડ ઉપરના કામ મુલત્વી રાખવા સાક્ષીઓને તાકીદ આપવા ઠરાવવુ અને સી. પ્રો. કો. ઓ. ૨૧, રુલ-૩૮ મુજબ કેદ પકડાયેલા દેણદારોના જામીન લેવા.

(૧૨) સમન્સ ઉપર સહી કરવી. (ક્રિ. મેન્યુઅલ ચેપ્ટર-૩, પારા-૩૯ મુજબ) (૨) જામીનદારો રજૂ કરેલ મિલ્કતના પુરાવાની ચકાસણી કરવી. મેન્યુઅલ ચેપ્ટર-૨, પેરા-૨૮ (૪).

રજીસ્ટ્રાર કમ નાઝીરની ગેરહાજરીમાં સુપ્રિ./સીની. ક્લાર્ક જે. ડી. સોડા, અને તેમની ગેરહાજરીમાં સુપ્રી/સીની. ક્લાર્ક શ્રી એસ. એસ. ઠાકર તથા તેઓની ગેરહાજરીમાં અન્ય કાર્યકારી અવલ જુ. ક્લાર્કને ઉપર મુજબની તમામ સત્તાઓ સોંપવામાં આવે છે.

આ હુકમનો અમલ તા. ૩-૪-૨૦૦૧ થી કરવો.

ઉના, ૩ માહે એપ્રિલ, સને ૨૦૦૧.

એ. યુ. કુરેશી,
સીવીલ જજ (જુ.ડી.),
ઉના.

નોટીફીકેશન

જા.નં. ૧૧૭/૨૦૦૧.-સીવીલ મેન્યુઅલ ૧૯૬૧ના ચેપ્ટર-૨૮, પારા-૫૩૭ મુજબ હું શ્રી આર. એસ. રાજ્યગુરૂ, સીવીલ જજ (જુ.ડી.) અને જ્યુડી. મેજી. ફ. ક. વંથલી આથી વંથલી કોર્ટના સુપ્રી. શ્રી કે. બી. કાચાને નીચે મુજબની સત્તા કોર્ટના વહીવટ કામકાજ માટે આપુ છું.

(૧) દાવા અરજીઓ સ્વીકારવી (સી. પ્રો. કો. ઓ. ૪ (રુલ-૧)

(૨) દાવા અરજીઓ નોંધવી ઠરાવવી. (સી. પ્રો. કો. ઓ. ૪ (રુલ-૨)

(૩) પ્રતિ. ઓ તથા સાક્ષીઓના સમન્સો ઉપર સહી કરવી. (સી. પ્રો. કો. ઓ. ૫, (રુલ-૧ (૩) અને રુલ-૧૦)

(૪) સમન્સની બજવણી કરાવવી. (સી. પ્રો. કો. ઓ. ૫ રુલ-૯)

(૫) સમન્સ મોકલવાના વિનંતીપત્રો પર સહી કરવી. (સી. પ્રો. કો. ઓ. ૫, રુલ-૩૦)

(૬) રજુ થયેલા કાગળોની નકલોના ખરાપણ અંગે ખાત્રી કરવી અને અસલ દસ્તાવેજોની ઓળખ માટે તેમની ઉપર ઓળખની નિશાની કરવી. (સી. પ્રો. કો. ઓ. ૭, રુલ-૧૭)

(૭) સાક્ષીઓ ઉપર સમન્સ કાઢવા માટેની સાહેદ દરખાસ્તો સ્વીકારવી. (સી. પ્રો. કો. ઓ. ૧૬, રુલ-૧)

(૮) બજાવણી, દરખાસ્તો સ્વીકારવી. (સી. પ્રો. કો. ઓ. ૨૧, રુલ-૧૦)

(૯) બજાવણી, પ્રોસેસ ઉપર સહીઓ કરવી. (સી. પ્રો. કો. ઓ. ૨૧, રુલ-૨૪)

(૧૦) દાવા અરજી સાથે રજુ થયેલા દસ્તાવેજો, લીસ્ટ દાવા અરજીની નકલો તથા સ્ટેટમેન્ટ ખરાપણાની ખાત્રી કરી તેના ઉપર સહી કરવી. (સી. પ્રો. કો. ઓ. ૭, રુલ-૪)

(૧૧) તરજુમા ઉપર ખરાપણાના દાખલા આપવા.

૧. આ કોર્ટમાં રજૂ થતા કાગળો ઉપર તારીખ નાખવી.

૨. કોર્ટનુ સીલ હવાલામાં રાખી સીલ કરવું.

૩. રજીસ્ટરો, પ્રોસીડીંગ બુકો અને બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવાની નોટીસ ઉપર સહી કરવી.

૪. તમામ અરજીઓ અને તે સાથે રજૂ થતાં કાગળો સ્વીકારવા અને નોંધવા અને જે પાછા આપવા અગર યોગ્ય લાગે તો જજના હુકમ માટે તેમની રૂબરૂ ફરજીયાત રીતે રજૂ કરવા.

૫. સામાન્ય રીત મુજબ જે પ્રથમદર્શને મંજૂર કરવા જેવી હોય અને યોગ્ય સમયમાં રજૂ કરવામાં આવી હોય તેવી તમામ સામાન્ય ધોરણ મુજબની અરજીઓ સ્વીકારવી અને તેનો નિકાલ કરવો.

૬. સીવીલ પ્રોસીઝર કોડ, ઓ. ૮. રુલ-૧ અન્વયે જવાબ સ્વીકારવા.

૭. સીવીલ જજની ગેરહાજરીમાં બોર્ડ ઉપરના કામ મુલત્વી રાખવા સાક્ષીઓને તાકીદ આપવા ઠરાવવુ અને સી. પ્રો. કો. ઓ. ૨૧, રુલ-૩૮ મુજબ કેદ પકડાયેલા દેવાદારોના જામીન લેવા.

(૧૨) સમન્સ ઉપર સહી કરવી. (ક્રિ. મેન્યુઅલ ચેપ્ટર-૩, પારા-૩૯ મુજબ), (૨) જામીનદારો રજૂ કરેલ મિલ્કતના પુરાવાની ચકાસણી કરવી. મેન્યુઅલ ચેપ્ટર-૨, પેરા-૨૮ (૪).

રજીસ્ટ્રાર કમ નાઝીરની ગેરહાજરીમાં અન્ય કાર્યકારી અવલ જુ. ક્લાર્કને ઉપર મુજબની તમામ સત્તાઓ સોંપવામાં આવે છે.

આ હુકમનો અમલ તા. ૩-૪-૨૦૦૧ થી કરવો.

વંથલી, ૩ માહે એપ્રિલ, સને ૨૦૦૧.

આર. એસ. રાજ્યગુરૂ,
સીવીલ જજ (જુ.ડી.),
વંથલી.

નોટીફીકેશન

જા.નં. ૨૦/૨૦૦૧.-આ કોર્ટના સુપ્રીન્ટેન્ડન્ટ શ્રી ડી. કે. ચૌહાણની નીમણુંક ડીસ્ટ્રીકટ કોર્ટના કચેરી આદેશ નં.બી-૪(૧) ૩૧/૨૦૦૧. તા. ૨૮-૦૩-૨૦૦૧ અન્વયે આ કોર્ટમાં નિમણુંક થતા સિવિલ મેન્યુઅલ-૧૯૬૧ના ચેપ્ટર પારા-૫૩૭ મુજબ હું શ્રી યુ. કે. ત્રિવેદી, સિવિલ જજ (જુ. ડી.) નીચે મુજબની સત્તા આ કોર્ટના વહીવટી કામગીરી માટે આપુ છું.

(૧) દાવા અરજીઓ સ્વીકારવી (સી. પી. સી. ઓ. ૪ રુલ-૧)

(૨) દાવા અરજીઓ નોંધવી ઠરાવવી. (સી. પી. સી. ઓ. ૪ રુલ-૨)

(૩) પ્રતિ. ઓ તથા સાક્ષીઓના સમન્સો ઉપર સહી કરવી. (સી. પી. સી. ઓ. ૫, (રુલ-૧ (૩) અને રુલ-૧૦)

INDEX

(૪) સમન્સની બજવણી કરાવવી. (સી. પી. સી. ઓ. ૫ રુલ-૯)

(૫) સમન્સ મોકલવાના વિનંતીપત્રો પર સહી કરવી. (સી. પી. સી. ઓ. ૫, રુલ-૩૦)

(૬) રજુ થયેલા કાગળોની નકલોના ખરાપણ અંગે ખાત્રી કરવી અને અસલ દસ્તાવેજોની ઓળખ માટે તેમની ઉપર ઓળખની નિશાની કરવી. (સી. પી. સી. ઓ. ૭, રુલ-૧૭)

(૭) સાક્ષીઓ પર સમન્સ કાઢવા માટેની સાહેદ દરખાસ્તો સ્વીકારવી. (સી. પી. સી. ઓ. ૧૬, રુલ-૧)

(૮) બજવણી, દરખાસ્તો સ્વીકારવી. (સી. પી. સી. ઓ. ૨૧, રુલ-૧૦)

(૯) બજાવણી, પ્રોસેસ ઉપર સહીઓ કરવી. (સી. પી. સી. ઓ. ૨૧, રુલ-૨૪)

(૧૦) દાવા અરજી સાથે રજુ થયેલા દસ્તાવેજો, લીસ્ટ દાવા અરજીની નકલો તથા સ્ટેટમેન્ટ ખરાપણાની ખાત્રી કરી તેનો ઉપર સહી કરવી. (સી. પી. સી. ઓ. ૭, રુલ-૪)

(૧૧) તરજુમા ઉપર ખરાપણાના દાખલા આપવા.

૧. આ કોર્ટમાં રજૂ થતા કાગળો ઉપર તારીખ નાખવી.

૨. કોર્ટનુ સીલ હવાલામાં રાખી સીલ કરવું.

૩. રજીસ્ટરો, પ્રોસીડીંગ બુકો અને બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવાની નોટીસ ઉપર સહી કરવી.

૪. તમામ અરજીઓ અને તે સાથે રજૂ થતાં કાગળો સ્વીકારવા અને નોંધવા અને જે પાછા આપવા અગર યોગ્ય લાગે તો જજના હુકમ માટે તેમની રૂબરૂ ફરજીયાત રીતે રજૂ કરવા.

૫. સામાન્ય રીત મુજબ જે પ્રથમદર્શને મંજૂર કરવા જેવી હોય અને યોગ્ય સમયમાં રજૂ કરવામાં આવી હોય તેવી તમામ સામાન્ય ધોરણ મુજબની અરજીઓ સ્વીકારવી અને તેનો નિકાલ કરવો.

૬. સીવીલ પ્રોસીઝર કોડ, ઓ. ૮. રુલ-૧ અન્વયે જવાબ સ્વીકારવા.

૭. સીવીલ જજની ગેરહાજરીમાં બોર્ડ ઉપરના કામ મુલત્વી રાખવા સાક્ષીઓને તાકીદ આપવા ઠરાવવુ અને સી. પ્રો. કો. ઓ. ૨૧, રુલ-૩૮ મુજબ કેદ પકડાયેલા દેણદારોના જામીન લેવા.

(૧૨) સમન્સ ઉપર સહી કરવી. (ક્રિ. મેન્યઅલ ચેપ્ટર-૩, પારા-૩૯ મુજબ),(૨) જામીનદારો રજૂ કરેલ મિલ્કતના પુરાવાની ચકાસણી કરવી. ક્રિમીનલ મેન્યુઅલ ચેપ્ટર-૨, પેરા-૨૮ (૪).

આ હુકમનો અમલ તારીખ : ૧-૪-૨૦૦૧ થી કરવો.

કેશોદ, ૧૦ માહે એપ્રિલ, સને ૨૦૦૧.

યુ. કે. ત્રિવેદી,
સીવીલ જજ (જુ.ડી.),
કેશોદ.

નોટીફીકેશન

જા.નં. ૧૬૭/૨૦૦૧.-સીવીલ મેન્યુઅલ ૧૯૬૧ના ચેપ્ટર-૨૮, પારા-૫૩૭ મુજબ હું શ્રી જે. જી. રૈયાણી, સીવીલ જજ (જુ.ડી.) અને જ્યુડી. મેજી. ફ. ક. વિસાવદર આથી વિસાવદર કોર્ટના રજીસ્ટ્રાર કમ નાઝીર શ્રી પી. એમ. પાટડીયાને તથા તેની ગેરહાજરીમાં શ્રી એન. જે. બજાણીયા, સુપ્રીટેન્ડેન્ટને તથા ગેરહાજરીમાં અન્ય આસીસ્ટન્ટશ્રીને નીચે મુજબની તમામ સત્તાઓ કોર્ટના વહીવટી કામકાજ માટે આપુ છું.

આ હુકમનો અમલ તા. ૩-૪-૨૦૦૧ના કચેરી સમય પહેલાથી કરવો.

(૧) દાવા અરજીઓ સ્વીકારવી (સી. પ્રો. કો. ઓ. ૪ રુલ-૧)

(૨) દાવા અરજીઓ નોંધવી ઠરાવવી. (સી. પ્રો. કો. ઓ. ૪ રુલ-૨)

(૩) પ્રતિ. ઓ તથા સાક્ષીઓના સમન્સો ઉપર સહી કરવી. (સી. પ્રો. કો. ઓ. ૫, (રુલ-૧ (૩) અને રુલ-૧૦)

(૪) સમન્સની બજવણી કરાવવી. (સી. પ્રો. કો. ઓ. ૫ રુલ-૯)

(૫) સમન્સ મોકલવાના વિનંતીપત્રો પર સહી કરવી. (સી. પ્રો. કો. ઓ. ૫, રુલ-૩૦)

(૬) રજુ થયેલા કાગળોની નકલોના ખરાપણ અંગે ખાત્રી કરવી અને અસલ દસ્તાવેજોની ઓળખ માટે તેમની ઉપર ઓળખની નિશાની કરવી. (સી. પ્રો. કો. ઓ. ૭, રુલ-૧૭)

(૭) સાક્ષીઓ પર સમન્સ કાઢવા માટેની સાહેદ દરખાસ્તો સ્વીકારવી. (સી. પ્રો. કો. ઓ. ૧૬, રુલ-૧)

(૮) બજવણી, દરખાસ્તો સ્વીકારવી. (સી. પ્રો. કો. ઓ. ૨૧, રુલ-૨૦)

(૯) બજાવણી, પ્રોસેસ ઉપર સહીઓ કરવી. (સી. પ્રો. કો. ઓ. ૨૧, રુલ-૨૪)

(૧૦) દાવા અરજી સાથે રજુ થયેલા દસ્તાવેજો, લીસ્ટ દાવા અરજીની નકલો તથા સ્ટેટમેન્ટ ખરાપણાની ખાત્રી કરી તેનો ઉપર સહી કરવી. (સી. પ્રો. કો. ઓ. ૭, રુલ-૪)

(૧૧) ૧. તરજુમા ઉપર ખરાપણાના દાખલા આપવા.

૨. આ કોર્ટમાં રજૂ થતા કાગળો ઉપર તારીખ નાખવી.

૩. કોર્ટનુ સીલ હવાલામાં રાખી સીલ કરવું.

૩. રજીસ્ટરો, પ્રોસીડીંગ બુકો અને બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવાની નોટીસ ઉપર સહી કરવી.

INDEX

૫. તમામ અરજીઓ અને તે સાથે રજૂ થતાં કાગળો સ્વીકારવા અને નોંધવા અને જે પાછા આપવા અગર યોગ્ય લાગે તો જજશ્રીના હુકમ માટે તેમની રૂબરૂ ફરજીયાત રીતે રજૂ કરવા.

૬. સામાન્ય રીતે નિયમ મુજબ જે પ્રથમદર્શને મંજૂર કરવા જેવી હોય અને યોગ્ય સમયમાં રજૂ કરવામાં આવી હોય તેવી તમામ સામાન્ય ધોરણ મુજબની અરજીઓ સ્વીકારવી વગેરે અને તેનો નિકાલ કરવો.

૭. સીવીલ પ્રોસીઝર કોડ, ઓ. ૮. રુલ-૧ અન્વયે જવાબ સ્વીકારવા.

૮. સીવીલ જજશ્રીની ગેરહાજરીમાં બોર્ડ ઉપરના કામ મુલત્વી રાખવા સાક્ષીઓને તાકીદ આપવા ઠરાવવુ અને સી. પ્રો. કો. ઓ. ૨૧, રુલ-૩૮ મુજબ કેદ પકડાયેલા દેવાદારોના જામીન લેવા.

(૧૨) સમન્સ ઉપર સહી કરવી. (ક્રિ. મેન્યઅલ ચેપ્ટર-૩, પારા-૩૯ મુજબ),(૨) જામીનદારો રજૂ કરેલ મિલ્કતના પુરાવાની ચકાસણી કરવી. ક્રિમીનલ મેન્યુઅલ ચેપ્ટર-૨, પેરા-૨૮ (૪).

વિસાવદર, ૧૪ માહે એપ્રિલ, સને ૨૦૦૧.

જે. જી. રૈયાણી,
સીવીલ જજ (જુ.ડી.),
વિસાવદર.

ન્યાયધિશ મજુર અદાલત દ્વારા

રજા અંગેનું જાહેરનામું

ક્રમાંક : ૩૦૪.- મે. જુનાગઢ ડીસ્ટ્રીકટ કોર્ટના જાહેરનામા ક્રમાંક : યુએસસી/બી/૩૪/૨૦૦૦. તા. ૨૧-૧૨-૨૦૦૦ પ્રમાણે મજુર અદાલત, જુનાગઢે સન ૨૦૦૧ના વર્ષ માટે નીચે જણાવ્યાનુંસાર જાહેર રજાઓનું જાહેરનામું જાહેર કરે છે. જેથી તે દિવસો દરમ્યાન મજુર અદાલત, જુનાગઢ તથા તેની કચેરી બંધ રહેશે.

ક્રમ	તહેવારનું નામ	તારીખ	વાર
૧.	પ્રજાસત્તાક દિન.	૨૬-૧-૦૧	શુક્રવાર
૨.	મહાશીવરાત્રી.	૨૧-૨-૦૧	બુધવાર
૩.	બકરી ઇદ (ઇદ-ઉલ-અઝા)	૬-૩-૦૧	મંગળવાર
૪.	હોળી ૧લો દિવસ.	૯-૩-૦૧	શુક્રવાર
૫.	હોળી ૨જો દિવસ, (ધુળેટી)	૧૦-૩-૦૧	શનિવાર
૬.	ચેટીચાંદ	૨૬-૩-૦૧	સોમવાર
૭.	રામનવમી	૨-૪-૦૧	સોમવાર
૮.	મહોરમ.	૫-૪-૦૧	ગુરૂવાર
૯.	મહાવીર જયંતિ	૬-૪-૦૧	શુક્રવાર
૧૦.	ગુડ ફ્રાઇડે.	૧૩-૪-૦૧	શુક્રવાર
૧૧.	ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મ દિન	૧૪-૪-૦૧	શનિવાર
૧૨.	ઇદે મિલાદ ઇન નબી. (મહંમદ પયગમ્બર સાહેબનો જન્મ દિન).	૫-૬-૦૧	મંગળવાર
૧૩.	રક્ષાબંધન.	૪-૮-૦૧	શનિવાર
૧૪.	જન્માષ્ટમી ૨ જો દિવસ.	૧૩-૮-૦૧	સોમવાર
૧૫.	સ્વાતંત્ર દિન.	૧૫-૮-૦૧	બુધવાર
૧૬.	સંવત્સરી.	૨૨-૮-૦૧	બુધવાર
૧૭.	મહાત્માગાંધીનો જન્મ દિવસ.	૨-૧૦-૦૧	મંગળવાર
૧૮.	દશેરા.	૨૬-૧૦-૦૧	શુક્રવાર
૧૯.	સરદાર વલ્લભાઇ પટેલ જન્મ દિન.	૩૧-૧૦-૦૧	બુધવાર
૨૦.	દિવાળી, (વધારાની).	૧૨-૧૧-૦૧	સોમવાર

ક્રમ	તહેવારનું નામ	તારીખ	વાર
૨૧.	દિવાળી, (વધારાની).	૧૩-૧૧-૦૧	મંગળવાર
૨૨.	દિવાળી.	૧૪-૧૧-૦૧	બુધવાર
૨૩.	દિવાળી, (વધારાની)	૧૫-૧૧-૦૧	ગુરૂવાર
૨૪.	(૧) નૂતનવર્ષ દિન, (૨) ભાઇબીજ.	૧૬-૧૧-૦૧	શુક્રવાર
૨૫.	દિવાળી, (વધારાની)	૧૭-૧૧-૦૧	શનિવાર
૨૬.	ગુરૂનાનકનો જન્મ દિન.	૩૦-૧૧-૦૧	શુક્રવાર
૨૭.	રમઝાન ઇદ (ઇદ ઉલફિત્ર)	૧૭-૧૨-૦૧	સોમવાર
૨૮.	નાતાલ	૨૫-૧૨-૦૧	મંગળવાર

નોંધ : નીચે જણાવેલ રજાઓ રવિવારના રોજ આવતી હોવાથી જાહેર રજા તરીકે જાહેર કરેલ નથી.

(૧) મકરસંક્રાંતિ ૧૪/૧/૨૦૦૧ રવિવાર (૨) જન્માષ્ટમી ૧૨/૮/૨૦૦૧ રવિવાર

ઉપર જાહેર કરેલ મુસ્લીમોના કોઈ પણ તહેવાર જાહેર કરેલ દિવસે ન આવતા હોય તો તે તહેવારો જે દિવસે ખરેખર ઉજવાય તે દિવસે સરકારશ્રીના મુસ્લીમ કર્મચારીઓને તેમણે પસંદ કરેલ રજા જાહેર કરેલ રજાના બદલે તે દિવસે મરજિયાત રજા તરીકે આપી શકાશે.

જુનાગઢ, ૧૧ માહે જાન્યુઆરી, સને ૨૦૦૧.

બી. એચ. સોની,
ન્યાયાધીશ, મજુર અદાલત,
જુનાગઢ.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધા :

(૧) અત્રેનાં સરખા ક્રમાંકવાળો તા. ૪-૧૨-૨૦૦૦નો હુકમ.

(૨) સબ ડિવીઝન મેજીસ્ટ્રેટશ્રી, જુનાગઢનાં પત્ર નાં. એમએજી/સી/૫૨૮૭/૨૦૦૦ તા. ૬-૧૨-૨૦૦૦.

હુકમ

નં. એમ.એ.જી/સી/કસ્ટડી/ડેથ/૧૨/૨૦૦૦.-દલિત સ્વ. શ્રી કરશનભાઇ દેશાભાઇ ઉ. વર્ષ-૪૦ રે. ચોકલી, તા. જુનાગઢનુ તા. ૩-૧૨-૨૦૦૦નાં રોજ જંગલખાતાની કસ્ટડીમાં થયેલ મૃત્યુની ક્રીમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ની જોગવાઇ તળે મેજીસ્ટ્રેટિયલ ઇન્કવાયરી સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જુનાગઢને સોંપવામાં આવેલ છે. અને દિવસ-૧૦માં તેઓને તપાસ અહેવાલ રજૂ કરવા આદેશ કરવામાં આવેલ છે.

સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જુનાગઢનાં વંચાણે લીધેલ ક્રમ-૨ ઉપરનાં તા. ૬-૧૨-૨૦૦૦નાં પત્રથી તપાસ માટે વધુ ૪૫ દિવસની મુદત આપવા માટે રજુઆત કરેલ છે.

આવી તપાસ અંગેનો અહેવાલ સરકારશ્રીને બનાવની તારીખથી પાંચ અઠવાડીયામાં મોકલવાની સ્થાઇ સુચનાં છે. જે સમગ્ર વિગતે આ કામે સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીને એકંદરે એક માસની મુદત આપવી, વ્યાજબી જણાતી હોય આ કામની તપાસ મુળ હુકમની તારીખથી એક માસમાં એટલે કે તા. ૦૬-૦૧-૨૦૦૧ સુધીમાં પૂર્ણ કરી, તે અંગેનો અહેવાલ રજુ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

જુનાગઢ, ૨૦ માહે ડીસેમ્બર, સને ૨૦૦૦.

સન-૧૯૮૯ના આહારગૃહોના નોંધણી (રજીસ્ટ્રેશન) બાબતના નિયમો સુધારવા સબંધી આખરી

જાહેરનામું

નાં:એમએજી-બી-મનો.લાય./રજી.પ્રથા/સુધારો/હોટેલ/બીપીએ/૧૮૫૫/૯૮.-જુનાગઢ શહેર સહીત સમગ્ર જુનાગઢ જીલ્લા માટે આહારગૃહોના નોંધણી (રજીસ્ટ્રેશન) બાબતના નિયમો-૧૯૮૯ બહાર પાડવામા આવેલ છે. આ નિયમોમાં સુધારા કરવા માટેનુ પ્રાથમીક જાહેરનામુ તા : ૨૭-૧૨-૨૦૦૦ ના રોજ બહાર પાડીને ૩૦-દિવસમાં વાંધા-સુચનો મંગાવવામાં આવેલ હતા. પરંતુ નિયત સમયમર્યાદામાં કોઈ પણ વાંધા-સુચનો રજુ થયેલા નથી. સબબ કાળજીપુર્વકની વિચારણાને અંતે અત્રેથી બહાર પાડવામા આવેલ આહારગૃહોના નોંધણી (રજીસ્ટ્રેશન) બાબતના નિયમો-૧૯૮૯ના નિયમોમા નીચે મુજબના નિયમ-૨-અ તથા નિયમ-૬ (૧-ક) દાખલ કરવા આવે છે. આ સુધારેલા નિયમો સને-૨૦૦૧ના જાન્યુઆરી માસની ૧-લી તારીખથી અમલમાં આવશે.

નિયમ-૨-એ

અપંગ વ્યક્તિઓ મનોરંજન અને જાહેર ઉપયોગના સ્થળોએ અવરોધ વિના પ્રવેશ મેળવી શકે તેવી વ્યવસ્થા કરવા માટે આ સાથેના નમુના મુજબનુ "ના-વાંધા પ્રમાણપત્ર" મેળવીને નોંધણી પ્રાધિકારીએ નવુ નોંધણી પ્રમાણપત્ર આપવાનું રહેશે.

નિયમ-૬ (૧-ક)

અપંગ વ્યક્તિઓ મનોરંજન અને જાહેર ઉપયોગના સ્થળોએ અવરોધ વિના પ્રવેશ મેળવી શકે તેવી વ્યવસ્થા કરવા માટે આ સાથેના નમુના મુજબ "ના-વાંધા પ્રમાણપત્ર" મેળવીને નોંધણી પ્રાધિકારીએ નોંધણી પ્રમાણપત્ર તાજુ કરી આપવાનુ રહેશે.

જુનાગઢ, ૨૦ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૧.

ના-વાંધા પ્રમાણપત્ર

શ્રી...

રહેવાસી................................. **આહારગૃહ નોંધણી પ્રમાણપત્ર/હોટલ લાયસન્સ નંબર................................ તારીખ : .... ધરાવે છે. જે ગૃહ વિભાગના તા : ૧૪-૧૧-૨૦૦૦ પત્રક્રમાંક : પરચ-૧૦-૨૦૦૦-૧૪૯૪-મ માં દર્શાવેલ "ચીફ કમીશનરશ્રી ફોર પર્સન્સ વીથ ડીઝ-એબીલીટી"ની ભલામણ ક્રમાંક : ૫૪ માં સુચવ્યા મુજબની વ્યવસ્થા ધરાવતા હોઈ, તેમનુ નોંધણી પ્રમાણપત્ર **/ હોટલ સાયસન્સ રીન્ય કરવા/તેમને નોંધણી પ્રમાણપત્ર/હોટેલ લાયસન્સ માટે આથી "ના-વાંધા પ્રમાણપત્ર" આપવામાં આવે છે.

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ

નોંધ નં. :૧: લાગુ પડતુ ન હોય તે ચેકી નાખવું.

નોંધ નં. :૨: ** જાહેર મનોરંજન/જાહેર સંસ્થાનુ નામ લખવાનુ રહેશે.

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) હેઠળ

પ્રાથમિક જાહેરનામું

નં. એમએજી/સી/૧૨૦૮/૨૦૦૧.-જુનાગઢના સૈયદવાડા વિસ્તારના લોકોની રજુઆતના અનુસંધાને જિલ્લા પોલીસ અધિકારીશ્રી-જુનાગઢ તથા સબ-ડિવી. મેજી. શ્રી-જુનાગઢ તરફથી થયેલ દરખાસ્ત મુજબ જુનાગઢ શહેરમાં સૈયદવાડાના રહેણાંક વિસ્તારમાં ભારે વાહનોની અવર જવરને કારણે આ વિસ્તારની પાણીની ગટરો તથા તે પરના ઢાંકણા વખતોવખત તુટી જતા ગંદકી ફેલાતી હોય તેમજ આ સાંકડા વિસ્તારમાં આવેલ સીંધીના મંદિર, વંડા, મસ્જીદ, પાયોનિયર પ્રાથમિક શાળા વિ. આવેલ હોય લોકો-દર્શનાર્થીઓ-વિદ્યાર્થીઓની મોટા પાયે અવર જવર રહેતી હોય આ વિસ્તારમા ઉભા રહેતા ભારે વાહનોના કારણે ટ્રાફીક સમસ્યા સર્જાતી હોય, લોકોને ખુબ જ અડચણ થાય છે. જેથી લોકોની અવર જવર મુક્ત રીતે થઈ શકે અને આ રહેણાંક વિસ્તારમાં ગટરની ગંદકી ફેલાતી અટકાવવાના તથા સંભવિત અકસ્માત અટકાવવાનાં હેતુથી આ વિસ્તારમાં ભારે વાહનોની અવર જવર પર સદંતર પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજુ થઈ છે.

આથી હું સુનયના તોમર, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો-જુનાગઢ સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ-આંક-૨૨ ની કલમ-૩૩ (૧) (બી) થી મને મળેલ અધિકારની રૂઈએ જુનાગઢ શહેરમાં આવેલ સૈયદવાડા વિસ્તારમાં તમામ પ્રકારના ભારે વાહનની અવર જવર પર સંપુર્ણ પ્રતિબંધ મુકવાની વિચારણા ચલાવું છું.

આ જાહેરનામું ગુજરાત રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી અમલમાં આવશે. પરંતુ તેમ કરતા પહેલા જે કોઈ વ્યક્તિને આ બાબતે કંઈ વાંધો કે સુચનો હોય, તેમણે આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૩૦ માં નીચે સહી કરનારને તેમની કચેરીમાં મોકલવાના રહેશે. મુદત બહાર આવેલા વાંધા કે સુચનો ધ્યાને લેવામાં આવશે નહી. મુદતમાં મળેલા વાંધા-સુચનોની પુરતી વિચારણા કર્યા બાદ આ પ્રાથમિક જાહેરનામું આખરી કરવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

જાહેરનામું આખરી થયે અને અમલમાં આવ્યેથી તેની અસર શરૂ થયે સદરહું જાહેરનામાંના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સને-૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

જાહેરનામું આજ તા. ૧૪મી માર્ચ-૨૦૦૧ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા વાંધા સુચનો મુદતમાં રજુ કરવા માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૧૪ માહે માર્ચ, સને ૨૦૦૧.

હુકમ

વંચાણે લીધા :

(૧) પોલીસ અધિક્ષકશ્રી જુનાગઢના વાયરલેસ મેસેજ નં. આરબી-૧૦૦-લોકઅપ-આરોપી-મૃત્યુ-૨૦૦૧,તા. ૧-૪-૨૦૦૧

(૨) સરકારશ્રીના ગૃહ વિભાગના પરીપત્ર ક્રમાંક : એચઆરસી-૧૦૯૪-જીઓએમ-૧૧૨-ન, તારીખ : ૧૫-૭-૯૭.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૩ (૧) (એમ) થી મને મળેલ અધિકારની રૂઈએ હું એ. ડી. કટારા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર આથી ફરમાવું છું કે, ભાવનગર શહેરના ગૌરીશંકર તળાવ અને તેની આજુબાજુમાં ૧૦૦૦ (એક હજાર) મીટર સુધીની હદમાં આવેલા કુવાઓ, ડંકીઓ કે બોરમાંથી ઓઈલ એન્જીનથી કે અન્ય કોઈપણ રીતે કોઈએ અત્રેથી અધિકૃતી મેળવ્યા સિવાય તા. ૧૬-૫-૨૦૦૧ થી તા. ૧૪-૭-૨૦૦૧ સુધી પાણી ખેંચીને લઈ જવું નહી અને ગૌરીશંકર તળાવના પાણીને દુષિત કરવું નહી.

સદરહું જાહેરનામાનું ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષા થઈ શકશે.

સદરહું પ્રતિબંધીત વિસ્તારમાં આ જાહેરનામાની નકલો ચોટાડીને અને વર્તમાનપત્રો મારફત તેની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તારીખ ૩-૫-૨૦૦૧ ના રોજ મારી સહી સીક્કો કરીને સદરહું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

ભાવનગર, ૩ માહે મે, સને ૨૦૦૧.

જાહેરનામું

ક્રમ નં. ડીએમ/૧/ફા.૩૧૨(૪)/૨૦૦૧.-ભાવનગર જિલ્લામાં ચાલુ વર્ષે વરસાદ ઋતુ દરમ્યાન સામાન્ય કરતા સરેરાસ ૫૦ ટકા જેટલો જ વરસાદ પડે છે. તા. ૧-૧૨-૨૦૦૦ થી ગુજરાત સરકારે સમગ્ર ભાવનગર જિલ્લાને અર્ધઅછતગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરે છે. હાલમાં જિલ્લાના જળાશયોમાં નહીંવત પાણી છે, અને તે પણ આવનાર ઉનાળા સુધી પીવા માટે રીઝર્વ રાખવામાં આવેલ છે. આવનાર દિવસોમાં ઉનાળાની સીઝન દરમ્યાન જળાશયોના પાણી પણ સમાપ્ત થઈ જશે અને ભુગર્ભ આધારીત પાણીના સોર્સ સિવાય જિલ્લામાં અન્ય કોઈરીત પીવાના પાણી ઉપલબ્ધ થવાની શક્યતા જણાતી નથી.

જિલ્લાની અંદર ભુગર્ભમાંથી પાણી કાઢવા માટેના ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારોમાં ખુબજ મોટી સંખ્યામાં ૪", ૬" અને ૮" ના પીવાના પાણી માટે તેમજ ખેતી માટેના બોર આવેલ છે. પરંતુ જેમ જેમ પાણીની સપાટી નીચે ઉતરતી જાય છે તેમ ઉપરોક્ત હયાત બોર પણ બંધ થતા જાય છે કે પાણીની ગુણવત્તા નબળી થતી જાય છે અને તે પાણી પીવાલાયક રહેતા નથી અને લોકો દ્વારા પીવાના તેમજ ખેતીના હેતુ માટે મોટા પાયે નવા બોર કરવાની પ્રવૃતિ હાથ ધરાયેલ હોવાનું અત્રેની જાણમાં આવેલ છે. આ સર્વવિદિત છે કે ખેતી માટે મોટા પાયે પાણીના જથ્થાની જરૂરીયાત રહે છે. જો ખેતી માટે ભૂગર્ભ જળનો જથ્થો વાપરી કાઢવામાં આવે તો ઉનાળા દરમ્યાન જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં ભૂગર્ભમાંથી પીવાલાયક પાણીનો જથ્થો મેળવવું પણ મુશ્કેલ બનશે તેમજ માનવી અને પશુઓની જીવન નિભાવવા માટે પણ પાણીનો કોઇપણ સ્ત્રોત ઉપલબ્ધ થશે નહીં.

ઉપરોક્ત સંજોગોમાં અને જાહેર હિતમાં સમગ્ર ભાવનગર જિલ્લામાં ખેતી તથા ઉદ્યોગના ઉપયોગ માટે નવા બોર ગાળવાની પ્રવૃતિ ઉપર નિયંત્રણ મુકવું ખુબજ જરૂરી જણાય છે.

સબબ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ હું એ. ડી. કટારા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર આથી ફરમાવું છું કે, સમગ્ર ભાવનગર જિલ્લામાં બોરવેલ પંપવાળા ઈસમોએ ખેતી અને ઉદ્યોગના ઉપયોગ માટે નવા બોર કરવા નહી તેમજ ખેડુતો અને ઉદ્યોગના માલીકોએ ખેતી અને ઉદ્યોગના ઉપયોગ માટે નવા બોર અત્રેની પૂર્વમંજૂરી વગર કરાવવા નહીં.

આ જાહેરનામું તા. ૧૬-૫-૨૦૦૧ થી તા.૧૪-૭-૨૦૦૧ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામા/હુકમનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ ના ૪૫ માં અધિનિયમ) ની કલમ-૧૮૮ મુજબ સજા થઈ શકે છે.

સદરહુ જાહેરનામાની વર્તમાનપત્રો મારફત બહોળી પ્રસિધ્ધી કરવી.

INDEX

આજ તાં. ૩-૫-૨૦૦૧ ના રોજ મારી સહી સીક્કો કરીને સદરહું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

ભાવનગર, ૩, માહે મે, સને ૨૦૦૧.

જાહેરનામું

નં. ડીએમ/૧ફા.૩૧૨(૩)/૨૦૦૧.-ભાવનગર શહેરને ભાવનગર મહાનગરપાલીકાના જુના તથા નવા ફીલ્ટર પ્લાન્ટ પરથી પાણી પુરૂ પાડવામાં આવે છે. તે દરમ્યાન કેટલાક વિસ્તારોમાં પાણી અપુરતુ કે નહી આવવાની ઘટના બનતી હોય છે તેથી આ રહેવાસીઓ મોટા ટોળા સ્વરૂપે ફીલ્ટર પ્લાન્ટ ઉપર આવી ફરજ પરના કર્મચારીઓને ધાકધમકી આપી કાયદો હાથમાં લઇ વાલ્વ ખોલી નાંખીને બળજબરીપૂર્વક પાણીનો પુરવઠો લેવાના પ્રયાસો કરે છે. આ સંજોગોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે જાહેર હીતમાં ઝડપી ઉપાય યોજવાનું ઉચિત જણાતાં હું એ. ડી. કટારા, અધિક મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર. આથી ફરમાવું છું કે ભાવનગર શહેરમાં પાણી પુરૂ પાડતા ભાવનગર મહાનગરપાલીકાના નવા તથા જુના ફીલ્ટર અને તેની આજુબાજુના ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસોએ એકઠા થવું નહીં.

આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સન ૧૮૬૦ ના ૪૫ માં અધિનિયમ) ની કલમ-૧૮૮ મુજબ સજા થઇ શકે છે.

ઉપર જણાવેલ સ્થળોએ આ જાહેરનામાની નકલો ચોંટાડીને અને વર્તમાનપત્રો મારફત તેની બહોળી પ્રસિધ્ધિ કરાવવી.

આ જાહેરનામું તા. ૧૬-૫-૨૦૦૧ થી તા. ૧૪-૭-૨૦૦૧ સુધી અમલમાં રહેશે.

આજ તા. ૩-૫-૨૦૦૧ ના રોજ મારી સહી સીક્કો કરીને સદરહું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

ભાવનગર, ૩ માહે મે, સને ૨૦૦૧.

જાહેરનામું

નં. : ડીએમ/૧ફા.૩૧૨(૫)/૨૦૦૧.-ભાવનગર શહેરમાં પાલીતાણા ખાતે આવેલ શેત્રુંજી ડેમમાંથી પાણી પુરૂ પાડવામાં આવે છે. તાજેતરની અછતની પરિસ્થિતિને કારણે શહેરમાં પાણીની તીવ્ર તંગી પ્રવર્તે છે. ભાવનગર મહાનગરપાલીકા શહેરમાં સમયસર પીવાનું પાણી પહોંચાડવા માટે સતત કાર્યરત રહે છે તેમ છતાંય લોકો ટોળા સ્વરૂપે એકઠા થઇને ભાવનગર મહાનગરપાલીકાની કચેરીએ તથા કમીશનરના નિવાસસ્થાનમાં પ્રવેશીને હંગામો મચાવે છે, જેનાથી જાહેર માલ મિલ્કતની સલામતી જોખમાય છે. સબબ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ અધિકારની રૂઇએ હું એ. ડી. કટારા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર. જાહેર હીતમાં આથી ફરમાવું છું કે ભાવનગર મહાનગરપાલીકાની કચેરીમાં અને કમીશનરશ્રી, ભાવનગર મહાનગરપાલીકાના નિવાસસ્થાનમાં પૂર્વ મેળવ્યા સિવાય ચાર કે તેથી વધુ માણસોએ એકી સાથે પ્રવેશવું નહીં કે એકઠા થવું નહીં.

આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સન ૧૮૬૦ ના ૪૫ માં અધિનિયમ) ની કલમ-૧૮૮ મુજબ સજા થઇ શકે છે.

આ જાહેરનામું તા. ૧૬-૫-૨૦૦૧ થી તા. ૧૪-૭-૨૦૦૧ સુધી અમલમાં રહેશે.

ઉપર જણાવેલ સ્થળોએ આ જાહેરનામાની નકલો ચોંટાડીને અને વર્તમાનપત્રો મારફત તેની બહોળી પ્રસિધ્ધિ કરાવવી.

આજ તા. ૩-૫-૨૦૦૧ ના રોજ મારી સહી સીક્કો કરીને સદરહું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

ભાવનગર, ૩ માહે મે, સને ૨૦૦૧.

એ. ડી. કટારા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

જાહેરનામું

નં. એમ. એ.જી-વશી-૯૩૨-૨૦૦૧.-શ્રી ગુજરાત સરકાર વતી તાલુકા એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ કોર્ટ ઘોઘા તરફથી સર્વે લોકોને જાણ કરવામાં આવે છે કે, સંદર્ભમાં જણાવેલ પોલીસ સબ ઈન્સપેક્ટરશ્રી-ઘોઘાના પત્રની વિગતે બિનવારસી મુદ્દામાલ હોઈ તેમણે આ જાહેરનામાની તારીખથી ત્રણ માસની અંદર આ મુદ્દામાલ પોતાનો છે. તે અંગે જરૂરી આધાર પુરાવા સાથે ખાત્રી આપી મેળવી લેવો.

મુદત દરમ્યાન કોઈ તરફથી આ મુદ્દામાલ પોતાનો છે. તેની ખીત્રી તેમજ આધાર પુરાવા આપી મેળવી લેવામાં નહીં આવે તો મુદ્દામાલની જાહેર હરરાજી કરી મુદ્દામાલનો નિકાલ કરવામાં આવશે જેની નોંધ દરેક જાહેર જનતાએ લેવી.

મુદ્દામાલની વિગત

અ. નં.	મુદ્દામાલનું વર્ણન	અંદાજીત કિંમત રૂા.
૧.	એક લ્યુના મોપેડ નંબર વગરનું જેનો એન્જીન નંબર-૯૯૯૨૦૦૧૯ તથા ચેસીસ નંબર-૧૦૧૭૭૮૨૬	૭,૦૦૦/-

અવાચ્ય,
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
ઘોઘા તાલુકા.

વંચાણે લીધુ :

(૧) સહાયક વેચાણવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૩૧, ભાવનગરનાં ખાનગી પત્રાંક-સકશ્રી-વ-૩૧-ભાવ-આર્દશ ઓ ઇન્ડ-બોટાદ-ફોર્મ ૨૬-૨૦૦૦-૦૧-જા.૬૪૧-તારીખ-૨૨-૫-૨૦૦૦.

(૨) વેચાણવેરા અધિકારીશ્રી, બોટાદનાં પત્રક્રમાંક-વેવેઅ-બોટાદ-૯૮-૯૯-૨૦૦૦-૦૧-જા.૫૭૦૮-તારીખ.૨૦-૭-૨૦૦૦.

(૩) સહાયક વેચાણવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૩૨, અમરેલીનાં પત્રાંક-સકશ્રી-વવટ-ફોર્મ-ગુમ- દરખાસ્ત-૨૦૦૦-૦૧-જા.૧૪૧૩-૧૫-તા.૧-૮-૨૦૦૦.અન્વયે.

(૪) વેચાણવેરા અધિકારી-૪, અમરેલીનાં પત્રક્રમાંક-ફોર્મ-ગુમ-દરખાસ્ત-૨૦૦૦-૦૧-જા.૨૦૦૨૫-તા.૨૨-૧-૨૦૦૦.

(૫) વેચાણવેરા અધિકારી-૩, અમરેલીના ક્રમાંક વેવેઅ-૩-ફોર્મ-૨૪બી-૨૦૦૦-૦૧-જા. તા.૨૮-૭-૨૦૦૦.

આદેશ

ક્રમાંક-નાકભા-વવટ-ધારા-ફોર્મ-૨૬-૨૦૦૦-૦૧-જા.-ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમાંક-૧ તથા -૨ અન્વયે બોટાદના વેપારી મે. આર્દશ ઓઇલ ઇન્ડસ્ટ્રીઝ, નોંધણીનંબર-૬૧૩૧૩૫૪૧ તથા કેન્દ્રીય વેચાણવેરા નંબર-૬૧૩૦૨૬૨ ધરાવતા હતા, તેઓનાં કિસ્સામાં સહાયક વેચાણવેરા કમિશ્નરશ્રી,(અન્વેષણ)ભાવનગર દ્વારા વેપારીશ્રીના બન્ને નોંધણીનંબર જાવક નં.૫૦૩ થી ૫૫૧. તા.૧૦-૫-૨૦૦૦નાં આદેશથી એબઇનીશીયો રદ કરવામાં આવેલ છે. પરિણામે વેપારીશ્રીને આપવામાં આવેલ નીચેનાં ધારાકિય ફોર્મસનો દુરઉપયોગ ન થાય તે હેતુસર સંબધિત અધિકારીશ્રી તરફથી રદ કરવાની દરખાસ્ત મળતા સદરહુ ધારાકીય ફોમર્સ તથા વંચાણે લીધા ક્રમાંક-૩,૪, અને ૫, ના પત્રની દરખાસ્ત અન્વયે મે. ધાનાણી બ્રધર્સ, અમરેલી નોંધણીનંબર-૬૩૬૧૦૩૪૮ ને આપવામાં આવેલ ફોર્મ-૨૪(ખ) પૈકીનાં તથા ભારત ઇન્ડસ્ટ્રીઝ, મુ. દામનગર, નોંધણીનંબર-૬૪૩૦૪૩૩૦ ને આપવામાં આવેલ ફોર્મ-૨૪(ખ) પૈકી નીચેનાં ધારાકિય ફોર્મસ રદ કરવા દરખાસ્ત મળતા સદરહુ ધારાકિય ફોર્મસ રદ કરવા ઠરાવુ છુ.

ક્રમ	વેપારીનું નામ	નોંધણીનંબર	બુક પાના નંબર	રદ કરેલ પાના નંબર (સંખ્યા)
૧.	આદર્શ ઓઇલ ઇન્ડસ્ટ્રીઝ,	સ્થાનીક ૬૧૩૧૩૫૪૧ કેન્દ્રીય. ૬૧૩૦૨૬૨	ફોર્મ-૧૭(ક) ૧૦૧૭૦૦૦૧ થી ૧૦૧૭૦૧૦૦. બુક-૪.	૧૦૦ (એકસો)
			ફોર્મ-૧૭(ખ) ૧૪૭૧૬૯૦૧ થી ૧૪૭૧૬૯૫૦. બુક-૨.	૫૦ (પચ્ચાસ)
			ફોર્મ-૨૪(ક) ૧૦૮૮૧૨૫૧ થી ૧૦૮૮૧૫૦૦ બુક-૧૦	૨૫૦ (બસ્સો પચ્ચાસ)
			ફોર્મ-૨૪(ખ) ૧૨૦૨૭૬૨૬ થી ૧૨૦૨૭૮૭૫ થી બુક-૧૦	૨૫૦ (બસ્સો પચ્ચાસ)
	૨.ધાનાણી ટ્રેડર્સ, અમરેલી.	૬૩૬૧૦૩૪૮	૨૪(ખ) ૨૫૬૦૨૩૮૫ થી ૨૫૬૦૨૩૮૬.	૨. પાના(બે)

INDEX

૧	૨	૩	૪	૫
૩.	ભારત ઇન્ડસ્ટ્રીઝ, દામનગર.	૬૪૩૦૪૩૩૦	૨૪(ખ) ૧૨૫૯૪૨૬૮ થી ૧૨૫૯૪૨૭૦.	૩. પાના(ત્રણ)

આથી હું એસ. એલ. બહ્મભટ્ટ, નાયબ વેચાણવેરા કમિશ્નર, વિભાગ-૭, ભાવનગર મને મળેલ સત્તાની રૂઇએ ઉપરોક્ત વિગતે દર્શાવેલ ગુજરાત વેચાણવેરા કાયદા હેઠળના ધારાકિય ફોમર્સ રદ બાતલ કરવા ઠરાવું છું.

ભાવનગર, ૧ માહે માર્ચ, સને ૨૦૦૧.

વંચાણે લીધુ :

(૧) સહાયક વેચાણવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૩૧, ભાવનગરનાં ખાનગી પત્રાંક-સકશ્રી-વ-૩૧-ભાવ-આર્દશ ઓ ઇન્ડ-બોટાદ-ફોર્મ ૨૬-૨૦૦૦-૦૧-જા.૬૪૧-તારીખ-૨૨-૫-૨૦૦૦.

(૨) વેચાણવેરા અધિકારીશ્રી, બોટાદનાં પત્રક્રમાંક-વેવેઅ-બોટાદ-૯૮-૯૯-૨૦૦૦-૦૧-જા.૫૭૦૮-તારીખ.૨૦-૭-૨૦૦૦.

જાહેરનામુ

કેન્દ્રીય વેચાણવેરા, (ગુજરાત) નિયમો-૧૯૭૦ ના નિયમ-(૪૦) એ ના પેટા નિયમ-(૭) અન્વયે

ક્રમાંક-નાકભા-વવટ-ધારા-ફોર્મ-૨૬-૨૦૦૦-૦૧-જા.-ઉપરોકત વંચાણે લીધેલ ક્રમાંક-૧ તથા -૨ અન્વયે બોટાદના વેપારી મે. આર્દશ ઓઇલ ઇન્ડસ્ટ્રીઝ, નોંધણીનંબર-૬૧૩૧૩૫૪૧ તથા કેન્દ્રીય વેચાણવેરા નંબર-૬૧૩૦૨૬૨ ધરાવતા હતા, તેઓનાં કિસ્સામાં સહાયક વેચાણવેરા કમિશ્નરશ્રી,(અન્વેષણ)ભાવનગર દ્વારા વેપારીશ્રીના બન્ને નોંધણીનંબર જાવક નં.૫૦૩ થી ૫૫૧. તા.૧૦-૫-૨૦૦૦નાં આદેશથી એબઇનીશીયો રદ કરવામાં આવેલ છે. પરિણામે વેપારીશ્રીને આપવામાં આવેલ નીચેનાં સી ફોમર્સ તથા એફ ફોર્મસનો દુરઉપયોગ ન થાય તે હેતુસર સંબધિત અધિકારીશ્રી તરફથી રદ કરવાની દરખાસ્ત મળતા નીચેનાં ધારાકિય ફોર્મસ રદબાતલ કરવા ઠરાવું છું.

ક્રમ	વેપારીનું નામ	નોંધણીનંબર	બુક પાના નંબર	રદ કરેલ પાના નંબર (સંખ્યા)
૧.	આદર્શ ઓઇલ ઇન્ડસ્ટ્રીઝ, બોટાદ.	સ્થાનીક ૬૧૩૧૩૫૪૧ કેન્દ્રીય. ૬૧૩૦૨૬૨	ફોર્મ-સી ૧૦૨૨૭૯૦૧ થી ૧૦૨૨૭૯૫૦. બુક-૨.	૫૦ (પચ્ચાસ)
			ફોર્મ-એફ Y-૦-૦૧-૫૭૭૬ થી Y-૦-૦૧૫૮૨૫. બુક-૨.	૫૦ (પચ્ચાસ)

આથી હું એસ. એલ. બહ્મભટ્ટ, નાયબ વેચાણવેરા કમિશ્નર, વિભાગ-૭, ભાવનગર મને મળેલ સત્તાની રૂઇએ ઉપરોક્ત વિગતે દર્શાવેલ ધારાકિય ફોર્મસ રદ બાતલ કરવા ઠરાવું છું.

તારીખ ૧ માહે માર્ચ, સને ૨૦૦૧.

અવાચ્ય,
નાયબ વેચાણવેરા કમિશ્નર,
વિભાગ-૭, ભાવનગર.

જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

નોંધણી પ્રમાણપત્ર

જા. નં./નધણ/૦૨૨/ખ-૩/૫૧૦/૨૦૦૦. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર આથી જાહેર કરે છે કે, શ્રી પટેલ ક્રેડીટ કો. ઓપ. સોસાયટી લી. મર્યાદિત સ્થળ : બોટાદ, તાલુકો : બોટાદ, જિ. ભાવનગર સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓનો કાયદાની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

ભાવનગર, ૧૮ માહે નવેમ્બર સને ૨૦૦૦.

નોંધણી પ્રમાણપત્ર

જા. નં./નધણ/૦૨૨/ખ-૩/૫૧૨/૨૦૦૦. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર આથી જાહેર કરે છે કે, શ્રી પાટીદાર શરાફી સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ : બોટાદ, તાલુકો : બોટાદ, જિ. ભાવનગર સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓનો કાયદાની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

ભાવનગર, ૧૭ માહે નવેમ્બર સને ૨૦૦૦.

નોંધણી પ્રમાણપત્ર

જા. નં./નધણ/૦૨૨/ખ-૩/૫૬૦/૨૦૦૦. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર આથી જાહેર કરે છે કે, શ્રી અલ અમીન ક્રેડીટ કો. ઓપ. સોસાયટી મર્યાદિત સ્થળ : ભાવનગર, તાલુકો : ભાવનગર, જિ. ભાવનગર સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓનો કાયદાની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

ભાવનગર, ૧૫ માહે ડીસેમ્બર સને ૨૦૦૦.

નોંધણી પ્રમાણપત્ર

જા. નં./નધણ/૦૨૨/ખ-૩/૫૫૦/૨૦૦૦. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર આથી જાહેર કરે છે કે, શ્રી વિજય કોટન જીનીંગ પ્રેસીંગ એન્ડ પ્રોસેસીંગ કો. ઓપ. સોસાયટી લી. મર્યાદિત સ્થળ : રંગપર, તાલુકો : બોટાદ, જિ. ભાવનગર સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓનો કાયદાની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

ભાવનગર, ૭ માહે ડીસેમ્બર સને ૨૦૦૦.

નોંધણી પ્રમાણપત્ર

જા. નં./નધણ/૦૨૨/ખ-૩/૫૫૮/૨૦૦૦. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર આથી જાહેર કરે છે કે, શ્રી ભાવનગર મહિલા મધ્યસ્થ ગ્રાહક સહકારી ભંડાર, મર્યાદિત સ્થળ : ભાવનગર, તાલુકો : ભાવનગર, જિ. ભાવનગર સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓનો કાયદાની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

ભાવનગર, ૧૫ માહે નવેમ્બર સને ૨૦૦૦.

નોંધણી પ્રમાણપત્ર

જા. નં./નધણ/૦૨૨/ખ-૩/૧૫૧/૨૦૦૦. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર આથી જાહેર કરે છે કે, શ્રી નુતન ક્રેડીટ કો. ઓપ. સોસાયટી લી. મર્યાદિત સ્થળ : મહુવા, તાલુકો : મહુવા, જિ. ભાવનગર સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓનો કાયદાની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

ભાવનગર, ૨૫ માહે જાન્યુઆરી સને ૨૦૦૧.

વંચાણે લીધા :

૧. ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામા ક્રમાંક : ધખ/૨૪-૯૧/ડી.ડી.સી./૧૧૮૮-૫૨૦૪/જે અન્વયે મળેલ વૈધાનિક સત્તા.

૨. ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૯ની જોગવાઈઓ.

૩. શ્રી કુકડ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. કુકડ, તા. ઘોઘા, જિલ્લો : ભાવનગરને ફડચામાં લઈ જવાનો અત્રેની કચેરીનો તા. ૨૪-૪-૨૦૦નો કાયમી આદેશ.

૪. શ્રી કુકડ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., કુકડના પ્રમુખશ્રી તા. ૨૫-૧૧-૨૦૦૦ની મંડળીને પુનઃજીવીત કરવા અંગેની અરજી.

૫. ફડચા અધિકારીશ્રી ફડચા-૪ ભાવનગરના તા. ૧-૧-૨૦૦૧ના પત્રથી મંડળીને પુનઃ જીવીત કરવા અંગે આવેલ અભિપ્રાય.

આદેશ

ક્રમાંક : ફડચ/૦૧/ખ-૪/૪૮/૨૦૦૧.- હું કે. બી. ઉપાધ્યાય, જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ ભાવનગર વંચાણે લીધા ક્રમાંક-૧ અન્વયે મને મળેલ સત્તાની રૂએ શ્રી કુકડ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. : કુકડ, તા. : ઘોઘા, જિલ્લો : ભાવનગરને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૯ અન્વયે નીચે જણાવેલ શરતોને આધીન પુનઃજીવીત કરવા આદેશ કરૂં છું.

શરતો :

૧. સદરહું સંસ્થાને જે કારણોસર અત્રેથી ફડચામાં લઈ જવામાં આવેલ તે તમામ કારણોની વાસ્તવિક દુરસ્તી કરી તે અંગેનો દુરસ્તી અહેવાલ આધાર પુરાવા સાથે આદેશની તારીખથી ભાગ-૩માં અત્રેની કચેરીમાં રજુ કરવાનો રહેશે અને મંડળીએ દૂધનો પુરવઠો વધારવાનો રહેશે.

૨. અત્રેની કચેરીના શ્રી પી. એચ. રામાનુજ, સહકારી અધિકારી ફડચા-૪ લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ ભાવનગરએ શ્રી કુકડ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., ની તેના પેટા નિયમની જોગવાઈ મુજબ સાધારણ સભા ભરી જેમા કમીટીની રચના કરી કમીટીમાં ચુંટાયેલ જવાબદાર પ્રમુખશ્રીને તેમના હસ્તકનો ચાર્જ સોંપણી કરી, તેના આધારો સાથે અત્રેની કચેરીએ ત્વરીત અહેવાલ કરવાનો રહેશે.

ભાવનગર, ૫ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૧.

વંચાણે લીધા :

૧. સરકારશ્રીનાં સહકાર વિભાગના સચિવાલય ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : હ/૨૪-૯૧/ડી.ડી.સી./૧૧૮૮/ ૫૨૦૪/જે. તા.૩૦-૩-૯૧.

૨. આ કચેરીના તા. ૧૬-૧૨-૨૦૦૦ના હુકમ નં. ફડચ/ ૧૩૭૩/૨૦૦૦નો સંસ્થાનો ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો આદેશ.

આદેશ

ક્રમાંક : ફડચ/ઉખસ/ફ/૧૨૫૭૮/ખ-૪/૫૨/૨૦૦૧.- ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭-૧ અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું કે. બી. ઉપાધ્યાય, જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. ભાવનગર, સદરહું સંસ્થાને માટે તા. -- ના રોજ કરવામાં આવેલ ફડચાનો વચગાળાનો આદેશ કાયમી કરૂં છું.

તેમજ આ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે સદરહું સંસ્થાના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી ફડચા અધિ.-૪ ભાવનગરની આથી નિમણુંક કરૂં છું.

ભાવનગર, ૫/૬ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૧.

વંચાણે લીધા :

૧. સરકારશ્રીનાં સહકાર વિભાગના સચિવાલય ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : હ/૨૪-૯૧/ડી.ડી.સી./૧૧૮૮/ ૫૨૦૪/જે. તા.૩૦-૩-૯૧.

૨. આ કચેરીના તા. ૧૬-૧૨-૨૦૦૦ના હુકમ નં. ફડચ : ૧૩૮૧/૨૦૦૦નો સંસ્થાનો ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો આદેશ.

આદેશ

ક્રમાંક : ફડચ/ઉખસ/ફ/૧૨૫૭૯/ખ-૪/૫૩/૨૦૦૧.- ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭-૧ અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું કે. બી. ઉપાધ્યાય, જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. ભાવનગર, સદરહું સંસ્થાને માટે તા. ૦૦-૦૦ ના રોજ કરવામાં આવેલ ફડચાનો વચગાળાનો આદેશ કાયમી કરૂં છું.

તેમજ આ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે સદરહું સંસ્થાના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી ફડચા અધિ.-૪ ભાવનગરની આથી નિમણુંક કરૂં છું.

ભાવનગર, ૫/૬ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૧.

વંચાણે લીધા :

૧. સરકારશ્રીનાં સહકાર વિભાગના સચિવાલય ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : હ/૨૪-૯૧/ડી.ડી.સી./૧૧૮૮/ ૫૨૦૪/જે. તા.૩૦-૩-૯૧.

૨. આ કચેરીના તા. ૧૬-૧૨-૨૦૦૦ના હુકમ નં. ફડચ : ૧૩૪૯/૨૦૦૦નો સંસ્થાનો ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો આદેશ.

આદેશ

ક્રમાંક : ફડચ/ઉખસ/ફ/૧૨૫૮૦/ખ-૪/૫૪/૨૦૦૧.- ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭-૧ અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું કે. બી. ઉપાધ્યાય, જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. ભાવનગર, સદરહું સંસ્થાને માટે તા. ૦૦-૦૦ ના રોજ કરવામાં આવેલ ફડચાનો વચગાળાનો આદેશ કાયમી કરૂં છું.

તેમજ આ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે સદરહું સંસ્થાના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી ફડચા અધિ.-૪ ભાવનગરની આથી નિમણુંક કરૂં છું.

ભાવનગર, ૫/૬ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૧.

વંચાણે લીધા :

૧. સરકારશ્રીનાં સહકાર વિભાગના સચિવાલય ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : હ/૨૪-૯૧/ડી.ડી.સી./૧૧૮૮/ ૫૨૦૪/જે. તા.૩૦-૩-૯૧.

૨. આ કચેરીના તા. ૧૬-૧૨-૨૦૦૦ના હુકમ નં. ફડચ : ૧૩૫૭/૨૦૦૦નો સંસ્થાનો ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો આદેશ.

આદેશ

ક્રમાંક : ફડચ/ઉખસ/ફ/૧૨૭૫૫/ખ-૪/૫૫/૨૦૦૧.- ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭-૧ અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું કે. બી. ઉપાધ્યાય, જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. ભાવનગર, સદરહું સંસ્થાને માટે તા. ૦૦-૦૦ ના રોજ કરવામાં આવેલ ફડચાનો વચગાળાનો આદેશ કાયમી કરૂં છું.

તેમજ આ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે સદરહું સંસ્થાના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી ફડચા અધિ.-૪ ભાવનગરની આથી નિમણુંક કરૂં છું.

ભાવનગર, ૫/૬ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૧.

વંચાણે લીધા :

૧. સરકારશ્રીનાં સહકાર વિભાગના સચિવાલય ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : હ/૨૪-૯૧/ડી.ડી.સી./૧૧૮૮/ ૫૨૦૪/જે. તા.૩૦-૩-૯૧.

૨. આ કચેરીના તા. ૧૬-૧૨-૨૦૦૦ના હુકમ નં. ફડચ : ૧૩૯૭/૨૦૦૦નો સંસ્થાનો ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો આદેશ.

આદેશ

ક્રમાંક : ફડચ/ઉખસ/ફ/૧૨૭૫૬/ખ-૪/૫૬/૨૦૦૧.- ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭-૧ અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું કે. બી. ઉપાધ્યાય, જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. ભાવનગર, સદરહું સંસ્થાને માટે તા. ૦૦-૦૦ ના રોજ કરવામાં આવેલ ફડચાનો વચગાળાનો આદેશ કાયમી કરૂં છું.

તેમજ આ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે સદરહું સંસ્થાના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી ફડચા અધિ.-૪ ભાવનગરની આથી નિમણુંક કરૂં છું.

ભાવનગર, ૫/૬ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૧.

વંચાણે લીધા :

૧. સરકારશ્રીનાં સહકાર વિભાગના સચિવાલય ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : હ/૨૪-૯૧/ડી.ડી.સી./૧૧૮૮/ ૫૨૦૪/જે. તા.૩૦-૩-૯૧.

૨. આ કચેરીના તા. ૧૧-૧-૨૦૦૧ના હુકમ નં. ફડચ : ૦૧/ /ખ-૪/૧૫/૨૦૦૧નો સંસ્થાનો ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો આદેશ.

આદેશ

ક્રમાંક : ફડચ/ઉખસ/ફ/૧૨૬૯૦/ખ-૪/૭૩/૨૦૦૧.- ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭-૧ અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું કે. બી. ઉપાધ્યાય, જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. ભાવનગર, સદરહું સંસ્થાને માટે તા. ૧૧-૧-૨૦૦૧ના રોજ કરવામાં આવેલ ફડચાનો વચગાળાનો આદેશ કાયમી કરૂં છું.

તેમજ આ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે સદરહું સંસ્થાના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા-૪ ભાવનગરની આથી નિમણુંક કરૂં છું.

ભાવનગર, ૧૪ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૧.

વંચાણે લીધા :

૧. સરકારશ્રીનાં સહકાર વિભાગના સચિવાલય ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : હ/૨૪-૯૧/ડી.ડી.સી./૧૧૮૮/ ૫૨૦૪/જે. તા.૩૦-૩-૯૧.

૨. આ કચેરીના તા. ૧૫-૧-૨૦૦૧ના હુકમ નં. ફડચ : ૦૧/ /ખ-૪/૧૯/૨૦૦૧નો સંસ્થાનો ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો આદેશ.

આદેશ

ક્રમાંક : ફડચ/ઉખસ/ફ/૧૨૬૯૨/ખ-૪/૭૬/૨૦૦૧.- ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭-૧ અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું કે. બી. ઉપાધ્યાય, જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. ભાવનગર, સદરહું સંસ્થાને માટે તા. ૧૫-૧-૨૦૦૧ના રોજ કરવામાં આવેલ ફડચાનો વચગાળાનો આદેશ કાયમી કરૂં છું.

તેમજ આ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે સદરહું સંસ્થાના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા-૪ લગત કચેરી ભાવનગરની આથી નિમણુંક કરૂં છું.

ભાવનગર, ૧૪ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૧.

કે. બી. ઉપાધ્યાય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળી,
ભાવનગર.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

REGISTERED No. GRJ-24

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XLII] THURSDAY, 18TH OCTOBER, 2001/ ASHVINA 26, 1923 [No. 42

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	541-556	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	395-400
PART - I - A		**PART - II**	
Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil	Miscellaneous Notices, Advertis-ments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	693-712
		PART - III	
		Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

By the District Judge.

OFFICE ORDER

No. B. 10 (1)/5628/2001. -During Summer Vacation from 07-05-2001 to 10-6-2001 in this District, the following Civil Judges and Judicial Magistrates were prevented from enjoying Vacation for the period shown against their names in Col. No.3, and they were allowed to enjoy Vacation for the period shown in Col. No. 4, under the provision of Rule-741 read with Rule-743 of B. C. S. Rules :-

Sr. No.	Name of Civil Judge &/Judicial Magistrate	Period for which prevented from enjoying Vacation		Period for which Vacation enjoyed		Remarks
		From	To	From	To	
1	2	3		4		5
1.	Mr. K. J. Patel, Civil Judge (SD), Bhavnagar.	09-05-2001	—	07-05-2001 10-05-2001	08-05-2001 10-06-2001	
2.	Mr. N. K. Alvi, Chief Judicial Magistrate, Bhavnagar.	01-06-2001	10-06-2001	—	—	He was on M. L.
03	Mr. S. M. Padhya 2nd Jt. Civil Judge (SD) & JMFC, Bhavnagar.	07-05-2001 14-05-2001	10-05-2001 27-05-2001	11-05-2001 28-05-2001	13-05-2001 10-06-2001	
04	Mr. K. S. Alvi 3rd Jt. Civil Judge (SD) & JMFC, Bhavnagar.	07-05-2001	10-06-2001	—	—	
05	Mr. R. R. Parekh 4th Jt. Civil Judge (SD) & JMFC, Bhavnagar.	— 08-05-2001	— 28-05-2001	07-05-2001 29-05-2001	— 10-06-2001	
06	Mr. S. B. Gajre 5th Jt. Civil Judge (SD) & JMFC, Bhavnagar.	— 21-05-2001	— 10-06-2001	07-05-2001 —	20-05-2001 —	
07	Mr. N. G. Parmar 6th Jt. Civil Judge, (SD) & JMFC, Bhavnagar.	07-05-2001 16-05-2001	13-05-2001 03-06-2001	14-05-2001 04-06-2001	15-05-2001 10-06-2001	
08	Mr. K. J. Dasondi 7th Jt. Civil Judge, (SD) & JMFC, Bhavnagar.	— 25-05-2001	— 10-06-2001	07-05-2001 —	24—5-2001 —	
09	Mr. Z. B. Desai 1st Jt. Civil Judge (JD) & JMFC, Bhavnagar.	07-05-2001 01-06-2001	17-05-2001 10-06-2001	18-05-2001 —	31-05-2001 —	

INDEX

1	2	3		4		5
10	Mr. B. K. Gosai 2nd Jt. Civil Judge, (JD) & JMFC, Bhavnagar.	07-05-2001	27-05-2001	28-05-2001	10-06-2001	
11	Mr. K. K. Dholakia 3rd Jt. Civil Judge, (JD) & JMFC, Bhavnagar.	07-05-2001 28-05-2001	14-05-2001 10-06-2001	15-05-2001 —	27-05-2001 —	
12	Mr. B. K. Hariyani 4th Jt. Civil Judge, (JD) & JMFC, Bhavnagar.	07-05-2001	10-06-2001	—	—	
13	Mr. P. K. Makwana 5th Jt. Civil Judge, (JD) & JMFC, Bhavnagar.	07-05-2001 28-05-2001	12-05-2001 10-06-2001	13-05-2001 —	27-05-2001 —	
14	Mr. K. P. Jani, 6th Jt. Civil Judge (JD) & JMFC, Bhavnagar.	07-05-2001 21-05-2001	17-05-2001 03-06-2001	18-05-2001 04-06-2001	20-05-2001 10-06-2001	
15	Mr. K. S. Hirpara, 7th Jt. Civil Judge, (JD) & JMFC, Bhavnagar.	07-05-2001 06-06-2001	01-06-2001 10-06-2001	02-06-2001 —	05-06-2001 —	
16	Mr. B. G. Joshi 8th Jt. Civil Judge, (JD) & JMFC, Bhavnagar.	07-05-2001	10-06-2001	—	—	
17	Mr. J. D. Padaliya 9th Jt. Civil Judge, (JD) & JMFC, Bhavnagar.	10-05-2001	03-06-2001	04-06-2001	10-06-2001	
18	Mr. D. A. Hingu Judicial Magistrate, First Class (Rly), Bhavnagar.	07-05-2001 14-05-2001 01-06-2001	10-05-2001 20-05-2001 10-06-2001	11-05-2001 21-05-2001 —	13-05-2001 31-05-2001 —	
19	Mr. P. S. Joshi Civil Judge (JD) & JMFC Sihor.	07-05-2001	31-05-2001	01-06-2001	10-06-2001	
20	Mr. D. G. Vaghela Civil Judge (JD) & JMFC, Vallabhipur-Umrala.	— 14-05-2001	— 10-06-2001	07-05-2001 —	13-05-2001 —	
21	Mr. M. G. Ravalji, Civil Judge (JD) & JMFC, Palitana.	— 21-05-2001	— 10-06-2001	07-05-2001 —	20-05-2001 —	

INDEX

1	2	3		4	5
22	Mr. K. B. Maghnani, Civil Judge (JD) & JMFC, Botad.	07-05-2001	27-05-2001	28-05-2001	10-06-2001
23	Mr. P. S. Kala, Jt. Civil Judge (JD) & JMFC, Botad-Gadhada.	07-05-2001	27-05-2001	28-05-2001	10-06-2001
24	Mr. K. R. Tailor, Civil Judge (JD) & JMFC, Savarkundla.	07-05-2001	03-06-2001	04-06-2001	10-06-2001
25	Mr. V. M. Chavda, Civil Judge (JD) & JMFC, Mahuva.	07-05-2001 20-05-2001 01-06-2001	08-05-2001 27-05-2001 10-06-2001	09-05-2001 28-05-2001	19-05-2001 31-05-2001
26	Mr. A. M. Raval, Jt. Civil Judge (JD) & JMFC, Mahuva.	— 09-05-2001 28-05-2001	— 14-05-2001 10-06-2001	07-05-2001 15-05-2001	08-05-2001 27-05-2001
27	Mr. R. C. Joshi, Civil Judge (JD) & JMFC, Talaja.	07-05-2001	26-05-2001	27-05-2001	10-06-2001
28	Mr. D. M Vyas, Jt. Civil Judge (JD) & JMFC, Talaja.	— 15-05-2001	— 10-06-2001	07-05-2001 —	14-05-2001 —

Bhavnagar, 11th July, 2001.

NOTIFICATION

No. B/6525/2001.—The Court of Civil Judge (JD) & J. M. F. C.,Savarkundla was sitting in the Court Building of Civil Judge (Jr. Dn.) & J. M. F. C.,Savarkundla, but due to earthquake on 26-01-2001, the said building is heavily damaged.

Under the above circumstances, the undersigned is pleased to notify that the Court of Civil Judge (Jr. Dn.) & J. M. F. C., Savarkundla, will function on temporary basis in the Nagar Palica Bazar, 3rd Floor, Nr. Old Bus Stand, SAVARKUNDLA,from 06-02-2001 B.O.H.

Bhavnagar, 7th August, 2001.

NOTIFICATION

No. B/6742/2001.—The Court of Civil Judge (JD) & J. M. F. C.,Gadhada was sitting in the Court Building of Civil Judge (Jr. Dn.) & J. M. F. C.,Gadhada, but due to earthquake on 26-01-2001, the said building is heavily damaged.

Under the above circumstances, the undersigned is pleased to notify that the Court of Civil Judge (Jr. Dn.) & J. M. F. C.,Gadhada, will function on temporary basis in the P. W. D. room, Nr. Jilla Panchayat Rest House, Nr. Bus stand, GADHADA 364 750, w.e.f. 03-02-2001 B.O.H.

Bhavnagar, 7th August, 2001.

B. D. SONI,
District Judge,
Bhavnagar.

INDEX

અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ સને ૧૯૫૧ના મુંબઇ અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે

જાહેરનામું

નં. ડીએમ/૧/ફા.-૩૧૨/૨૦૦૧.-ભાવનગર જિલ્લાના શિહોર ટાઉન ખાતે તાજેતરમાં બનેલ કોમી બનાવ તેમજ ભાવનગર શહેર તથા જિલ્લામાં વિદ્યાર્થી/માધ્યમિક શિક્ષકો તથા જિલ્લા પંચાયત આરોગ્ય કર્મચારીઓ વિગેરેના ચાલતા આંદોલન ચાલતા હોઈ, જેથી આ દિવસોમાં કાયદો અને વ્યવસ્થા સુલેહશાંતીપૂર્વક જળવાય રહે તે માટે અગમચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતાં સમગ્ર ભાવનગર જિલ્લામાં લોકો જાહેરમાં તિક્ષ્ણ હથીયારો જેવા કે છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા, વિગેરે જેવા પ્રાણઘાતક હથીયારો લઈને હરે ફરે નહીં તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેરશાંતી અને સલામતી જાળવવા સારૂં બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ના મુંબઈનાં ૨૨ માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું એ. ડી. કટારા, જી. એ. એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર આથી જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૬-૯-૨૦૦૧ થી ૫-૧૦-૨૦૦૧ સુધી (બન્ને દિવસો સુધ્ધાં)

(ક) શસ્ત્રો, દંડા, ભાલા, તલવાર, સોટા, બંધુક, છરી, લાકડી અથવા શારીરીક ઈજા પહોચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવા નહી.

(ખ) કોઈપણ ભયકારી, ભયકારી સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

(ગ) પથ્થરો અથવા ફેકી શકાય તેવી બીજી વસ્તુઓ સાથે લઈ જવી નહી, એકઠા કરવા નહીં તથા તૈયાર કરવા નહી.

(ઘ) સરઘસમાં સળગતા કાકડા અથવા સળગતી મશાલો સાથે લઈ જવી નહી.

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહીં અથવા ટોળામાં ફરવું નહીં.

(છ) જેનાથી સુરૂચી અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવા હાવભાવ કરવા નહી,તેવી ચેષ્ટા કરવી નહી, તેવા ચિત્રો, પત્રીકાઓ, પ્લેકાર્ડ અથવા કોઈપણ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહી, બતાવવી નહી, અથવા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ ક-ખ-ગ-ઘ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યક્તિને જો તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારી અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરીક અશક્તિને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિને.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિને.

(૪) કાયદેસરના હથીયાર પરવાના ધરાવનાર વ્યક્તિને.

અનુસુચિ :

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામા ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોટાડીને સદરહું વિસ્તારમાં ધ્વનીવર્ધક યંત્રો દ્વારા ઢંઢેરો પીટાવીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ ૩૦ માહે ઓગસ્ટ, સને ૨૦૦૧ના રોજ મારી સહી તથા સીક્કો માર્યા.

ભાવનગર, ૩૦ માહે ઓગસ્ટ, સને ૨૦૦૧.

મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ સને ૧૯૫૧ના મુંબઇના અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે

જાહેરનામું

નં. ડીએમ/૧/ફા.-૩૧૨/૨૦૦૧.-ભાવનગર જિલ્લામાં આગામી તા. ૨૩-૬-૨૦૦૧ના રોજ ભગવાન શ્રી જગન્નાથજીની રથયાત્રાનો તહેવાર ઉજવનાર હોઈ તેમજ જિલ્લામાં તાજેતરમાં ઓછા વરસાદના કારણે પાણીની ઉભી થયેલ વિકટ પરિસ્થિતિ, તેમજ અછતને કારણે ચાલતા રાહતકામો પ્રશ્ને વિરોધપક્ષો દ્વારા ચાલતા આંદોલન સંદર્ભે તથા વિજદરના વધારાના વિરોધમાં વિરોધપક્ષો, ખેડૂત સંગઠનો દ્વારા ચાલતા આંદોલનો ચાલતા હોઈ, જેથી આ દિવસોમાં કાયદો અને વ્યવસ્થા સુલેહશાંતીપૂર્વક જળવાય રહે તે માટે અગમચેતીના પગલાં લેવા અનિવાર્ય જણાતા સમગ્ર ભાવનગર જિલ્લામાં લોકો જાહરમાં તિક્ષ્ણ હથીયારો જેવાકે છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા વિગેરે જેવા પ્રાણઘાતક હથીયારો લઈને હરે ફરે નહીં તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂં બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ના મુંબઈનાં ૨૨ માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું એ. ડી. કટારા, જી. એ. એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર આથી જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૬-૬-૨૦૦૧ થી ૫-૭-૨૦૦૧ સુધી (બન્ને દિવસો સુધ્ધાં)

(ક) શસ્ત્રો, દંડા, ભાલા, તલવાર, સોટા, બંધુક, છરી, લાકડી અથવા લાઠી અથવા શારીરીક ઈજા પહોચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવા નહી.

(ખ) કોઈપણ ભયકારી, ભયકારી સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

(ગ) પથ્થરો અથવા ફેકી શકાય તેવી બીજી વસ્તુઓ સાથે લઈ જવી નહી, એકઠા કરવા નહીં તથા તૈયાર કરવા નહી.

(ઘ) સરઘસ સળગતા કાકડા અથવા સળગતી મશાલો સાથે લઈ જવી નહી.

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહીં, અથવા ટોળામાં ફરવું નહીં.

(છ) જેનાથી સુરૂચી અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવા હાવભાવ કરવા નહીં, તેવી ચેષ્ટા કરવી નહી, તેવા ચિત્રો, પત્રીકાઓ, પ્લેકાર્ડ અથવા કોઈપણ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહી, બતાવવી નહી, અથવા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ ક-ખ-ગ-ઘ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યક્તિને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારી અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરીક અશક્તિને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિને.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિને.

(૪) કાયદેસરના હથીયાર પરવાના ધરાવનાર વ્યક્તિને.

અનુસુચિ :

ભાવનગર જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામા ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોટાડીને સદરહું વિસ્તારમાં ધ્વનીવર્ધક યંત્રો દ્વારા ઢંઢેરો પીટાવીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ ૨૯ માહે મે, સને ૨૦૦૧ના રોજ મારી સહી તથા સીક્કો માર્યા.

ભાવનગર, ૨૯ માહે મે, સને ૨૦૦૧.

જાહેરનામું

નં. ડીએમ/૧/ફા.-૩૧૨/૨૦૦૧.-ભાવનગર જિલ્લામાં આગામી તા. ૪-૮-૨૦૦૧ના રોજ રક્ષાબંધનનો તહેવાર તેમજ તા. ૧૧-૮-૨૦૦૧ના રોજ શીતળા સાતમનો તહેવાર તેમજ તા. ૧૨-૮-૨૦૦૧ના રોજ જન્માષ્ટમીનો તહેવાર તેમજ તા. ૧૫-૮-૨૦૦૧ના રોજ સ્વાતંત્ર્યદિન તેમજ તા. ૧૯-૮-૨૦૦૧ના રોજ ભાદરવી અમાસ તેમજ તા. ૨૨-૮-૨૦૦૧ થી તા. ૫-૯-૨૦૦૧ના રોજ સુધી ગણેશ ચતુર્થીનો તહેવાર તેમજ તા. ૨૩-૮-૨૦૦૧ના રોજ ઋષિપાંચમ તેમજ પવિત્ર શ્રાવણ માસ ચાલતો હોઈ તેમજ એડમીશનના પ્રશ્ને વિદ્યાર્થીઓ દ્વારા આંદોલન ચાલતા હોઈ, જેથી આ દિવસોમાં કાયદો અને વ્યવસ્થા સુલેહશાંતીપૂર્વક જળવાય રહે તે માટે અગમચેતીના પગલાં લેવા અનિવાર્ય જણાતા સમગ્ર ભાવનગર જિલ્લામાં લોકો જાહેરમાં તિક્ષ્ણ હથીયારો જેવાકે છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા વિગેરે જેવા પ્રાણઘાતક હથીયારો લઈને હરે ફરે નહીં તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂં બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ના મુંબઈનાં ૨૨ માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું એ. ડી. કટારા, જી. એ. એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર આથી જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૬-૮-૨૦૦૧ થી ૫-૯-૨૦૦૧ સુધી (બન્ને દિવસો સુધ્ધાં)

(ક) શસ્ત્રો, દંડા, ભાલા, તલવાર, સોટા, બંધુક, છરી, લાકડી અથવા લાઠી અથવા શારીરીક ઈજા પહોચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવા નહી.

(ખ) કોઈપણ ભયકારી, ભયકારી સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

INDEX

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ સાથે લઈ જવી નહી, એકઠા કરવા નહીં, તથા તૈયાર કરવા નહી.

(ઘ) સરઘસમાં સળગતા કાકડા અથવા સળગતી મશાલો સાથે લઈ જવી નહી.

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહીં અથવા ટોળામાં ફરવું નહીં.

(છ) જેનાથી સુરૂચી અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવા હાવભાવ કરવા નહીં, તેવી ચેષ્ટા કરવી નહી, તેવા ચિત્રો, પત્રીકાઓ, પ્લેકાર્ડ અથવા કોઈપણ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહી, બતાવવી નહી, અથવા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ ક-ખ-ગ-ઘ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યક્તિને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારી અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરીક અશક્તિને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિને.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિને.

(૪) કાયદેસરના હથીયાર પરવાના ધરાવનાર વ્યક્તિને.

અનુસુચિ :

ભાવનગર જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામા ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને સદરહું વિસ્તારમાં ધ્વનીવર્ધક યંત્રો દ્વારા ઢંઢેરો પીટાવીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ ૧ માહે ઓગષ્ટ, સને ૨૦૦૧ના રોજ મારી સહી તથા સીક્કો માર્યા.

ભાવનગર, ૧ માહે ઓગષ્ટ, સને ૨૦૦૧.

જાહેરનામું

નં. ડીએમ/૧/ફા.-૩૧૨/૨૦૦૧.-ભાવનગર જિલ્લામાં આગામી તા. ૫-૬-૨૦૦૧ના રોજ ગુરૂપૂર્ણિમાનો તહેવાર આવતો હોઈ જેથી જુદાં જુદાં ધાર્મિક સ્થાનો પર તેમજ બગદાણા ખાતે પુ. બજરંગદાસજીબાપા આશ્રમ ખાતે મોટા ખુંટવડા નેપાળીબાપુના આશ્રમ ખાતે મોટી જનસંખ્યામાં લોકો એકત્ર થશે. હાલમાં વિદ્યાર્થીઓ દ્વારા પ્રવેશપ્રશ્ને વિવિધ રીતે આંદોલનો ચાલી રહયા છે. તેમજ પાણીની અછતના કારણે પણ અવારનવાર રજુઆતો થતી હોય છે તથા આંદોલનો ચાલે છે તેમજ વિવિધ રાજકીયપક્ષો દ્વારા પણ અનેક પ્રશ્ને બાબતે રજુઆતો તથા આંદોલનો થતાં હોય, જેથી આ દિવસોમાં કાયદો અને વ્યવસ્થા સુલેહશાંતીપૂર્વક જળવાય રહે તે માટે અગમચેતીના પગલાં લેવા અનિવાર્ય જણાતા સમગ્ર ભાવનગર જિલ્લામાં લોકો જાહેરમાં તિક્ષ્ણ હથીયારો જેવાકે છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા વિગેરે જેવા પ્રાણઘાતક હથીયારો લઈને હરે ફરે નહીં તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂં બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ના મુંબઈનાં ૨૨ માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું એ. ડી. કટારા, જી. એ. એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર આથી જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૬-૭-૨૦૦૧ થી તા. ૫-૮-૨૦૦૧ સુધી (બન્ને દિવસો સુધ્ધાં)

(ક) શસ્ત્રો, દંડા, ભાલા, તલવાર, સોટા, બંધુક, છરી, લાકડી અથવા લાઠી અથવા શારીરીક ઈજા પહોચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવા નહી.

(ખ) કોઈપણ ભયકારી, ભયકારી સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ સાથે લઈ જવી નહી, એકઠા કરવા નહીં તથા તૈયાર કરવા નહી.

(ઘ) સરઘસ સળગતા કાકડા અથવા સળગતી મશાલો સાથે લઈ જવી નહી.

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહીં અથવા ટોળામાં ફરવું નહીં.

(છ) જેનાથી સુરૂચી અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવા હાવભાવ કરવા નહીં, તેવી ચેષ્ટા કરવી નહી, તેવા ચિત્રો, પત્રીકાઓ, પ્લેકાર્ડ અથવા કોઈપણ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહી, બતાવવી નહી, અથવા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ ક-ખ-ગ-ઘ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યક્તિને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારી અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરીક અશક્તિને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિને.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિને.

(૪) કાયદેસરના હથીયાર પરવાના ધરાવનાર વ્યક્તિને.

અનુસુચિ :

ભાવનગર જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામા ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોટાડીને સદરહું વિસ્તારમાં ધ્વનીવર્ધક યંત્રો દ્વારા ઢંઢેરો પીટાવીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ ૧ માહે ઓગષ્ટ, સને ૨૦૦૧ના રોજ મારી સહી તથા સીક્કો માર્યા.

ભાવનગર, ૪ માહે જુલાઈ, સને ૨૦૦૧.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ

હુકમ

ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના અલંગ તથા સોસીયો ગામે શીપ બ્રેકીંગનો ધંધો મોટા પ્રમાણમાં શરૂ છે. હાલ અલંગ મુકામે અંદાજે ૧૨૦ થી ૧૨૫ પ્લોટ ઉપર શીપ બ્રેકીંગનું કામ થઇ રહેલ છે. શીપની અંદર ઓઇલનો જથ્થો, ગ્રીસનો જથ્થો હોય છે. તેમજ અન્ય જવલનશીલ પદાર્થો હોય છે. શીપબ્રેકીંગ સમયે શીપમાંથી ઓઈલ ફયુઅલ વિગેરેનો જથ્થો કાઢી નાંખવામાં આવે છે. આમ છતાં તેમાં પુરતી કાળજી લેવામાં આવતી નથી અને શીપ બ્રેકીંગ સમયે ઓક્સીજનના તેમજ એલ. પી. જી. ગેસના સીલીન્ડરોથી ગેસકટીંગ ધ્વારા તોડવાની પ્રક્રિયા થાય છે. જેના કારણે આગ-અકસ્માતના બનાવો બનેલ છે. જેના કારણે લોકોના જાન, માલ, સ્વાસ્થ્ય અને સલામતીને મોટું જોખમ થયેલ છે.

તેથી હું એ. ડી. કટારા, જી.એ.એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર ભારતના ફોજદારી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૩ નો ૨ જો) અધિનિયમ કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે, ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના અલંગ તથા સોસીયા ગામે આવેલ શીપ બ્રેકીંગ યાર્ડમાં શીપ બ્રેકીંગ વ્યવસાય સાથે સંકળાયેલ વેપારી પેઢીઓએ નીચે મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવા હુકમ કરૂં છું.

(૧) બેગફાયરથી આગ કે ધડાકાઓ અટકાવવા ગેસ કટીંગ ટોર્ચમાં નોન રીટર્ન વાલ્વ તેમજ એલ. પી. જી. સીલીન્ડરના રેગ્યુલેટરમાં નોન રીટર્ન વાલ્વનો ઉપયોગ કરવો.

(૨) ઓઈલ ટાંકી, ઓઈલ ટેન્કર/એન્જીન રૂમ કે પાઇપલાઇનના બંધીયાર ભાગનું ગેસ કટીંગ કરતા અગાઉ તેમાં કોઇપણ પ્રકારનું સળગી ઉઠે અથવા ધડાકા થાય તેવા પદાર્થો નહીં હોવાની જવાબદાર વ્યકિત પાસેથી ખાત્રી મેળવ્યા પછી કટીંગ કામગીરી શરૂ કરવી તે માટે એક્સ્પ્લોઝીવ મીટરનો ઉપયોગ અવશ્ય કરવો અથવા ઓક્સીઝન મીટરનો ઉપયોગ કરવો.

(૩) શીપની ઉંચાઇ પર કટીંગ ચાલતું હોય ત્યારે નીચે કોઇપણ કામદાર કે ગેસ સીલીન્ડર કે રબ્બર પાઇપ પર લોખંડના તણખા ન પડે તેની કાળજી રાખવી.

(૪) કટીંગ ટોર્ચના ફ્લેમ (જ્યોત) કોઇપણ સંજોગોમાં એલ.પી.જી. કે ઓક્સીજન સીલીન્ડરના સંપર્કમાં ન આવે તે ખાસ જોવું.

(૫) ઓક્સીજન, ઓઇલ, ગ્રીસ સાથે સંપર્ક થવાથી ધડાકો થઇ સળગી શકે છે. જેથી ઓઇલ, ગ્રીસ, ઓક્સીજનના સાધનો કે સીલીન્ડરો સાથે સંપર્કમાં ન આવે તેની ખાસ કાળજી રાખવી.

(૬) દાઝેલા કામદારોને બચાવી લેવા કે આગના ઉદ્ગમસ્થાનને દાબી દેવા તાકીદે ઉપયોગમાં લઇ શકાય તેવા વોટરજેલ બ્લેન્કેટનો સંગ્રહ રાખવો.

(૭) કટીંગ ટોર્ચની નીપ દર ૬ (છ) દિવસે, રબ્બર હોઝ પાઇપ દર ૩ (ત્રણ) માસે બદલી નવા વસાવવા તથા આ અંગેનું રજીસ્ટર બનાવવું.

(૮) દરેક પ્લોટ હોલ્ડરે પોતાના પ્લોટ પર આગ ઓલાવવા માટે પુરતા પ્રમાણમાં ડ્રાયસેન્ડ યોગ્ય પ્રકારના ફાયર એક્સ્ટીંગ્યુશનર તથા પુરતા પ્રમાણમાં પાણીના જથ્થાનો સંગ્રહ રાખવો તથા પ્લોટ પર લાંગરેલ જહાજ પર ગેસ કટીંગ કામ ચાલતું હોય ત્યાં દરેક કટીંગ પોઇન્ટ પર યોગ્ય પ્રકારના પોર્ટેબલ ફાયર એક્સ્ટીન્ગ્યુશનર પુરતા પ્રમાણમાં રાખવા તથા જહાજ પર ઓછામાં ઓછો ૩૦,૦૦૦/- (ત્રીસ હજાર) લીટર પાણીનો સંગ્રહ, ફાયર

INDEX

પંપ તથા જહાજમાં દરેક જગ્યાએ પહોંચી શકે તેટલા પુરતી લંબાઇના હોઝ પાઇપ નોઝલ્સ સાથે ઉપયોગમાં લઇ શકાય તેમ ચાલુ હાલતમાં નિભાવવા-રાખવા.

(૯) દરેક પ્લોટ હોલ્ડરે પ્લોટ પર લાંગરેલા જહાજમાં હોટવર્ક કે નેકેટ લાઇટથી કટીંગ કામગીરી શરૂ કરતા પહેલા આ જગ્યાને નેકેટ લાઇટ કે હોટવર્કથી કટીંગ કામગીરી કરવાથી આગ લાગવાની કોઇ શક્યતા નથી તેવા મતબલનું એક્સ્પ્લોઝીવ ડીપાર્ટમેન્ટ દ્વારા માન્ય સક્ષમ ઓથોરીટી પ્રમાણપત્ર મેળવ્યા પછી જ શીપ બ્રેકીંગની કાર્યવાહી શરૂ કરવી.

(૧૦) શીપબ્રેકીંગ સમયે શીપમાંથી નીકળતા ગેસ સીલીન્ડરો અત્યંત ભયજનક હોઇ તેનો રીફીલીંગ માટે ઉપયોગ થવાથી ગંભીર અકસ્માતો થઇ શકે છે. તેથી સુરક્ષીત કારખાના તથા મજુર/કામદારો/માણસોથી દુર ખુલ્લા વિસ્તારમાં આવા સીલીન્ડરો રાખી, તેનો વાલ્વ ધીમેથી ખોલીને તેમાં રહેલો પુરેપુરો ગેસ કાઢી નાંખવો, યોગ્ય રેન્ચથી સીલીન્ડરનો વાલ્વ દુર કરવો, ત્યાર પછી સીલીન્ડર કાપવા આ અંગેની સામગ્રીનો લોખંડનો ભંગાર તરીકે નિકાલ કરવો. આવા સીલીન્ડરો રીફીલીંગ માટે વેચવા નહીં.

(૧૧) અલંગ/સોસીયા શીપ બ્રેકીંગ યાર્ડ ખાતે જહાજમાં એન્જીન રૂમમાંથી કટીંગની તેમજ એન્જીન વગેરે ખસેડવાની કામગીરી થાય ત્યારે પુરતા હવા ઉજાસની વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૨) શીપ બ્રેકીંગના કામે વપરાતા સાધનો જેવા કે લોખંડના વાયર ૧૦૦ મીટરથી વધારે લંબાઇના હોય ત્યારે તેમાં કોઇપણ જાતનો સાંધો ન રખાવો.

(૧૩) ત્રાપજથી અલંગ/સોસીયા શીપ બ્રેકીંગ યાર્ડ સુધીના તમામ વે બ્રીજો રાત્રીના ૨૧-૦૦ થી સવારના કલાક ૮-૦૦ સુધી બંધ રાખવાના રહેશે.

(૧૪) એલ.પી.જી. અને ઓક્સીજનના સીલીન્ડર્સ ભાંગવા માટે લાવેલા શીપ ઉપરથી નીચે ફેંકવા નહીં જે રીતે એલ.પી.જી. ઓક્સીજનના સીલીન્ડરો નીચેથી શીપ ઉપર લઇ જવામાં આવે છે. તેજ પધ્ધતિથી એલ.પી.જી. ઓક્સીજનના સીલીન્ડરો શીપ ઉપરથી નીચે ઉતારવાના રહેશે. આવા સીલીન્ડરો સીધા ઉપર લઇ જતા કે નીચે ઉતારતા સમયે આજુબાજુમાં માણસોની ગ્રાઉન્ડ ઉપર અવરજવર સેફટી સુપરવાઈઝરે નિયંત્રીત કરવાની રહેશે કે જેથી અકસ્માતો ટાળી શકાય, તેમજ સીલીન્ડરોની હેરાફેરી વખતે જવાબદાર હાજર વ્યક્તિ દ્વારા સલામત હદને ફ્લોરોસેન્ટ ટેઇપ ધ્વારા અંક્તિ કરવી.

(૧૫) જહાજની કોઇપણ બંધિયાર જગ્યામાં ઓક્સીજન મીટર દ્વારા ઓક્સીજનની માત્રા પુરતી છે કે કેમ ? તેની ખાત્રી કર્યા સિવાય પ્રવેશ કરવો નહીં.

(૧૬) પ્લોટમાં પેટ્રોલીયમ પ્રોડક્ટસનો નીચે દર્શાવેલ મર્યાદા સિવાય વધારે જથ્થો બેરલમાં એકી સાથે રાખવો નહીં.

(૧) ૧૦૦ લીટર સુધી પેટ્રોલ

(૨) ૫૦૦૦ લીટર સુધી ફયુઅલ ઓઇલ

(૩) ૨૫૦૦ લીટર સુધી ડીઝલ

ઉપર દર્શાવેલી મર્યાદાથી વધુ જથ્થાના અથવા ઉપર જણાવેલ જથ્થાઓના બેરલ વગરના મોટી કેપેસીટીના સાધનોમાં સંગ્રહ સ્ટોરેજ લાયસન્સ મેળવવું ફરજીયાત રહેશે.

(૧૭) જી.એમ.બી.એ. શીપની કટીંગની પરમીશન આપતા પહેલા એ શીપમાંથી ૦૦૨ ગેસ કાઢી નાંખવામાં આવેલ છે તેવું શીપના માસ્ટરનું કે ઓથોરાઇઝડ એજન્સીનું પ્રમાણપત્ર મેળવવાનું ફરજીયાત રહેશે.

(૧૮) શીપમાંથી નીકળતા કોઇપણ સીલીન્ડરો જે કાયદાનુસાર સર્ટીફાઇડ થયેલા નથી તેવા સીલીન્ડરો પ્લોટની બહાર કાઢવામાં આવે ત્યારે તે ઓછામાં ઓછા બે ટુકડામાં કાપેલા હોવા જોઇએ.

(૧૯) શીપ ઉપર મળતા Co2/૦૦૧ અન્ય ભયજનક ગેસો જેવા કે કુલીંગ ગેસો કે જેને વાતાવરણમાં ન છોડી શકાય તેવા ફેક્ટરી ઇન્સ્પેક્ટરશ્રી ધ્વારા અધિકૃત થયેલ વ્યક્તિ સિવાય કોઇએ કાઢવા નહી અને ઓથોરાઇઝડ એજન્સી સિવાય કોઇએ હેરફેર કરવી નહી અને આવા સીલીન્ડરોને આગાઉ જણાવ્યાનુસાર ઓછામાં ઓછા બે ટુકડામાં કાપવા જોઇએ.

(૨૦) ફીઓન ગેસનો નિકાલ માન્ય કોમ્પીટન્ટ ઓથોરીટી દ્વારા થવો જોઇએ. હાલમાં જે પ્લોટ ધારક અથવા પ્લોટના સુપરવાઇઝર ધ્વારા થાય છે તે બંધ કરાવવું કારણ કે આ વાયુ ઓઝોનના પડને નુકસાન કરે છે.

આ હુકમ તા. ૧૮-૭-૨૦૦૧ થી તા. ૧૫-૯-૨૦૦૧ સુધી અમલમાં રહેશે.

ઉપરોક્ત સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવો અને કોઇપણ ધ્વારા આ સુચનાઓનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ-૧૯૬૦નાં ૪૫ માં અધિનિયમની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

હું આથી ફરમાવું છું કે ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ નકલો ચોંટાડીને અને લાઉડ સ્પીકર વાહન ધ્વારા અને સ્થાનીક વર્તમાનપત્રો ધ્વારા તેની બહોળી પ્રસિધ્ધિ કરીને આ હુકમ પ્રસિધ્ધ કરવો.

મેં આજ તારીખ ૧૮-૭-૨૦૦૧ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી હુકમ બહાર પાડ્યો.

ભાવનગર, ૧૮ માહે જુલાઇ, સને ૨૦૦૧.

હુકમ

ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના અલંગ તથા સોસીયો ગામે શીપ બ્રેકીંગનો ધંધો મોટા પ્રમાણમાં શરૂ છે. હાલ અલંગ મુકામે અંદાજે ૧૨૦ થી ૧૨૫ પ્લોટ ઉપર શીપ બ્રેકીંગનું કામ થઇ રહેલ છે. શીપની અંદર ઓઇલનો જથ્થો, ગ્રીસનો જથ્થો હોય છે. તેમજ અન્ય જવલનશીલ પદાર્થો હોય છે. શીપબ્રેકીંગ સમયે શીપમાંથી ઓઇલ ફયુઅલ વિગેરેનો જથ્થો કાઢી નાંખવામાં આવે છે. આમ છતાં તેમાં પુરતી કાળજી લેવામાં આવતી નથી અને શીપ બ્રેકીંગ સમયે ઓક્સીજનના તેમજ એલ. પી. જી. ગેસના સીલીન્ડરોથી ગેસકટીંગ ધ્વારા તોડવાની પ્રક્રિયા થાય છે. જેના કારણે આગ-અકસ્માતના બનાવો બનેલ છે. જેના કારણે લોકોના જાન, માલ, સ્વાસ્થ્ય અને સલામતીને મોટું જોખમ થયેલ છે.

તેથી હું એ. ડી. કટારા, જી.એ.એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર ભારતના ફોજદારી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૩ નો ૨ જો) અધિનિયમ કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂઇએ ફરમાવું છું કે, ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના અલંગ તથા સોસીયા ગામે આવેલ શીપ બ્રેકીંગ યાર્ડમાં શીપ બ્રેકીંગ વ્યવસાય સાથે સંકળાયેલ વેપારી પેઢીઓએ નીચે મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવા હુકમ કરૂં છું.

(૧) બેગફાયરથી આગ કે ધડાકાઓ અટકાવવા ગેસ કટીંગ ટોર્ચમાં નોન રીટર્ન વાલ્વ તેમજ એલ. પી. જી. સીલીન્ડરના રેગ્યુલેટરમાં નોન રીટર્ન વાલ્વનો ઉપયોગ કરવો.

(૨) ઓઇલ ટાંકી, ઓઇલ ટેન્કર/એન્જીન રૂમ કે પાઇપલાઇનના બંધીયાર ભાગનું ગેસ કટીંગ કરતા અગાઉ તેમાં કોઇપણ પ્રકારનું સળગી ઉઠે અથવા ધડાકા થાય તેવા પદાર્થો નહીં હોવાની જવાબદાર વ્યકિત પાસેથી ખાત્રી મેળવ્યા પછી કટીંગ કામગીરી શરૂ કરવી તે માટે એક્સ્પ્લોઝીવ મીટરનો ઉપયોગ અવશ્ય કરવો અથવા ઓક્સીઝન મીટરનો ઉપયોગ કરવો.

(૩) શીપની ઉંચાઇ પર કટીંગ ચાલતું હોય ત્યારે નીચે કોઇપણ કામદાર કે ગેસ સીલીન્ડર કે રબ્બર પાઇપ પર લોખંડના તણખા ન પડે તેની કાળજી રાખવી.

(૪) કટીંગ ટોર્ચના ફલેમ (જ્યોત) કોઇપણ સંજોગોમાં એલ.પી.જી. કે ઓક્સીજન સીલીન્ડરના સંપર્કમાં ન આવે તે ખાસ જોવું.

(૫) ઓક્સીજન, ઓઇલ, ગ્રીસ સાથે સંપર્ક થવાથી ધડાકો થઇ સળગી શકે છે. જેથી ઓઇલ, ગ્રીસ, ઓક્સીજનના સાધનો કે સીલીન્ડરો સાથે સંપર્કમાં ન આવે તેની ખાસ કાળજી રાખવી.

(૬) દાઝેલા કામદારોને બચાવી લેવા કે આગના ઉદ્‌ગમસ્થાનને દાબી દેવા તાકીદે ઉપયોગમાં લઇ શકાય તેવા વોટરજેલ બ્લેન્કેટનો સંગ્રહ રાખવો.

(૭) કટીંગ ટોર્ચની નીપ દર ૬ (છ) દિવસે, રબ્બર હોઝ પાઇપ દર ૩ (ત્રણ) માસે બદલી નવા વસાવવા તથા આ અંગેનું રજીસ્ટર બનાવવું.

(૮) દરેક પ્લોટ હોલ્ડરે પોતાના પ્લોટ પર આગ ઓલાવવા માટે પુરતા પ્રમાણમાં ડ્રાયસેન્ડ યોગ્ય પ્રકારના ફાયર એક્સ્ટીગ્યુશનર તથા પુરતા પ્રમાણમાં પાણીના જથ્થાનો સંગ્રહ રાખવો તથા પ્લોટ પર લાંગરેલ જહાજ પર ગેસ કટીંગ કામ ચાલતું હોય ત્યાં દરેક કટીંગ પોઇન્ટ પર યોગ્ય પ્રકારના પોર્ટેબલ ફાયર એક્સ્ટીન્ગ્યુશનર પુરતા પ્રમાણમાં રાખવા તથા જહાજ પર ઓછામાં ઓછો ૩૦,૦૦૦/- (ત્રીસ હજાર) લીટર પાણીનો સંગ્રહ, ફાયર પંપ તથા જહાજમાં દરેક જગ્યાએ પહોંચી શકે તેટલા પુરતી લંબાઇના હોઝ પાઇપ નોઝલ્સ સાથે ઉપયોગમાં લઇ શકાય તેમ ચાલુ હાલતમાં નિભાવવા-રાખવા.

(૯) દરેક પ્લોટ હોલ્ડરે પ્લોટ પર લાંગરેલા જહાજમાં હોટવર્ક કે નેકેટ લાઇટથી કટીંગ કામગીરી શરૂ કરતા પહેલા આ જગ્યાને નેકેટ લાઇટ કે હોટવર્કથી કટીંગ કામગીરી કરવાથી આગ લાગવાની કોઇ શક્યતા નથી તેવા મતબલનું એક્સ્પ્લોઝીવ ડીપાર્ટમેન્ટ દ્વારા માન્ય સક્ષમ ઓથોરીટી પ્રમાણપત્ર મેળવ્યા પછી જ શીપ બ્રેકીંગની કાર્યવાહી શરૂ કરવી.

(૧૦) શીપબ્રેકીંગ સમયે શીપમાંથી નીકળતા ગેસ સીલીન્ડરો અત્યંત ભયજનક હોઇ તેનો રીફીલીંગ માટે ઉપયોગ થવાથી ગંભીર અકસ્માતો થઇ શકે છે. તેથી સુરક્ષીત કારખાના તથાં મજુર/કામદારો/માણસોથી દુર ખુલ્લા વિસ્તારમાં આવા સીલીન્ડરો રાખી, તેનો વાલ્વ ધીમેથી ખોલીને તેમાં રહેલો પુરેપુરો ગેસ કાઢી નાંખવો, યોગ્ય રેન્ચથી સીલીન્ડરનો વાલ્વ દુર કરવો, ત્યાર પછી સીલીન્ડર કાપવા આ અંગેની સામગ્રીનો લોખંડનો ભંગાર તરીકે નિકાલ કરવો. આવા સીલીન્ડરો રીફીલીંગ માટે વેચવા નહીં.

(૧૧) અલંગ/સોસીયા શીપ બ્રેકીંગ યાર્ડ ખાતે જહાજમાં એન્જીન રૂમમાંથી કટીંગની તેમજ એન્જીન વગેરે ખસેડવાની કામગીરી થાય ત્યારે પુરતા હવા ઉજાસની વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૨) શીપ બ્રેકીંગના કામે વપરાતા સાધનો જેવા કે લોખંડના વાયર ૧૦૦ મીટરથી વધારે લંબાઇના હોય ત્યારે તેમાં કોઇપણ જાતનો સાંધો ન રખાવો.

(૧૩) ત્રાપજથી અલંગ/સોસીયા શીપ બ્રેકીંગ યાર્ડ સુધીના તમામ વે બ્રીજો રાત્રીના ૨૧-૦૦ થી સવારના કલાક ૮-૦૦ સુધી બંધ રાખવાના રહેશે.

(૧૪) એલ.પી.જી. અને ઓક્સીજનના સીલીન્ડર્સ ભાંગવા માટે લાવેલા શીપ ઉપરથી નીચે ફેંકવા નહીં જે રીતે એલ.પી.જી. ઓક્સીજનના સીલીન્ડરો નીચેથી શીપ ઉપર લઇ જવામાં આવે છે. તેજ પધ્ધતિથી એલ.પી.જી. ઓક્સીજનના સીલીન્ડરો શીપ ઉપરથી નીચે ઉતારવાના રહેશે. આવાં સીલીન્ડરો સીધા ઉપર લઇ જતા કે નીચે ઉતારતા સમયે આજુબાજુમાં માણસોની ગ્રાઉન્ડ ઉપર અવરજવર સેફ્ટી સુપરવાઈઝરે નિયંત્રીત કરવાની રહેશે કે જેથી અકસ્માતો ટાળી શકાય, તેમજ સીલીન્ડરોની હેરાફેરી વખતે જવાબદાર હાજર વ્યક્તિ દ્વારા સલામત હદને ફ્લોરોસેન્ટ ટેઇપ ધ્વારા અંક્તિ કરવી.

(૧૫) જહાજની કોઇપણ બંધિયાર જગ્યામાં ઓક્સીજન મીટર દ્વારા ઓક્સીજનની માત્રા પુરતી છે કે કેમ ? તેની ખાત્રી કર્યા સિવાય પ્રવેશ કરવો નહીં.

(૧૬) પ્લોટમાં પેટ્રોલીયમ પ્રોડક્ટસનો નીચે દર્શાવેલ મર્યાદા સિવાય વધારે જથ્થો બેરલમાં એકી સાથે રાખવો નહીં.

(૧) ૧૦૦ લીટર સુધી પેટ્રોલ

(૨) ૫૦૦૦ લીટર સુધી ફયુઅલ ઓઇલ

(૩) ૨૫૦૦ લીટર સુધી ડીઝલ

ઉપર દર્શાવેલી મર્યાદાથી વધુ જથ્થાના અથવા ઉપર જણાવેલ જથ્થાઓના બેરલ વગરના મોટી કેપેસીટીના સાધનોમાં સંગ્રહ સ્ટોરેજ લાયસન્સ મેળવવું ફરજીયાત રહેશે.

(૧૭) જી.એમ.બી.એ. શીપની કટીંગની પરમીશન આપતા પહેલા એ શીપમાંથી ૦૦૨ ગેસ કાઢી નાંખવામાં આવેલ છે તેવું શીપના માસ્ટરનું કે ઓથોરાઇઝ્ડ એજન્સીનું પ્રમાણપત્ર મેળવવાનું ફરજીયાત રહેશે.

(૧૮) શીપમાંથી નીકળતા કોઇપણ સીલીન્ડરો જે કાયદાનુસાર સર્ટીફાઇડ થયેલા નથી તેવા સીલીન્ડરો પ્લોટની બહાર કાઢવામાં આવે ત્યારે તે ઓછામાં ઓછા બે ટુકડામાં કાપેલા હોવા જોઇએ.

(૧૯) શીપ ઉપર મળતા Co2-002 અન્ય ભયજનક ગેસો જેવા કે કુલીગ ગેસો કે જેને વાતાવરણમાં ન છોડી શકાય તેવા ફેક્ટરી ઇન્સ્પેક્ટરશ્રી ધ્વારા અધિકૃત થયેલ વ્યક્તિ સિવાય કોઇએ કાઢવા નહી અને ઓથોરાઇઝ્ડ એજન્સી સિવાય કોઇએ હેરફેર કરવી નહી અને આવા સીલીન્ડરોને આગાઉ જણાવ્યાનુસાર ઓછામાં ઓછા બે ટુકડામાં કાપવા જોઇએ.

(૨૦) ફ્રીઓન ગેસનો નિકાલ માન્ય કોમ્પીટન્ટ ઓથોરીટી દ્વારા થવો જોઇએ. હાલમાં જે પ્લોટ ધારક અથવા પ્લોટના સુપરવાઇઝર ધ્વારા થાય છે તે બંધ કરાવવું કારણ કે આ વાયુ ઓઝોનના પડને નુકસાન કરે છે.

આ હુકમ તા. ૧૬-૫-૨૦૦૧ થી તા. ૧૪-૭-૨૦૦૧ સુધી અમલમાં રહેશે.

ઉપરોક્ત સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવો અને કોઇપણ દ્વારા આ સુચનાઓનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ-૧૯૬૦નાં ૪૫માં અધિનિયમની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

હું આથી ફરમાવું છું કે ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ નકલો ચોંટાડીને અને લાઉડ સ્પીકર વાહન ધ્વારા અને સ્થાનીક વર્તમાનપત્રો ધ્વારા તેની બહોળી પ્રસિધ્ધિ કરીને આ હુકમ પ્રસિધ્ધ કરવો.

મેં આજ તારીખ ૩-૫-૨૦૦૧ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી હુકમ બહાર પાડ્યો.

ભાવનગર, ૩ માહે મે, સને ૨૦૦૧.

જાહેરનામાનો ઉમેરો

નં. ડીએમ/૧/ફ઼ા. ૩૧૨ (૨) ૨૦૦૧.-આ કચેરીના તા. ૩-૫-૨૦૦૧ જાહેરનામા ક્રમાંક : ડીએમ/૧/ફા. ૩૧૨ (૨)/૨૦૦૧ થી જે જાહેરનામું પ્રસિધ્ધ કરેલ છે. તેમાં પારા : ૪ માં નીચેની વિગતોનો ઉમેરો કરી વાંચવું.

ભાવનગર મહાનગર પાલીકા પાણીની લાઇનો સાથે કોઇપણ ઇસમે, ડાયરેકટ મોટરની સાથે કોઇપણ પ્રકારના હેન્ડ પંપ કે અન્ય કોઇપણ પ્રકારે પમ્પીંગ કરી વધારાનો પાણી જથ્થો મેળવવા પ્રયત્ન કરવો નહી.

ભાવનગર, ૨૧ માહે મે, સને ૨૦૦૧.

એ. ડી. કટારા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા
જાહેરનામું

વંચાણે :

જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરના તા. ૨૨-૧૨-૨૦૦૦ના જા. નં. ૧૪૦/સીબી-૫-૩૧૬૬/૨૦૦૦.

નં. ડીએમ/૧/ફ/૩૧૨/૨૦૦૧.ભાવનગર શહેર તથા જિલ્લાની ટ્રાફીક સલાહકાર સમીતિની તા. ૫-૫-૨૦૦૧ના રોજ મળેલ બેઠકમાં વંચાણે લીધેલ જિલ્લા પોલીસ અધિકારીશ્રી, ભાવનગર તરફથી રજુ થયેલ દરખાસ્ત મુજબ વરતેજ એસ. ટી. સ્ટેન્ડમાં વાહનોની વધુ પ્રમાણમાં અવરજવર રહે છે. તેમજ એસ. ટી. સ્ટેન્ડની આજુબાજુ ખાનગી બસો, જીપો, મેટાડોર ઉભા રહે છે અને મુસાફરોની ગેરકાયદેસર હેરાફેરી થતી હોયને જેના કારણે એસ. ટી. નિગમને મોટું આર્થિક નુકસાન થાય છે. તેથી એસ. ટી. સ્ટેન્ડની આજુબાજુ ખાનગી વાહનો ન ઉભા રહે તે માટે "નો પોર્કીંગ"

